
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી
ધીરુ પરીખ

જુલાઈ ૨૦૦૩ : અંક : ૭
વર્ષ ૭૯ : સળંગ અંક : ૯૦૭



તસવીર] વજ્રેશ્વરી : મહારાષ્ટ્ર [પ્રફુલ્લ સી. પટેલ



ચિત્રકાર] કાફેમાં [માને

માનેએ ૧૮૭૮માં આ તૈલચિત્ર કૅનવાસ પર તૈયાર કર્યું હતું. એનું કદ ૧૮.૫/૮×૧૫.૩/૮ ઈંચ છે, અને હાલ તે બાલ્ટિમોરની 'વૉલ્ટર્સ આર્ટ ગૅલરિ'માં સંગૃહીત છે. ચિત્રકારે પીંછી અને છરીના ઉપયોગથી રંગનાં કાટખૂણીય થપેડા દ્વારા તેમજ રેખાવળાંકો દ્વારા વિવિધ પાત્રોને સંયોજિત કરી, એક પાત્રને કૉફી પીતું દર્શાવી, એક સ્થાને કૉફીનો મગ દર્શાવી, ફ્રેન્ચ હૅટવાળા સજ્જનને જાણે કશીક રાહ જોતા દર્શાવી કાફેનું આબેહૂબ વાતાવરણ સર્જ્યું છે. પાત્રોનાં પંજા, આંગળીઓ જાણે રંગોની પુરણીથી દૃઢ અને સજીવ બનાવ્યાં છે. પાત્રોના મુખભાવો પણ હૂબહૂ લાગે તેવી રીતે રંગસંયોજનથી ઉપસાવ્યા છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૬મું | અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ટ્રસ્ટીઓ
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

જુલાઈ, ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૭

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૯૦૭

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક :દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

'કુમાર'માં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપિરાઈટથી સુરક્ષિત છે.

વાચકો લખે છે

'કુમાર'ના માર્ચ ૨૦૦૩ના અંકમાં શ્રી ગજેન્દ્રભાઈ શાહે 'નૃત્યકાર-ઉદયશંકર વિષેના લેખમાં 'રામલીલા' નૃત્ય વિષે ઉલ્લેખ કર્યો છે. એ 'રામાયણ છાયાનાટ્ય' મેં તે સમયે જોયેલું તેની વિશેષ માહિતી:આ છાયાનાટ્ય લગભગ બે કલાક ચાલે છે પણ તેની પાછળ ઉદયશંકરની નવેક મહિનાની તપશ્ચર્યા હોય છે. વિશાળ પડદા ઉપર આદમ-કદથી કયાંય મોટા એવા પડછાયાઓ નાચેજાય છે. છાયાનાટ્ય પૂરું થયા પછી મંચ ઉપર જવાની તક મળી; ત્યાં જોયું તો અનેક રંગ-બેરંગી રેખાઓ પૃષ્ઠભૂમિ ઉપર દોરાયેલી જોઈને હું તો આભો જ થઈ ગયો! છેલ્લું દૃશ્ય આકર્ષક અને અવાક્ કરી દે તેવું હતું. એ વિશાળ પડદો ક્યારે સરકી ગયો તેની પ્રેક્ષકોને ખબર પડતાં તે તરત જ પૂર્ણ પ્રકાશમાં આખો યે રામદરબાર જળાંહળાં થાય છે અને રામનો રાજ્યાભિષેક થાય છે.

અમદાવાદમાં છાયાનાટ્યની રજૂ-આત થઈ(લગભગ ૧૯૪૩માં) તે સાથે તેમનાં અન્ય નૃત્યોના કાર્યક્રમો પણ તે સમયે પ્રીતમનગર અખાડાના સ્ટેજ ઉપર રજૂ થયા હતા. ઉદયશંકરની દેહયષ્ટી જ અદ્ભુત હતી. તેઓ તાંડવ રજૂ કરે ત્યારે એમ જ લાગે કે આ શિવ જ છે! ઈટાલિયન નૃત્યાંગના સિમ્કી તો ઉદય-શંકર સાથે રાધાકૃષ્ણના નૃત્યમાં અદ્ભુત ઝલકો ઊભી કરતી હતી.

'કલ્પના' નામની એક ફિલ્મ પણ ઉદયશંકરે બનાવી હતી. રાજા-મહારાજાઓ એક મદમસ્ત નૃત્ય જુએ છે ત્યારે તેમની જાતીયતા કેવાં ચડઊતર પગથિયાં ચડે છે- તે બતાવતા એ ફિલ્મમાં એક 'સેક્સોમીટર' હતું. પ્રેક્ષકો એમાં ચડ-ઊતર થતા પારાને જોઈને ભારે રમૂજ પામતા હતા. - *દિનુભાઈ દવે જી-૨૦૪, કનકકલા-૨, અમદાવાદ- ૫૧*

*

'કુમાર' એપ્રિલ ૨૦૦૩: વસંતને ક્યાં શોધવી? ઓછામાં ઓછું આ અંકમાં આસમાની મુખપૃષ્ઠ પર તો ખરી જ. ડાળીઓના વળાંકની છટા અને શામળી - ઊજળી - રતૂમડી તેની શોભા પર મંડાતી નજર ઠેરવતાં ઠેરવતાં મન ઉલ્લાસથી તરબર થઈ જાય છે. કલાકાર હેમેન્દ્ર શાહે ઉમંગની અનુભૂતિ અહીં સરસ કરાવી.

પ્રફુલ્લ રાવલના હળવાશભર્યા નિબંધો નિર્બંધપણે રસલહાણ કરાવે છે. વાક્યે વાક્યે આહ્લાદની માત્રા વધતી જાય. 'કરકટિયાં તું આવી જા, મારાં કાલાં ફોલી જા.' સાદી એવી પંક્તિનું ગાન એવું તાન ચઢાવે કે કંટાળાનું નામ ન રહે. શ્રમિકો કંઠોદ્ગાર અને ઓષ્ઠોદ્ગાર વડે પોતાના શ્રમને હળવો કરતાં હોય છે. તેના જેવી આ યુક્તિ કારગત નીવડે જ.

દેશાટન-સાંચીની કૉલમમાં વ્યાસ ૧૨૦ મીટર અને ઊંચાઈ ૫૯ ફીટ. બંને માપ અલગ એકમમાં. ૫૪ ફીટ તે ૧૬.૪૬ મીટર કહી શકાત. ભાનુપ્રસાદ પંડ્યાના કાવ્ય 'તાડની ઊંચાઈ'માં સજીવા-રોપણ દ્વારા વેદના-નુભૂત મનોકામના બહુ ઉચિત રીતે વ્યક્ત થઈ છે.



છાયાનાટ્યનું એક દૃશ્ય

'કુમાર' મે ૨૦૦૩માંની શ્રી મંનસુખભાઈ સલ્લાની લઘુકથા વાંચીને થયું કે લઘુકથા પણ પરાકાષ્ઠાને આંબી શકે છે. ચમત્કૃતિ અને ચોટની ચોટ બંને જાળવી શકાયાં છે. વ્યથાને પણ કેમ ગૂંથવી તેમાં જ કથકની કુનેહ છે. ઉત્તમ લઘુકથાઓમાં આ લઘુકથા અગ્રસ્થાન પામી શકે એમ છે. શ્રી રામચંદ્રભાઈ પટેલના 'અંધારું' કાવ્યમાં કનડી રહેલા અંધારાને માના સ્મરણદીપના ઓજસ વડે વટાવવાની ભાવના ધ્યાનાકર્ષક અને સંતપર્ક છે. પરિશ્રમ, પુરુષાર્થ અને પવિત્રતા વિનાની ધનપ્રાપ્તિ શતમુખ વિનિપાત સર્જે છે તેનું સચોટ દૃષ્ટાંત શ્રી અમૃતલાલ વેગડનો કથાકણ 'ચાર દરવાજા' છે. સુરેન્દ્રનગરની રોનક તેની ભાતીગળ સેવાસંસ્થાઓને લીધે પ્રાણવાન અને ઓજસવંતી છે. તેમાં મુક્તાબહેન ડગલીની 'પ્રજ્ઞાચક્ષુ મહિલાકુંજ' સંસ્થાએ પોતાની આગવી ભાત ઉપસાવી છે.- *લલિત શાહ, જલબિંદુ, ૫૪, સર્વોદય સોસાયટી, જયપ્રકાશ માર્ગ, સુરેન્દ્રનગર-૧.*

*

'કુમાર'નો અંક ૯૦૫(મે ૨૦૦૩) વાંચી અભિનંદન આપવા આ પત્ર. પ્રફુલ્લ રાવલનો 'જે. સ્વામીનાથન' પરનો ગુજરાતી વિગતપ્રચુર લેખ વાંચી આનંદ થયો. જે. સ્વામીનાથનનું ચિત્ર પ્રથમ કવરપેજ ઉપર હોત તો... 'કુમાર'ની શાનમાં યશકલગી ઉમેરાત! આ પ્રતિભાશાળી ચિત્રકારનો પરિચય લેખમાં થાય છે. ભારતીય આધુનિક ને અર્વાચીન ચિત્રકળાના તેઓ આજીવન સમર્પિત ચિત્રકાર હતા.

મારાં હાર્દિક અભિનંદન પ્રફુલ્લ-ભાઈને પાઠવશો... તેમના જ હાથે લખાય તેવો બીજો લેખ હું ઇચ્છું કે... પ્રોફેસર કે.જી.સુબ્રમણ્યમ ટૂંકમાં 'મની સાહેબ' પર લખાય તો.. 'કુમાર'ના આદ્ય-સ્થાપક કલાગુરુ સ્વ. ર.મ.રા.ના કુળના વળી આ બીજા કલાગુરુ - ઉચ્ચકલાશિક્ષણ સંશોધનને ગર્વ અને સન્માન મળશે!

થોડાક મહિના પહેલાં પ્રોફેસર કે.

જી. સુબ્રમણ્યમ્ સાહેબનો Retrospective Show નૅશનલ ગૅલરિ ઑફ મૉડર્ન આર્ટસ્ નવી દિલ્હીએ, દિલ્હી અને મુંબઈમાં યોજ્યો હતો. - *અશોક શાહ, ડી-૦૦૩, શ્રીનંદનગર, વેજલપુર, અમદાવાદ-૫૧.*

•

'કુમાર' જૂન ૨૦૦૩ના અંકમાં આર્યકન્યા ગુરુકુળ પોરબંદરનો લતા હિરાણીનો લેખ વાંચી સંસ્થા વિષે વધુ જાણવાની અને કોઈ પ્રસંગે રૂબરૂ જોવાની પ્રેરણા થઈ. શ્રી નાનજીભાઈ મહેતાએ સ્ત્રીશક્તિ માટે જે વખતે સ્ત્રી-ભણતર નામનું જ હશે તેવા કઠિન કાળમાં બે લાખનું દાન કર્યું અને ત્યારે બહેનોમાં ભણતર કે જાગૃતિ નહોતી તે કાળમાં સવિતાબહેન પિતાના સંકલ્પને વધાવે 'જો આપ ગુરુકુળની સ્થાપના કરશો તો હું આજીવન બ્રહ્મચર્ય પાળીશ અને મારું સમસ્ત જીવન ગુરુકુળને ચરણે ધરીશ' તે માનપાત્ર છે. પિતા કરતાં પુત્રીને ખૂબ ધન્યવાદ.

આવી સ્ત્રીશક્તિની જાગૃતિનો સમાજમાં સંસ્કારપ્રેરક લેખ આપવા બદલ 'કુમાર'ને ધન્યવાદ. આવા સંસ્કારી લેખો - ગાંધીજીની સંસ્થાઓ જે ગુજરાતનું ગૌરવ છે તે વિશે લેખમાળા ચાલુ થઈ શકે તેવો પ્રયત્ન કરશો. *-ડાહ્યાભાઈ પટેલ, મુ.પો.નવા, તા. હિંમતનગર, જી.સા.કા.*

•

'કુમાર' સળંગ અંક ૯૦૬ (જૂન ૨૦૦૩) વાંચ્યો. ખરેખર જૂનું અને વડીલોને સારું વાચન આપતું 'કુમાર' ટ્રસ્ટ દ્વારા સારા હેતુથી ચાલે છે અને વગર જાહેરાતે તથા રાજકીય ચર્ચા કે લેખો વગર કોઈ પણ મૅગૅઝિન ચાલતું નથી. પણ જ્યાં સંસ્કૃતિનો વારસો હોય, ટ્રસ્ટના હોદ્દેદારો હોય, તંત્રીશ્રી કેવળ કમાવવાની નહીં પણ વાચકોને કંઈક મળી શકે તેવા હેતુથી સંચાલન કરતા હોય ત્યારે લાગે છે કે ૭૬ વર્ષે 'કુમાર' 'કુમાર' જ રહ્યું છે. અને પુસ્તકોને, વર્તમાનપત્રોને કદી પણ ઘડપણ આવતું નથી.... 'કુમાર'માં આવતા લેખો હેતુલક્ષી હોય છે. આજના જમાનામાં નવી પેઢી પ્રમાણે વાચકોને અશ્લીલતા વધુ ગમે છે. જીવનહેતુ કરતાં ભૌતિક હેતુ વાચન વધતું ગયું છે.

આ અંકમાં જૂના સંગીતકાર કે જેમણે સંગીતનો વારસો જાળવી રાખ્યો હતો અને ટકી રહ્યો છે તેવા સદાબહાર વસંત દેસાઈનાં ગીતો આજે પણ શ્રોતાઓને કર્ણપ્રિય બની ગયાં છે.તેમના સંગીતમાં પશ્ચિમી ધૂન ન હતી. પણ ગીત પ્રમાણેનું સંગીત હતું. તેમના જીવન બાબતનો લેખ ગમ્યો. 'કુમાર'ની પ્રગતિ એ જ અભ્યર્થના. - *ઘનશ્યામ ભરૂચા, મગન બાગ, મુંબઈ-૧૩*

•

'કુમાર'ના જૂન-૨૦૦૩ના અંકમાં 'માધુકરી'માં 'લોક સરવાણી'-માંથી લીધેલ મોતીભાઈ અંગેની વાત : ભાઈશ્રી મોતીભાઈ પ્રત્યે અંતરથી આદર છે. દાયકાઓ સાથે કામ કર્યું છે. જેલમાં પણ સાથે રહ્યા છીએ. હવે તેમાં પશુપાલન ઉદ્યોગ ને દૂધસાગર ડેરીનો ઉલ્લેખ છેઃ હજુ લાંબો સમય ન થયો છતાંય મૂળ વાતને ભૂલી જવી. એ અન્યાય નથી? માનસિંહભાઈ ભાણ ગયા અને દૂધસાગર ડેરી મંજૂર કરાવી. ગામેગામ ફરીને સરકારી દૂધમંડળીઓ ઊભી કરાવી. વિધવા બહેનોને જરૂર હોય તો બે ભેંસો માટે લોન અપાવી ને તેમને પગભર કર્યા. એ માનસિંહભાઈનું અકસ્માતમાં અવસાન થયું અને દૂધ-સાગરનું પ્રમુખપદ મોતીભાઈને અપાયું ને તેમણે સ્વ. માનસિંહભાઈએ શરૂ કરેલ પ્રવૃત્તિને નભાવી-વિકસાવી. 'માધુકરી'માં મોતીભાઈ વિષે સમાવા જતાં માનસિંહ-ભાઈના પ્રયત્નને તદ્દન ભૂલી જવાયા. (આ લેખ સાભાર ઉદ્ધૃત કર્યો છે, જેમાં 'કુમાર'નું કશું કર્તૃત્વ નથી.-તંત્રી) - *રસિકલાલ દવે, વડનગર -૩૮૪૩૫૫.*

•

સમાજ, કલા, સાહિત્ય, વિજ્ઞાન, સ્વાસ્થ્ય કેટકેટલાં વિષય-વૈવિધ્યનું ભાથું ગુજ્જુઓને મળે છે! 'કુમાર' ન વંચાય તો બેચેની વર્તાય. પસ્તીમાં 'કુમાર' સિવાય તમામ મૅગેઝિન મળે છે! એ જ એની પ્રસિદ્ધિ-લોકપ્રિયતા. 'કુમારે' ક્યારેય ગુણવત્તા બાબતે બાંધછોડ કરી નથી. સાતત્ય જળવાઈ રહ્યું છે. આટઆટલી સામગ્રી આપતા સામયિકને મદદ ન કરીએ તો કેમ ચાલે? 'કુમાર'ના લાં... બા.. આયુષ્યને માટે નાનકડી શુભેચ્છા મોકલી છે. સ્વીકારી આભારી કરશોજી. - *ઈશ્વરભાઈ પટેલ, જૈન દેરાસર પાસે, રાંદેર રોડ, સુરત -૯.*

•

'કુમાર' જૂન ૨૦૦૩માં 'ચત્રભુજ નરસી' વિશે વાંચી આનંદ થયો. તેમના વ્યક્તિત્વ બાબત મારો અનુભવ સંક્ષિપ્તમાં જણાવું છું. થોડાં વર્ષો અગાઉ વિલેપાર્લેમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળેલું જેમાં યજમાન તરીકે સ્વ. શ્રી ચત્રભુજભાઈ અને તેમની સંસ્થા હતાં. પરિષદના સભ્યના નાતે આ લખનાર તેમાં હાજર. શ્રી ચત્રભુજભાઈએ તન,મન, અને ધનથી આ કાર્ય ઉપાડ્યું હતું ને સુંદર વ્યવસ્થા કરી હતી. તેઓ પોતે પણ કલા અને સાહિત્યના ચાહક તો ખરા જ. આથી પરિષદની એક બેઠક વખતે તેમને મંચ પર સ્થાન આપવામાં આવેલું જે વાજબી જ હતું. છતાં મંચ પરથી જ કોઈએ વક્તવ્ય દરમિયાન ટકોર કરી કે સાહિત્ય એ કાંઈ લક્ષ્મીનું મોહતાજ નથી. પછી જ્યારે શ્રી ચત્ર-ભુજભાઈનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેમણે આ ટકોરનો બરોબર જવાબ આપેલો. તેમણે જોરદાર અને અસરકારક ભાષામાં પ્રતિપાદન કર્યું કે સાહિત્યને લક્ષ્મીની જરૂર પડવાની જ. અલબત્ત, તેમણે એ પણ ઉમેર્યું કે લક્ષ્મી પણ સાહિત્ય અને કલા વિના અપંગ છે. તેમની આ વાતને બધાંએ તાળીઓથી વધાવી લીધી હતી. - *દોલતરાય નથુભાઈ પરીખ, ૧૦૧-બી, રાજેશ ચેમ્બર્સ, મોરારજી દેસાઈ માર્ગ, બિલીમોરા (પ) ૩૯૬૩૨૧.*

સૂત્રસાર

સ્વર્ગ એક ખ્વાબ, નર્ક એક ખ્યાલ

રાધેશ્યામ શર્મા

પુરાણો પ્રમાણે-

સ્વર્ગ ખરેખાત છે.

નર્ક ખરેખર છે.

સ્વર્ગે નંદનવન, કામધેનુ, કલ્પવૃક્ષ, જળમાં કાચપૂતળી સમી સરકતી અપ્સરાઓ, ઈન્દ્રાસન બધું જ છે. સુવર્ણના મહાલયો અને હીરાજડિત ખંડો...

નર્ક મધ્યે લોહી-પાચ-પરુની નદીઓ, તીણી ચાંચવાળાં પક્ષીઓ, ભડથું કરી દેતા ગરમાગરમ પાણીના કુંડો, અગ્નિમાં તપાવેલા લોખંડ-પોલાદના થાંભલા, હાથ અને પગને સામ-સામી વિરુદ્ધ દિશામાં પાપીઓને તાણતાં યંત્રો અને નાગપાશ...

વિજ્ઞાન નિશ્ચિત છે કે -

સ્વર્ગ એક ખ્વાબ છે.

નર્ક એક ખયાલ છે.

ફૂંકીને ફાકડાને હવામાં

ઉડાડી મેલો

મનની બધી માયા છે !

ચિન્તક કળાકારો કથે છે —

જે તમને મળ્યું છે એ તો દોજખ છે દારુણ, પણ જે તમે ગુમાવીને ગુમસુમ ઘૂમો છો એ જ સ્વર્ગ છે.

માનીને જીવો તે સરગાપુરી છે. જન્નત એક હકીકત છે. બાકી જહન્નમ અહીં જ હોવાનો પૂરતો અહેસાસ આલમના હરેક આદમીને છે.

માનીને ચાલવાના સ્વર્ગોનો સુમાર નથી. નરકમાં સ્વર્ગ અપ્રસ્તુત છે. પરંતુ અ-પ્રસ્તુતમાં જ 'પ્રસ્તુત' શબ્દ ગુપાઈ-છુપાઈ બેઠો છે.

એક ધનિક ચેલાને લાલચુ ગુરુ ભટકાઈ ભેટી પડેલો. લોભીને ધૂર્ત અને ધૂર્તને લોભી મળી જ આવે...

ગુરુ ઉવાચઃ 'તને પ્રભુદર્શનનો લોભ છે ને ? બ્રહ્મજ્ઞાન સાથે સાક્ષાત્કાર કરાવું તો તારી સ્થાવર જંગમ મિલકત મારા મઠ માટે તજવી પડશે.'

પગે પડી ધનિક બોલ્યો :

'ધંધો તો બાપુ ચલાવું છું પણ ધન તો નથી તેથી મને પહેલાં ભગવાન જ બતાડોને...'

ગુરુ :'અરે, સીધો બ્રહ્મલોકમાં જ તને મોકલી આપું. તારો કાન મારા મોં પાસે ધરી દે.'

> જે તમને મળ્યું તે
> દોજખ છે દારુણ,
> પણ જે ગુમાવીને
> ગુમસુમ ઘૂમો છો
> એ સ્વર્ગ છે!

શિષ્ય :'કાન તો શું, મારું સમૂચું શરીર ધરી દઉં' બાપુ !'

દાળના દડિયાપેઠ ધનિકનો કાન પકડી બાપજી ગણગણ્યા કો'ક અષ્ટમૂપષ્ટમ્ મંત્ર. કહે, 'આંખ મીંચેલી જ રાખ અને પહોંચી જા વૈકુંઠલોક, બ્રહ્મલોક, વિષ્ણુલોક... પણ રહે, મુનિમને કહી દે કે તારી મિલકત મઠ માટે અર્પણ કરી દે.' ત્યાં ચતુર ચેલાએ ગુરુની અદામાં જ કહી દીધુંઃ 'મારી મિલકત તો શું મુંબઈ-મદ્રાસ-કલકત્તા-કરાચી ચાર મહાનગર મઠને અર્પણ !'

બાપજી બગડ્યા, બોલ્યા:' ચાર મહાનગર તારા બાપનાં છે તે...?' ત્યારે શિષ્ય વદ્યો : 'તો વૈકુંઠ, વિષ્ણુ, બ્રહ્મલોક તમારા દાદાનાં છે, હેં ?! ❐

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે ઘટાડેલી કિંમતે

'આવો, શીખીએ અંગ્રેજી'

લેખક : ધનુભાઈ મહેતા

(સીધા 'કુમાર ટ્રસ્ટ'માંથી મંગાવનાર માટે જ આ રાહતદર છે.)

- 'કુમાર'માં નિયમિત હપ્તાવાર પ્રકટ થયેલી લેખમાળાના આ ગ્રંથની મૂળ કિંમત રૂ. ૧૬૦=૦૦. ખાસ ઘટાડેલી કિંમત રૂ. **૧૦૦=૦૦**, પોસ્ટથી મગાવનારે રૂ. ૩૫ વધુ મોકલવા.
- રકમ ચેક/ડ્રાફ્ટ/ એમ.ઓ.થી મોકલી શકાશે. ચેક/ડ્રાફ્ટ 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ લખવો. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ વધુ મોકલવા.
- રૂબરૂમાં કાર્યાલયમાંથી આ ગ્રંથ રૂ. ૧૦૦માં મળી શકશે.

ચયનગ્રંથ સંપુટ-૨

મૂળ કિંમત રૂ. ૧૬૦ ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૨૫ + રજિ. પોસ્ટના રૂ. ૩૫ વધુ મોકલવા.

- **કાવ્યો** (બૃહદ્ બુધ-કવિસંમેલનમાં પઠિત થયેલાં કાવ્યો) રૂ. ૨૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૫ વધુ
- **યોગાસનો** (લે. દામુભાઈ શુક્લ) : રૂ. ૨૦ સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- **પ્રસંગપરાગ** : રૂ. ૧૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- **આરોગ્યસૂત્ર** : રૂ. ૧૦, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ

કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા
બઉવાની પોળ સામે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

ભાગેડું મન અષાઢી વનમાં/*ઉશનસ્*

(મંદાક્રાન્તા સોનેટ)

વૃદ્ધાવસ્થા : તન જરઠ લંબાયું છે સેજ માંહે;
સામે બારી અરધી ખૂલી, આસ્ફાલતો જ્યાં અષાઢ;
ગોરંભાયું ગગન ઘનવીજે અડાબીડ ગાઢ;
આવામાં રૂહે રખડું મન કે કોઈનું ગોંધ્યું ક્યાંયે ?
વાડામાંથી છટકી જતું કો વાડ લંઘી લવારું
એવું પ્હોંચ્યું મન વન વિશે જોયું તો લ્યો, પહાડ !
પાડા જેવો પીન પુલકમાં; આખલા શો અષાઢ
પૂર્યો ધિંગી જળની જરી ત્રાંસી શલાખે ! નિહાળું;
રૂંવાંટી-રૂ ભીનું દદડતું આદિપ્યાસે પીધેલ,
નાની નાના નખક્ષત સમી નીક થૈ વ્હેતી લક્ષ !
હેલી ઝીલી વરસત બીજા મેઘ-શાં વૃક્ષવૃક્ષ !
ગંઠાયેલા અવયવ બધા પુષ્ટ, પોચા, દ્રવેલ !
જાણે ત્રાડે અબઘડી ખડો થૈ જશે સાંઢ તુંગ,
જોઉં પીઠે થરકતું વૃષસ્કંધપે શંભુલિંગ !

જો હોતને-/*જગદીશ ત્રિવેદી*

(મિશ્ર)

જો હોતને ભારત-રાજવી હું –
માતા, ચહેરો નવ હોત ખિન્ન
વિલાયલા પુષ્પ સમો તહારો.

જો હોતને ભારત-રાજવી હું –
દુઃશાસનો જે તનવસ્ત્ર ખેંચી
મથી રહ્યા નગ્ન તને જ કરવા-
વીણી વીણી ફાંસી પરે ચડાવત !

ના આંસુ સારો જનની; કપૂતો
કેરાં નિહાળી કરતૂત કાળાં,
ના દૂર હાંવાં તવ ભાગ્યઉષાઃ
કરો પ્રતીક્ષા નભ મેર તાકી.

જો હોતને ભારત-રાજવી હું –
મહા વિષાળાં તરુ ફાલી ફૂલ્યાં
ખણી ખણી ખોતરી મૂળ એનાં
બાળી-પ્રજાળી કરી દેત ભસ્મ !

જો હોતને ભારત-રાજવી હું –
અરે મહાભાગ્ય કયહીંથી એવાં-
મિયાંપગે મોજડી હો રૂપાળી !

હરિવર ચડ્યા હડફેટે/*ધીરુ પરીખ*

વય વધવાની સાથે હરિવર તમે ચડ્યા હડફેટે!

એમ લાગતું સરી ગયા કંઈ એક પછી એક અબ્દ,
ખાલી ખાલી કલમોમાંથી ખરતા સૂકા શબ્દ;
નથી રહ્યું ઓધાન, સામ્બને પ્રસવે મુશળ પેટે.
હરિવર તમે ચડ્યા હડફેટે !

નરસિંહની કરતાલ મીરાંના મંજીરાને ઝાલ્યા,
ભક્તિના મૃગજળિયા દરિયે રે માથાબોળ મ્હાલ્યા;
ભાવક માને ભેટ્યા કવિવર! હરિ હસંતા છેટે.
હરિવર તમે ચડ્યાં હડફેટે!

બોલાઈ જાયે છે/*રતિલાલ જોગી*

(ગઝલ)

કરું શું, જયારે પણ દિલ દર્દથી ઘેરાઈ જાયે છે,
તમારું નામ આપોઆપ તો લેવાઈ જાયે છે.

બધા ઊભા અહીં કાં ફૂલ ને પથ્થર લઈ સામે,
નથી જ્યાં બોલતો હું કાંઈ પણ, બોલાઈ જાયે છે.

કયાં ફૂલ આપે છે ખુશબો, કયાં ખુશબો વિનાનાં છે,
ન કર ઝંઝટ પરખવાની, કે એ પરખાઈ જાયે છે.

કળાનાં મૂલ મૂલવવાં ગણતરીબાજ થા, પાગલ!
વરી ધનને કળા વરતાઈ ને વખણાઈ જાયે છે.

ન'તો પાયો, ન'તું ચણતર, દુઃખી શું થાય છે નાહક,
બનેલા મ્હેલ સપનાંના બધા રોળાઈ જાયે છે.

કહે છે એય કે - 'જોગી'માં આ એક ખોડ છે મોટી,
કંઈ દેવા ચહું ત્યારે એ કયાં ખોવાઈ જાયે છે?'

મૂકો મનજી વ્હેમ.../*કિરીટ ગોસ્વામી*

(ગાન)

મૂકો મનજી વ્હેમ,
હળવેથી તોડી દો એને પરપોટાની જેમ !

મળ્યું એટલું માણો, શીદને ઓછપ કેરા ધોખા ?
પળ-પળને પોંખી લો કાયમ લઈને કંકુ-ચોખા,

કાળ કરે ના કોઈની પરવા, સંજોગો ના રૂહેમ !
મૂકો મનજી વ્હેમ...

દુનિયાના મેળામાં મનજી, ભાત-ભાતનાં લોકો,
જીવન સૌને હળવા-મળવાનો એક રંગીન મોકો,

હળતાં-મળતાં વ્હેંચો કાયમ અઢળક-અઢળક પ્રેમ!
મૂકો મનજી વ્હેમ...

થાળે પડેલી જિંદગી/*નિર્મિશ ઠાકર*

(ગઝલ)

આપણી થાળે પડેલી જિંદગી,
સાવ કુંડાળે પડેલી જિંદગી.

માછલી પાણી મહીં તો છે, નથી ?
કોઈની જાળે પડેલી જિંદગી.

જીવવાના અર્થમાં જીવે નહીં,
નર્થની પાળે પડેલી જિંદગી.

વેંત છેટું હોય છે હોવાપણું,
એટલા ગાળે પડેલી જિંદગી.

સૂક્ષ્મ અગ્નિદાહ ધીમો ને સતત,
શ્વાસની ઝાળે પડેલી જિંદગી.

હું ય કાચા કામનો કેદી હવે,
કોઈના આળે પડેલી જિંદગી.

લૂછ્યાં કરો/*સતીશ જે. દવે*

(ગઝલ)

રોજ ભીનાં સૂર્યથી,
ઘાસને લૂછ્યા કરો.

આયનો અજવાળવા,
જાતને લૂછ્યા કરો.

ભેદ ક્ષણનો પામવા,
કાળને લૂછ્યા કરો.

કોઈ નિર્ઝરથી સતત,
પ્હાડને લૂછ્યા કરો.

જીતવા માટે હવે,
હારને લૂછ્યા કરો.

ગુજરાતી કવિતાનું સર્વપ્રથમ દ્વૈમાસિક
કવિલોક તંત્રીઃધીરુ પરીખ
પ્રત્યેક બે માસે નવાં નવાં કાવ્યો, લેખો, આસ્વાદો, અવલોકનો લઈ કાવ્યરસિકો સમક્ષ આવતું કવિતાનું સામયિક એટલે કવિલોક. વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૮૦/- આજીવન માત્ર રૂ. ૧૦૦૦/- આપનું લવાજમ કવિલોક C/o. કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧. એ સરનામે મોકલી આપો. કવિલોકના નામે મ.ઑ./ ચેક/ ડ્રાફ્ટથી લવાજમ મોકલી શકાશે. બહારગામની બૅંક પરના ચેકમાં બૅંક કમિશનના રૂ. ૨૫/- ઉમેરવા.



નિષ્ઠાવાન પીઢ સમાજસેવક, સ્વાતંત્ર્યસેનાની, 'વિશ્વગુર્જરી'ના આદ્યસંસ્થાપક યુગપથિક

વિનોદચંદ્ર શાહ

કાન્તિલાલ વ. રામી

ગાંધીજી અને સરદારના આદર્શોને પોતાના વિરલ જીવનકાર્યમાં નખશીખ આચરનાર શ્રી વિનોદ-ચંદ્રભાઈ શાહે પોતે પોતાની આત્મકથા લખીને એક નિષ્ઠાવાન યુગપથિકની સત્ય હકીકતોને પ્રકાશમાં આણી છે તે ખરેખર આજના સંદર્ભે ઉમદા કાર્ય કર્યું છે.

વિનોદચંદ્ર શાહનો જન્મ ભરૂચ જિલ્લાના જંબુસર ગામમાં ઈ.સ. ૧૯૧૨માં જુલાઈ મહિનાની ૧૨મી તારીખે અને અષાઢ વદિ બારસને રોજ થયો હતો. પિતા ચૂનીલાલ નરોત્તમદાસ સામાન્ય સ્થિતિના હતા અને જંબુસરમાં ઘીની લારી ફેરવવાનો ધંધો કરતા હતા. પછી તેમણે કાપડની દુકાન કરી અને તેમાં તેઓ સારું કમાયા. જંબુસર ગામમાં અને આજુબાજુનાં નાનાં ગામોમાં તેઓ ચૂનીલાલ શેઠ તરીકે પંકાયા.

વિનોદચંદ્રનાં માતુશ્રી રુક્ષ્મિણીબહેન ચૂનીલાલનાં બીજી વારનાં પત્ની હતાં. પહેલી વારનાં પત્ની મણિલાલ નામનો પુત્ર મૂકીને ગુજરી ગયાં હતાં. મણિલાલ પૂનામાં છેલ્લા વર્ષમાં ઓવરશિયરનો અભ્યાસ કરતા હતા ત્યારે ગુજરી ગયા હતા. વિનોદચંદ્ર જ્યારે ચૌદ વર્ષના થયા ત્યારે તેમનાં માતુશ્રી દેવલોક પામ્યાં હતાં, અને પિતાશ્રી ઈ.સ.૧૯૪૫માં ગુજરી ગયા તે વખતે વિનોદચંદ્રની ઉંમર ૩૨ વર્ષની હતી.

પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરી વિનોદચંદ્ર જંબુસરની હાઇ સ્કૂલમાં જોડાયા અને ભરૂચ જિલ્લા કેન્દ્રમાંથી ઈ.સ.૧૯૨૯ના માર્ચમાં મૅટ્રિકની પરીક્ષામાં પ્રથમ ક્રમે આવ્યા. કૉલેજ-અભ્યાસ માટે તેઓ મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા. ત્યાં પ્રથમ વર્ષ પાસ કરી વૅકેશનમાં તેમના વતન જંબુસરમાં આવેલા ત્યારે મહાત્મા ગાંધીજીએ ૨૨ માર્ચ, ૧૯૩૦ના રોજ આરંભેલી દાંડીકૂચ જંબુસરમાં પ્રવેશી ત્યારે વિનોદચંદ્ર દાંડીકૂચ યાત્રામાં સ્વયંસેવક તરીકે જોડાયેલા, અને ત્યારથી ગાંધીજીના સ્વરાજ-જંગમાં તેઓ સક્રિયપણે જોડાઈ ગયા.

તેમના જન્મવર્ષ ૧૯૧૨થી માંડી વીસમી સદીના અંતિમ વર્ષ ઈ.૧૯૯૯ના ૩૧ ડિસેમ્બર સુધીનો વિનોદચંદ્રભાઈનો જીવનપંથ વિધાતાએ તેની કલમે અને પીંછી દ્વારા ચીતરેલું એમનું જીવનચરિત્ર છે.

વીસમી સદીમાં માનવજાતના ઇતિહાસમાં અનેકાનેક પ્રવાહો અને પલટાઓ દૃષ્ટિગોચર થાય છે. આંતરરાષ્ટ્રિય સ્તરનાં બબ્બે વિશ્વયુદ્ધો આ સદીમાં લડાયાં અને લીગ ઑફ નૅશન્સ અને યુનાઇટેડ નૅશન્સ એ બે વિશ્વસંસ્થાઓની રચનામાં છતી થતી વિશ્વશાંતિની માનવઝંખના પણ આ જ યુગમાં આ સંસ્થાઓમાં પ્રતિબિંબિત થઈ. મહર્ષિ તૉલ્સ્તૉયે રચેલા મહાગ્રંથ 'યુદ્ધ અને શાંતિ'માં આ યુગનું બયાન આવી જાય છે. વીસમી સદીએ રાષ્ટ્રવાદનો ઉદય જોયો અને સામ્યવાદનો વિધ્વંશ પણ જોયો. આ જ સદીએ એશિયા, આફ્રિકા અને લૅટિન અમેરિકાના અનેક દેશોની આઝાદીની ઉષાનાં દર્શન કર્યાં; વળી, દુકાળની વિભીષિકાઓ જોઈ તથા ધરતીકંપો અને ભીષણ વાવાઝોડાં પણ જોયાં. આ જ સદીએ માનવજીવનમાં નિસર્ગનો જે મહત્ત્વનો હિસ્સો છે તેનું ભાન માનવજાતને કરાવ્યું.

મહાત્મા ગાંધીજી વીસમી સદીની સૌથી મોટી માનવ-વિભૂતિ, સૌથી મોટા ભારતીય અને સૌથી મોટા ગુજરાતી છે. તેમના પારસમણિ સ્પર્શે ઈ.૧૯૩૦થી શ્રી વિનોદચંદ્રનું જીવન કથીરમાંથી કંચન જેવું બન્યું. ગાંધીજી અને સરદારની સમકાલીન યુગપ્રેરણા તેમના જીવનનું પ્રભાવકારી પરિબળ હતું અને

તેમની જીવનયાત્રા યુગસાક્ષી જીવનયાત્રા બની. તેઓ કહેતા: 'હું યુગપથિક છું. જીવનને ધન્ય બનાવનારા સમકાલીન મહાન યુગે મારો જીવનપથ કંડારી આપ્યો. મારી સમગ્ર જીવનયાત્રા યુગપથિકની જીવનયાત્રા રહી. ગાંધીજી અને સરદારના જીવંત સંસર્ગે મારી જીવનયાત્રા યુગપ્રભાવિત જીવનયાત્રા બની રહી.'

'દેશ જ્યારે સળગી રહ્યો હોય ત્યારે ગુલામીની કેળવણી લેવા કૉલેજમાં કેમ આવ્યા છો ?' તેવી સરદારશ્રીની ટકોર સાંભળીને કૉલેજ છોડીને આઝાદી જંગમાં ઝુકાવનારા વિનોદચંદ્રભાઈના સમગ્ર જીવનમાં ગાંધી-સરદારની પ્રેરણા પ્રારંભથી જ કેન્દ્રસ્થાને રહી. ભારતના આઝાદીજંગમાં મુખ્ય પાંચ આંદોલનો : ઈ.૧૯૨૧નું 'અસહકાર'નું આંદોલન, ૧૯૩૦ની 'સત્યાગ્રહ'ની લડત, ૧૯૩૩ની 'નાકર'ની લડત, ૧૯૪૧ની 'વ્યક્તિગત સત્યાગ્રહ'ની લડત અને ૧૯૪૨ની 'હિંદ છોડો'ની આખરી લડત.

અમદાવાદ સાબરમતી આશ્રમથી નીકળેલી દાંડીકૂચ ૨૨મી માર્ચ ૧૯૩૦ના રોજ જંબુસર પહોંચી ત્યાં જંગી સભા યોજાઈ. ગાંધીજીએ આ લડતમાં જોડાવા સૌને હાકલ કરી, ત્યારથી વિનોદચંદ્રભાઈ આ લડતમાં સક્રિયપણે જોડાઈ ગયા. જંબુસરથી આમોદ થઈ દાંડીકૂચ છઠ્ઠી એપ્રિલે દાંડી પહોંચી અને મીઠાની એક મૂઠી ઉપાડી 'નમક કા કાયદા તોડ દિયા' ની ઐતિહાસિક ઘોષણા કરી. ગુજરાત અને દેશભરમાં પૂરજોશથી 'સત્યાગ્રહ'ની લડત ઊપડી. હજારો સત્યાગ્રહીઓની ધરપકડથી જેલો ઊભરાવા લાગી. મુંબઈથી 'કૉન્ગ્રેસ પત્રિકા' નીકળતી હતી, તો જંબુસરમાંથી પણ 'ઇન્કિલાબ' નામની પત્રિકા શરૂ કરવામાં આવી અને તેના પ્રથમ તંત્રી ત્રિવિક્રમ બૅટરીવાળા હતા. ત્રિવિક્રમની ધરપકડ થઈ. સાબરમતી જેલમાં તેમને ટાઇફૉઇડ થયો અને તેઓ અવસાન પામ્યા. એની ભવ્ય સ્મશાનયાત્રા અમદાવાદ શહેરમાંથી પસાર થઈ. આમ ગુજરાતના જંબુસરનો પ્રથમ શહીદ ત્રિવિક્રમ અમરપદને પામ્યો.

તે સમયે યોજાએલી એક સભામાંથી ૧૪૪મી કલમનો ભંગ કરવાના આરોપસર વિનોદચંદ્રની અને બીજા છ કાર્યકરોની ધરપકડ થઈ. તેમની સામે કેસ ચાલ્યો. વિનોદચંદ્રની કાચી ઉંમરને કારણે તેમને તા.૧૮-૧૨-૧૯૩૦ ના રોજ ૬ અઠવાડિયાની સખત મજૂરીની સજા થઈ. તેઓ જેલ વિશેનું વર્ણન કરતાં લખે છે: 'જેલ વિશેની બિહામણી વાતો ઘણી સાંભળેલી. સાબરમતી જેલમાં મારો કેદી નં. ૧૯૮૦૬ હતો. સાબરમતી જેલને બે દરવાજા છે અને ઘણી ઊંચી દીવાલનો ફરતો કોટ છે. પ્રથમ દરવાજો તોતિંગ અને બિહામણો છે. તે પછી બીજો દરવાજો આવે છે, જેમાં પ્રવેશ માટે એક ડોકાબારી છે. પોલીસ-પહેરાની નીચે મને ટ્રેનમાં સાબરમતી લવાયો. પહેલાં જેલરની ઑફિસમાં કપડાં બદલાવી જેલનો ડ્રેસ પહેરાવ્યો. અંગૂઠાનાં નિશાન તથા મારું વર્ણન વગેરેની રજિસ્ટરમાં નોંધ કરી અને મને બિલ્લો આપ્યો. મને જેલમાં કપડાંનો એક સેટ, કાથિયાની ચટાઈ, બે કામળા, બે ચાદરો, બે ચોકડીવાળા રૂમાલ, એક



સ્વાતંત્ર્યવીરાંગના અને લોકસેવિકા તારાબહેન

ચંબુ અને એક તાંસળું આપવામાં આવ્યું. આ બધું લઈ કેદીના પહેરવેશમાં ડોકાબારી મારફતે જેલમાં પ્રવેશ કર્યો. પ્રવેશતાં જ જેલની અંદરની વિશાળતાનો ખયાલ આવ્યો. શરૂમાં જ, કેદીને ફટકાની સજા કરાય છે તેને થાંભલા સાથે ઊંધો બાંધી, ચાબૂકો મારવામાં આવે છે તે થાંભલો જોયો. અંદર જુદીજુદી પાકા ચણતરની બૅરેકો બાંધવામાં આવી હતી. તેમાંની એક બૅરેકમાં મને જેલનો પીળી પાઘડીવાળો વૉર્ડર લઈ ગયો. દરેક બૅરેક એટલે મોટી જેલની અંદરની ૪૦ કેદીઓને માંડ માંડ રાખી શકાય તેવી નાની જેલ. મેં મારું નિવાસસ્થાન નિર્ણીત કર્યું. સવારે ૧૦ વાગ્યે ભોજન આવ્યું. એક ગંદા કેદીને માથે એલ્યુમિનિઅમના પીપમાં દાળ અને બીજા કેદીને માથે દેવદારના ખોખામાં જુવારના રોટલા. દરેકને બે રોટલા અને દાળ પીરસાઈ. ચંબુમાં પાણી લેવાનું અને તાંસળામાં દાળ. રોટલા હાથમાં લઈ ખાવાનું. સાંજે શાક અને રોટલા. દૂધ,ઘી, તેલ,ઘઉં,ચોખા,કઠોળ કાંઈ જ નહીં ! મને આ પ્રકારનું ભોજન જોઈને જ સૂગ ઊપજી. ત્રણ-ચાર દિવસ ખોરાક વિના ગયા; પણ પછીથી એવી કકડીને ભૂખ લાગતી કે બંને ટંકનું પૂરું ભોજન ખવાઈ જતું. સાંજે છ વાગ્યે કેદીઓને હારબંધ બેસાડી 'ગીનતી' કરી બૅરેકમાં પૂરી દેતા અને દરવાજે તોતિંગ તાળું લગાવી બહાર ચોકી કરતા. સવારે છ વાગ્યે દરવાજો ખોલતા. સવારના ચા નહીં પણ જુવારના લોટની રાબડી દરેકને મળતી. મને સખત કેદની સજા હોવાથી જુવાર વીણવાનું કામ આપવામાં આવ્યું. સજાની મુદત પૂરી થતાં હું ૨૯-૧-૧૯૩૧ના રોજ જેલમાંથી છૂટ્યો.'

તે વખતે ૨૬મી જાન્યુઆરીનો દિવસ પહેલવહેલો ૧૯૩૦માં દેશભરમાં 'સ્વાતંત્ર્ય દિન' તરીકે ઉજવાયો, ત્યારથી રાષ્ટ્રિય કૉન્ગ્રેસે દર વર્ષે તે દિવસનો સ્વાતંત્ર્ય દિન તરીકે



સ્વ. ચુનીલાલ નરોત્તમદાસ
(વિનોદચંદ્ર શાહના પિતાશ્રી)



સ્વ. શ્રીમતી રૂક્ષ્મણીબહેન શાહ
(વિનોદચંદ્ર શાહના માતુશ્રી)

ઊજવવાનું નકકી કર્યું હતું, અને ઈ.૧૯૫૦માં બંધારણ પસાર થયા પછી આપણા રાષ્ટ્રધ્વજને સલામી સાથે 'પ્રજાસત્તાક દિન' તરીકે ઊજવાતો આવ્યો છે.

'સત્યાગ્રહની લડત'સાથે એક બીજી 'નાકરની લડત'નો પણ જંબુસરમાં પ્રારંભ થયો હતો. ગુજરાતની ખમીરવંતી પ્રજાએ ઈ.૧૯૨૮માં સરદારશ્રીની આગેવાની નીચે જમીન-મહેસૂલનાં અન્યાયી વધારા સામે સફળ લડત ચલાવી. સરકારે ગામેગામ મહેસૂલ વસૂલ કરવા નોટિસો કાઢી અને જપ્તીઓનું કામ શરૂ થયું એથી જંબુસર તાલુકાનાં ગામોએ હિજરત ચાલુ કરી. વિનોદ-ચંદ્રભાઈએ 'ઇન્કિલાબ' અને 'રાજદ્રોહ' પત્રિકાઓદ્વારા આહિજરતની જબરજસ્ત પ્રજા અને સરકાર વચ્ચેની લડત વધારે ઉગ્ર બનાવી. ત્યાર પછી તા. ૩જી માર્ચ ૧૯૩૧ના રોજ ગાંધી-ઇરવિન કરાર થયા અને હિજરતીઓએ માનભેર પોતાનાં ગામોમાં પ્રવેશ કર્યો.

વિનોદચંદ્રભાઈ આ લડતોમાંથી નવરા પડતા ફરી પાછા ૧૯૩૧માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા અને અર્થ-શાસ્ત્રના વિષય સાથે બી.એ.ની પરીક્ષા ૧૯૩૫માં પાસ કરી. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ૧૯૩૭માં એમ.એ.ની પરીક્ષા પાસ કરી ૧૯૩૮માં એલએલ.બી. થયા અને જંબુસરમાં વકીલાત શરૂ કરી.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા સાત વર્ષની ઉંમરના વિનોદચંદ્રનો વિવાહ (સગપણ) જંબુસરનિવાસી છોટાલાલ રણછોડદાસ ભગતનાં સુપુત્રી તારાબહેન સાથે થયો હતો ત્યારે તારાબહેન ૩ વર્ષનાંહતાં. પણ તેમનાંલગ્ન પુખ્ત ઉંમરેઈ.૧૯૩૫માં થયાં હતાં. તારાબહેનને એક આદર્શ પત્ની તરીકે શ્રી વિનોદચંદ્રના જાહેર જીવનના કારણે ઘણું સહન કરવું પડ્યું હતું. પોતાનાં સંતાનો પ્રત્યે તેમને અપાર વાત્સલ્ય હતું. તારાબહેન તાલુકા પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટાયાં હતાં અને જંબુસર મહિલા મંડળનાં પ્રમુખ તરીકે પાંચ વર્ષ સેવાઓ આપી હતી. તેમની સમાનતાની ભાવના અદ્ભુત હતી. નોકર-ચાકર સાથે વહાલભર્યો સંબંધ રાખતાં તેથી જીવ્યાં ત્યાં સુધી નોકરો-ચાકરોનો અદ્ભુત પ્રેમ-સંપાદન કર્યો હતો. બિલાડી અને કૂતરાં પ્રત્યે પણ તેમનો દયાભાવ અદ્ભુત હતો. એક કૂતરીના મોંમાં કાંટાની શૂળ પેસી ગયેલી તે તેમણે પોતાના ખોળામાં બેસાડીને મોંમાંથી ખેંચી કાઢેલી અને કૂતરી શાંત થઈ ફરતી થઈ ગયેલી. વિનોદચંદ્રભાઈનાં પત્ની તારાબહેનનું અવસાન ૧૩મી મે ૧૯૮૯ના રોજ થયું.

સત્યાગ્રહની પાછળ હૃદયપરિવર્તનની ભાવના હતી અને તેથી સત્યાગ્રહમાં સાધનશુદ્ધિની આવશ્યકતા ઉપર ગાંધીજીએ ભાર મૂક્યો હતો. ૧૯૪૦-૪૧ના વ્યક્તિગત સત્યાગ્રહમાં વિનોદચંદ્રભાઈએ સક્રિય ભાગ લીધો. જંબુસરના કોર્ટબારણે સૂત્રોચ્ચારો કરી વ્યક્તિગત સત્યાગ્રહ કરવા માટે તા.૨૨ જાન્યુઆરી ૧૯૪૧ના રોજ તેમની ધરપકડ થઈ. કોર્ટમાં કેસ ચાલતાં તેમણે ગુનાનો એકરાર કર્યો, અને વિનોદચંદ્રભાઈને છ માસની સખત મજૂરીની સજા થઈ. તેમને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા, અને ૩૦મી જાન્યુઆરીથી ૬ મહિનાની પૂરી સજા ભોગવી તેઓ તા.૨૯-૭-૧૯૪૧ના રોજ છૂટ્યા.

૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે' ની 'હિંદ છોડો' ની લડત વખતે કલકત્તામાં કેદ રખાયેલા શ્રી સુભાષબાબુ ૧૯૪૧ની જાન્યુઆરીની ૧૭મી તારીખે વેશપલટો કરી છટકી ગયા અને પઠાણી પોશાકમાં બરદ્વાન, અફઘાનિસ્તાન, ઇટલી થઈ જર્મની પહોંચી ગયા અને ૨૬મી એપ્રિલ ૧૯૪૨ના રોજ બર્લિનથી વાયુપ્રવચન દ્વારા ભારતની આઝાદીનું એલાન કર્યું. મુંબઈમાં ૮મી ઑગસ્ટ ૧૯૪૨ને રોજ 'હિંદ છોડો'નો ઐતિહાસિક ઠરાવ થયો અને આખા ભારતમાં અહિંસક સંગ્રામ શરૂ થયો. જંબુસરમાં આ લડતના અગ્રણી શ્રી વિનોદચંદ્રભાઈની ૧૫મી ઑગસ્ટની મધ્યરાત્રિએ ધરપકડ કરવામાં આવી. તેમને સાબરમતી જેલમાં લઈ ગયા. અને ત્યાંથી ૧૪ ઑક્ટોબર ૧૯૪૨ના રોજ નાસિક ખસેડાયા. જેલના દિવસો આનંદમાં પસાર થતા હતા. વિનોદચંદ્રભાઈ તેમના પિતાશ્રીના આંખના ઑપરેશન માટે એક મહિનો જેલમાંથી પેરોલ પર છૂટ્યા હતા. પૂરા સોળ મહિના નાસિક જેલમાં ગાળી વિનોદચંદ્રભાઈ તા.૨૫-૧૨-૧૯૪૩ના રોજ જેલમાંથી છૂટ્યા હતા ત્યારે સત્યાગ્રહ લડત કંઈક અંશે મંદ પડેલી હતી. પણ દેશમાં નાના કિશોરો, યુવાનો, યુવતીઓ, આબાલ, વૃદ્ધ સૌએ સ્વાતંત્ર્ય મેળવવાની તમન્નામાં બલિદાન આપ્યાં છે અને લાઠીમાર, ગોળીબાર તથા જેલની યાતનાઓ ભોગવી છે. જે ભવ્ય પુરુષાર્થ કર્યો છે તે વિશ્વના સ્વાતંત્ર્યના ઈતિહાસમાં કદી ભુલાય એમ નથી.

સ્વાતંત્ર્યસંગ્રામનો અંત અચાનક આવ્યો. ૧૯૪૬માં કૅબિનેટ મિશન ભારત આવ્યું. જવાહરલાલ નેહરુના નેતૃત્વ નીચે પ્રથમ પ્રધાનમંડળ રચાયું. દેશના ભારત અને પાકિસ્તાન એમ બે ભાગલા થયા. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે ભારતને સ્વતંત્રતા આપવાની ઘોષણા થઈ. ભારતને આઝાદી મળી એ વિશ્વનો સૌથી મોટો ઐતિહાસિક બનાવ છે. સ્વતંત્રતાની ઘોષણાને પરિણામે બ્રિટિશ હકૂમતનું સાર્વભૌમત્વ ખતમ થઈ ગયું, બીજી બાજુ ભારતનાં ૬૦૦ જેટલાં નાનાં- મોટાં રજવાડાંને સાર્વભૌમત્વ પ્રાપ્ત થયું અને તેઓ સ્વતંત્ર રાજ્યો તરીકે ઉપસ્થિત થયાં. પણ સરદાર વલ્લભભાઈના સબળ નેતૃત્વ અને કુનેહથી ઈ.૧૯૫૦ સુધીમાં તમામ રજવાડાંઓ ભારતમાં જોડાઈ ગયાં. પ્રાપ્ત થએલા સ્વરાજથી કૉન્ગ્રેસધારીઓ અધિકારી-અમલદારો પાસેથી ધાર્યું કામ કરાવતા થઈ ગયા અને આમ ભ્રષ્ટાચારની શરૂઆત થઈ ગઈ. તેવામાં દિલ્હીમાં તા.૩૦મી જાન્યુઆરી૧૯૪૮ના રોજ ગાંધીજી પ્રાર્થના કરવા જઈ રહ્યા હતા ત્યારે અચાનક નથ્થુરામ ગોડસેએ તેમના પર ગોળીઓ ચલાવી તેમની હત્યા કરી. આખા દેશમાં હાહાકાર મચી ગયો. વિશ્વમાંથી એક યુગપુરુષે વિદાય લીધી. ૧૯૪૮માં જંબુસર તાલુકામાં ભયંકર દુકાળ પડ્યો. એંસી ટકા વસ્તી ખેતી-ધંધા પર નભતી હતી. વિનોદચંદ્રભાઈએ આ દુકાળના સામના માટે સરકારીતંત્ર અને કૉન્ગ્રેસ કાર્યકરોને જાગ્રત કરી અથાક મહેનત કરી તે માટે જંબુસરની પ્રજા આજે પણ ગર્વ અનુભવે છે. ૧૯૪૯માં જંબુસરમાં ઘણી યાદગાર વિકાસપ્રવૃત્તિઓ શરૂ થઈ, ત્યારે ૧૯૫૦ની સાલમાં વજ્રઘાત સમો બનાવ બન્યો. ભારતના લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલનું ડિસેમ્બરની ૧૫મી તારીખે અવસાન થયું. ૧૯૫૦ના બંધારણ નીચે ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી થઈ.

ભરૂચ જિલ્લા સ્કૂલ બૉર્ડની ચૂંટણી ૧૯૫૨માં થઈ તેમાં શ્રી વિનોદચંદ્રભાઈ ચેરમૅન તરીકે ચૂંટાયા અને ૧૯૫૨ થી ૧૯૫૭ સુધીનાં પાંચ વર્ષ સુધી ચેરમૅનપદે રહ્યા. ૧૯૫૨થી ૧૯૬૨નાં દસ વર્ષના સમય દરમ્યાન વિનોદચંદ્રભાઈ ઘણાં વિકાસ-મંડળોના પ્રમુખ-ઉપપ્રમુખ રહેલા અને તેમનો એ સમય વિકાસ-પ્રવૃત્તિથી ભરપૂર રહ્યો હતો. નર્મદાયોજના એ મૂળ 'ગોરા બંધ' યોજના હતી. ૫ એપ્રિલ ૧૯૬૧ના રોજ ગોરા બંધનું જવાહરલાલ નેહરુએ શિલા-રોપણ કર્યું હતું. વિનોદચંદ્રભાઈને નર્મદાયોજના સાકાર કરવામાં ઊંડો રસ હતો. અને એ યોજનામાં તેમનું યોગદાન ઘણું રહ્યું છે. ૧૯૬૭ની ગુજરાત વિધાન-સભાની ચૂંટણીમાં વિનોદચંદ્ર-ભાઈ જંબુસરમાંથી જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા, અને ગુજરાત સરકારમાં મુખ્યમંત્રીના સેક્રેટરી તરીકે તેમની નિમણૂક થઈ. તેમની પાસે આયોજન (પ્લાનિંગ)નું મહત્ત્વનું ખાતું હતું. શ્રી વિનોદચંદ્રભાઈ ૧૯૭૫ થી ૧૯૭૯ સુધી ગુજરાત એસ.ટી. કૉર્પોરેશનના અધ્યક્ષ હતા. અધ્યક્ષ તરીકે વિનોદચંદ્રભાઈએ ઘણી ઉમદા કામગીરી બજાવી હતી.



આમ આદમીની એસ.ટી- આમ આદમીના ચેરમેન. એસ.ટી.ચેરમેન તરીકેની કામગીરીને નિરૂપતું પ્રકાશન

૨૫મી જૂન ૧૯૭૫ના રોજ ઈન્દિરા ગાંધીએ કટોકટી (ઈમરજન્સી) જાહેર કરી અને અનેક નેતાઓને જેલભેગા કર્યા, તેમાં વિનોદચંદ્રભાઈના પુત્ર શ્રી દિનેશભાઈ શાહને પણ જેલમાં પૂર્યા, અને દિનેશભાઈને છ મહિનાની સજા થઈ.૧૯૭૭ના માર્ચ મહિનામાં ઈન્દિરા ગાંધીએ કટોકટી દૂર કરી અને બધા નેતાઓની જેલમાંથી મુક્તિ થઈ. શ્રી દિનેશભાઈ શાહ સંસ્થા કૉન્ગ્રેસના પ્રમુખપદે આરૂઢ થયેલા અને ગુજરાત મંત્રીમંડળમાં નાણાંપ્રધાનપદ શોભાવેલું.

ગુજરાત એસ.ટી. નિગમ સૌથી મોટું અને મહત્ત્વનું કૉર્પોરેશન છે અને તેના ચેરમૅનપદ માટે શ્રી વિનોદચંદ્રભાઈ તા. ૪ જુલાઈ ૧૯૭૫ના રોજ નિયુક્ત થયા. તેમણે કૉર્પોરેશનનો વહીવટ ખૂબ જ ધગશ અને ઉત્સાહથી સંભાળેલો. કૉર્પોરેશનના સર્વે નાના-મોટા કર્મચારીમાં તેમણે પોતાની આગવી પ્રતિભા અને પ્રેમભાવથી દરેકના હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તેથી જ 'આમ આદમીની એસ.ટી.: આમ આદમીના ચેરમૅન' એ સૂત્ર ચારે તરફ ગુંજવા લાગ્યું હતું. શ્રી વિનોદચંદ્રભાઈ ઈ.૧૯૭૯ના નવેમ્બર મહિનામાં એસ.ટી. કૉર્પોરેશનમાંથી સાડાત્રણ વર્ષની સફળ કારકિર્દી પૂરી કરી ચેરમૅનપદેથી નિવૃત્ત થયા.

શ્રી વિનોદચંદ્રભાઈ દેશવિદેશમાં વસતાં લાખો ગુજરાતીઓ માટે વતનભૂમિ ગુજરાત સાથેનો સંપર્ક અને સહયોગ જળવાઈ રહે તેવી એક અજોડ સંસ્થા 'વિશ્વગુર્જરી'ના સ્વપ્નદ્રષ્ટા, આદ્યપ્રણેતા અને સફળ સુકાની હતા. ૧લી મે ૧૯૭૨ના રોજ 'વિશ્વગુર્જરી'ની સ્થાપનાએ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસનું એક ગરવું સીમાચિહ્ન છે. અમદાવાદમાં સ્થપાએલી આ સંસ્થા એક ચૅરિટેબલ ટ્રસ્ટ છે અને તેના ૧૯૯૭ના રજતજયંતી સુધીના ૨૫ વર્ષના ગાળામાં અનેક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાત અને દેશવિદેશમાં વસતાં ગુજરાતીઓની અસ્મિતાના પ્રસાર-પ્રચાર કાર્યમાં આ સંસ્થાઓ અસાધારણ કામયાબી હાંસલ કરી છે. વિશ્વગુર્જરી સંસ્થાએ સમાંજસેવાની અનેક પ્રવૃત્તિઓ કરી છે, જેવી કે યુગાન્ડા આફ્રિકાથી હકાલ-પટ્ટીનો ભોગ બનેલા ગુજરાતીઓને આશ્રય અને આશ્વાસન

(અનુસંધાન પૃ. ૪૫૩ પર)

કિસ્સો- ઘડિયાળો સાથેના એક માણસનો

મૂ.લે. આર્થર કોનન ડોઇલ
અનુવાદકઃ મૂળશંકર પ્રા. ભટ્ટ

(ગતાંકથી પૂરું)

બીજાં પાંચ વર્ષ વીત્યાં પણ કશો ખુલાસો મળ્યો નહોતો. ત્યાં તો, છેવટે હમણાં જ, બધી હકીકતોને ધ્યાનમાં લઈ એક અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે. આ અહેવાલને પ્રમાણભૂત માનવો જોઈએ. જે ગુનાશોધકનો પ્રથમ અહેવાલ રજૂ થયો હતો તેને જ ન્યૂ યૉર્કથી લખાયેલો આ અહેવાલ પત્રરૂપે મોકલવામાં આવ્યો છે. અહીં તે અક્ષરશઃ આપ્યો છે. માત્ર પહેલા બે ફકરા અંગત હોવાથી અહીં આપ્યા નથી.

'સાચાં નામ હું અહીં ન બતાવું તો ક્ષમા કરશો. આજથી પાંચ વર્ષ પહેલાં મારી મા જીવતી હતી. આજે તે આ દુનિયામાં નથી તેથી સાચાં નામ બતાવવામાં વાંધો નથી, તેમ છતાં વ્યક્તિગત માહિતી બને તેટલી ગુપ્ત રાખવા મેં પ્રયત્ન કર્યો છે. મારે કહેવું પડશે કે તમારી કલ્પના અતિનિખાલસ હોવા છતાં ખોટી હતી. બરોબર સમજી શકાય તેથી મારે થોડું પાછળ જવું પડશે.

'મારું કુટુંબ ઇન્ગ્લંડના બકસ નામના ગામથી આવી અમેરિકામાં વસ્યું હતું. પાંચમા દસકાના પૂર્વ ભાગમાં અમે અહીં આવ્યા. ન્યૂ-યૉર્કના રોચેસ્ટરમાં કુટુંબ સ્થિર થયું. ત્યાં મારા પિતા સૂકા મેવાનો મોટો સ્ટોર ચલાવતા. તેમને બે પુત્રો હતાઃ હું, જેમ્સ અને મારો ભાઈ એડવર્ડ. મારા ભાઈથી હું દસ વર્ષ મોટો હતો. મારા પિતાના મૃત્યુ બાદ, મોટો ભાઈ કરે તેમ મારા નાના ભાઈ માટે હું પિતા સમાન બન્યો. તે બુદ્ધિશાળી અને તેજસ્વી હતો. તે વખતના યુવાનોમાં તે અતિશય દેખાવડો હતો. પરંતુ તેનામાં એક નબળાઈ હતી. નબળાઈ માખણમાં પડેલા સડા જેવી હતી, વધતી જ ગઈ, વધતી જ ગઈ. ગમે તેટલું કરો પણ કાબૂમાં રહે જ નહીં. મારી જેમ મારી માને પણ નાના ભાઈની નબળાઈ વિષે ખબર હતી. છતાં તે તેને વણસાડતી રહી. નાના ભાઈમાં આવડત એવી હતી કે તેની માગણી નકારવી લગભગ અશક્ય હતી. ભાઈને ઠેકાણે લાવવા મેં ઘણી કોશિશ કરી. આ કારણે મારા પ્રત્યે તેને અણગમો રહેતો.

'છેવટે વાત ખૂબ જ વણસી ગઈ. તેને સુધારવાનો અમારો એક પણ પ્રયાસ સફળ થયો નહીં. તે ન્યૂ યૉર્ક ગયો. ત્યાં તે વધારે બગડ્યો.

શરૂઆતમાં તે મોજીલો લાગતો પણ પછીથી જાતજાતના ગુના કરતો થઈ ગયો. એક-બે વર્ષ પછી તો નામીચા ગુંડા તરીકે પંકાઈ ગયો. જાતજાતનાં કાવતરાંમાં સંડોવાયેલા અને ગુંડાઓના સરદાર જેવા સ્પૅરો મેકૉય સાથે તેનો પરિચય થયો. ગંજીપાનાં પત્તાંથી તેઓ છેતરામણી કરતા અને ન્યૂ યૉર્કની વૈભવશાળી હૉટલોમાં અડ્ડો જમાવતા. મારો ભાઈ પાકો અભિનેતા હતો. જો અભિનયક્ષેત્રે તેણે કામ કર્યું હોત તો તેણે કીર્તિ સંપાદન કરી હોત. તે એક ખિતાબધારી અંગ્રેજી યુવાન બનતો, એકાદ ભલાભોળા છોકરા જેવો કે કૉલેજના વિદ્યાર્થી તરીકેનો પાઠ ભજવતો. આ બધું સ્પૅરો મેકૉયની મરજી મુજબ થતું. એક દિવસ તેણે છોકરીનો વેષ ધારણ કર્યો. છોકરી તરીકે તે ખૂબ સુંદર લાગતો અને ભલભલાને છેતરી શકતો. પછી તો તે વારંવાર છોકરી બનવા લાગ્યો. પોલીસખાતા સાથે સારા સંબંધ હોવાથી કોઈ પ્રકારનો ભય તેઓને રહ્યો નહોતો. જે કંઈ કરવું હોય તે તેઓ નિષ્ફિકર બની કરી શકતા.

'માત્ર જુગાર અને ન્યૂ યૉર્કને જ તેઓ વળગી રહ્યા હોત તો તેઓને રોકવાવાળું કોઈ નહોતું. પરંતુ એમને તો અવનવી યુક્તિ અજમાવવી હતી. એક ચેકમાં તેઓએ બનાવટી નામ લખ્યું. મારા ભાઈએ આ કામ કર્યું હતું. સૌ જાણતા હતા કે આ કૃત્ય તેણે સ્પૅરો મેકૉયના કહેવાથી કર્યું હતું. ખૂબ નાણાં ખર્ચી એ ચેક મેં મેળવી લીધો. હું એડવર્ડ પાસે ગયો. તેની સામે ટેબલ પર બનાવટી ચેક મૂક્યો અને સોગંદપૂર્વક કહ્યું કે જો તે આ દેશ છોડી ચાલ્યો નહીં જાય તો હું તેના પર કેસ માંડીશ. પહેલાં તો તેણે આ વાત મશ્કરીમાં ઉડાવી. તેણે કહ્યું કે માના દિલને ઠેસ લગાડ્યા વિના હું કેસ કરી શકવાનો નથી અને તેથી હું તેમ કરવાનો નથી. જેમ તેમ મેં તેને ગળે એ વાત ઉતારી કે આમેય તો માના દિલને ઠેસ વાગે જ છે. વધારામાં કહ્યું કે હવે મેં દૃઢ નિશ્ચય કર્યો છે કે તેને ન્યૂ યૉર્કની હૉટલોમાં ઘૂમવા દેવા કરતાં રોચૅસ્ટર જેલની હવા ખાતો કરી દઈશ. અંતે તે ઠેકાણે આવ્યો. મારી પાસે સોગંદ ખાધા કે તે હવે સ્પૅરો મેકૉયનો સાથ છોડી દેશે. તે યુરોપ ચાલ્યો જશે અને મારી મદદ વડે કોઈ પણ પ્રામાણિક ધંધામાં લાગી જશે. અમારા પરિવારના એક જૂના હિતેચ્છુ જોન વિલ્સન પાસે તરત જ હું તેને લઈ ગયો. જોન અમેરિકન ઘડિયાળો પરદેશ મોકલાવતો. તેને કહી મારા ભાઈ એડવર્ડને મેં લંડનમાં એજન્સી અપાવી. અમુક પગાર વત્તા ધંધામાં પંદર ટકાનું કમિશન તેને મળે એવું નક્કી કર્યું. એડવર્ડની રીતભાત અને તેનો દેખાવ એવાં હતાં કે પેલો વૃદ્ધ જોન ખૂબ પ્રભાવિત થયો અને નમૂનાનાં ઘડિયાળોની પેટી ભરી તેને લંડન મોકલી આપ્યો.

'મને લાગ્યું કે બનાવટી ચેકના પ્રસંગે મારા ભાઈને ખૂબ બિવડાવ્યો છે. જીવનમાં તે સન્માર્ગે ચઢે એવી તક ઊભી થઈ છે. મારી માએ પણ તેની સાથે વાત કરી. માએ જે કંઈ કહ્યું તેની એડવર્ડ પર સારી અસર થઈ. એડવર્ડને મા પ્રત્યે ખૂબ જ ભાવ હતો. અત્યારે તેણે માને દુઃખી-દુઃખી કરી મૂકી હતી. પરંતુ હું જાણતો હતો કે સ્પૅરો મેકૉયની એડવર્ડ પર ખૂબ જોરદાર પકડ છે. જો એ બંને વચ્ચેનો સંપર્ક તૂટે તો એડવર્ડ સીધી લાઇન પર ચાલે તેમ હતું, ન્યૂ યૉર્કનાં ગુનાશોધન વિભાગમાં મારો એક મિત્ર નોકરી કરતો હતો. તેને મેં

મેકૉય પર નજર રાખવા કહ્યું. મારો ભાઈ ગયો તેના પંદર દિવસ પછી મને સમાચાર મળ્યા કે મેકૉયે 'એટુરિયા' નામની સ્ટીમરમાં બર્થ રિઝર્વ્ડ કરાવી હતી. મને ખાતરી થઈ કે મારા ભાઈને સમજાવી પટાવી પુરાણા ધંધામાં લાવવા માટે જ તે લંડન જાય છે. ત્યાં જઈ મેકૉયની યુક્તિ નિષ્ફળ બનાવવાનું મેં પળભરમાં નક્કી કરી લીધું. મને ખબર હતી કે હું ફાવવાનો નથી, પરંતુ મને અને મારી માને લાગ્યું કે આ કામ મારે કરવું જોઈએ. છેલ્લી રાતે મારી માએ અને મેં મને સફળતા મળે તેવી પ્રાર્થના કરવામાં ગાળી. મારા પિતાએ લગ્નને દિવસે ટેસ્ટામેન્ટની જે પુસ્તિકા માને આપી હતી તે મને આપી અને તેને હંમેશાં મારા હૃદયસરસી રાખવા કહ્યું.

'હું અને મેકૉય એક જ સ્ટીમરમાં પ્રવાસ કરતા હતા. આથી પ્રવાસ દરમિયાન મેકૉય કોઈ રમત રમી શકશે નહીં તેનો મને માત્ર સંતોષ હતો. પહેલી જ રાત્રે હું ધૂમ્રપાન-ખંડમાં ગયો ને જોયું તો પાનાં રમવાનાં ટેબલની મુખ્ય ખુરશી પર મેકૉય બેઠો હતો અને યુરોપ જઈ રહેલા અર્ધોએક ડઝન યુવાનો તેની આસપાસ ફરી વળ્યા હતા. યુવાનો પાસે નાણાં ભરેલી કોથળી અને બુદ્ધિ વિનાનું ખાલી મગજ હતું. મેકૉય અતિ કીમતી ફસલ લણવા તૈયાર થયો હતો. પણ એ બધાં પર મેં તરત જ પાણી ફેરવી દીધું.

'સજ્જનો,' મેં કહ્યું, 'તમે કેવા માણસ સાથે રમી રહ્યા છો તે જાણો છો ?'

'તેમાં તમને શું ? તમે તમારું કામ કરો.' મેકૉયે ગુસ્સે થઈને કહ્યું.

'કોણ છે આ ભાઈ ?' એક છેલછબીલાએ પૂછ્યું.

'તે છે સ્પૅરો મેકૉય- આખા અમેરિકામાં પાનાંની રમતમાં છેતરપિંડી કરવામાં સૌથી વધારે નામચીન.'

'હાથમાં બાટલી લઈ કૂદકો મારી મેકૉય ઊભો થયો પણ વળી એને યાદ આવ્યું હશે કે અત્યારે તે એક એવી સ્ટીમરમાં મુસાફરી કરી રહ્યો છે કે જ્યાં કાયદો અને વ્યવસ્થા બરોબર જળવાય છે. જો તે ધાંધલધમાલ કે ખૂન કરશે તો કેદખાનું તેની રાહ જોઈ રહ્યું હશે. ત્યાં મધદરિયે છટકી જવાનો કોઈ ઉપાય નહોતો.'

'તારું કહેવું તું સાબિત કર તો, તું....' તે ગર્જ્યો.

'સાબિત કરી આપું.' મેં કહ્યું, 'તારા ખમીશની જમણા હાથની બાંય ખભા સુધી ઊંચી કર તો. હું સાચો છું તે સાબિત થશે અગર મારું બોલેલું હું પાછું ગળીશ.'

'તે ફિક્કો પડી ગયો. એક શબ્દ બોલી શક્યો નહીં. આવા લોકોની કરામતની મને થોડીઘણી ખબર હતી. આવા ધુતારા જે યુક્તિ વાપરે છે તે વિષે હું જાણતો હતો. હાથથી કાંડા સુધી તેઓ એક ઇલેસ્ટિક પટ્ટી રાખે છે. તેની ચાંપની મદદથી હાથમાં રાખેલાં પાનાંમાંથી જે તેમને ન જોતાં હોય તેને ઉપર સરકાવી.દે છે અને બીજી જગ્યાએથી બીજાં પાનાં ઉમેરે છે. મને લાગ્યું કે તેણે આવી યુક્તિ વાપરી હશે. અને એમ જ હતું. તે જેમતેમ ભાંડવા લાગ્યો અને રૂમમાંથી જે ભાગ્યો તે બાકીની મુસાફરીમાં ભાગ્યે જ નજરે પડ્યો ! એક વધુ વખત હું શ્રીમાન મેકૉયને હંફાવી શક્યો.'

'પરંતુ તરત જ આ બાબતનું મારા ઉપર વેર તેણે વાળ્યું. જેટલી વખત મારા ભાઈને સમજાવવા મેં પ્રયત્ન કર્યો તેટલી વખત મારા કરતાં તેનું પલ્લું ભારે રહ્યું. શરૂઆતનાં થોડાં અઠવાડિયાં એડવર્ડ લંડનમાં ડાહ્યોડમરો થઈને રહ્યો. અમેરિકન ઘડિયાળોનો થોડો વેપાર પણ કર્યો. પણ પેલો દુષ્ટ તેના માર્ગ વચ્ચે પુનઃ આવી ઊભો. મેં મારાથી બનતું કર્યું પણ બધું નકામું ઠર્યું. પછી સાંભળવા મળ્યું કે નોર્ધરબરલૅન્ડ હૉટલમાં એક કાવતરું થયું હતું જ્યાં પત્તાંના બે ઠગારાઓએ એક મુસાફર પાસેથી મબલખ નાણું પડાવ્યું. કેસ સ્કૉટલૅન્ડયાર્ડને સોંપાયો. સાંજના એક અખબારમાં આ મેં પહેલી વખત વાંચ્યું. મને ખાતરી થઈ કે મારો ભાઈ અને મેકૉય જ આ છેતરપિંડીમાં સંડોવાયા હોવા જોઈએ. હું ઉતાવળે એડવર્ડની લૉજમાં ગયો. મને જાણવા મળ્યું કે એક લાંબા માણસ સાથે તે બધો સામાન લઈ લૉજમાંથી ચાલ્યો ગયો છે. લાંબો માણસ મેકૉય જ હોવો જોઈએ. તે લોકો મોટરકારવાળાને યુસ્ટન સ્ટેશને જવા કહેતા હતા. લૉજની માલકણ આ વાત સાંભળી ગઈ હતી. વધુમાં લાંબો માણસ માન્ચૅસ્ટર વિષે પણ કશુંક કહેતો હતો તે પણ પેલી બાઈએ સાંભળ્યું હતું. બાઈને થયું કે બંને આખરે ત્યાં જવા માગતા હશે.

'રેલવે ટાઈમટેબલ પર નજર કરી તો જાણવા મળ્યું કે પાંચ વાગ્યાની ટ્રેન અનુકૂળ આવે તેવી હતી. એમ તો એક ટ્રેન ૪:૩૫ વાગ્યે ઊપડતી હતી. આ લોકો કદાચ તે ટ્રેનમાં ગયા હોય. હું પાંચ વાગ્યાની ટ્રેનમાં પહોંચી શકું તેમ હતું. પરંતુ સ્ટેશન પર કે ટ્રેનમાં તે લોકોનો પત્તો લાગ્યો નહીં. તે લોકો વહેલી ટ્રેનમાં ચાલ્યા ગયા હશે. આથી માન્ચેસ્ટર જઈ હૉટલોમાંથી તેમને શોધી કાઢવાનું મેં નક્કી કર્યું. મારા ભાઈનું મા પ્રત્યે જે ઋણ હતું તેની છેલ્લી વખત યાદ આપી તેનો ઉદ્ધાર થાય તે માટે મારે પ્રયાસ કરવાનો હતો. મારું મન તંગ થઈ ગયું. મનને ઠેકાણે લાવવા મેં સિગાર પેટાવી. જ્યારે ટ્રેન ઊપડવાની તૈયારીમાં હતી તે જ ક્ષણે મારા ડબ્બાનું બારણું ખૂલ્યું અને પ્લૅટફૉર્મ પર મેકૉય અને મારા ભાઈને ઊભેલા જોયા.

'બંનેએ વેશપલટો કર્યો હતો. આમ કરવાનું કારણ પણ હતું કેમ કે તેઓ જાણતા હતા કે લંડન-પોલીસ તેઓની ખોજમાં છે. મેકૉયે કોટનો મોટો કૉલર એટલો ઊંચો રાખ્યો હતો કે જેથી તેનાં આંખો અને નાક જ જોઈ શકાતાં હતાં. મારા ભાઈએ સ્ત્રીનો વેષ પહેર્યો હતો. ચહેરાના અર્ધા ભાગ પર કાળો બુરખો હતો. ક્ષણભર પણ હું આ વેષથી ભુલાવામાં ન પડ્યો. તેણે અગાઉ આવો વેષ પહેર્યો હતો એવી ખબર મને ન હોત તો પણ હું છેતરાયો ન હોત. તેઓને અહીં જોઈ હું ચોંક્યો. મેકૉય પણ મને ઓળખી ગયો. તેણે ગાર્ડને કશુંક કહ્યું. ગાર્ડે ડબ્બાનું બારણું બંધ કર્યું અને બંનેને બાજુના ડબ્બામાં બેસાડ્યા. તેમનો પીછો કરવા માટે ટ્રેન ઊભી રાખવા મેં કોશિશ કરી પણ ગાડી ચાલુ થઈ હતી અને હું મોડો પડ્યો.

'અમે જ્યારે વિલેસ્ડન થોભ્યા ત્યારે મેં તરત જ મારો ડબ્બો બદલાવી નાખ્યો. લાગે છે કે તેમ કરતાં કોઈએ મને જોયો નહોતો. આખું પ્લૅટફૉર્મ માણસોથી ભરપૂર હતું એટલે કોઈની નજર ન પડે

એમાં નવાઈ નહોતી. મેકૉય, અલબત્ત, મારી રાહ જોતો હતો. યુસ્ટન અને વિલેસ્ડન વચ્ચેના પ્રવાસ દરમિયાન મારા ભાઈને તેણે બરોબર ચઢાવી રાખ્યો જેથી તે મને નમતું ન જોખે. હું ધારું છું કે એમ બન્યું હોવું જોઈએ કેમ કે એડવર્ડને આટલો જક્કી કે નાસમજ અત્યાર સુધીમાં મેં ક્યારેય જોયો નહોતો. મેં જાતજાતના પ્રયત્ન કર્યા; થોડા જ સમયમાં તે ઇન્ગ્લન્ડની જેલમાં હશે તે કહ્યું; માને ખબર પડશે ત્યારે તેને કેટલું દુઃખ થશે તેની વાત કરી; તેના મન પર અસર કરે તેવું ઘણું કહ્યું પણ કશું વળ્યું નહીં. રૂપાળા ચહેરા પર તિરસ્કારના ભાવ સાથે તે બેસી જ રહ્યો. વચ્ચે વચ્ચે મેકૉય મારી હાંસી ઉડાવતો રહ્યો, અને જે કામ હાથમાં લીધું છે તે પૂરું કરવા મારા ભાઈને ચઢાવતો રહ્યો.

'મેકૉયે મને કહ્યું, 'રવિવારે ધર્મનો ઉપદેશ આપવાનું કામ તું કેમ નથી કરતો ?' વળી એડવર્ડને કહ્યું, 'તારો ભાઈ એમ માને છે કે તારામાં બુદ્ધિ જ નથી. તું હજુ કીકલો જ છે. મરજી પડે ત્યાં તે તને ખેંચી જઈ શકશે એમ તેને લાગે છે. તે જાણવા માગે છે કે તું મરદ છો કે કેમ ?'

'આ શબ્દો સાંભળી મેં ગુસ્સે થઈ બોલવા માંડ્યું. અમે વિલેસ્ડન સ્ટેશનેથી ઊપડ્યા હતા. મારી ધીરજની હદ આવી. જીવનમાં પહેલી વાર મારા ભાઈને મેં મારું કઠોર સ્વરૂપ બતાવ્યું. મને લાગ્યું કે પહેલેથી જ મેં આમ કર્યું હોત તો સારું હતું.

'એડવર્ડને સંબોધીને હું બોલ્યો, ' મરદ ! સારું થયું કે તારા સાથીએ આ શબ્દનો ઉચ્ચાર કર્યો. નિશાળમાં ભણતી છોકરી જેવો તું લાગીશ તે કોઈને નહીં ગમે. સ્ત્રીનો વેષ પહેરી તું અહીં બેઠો છે તે દૃશ્ય અતિ વરવું લાગે છે.' આ સાંભળીને એડવર્ડ ભોંઠો પડ્યો અને હાંસીપાત્ર બન્યો તેથી થરથરવા લાગ્યો.

'આ તો નામનો વેષ છે.' એમ કહી તેણે સ્ત્રીનો વેષ ખેંચી કાઢ્યો, 'સૌએ પોતાની આવડત મુજબ કરી છૂટવું જોઈએ. મારી પાસે આ સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો.' સ્ત્રીનો બધો વેષ ઉતારી તેણે બ્રાઉન બૅગમાં મૂક્યો. 'આમેય ટિકિટ-કંડક્ટર ન આવે તો આ વેષ પહેરી રાખવો જરૂરી નથી.' તેણે કહ્યું.

'એ આવે તો પણ તારે પહેરવાનો નથી.' એમ કહી બૅગ ઉપાડી મેં જોરથી બારી બહાર ફેંકી દીધી. 'હવેથી ક્યારેય તારે સ્ત્રીનો વેષ પહેરવાનો નથી. તેમ કરવાથી તારે જેલ જવું પડે તો તે પણ બહેતર છે.'

'એડવર્ડને એ જ રીતે કાબૂમાં રાખી શકાય તેમ હતું. હું ફાવતો હોઉં એમ લાગ્યું. તેનો ચંચળ સ્વભાવ કડકાઈ પાસે સહેલાઈથી નમી પડે તેવો હતો. શરમથી તે લાલલાલ થઈ ગયો. આંખોમાં આંસુ આવ્યાં. મેકૉયને ય લાગ્યું કે હું ફાવું છું. એમ ન બને તે માટે તે કૃતનિશ્ચયી બન્યો.'

'એ મારા કબ્જામાં છે. તું તેને લઈ જઈ શકવાનો નથી.' તે ગર્જી ઊઠ્યો.

'એ મારો ભાઈ છે. તું એનું જીવન વણસાડી શકવાનો નથી.' મેં કહ્યું, 'મને લાગે છે કે તમને બંનેને અલગ પાડવા માટે કેદખાનું ઉત્તમ ઈલાજ છે. તારે જેલભેગા થવું જ પડશે. પછી મને દોષ ન દેતો.'

'તું બૂમો પાડીશ, એમ ને ?' તેણે બરાડો પાડ્યો અને ક્ષણ-માત્રમાં તેની રિવૉલ્વર તેણે બહાર કાઢી. તેનો હાથ પકડવા હું કૂદ્યો પણ મોડો પડ્યો છું તેમ લાગતાં બાજુમાં ખસી ગયો. તે જ પળે તેણે ગોળી છોડી. ગોળી મને શિકાર બનાવવાની હતી, પરંતુ તેમ થવાને બદલે મારા કમભાગી ભાઈના હૃદયની આરપાર નીકળી ગઈ.

'ઊંહકારો પણ કર્યા વિના તે નીચે પડ્યો. મેકૉય અને હું ખૂબ જ ગભરાઈ ગયા. એડવર્ડ પાસે બેસી તેને જીવતો રાખવા અમે બંને પ્રયત્ન કરવા લાગ્યા. મેકૉયે ભરેલી રિવૉલ્વર હજુ તેના હાથમાં પકડી હતી. આ કરુણ બનાવ બન્યો તેથી મારા પ્રત્યેનો તેનો ક્રોધ અને મારો તેની તરફનો રોષ ગાયબ થઈ ગયા. પરિસ્થિતિનો સાચો ખયાલ સૌપ્રથમ તેને આવ્યો. એ પળે ટ્રેન કોઈ કારણસર ખૂબ જ ધીમી ગતિએ જતી હતી. તેને એમાં નાસી છૂટવાની તક દેખાઈ. તેણે બારણું ખોલ્યું. હું પણ તૈયાર હતો. તેની સાથે જ ડબ્બાની બહાર હું કૂદ્યો. એકબીજાને વળગી બંને નીચે જમીન પર પડ્યા. પડતી વખતે મારું માથું એક મોટા પથ્થર સાથે ટકરાયું. પછી શું થયું તેનું મને ભાન ન રહ્યું. ભાનમાં આવ્યો ત્યારે જોયું કે હું ઝાડી વચ્ચે પડ્યો હતો. રેલવે લાઇન બહુ દૂર ન હતી. કોઇક મારો ઘા ભીના રૂમાલથી ધોઈ રહ્યું હતું. તે હતો સ્પૅરો મેકૉય.

'મને લાગ્યું કે તમને છોડીને મારાથી જવાય નહીં.' તેણે કહ્યું, 'એક જ દિવસમાં તમારા બે જણાના લોહીથી મારે મારા હાથ ખરડવા નહોતા. તમારા ભાઈ પર તમને ખૂબ જ ભાવ હતો તે શંકાથી પર છે. તો પણ હું કહીશ કે તેના પર જેટલો સ્નેહ મને હતો તેનાથી રતીભાર પણ વધુ સ્નેહ તમારો નહોતો. પ્રેમભાવ બતાવવા મેં ખોટો માર્ગ પકડ્યો એમ તમને લાગે. પરંતુ, ગમે તેમ, તેના ચાલ્યા ગયા પછી જગત મને તદ્દન ખાલી ભાસે છે. આ કારણે મને પોલીસને હવાલે કરો કે ન કરો તેની મને લગરીકેય પડી નથી.'

'ડબ્બામાંથી તે જ્યારે બહાર કૂદ્યો ત્યારે તેનો ઘૂંટણ મચકોડાયો હતો. અમે ત્યાં જ બેઠા રહ્યાં - તે પોતાના લંગડા પગને સંવારતો અને હું મારા માથામાંથી નીકળતા સણકા સહન કરતો. અમે એટલી વાતો કરી કે પરિણામે તેના પ્રત્યેની મારી કડવાશ ઘણી ઓછી થઈ ગઈ અને સહાનુભૂતિ પેદા થઈ. મારા ભાઈના મૃત્યુથી જેને મારા જેટલું જ દુઃખ થયું હતું તેની સાથે વેર રાખવાનો હવે શો અર્થ ? મારું મન ધીમેધીમે સ્વસ્થ થતું ગયું. મને લાગ્યું કે મેકૉયને સજા થાય તે ખાતર હું જે કાંઈ કરીશ તેના અવળા પ્રત્યાઘાત મારી મા પર અને મારા પર પડવાના. મારા ભાઈનાં પરાક્રમો જાહેર કર્યા વિના અમે શી રીતે મેકૉયને ઠેકાણે લાવી શકવાના હતા ! ભાઈની આબરૂ સાચવવાની અમારી તીવ્ર ઈચ્છા હતી. આખા પ્રસંગને ઢાંકવામાં સરવાળે અમને તેમજ મેકૉયને લાભ હતો. અત્યારે અમે જ્યાં બેઠા હતા તે સ્થળ પક્ષીઓ માટેનાં ઠેકઠેકાણે ઊભાં કરાયેલાં અભયારણ્યો માંહેનું એક હતું. અમે ત્યાંથી ચાલતા થયા. ચાલતાં ચાલતાં મેં અનુભવ્યું કે મારા ભાઈના આ પ્રસંગને કેમ દાબી દેવો તે વિષે હું સામે ચાલીને ખૂનીની સલાહ માગી રહ્યો હતો.

'મેકૉયે મને જે વાત કરી તે પરથી મને તરત જ સમજાયું કે

અમુક કાગળો એડવર્ડ પાસે ન હોય અને તે પોલીસને હાથ ન આવે તો તેના શબને પોલીસ ન તો કોઈ રીતે ઓળખી શકે કે ન તો એ જગ્યાએ શી રીતે આવ્યો તેનો પત્તો મેળવી શકે. આ કાગળો ક્યાં છે તેની માહિતી અમને ન હતી પરંતુ; એડવર્ડના ગજવામાં તે નહોતા તેની અમને ખાતરી હતી. તેની ટિકિટ મેકૉય પાસે હતી. લંડનમાંથી તૈયાર કપડાં ખરીદવાં સસ્તાં પડતાં હોવાથી મોટા ભાગના અમેરિકનો કરે છે તેમ તેણે પોતાનાં કપડાં લંડનથી ખરીદ્યાં હતાં. કપડાં તદ્દન નવાં હતાં અને તેના પર બનાવનારનું લેબલ નહોતું. જે બૅગમાં તેણે પહેરેલાં સ્ત્રીનાં કપડાં હતાં તે મેં ટ્રેનની બારીમાંથી બહાર ફેંકી દીધી હતી. હજુ કદાચ ત્યાં જ પડી હશે અથવા કોઈ રખડુને હાથ પડી હશે. કદાચ પોલીસના હાથમાં પણ આવી હોય અને એ વાત જાહેર ન કરવાનું એ લોકોએ નક્કી કર્યું હોય. ગમે તેમ લંડનનાં અખબારોમાં આ વિષે કશું છપાયેલું મેં જોયું નહીં.

'પોલીસ ખોટે માર્ગે ચઢી હોય તો તેમાં તેનો વાંક નથી. આ સિવાય બીજો કયો વિચાર આવે તે મને પણ સૂઝતું નથી. હા, એક મામૂલી પગેરું છે ખરું, તેને આધારે તેઓ કદાચ આગળ વધી શક્યા હોત. પણ તે પગેરું અતિ સાધારણ છે. મારો ઈશારો મારા ભાઈના ગજવામાંથી મળેલા નાના ગોળ અરીસા તરફ છે. યુવાન છોકરો સામાન્ય રીતે આવો અરીસો પોતાની સાથે ન રાખે. પણ પત્તાંની રમતમાં છેતરપિંડી કરનારાઓને અરીસો કેવો ઉપયોગી હોય છે તે રહસ્ય કોઈ જુગારી જ સમજાવી શકે. જુગારના ટેબલથી તમે થોડા દૂર બેસો, છત્તો અરીસો તમારા ખોળામાં રાખો અને પછી પાનાં વહેંચો તે સામાવાળાને જે પત્તાં જાય તે એકએક તમે અરીસામાં જોઈ શકો. જે રીતે સ્પૅરો મેકૉય પોતાના હાથ પર ઈલેસ્ટિક રાખ્યું હતું તે જ રીતે પત્તાંની છેતરપિંડી કરનારાઓ માટે અરીસો પણ જરૂરી સાધન છે. તાજેતરમાં હૉટલોમાં પાનાં વિષે જે ગુના બનતા તેના સંબંધમાં તપાસ કરી આખા કાવતરાના એક છેડાને પોલીસ જાણી શકી હોત.

'લાગે છે કે હવે વધુ ખુલાસો કરવાપણું રહેતું નથી. તે રાત્રે અમે ઍમરશૉમ નામના એક ગામડે પહોંચ્યા. દેખાવ એવો કર્યો કે અમે બે ગૃહસ્થો પગપાળા પ્રવાસે નીકળ્યા છીએ. ત્યાંથી અમે લંડન પહોંચ્યા. મેકૉય લંડનથી કેરો ગયો અને હું ન્યૂ યૉર્ક ગયો. છ મહિના પછી મારી મા અવસાન પામી. મને સંતોષ છે કે શું બન્યું હતું તેની આખરઘડી સુધી તેને જાણ નહોતી. તે એવા ભ્રમમાં હતી કે એડવર્ડ લંડનમાં સ્થિર થયો છે અને પ્રામાણિકપણે રોટલો રળે છે. સાચી હકીકત તેને કહેવાની મારામાં હિંમત નહોતી. એડવર્ડ ક્યારેય પત્ર લખતો નહીં. માની જીભ પર છેલ્લી ઘડીએ એડવર્ડનું નામ હતું.

'મારે એક જ ચીજ આપની પાસેથી માગવી છે. તે મને આપશો તો મેં કરેલા આ ખુલાસાનો બદલો મને મળી ગયો છે એમ હું માનીશ. ટ્રેન પાસેથી ટેસ્ટામેન્ટની પુસ્તિકા મળી આવી હતી તે આપને યાદ હશે. તે પુસ્તિકા હું હંમેશાં મારા કોટના અંદરના ખિસ્સામાં રાખતો. ટ્રેનમાંથી નીચે કૂદ્યો ત્યારે તે નીચે પડી ગઈ હશે. મારા જન્મ વખતે અમારા પિતાએ તેના પર અમારાં નામ લખ્યાં છે તેથી મારે મન તેનું મૂલ્ય ઘણું છે. એ પુસ્તિકા આપ મને મોકલો એવી મારી વિનંતી છે. બીજા કોઈને એની અગત્ય સમજાવાની નથી. જો આપ 'ક્ષ',બારસોનૉઝ લાયબ્રેરી,બ્રૉડવે, ન્યૂયૉર્ક એ સરનામે પુસ્તિકા મોકલશો તો મને ચોક્કસપણે મળી જશે. ❐

અનુસંધાન] વિનોદચંદ્ર શાહ [પૃ. ૪૪૯ થી

આપવાનું મોટું કાર્ય આ સંસ્થાએ કર્યું છે. ૧૯૯૧ના દુષ્કાળમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતાં રાહત- કેન્દ્રોમાં મદદ પહોંચાડી છે. અગ્રિમ ચિત્રકારોની ચિત્રકૃતિઓનું ભવ્ય પ્રદર્શન યોજ્યું હતું. નવોદિત લેખકોનાં પુસ્તકોનું વિમોચન અને સમારંભો યોજીને સાહિત્યસેવાક્ષેત્રે અજોડ ફાળો આપ્યો છે. આવા ઉમદા કાર્યો દ્વારા વિશ્વગુર્જરી સંસ્થા આજે પણ અદ્વિતીય કાર્ય કરી રહી છે. શ્રી વિનોદચંદ્રભાઈએ 'વિશ્વગુર્જરી'ના પ્રમુખ તરીકે ૨૬ વર્ષની અજોડ સેવાઓ આપેલી છે.



દિનેશભાઈ શાહ

વિનોદચંદ્રભાઈનું એક વડીલ નાગરિક તરીકે ઉમંગ' સંસ્થા દ્વારા ૧૯૯૨ની ૩૦મી એપ્રિલે જાહેર સન્માન થયેલું. ઉપરાંત 'વિશ્વગુર્જરી મિલેનિયમ ઍવૉર્ડ' તા. ૨૩ ડિસેમ્બર ૨૦૦૦ના રોજ અર્પણ કરાયો હતો.



શ્રી વિનોદચંદ્રભાઈની ૮૯ વર્ષની ઉંમરના પ્રમાણમાં તેમની તંદુરસ્તી ઘણી સારી હતી. ઘણાં તેનું રહસ્ય જાણવાની ઈચ્છા વ્યક્ત કરતા તો તેને તેઓ જણાવતા:' મારી પ્રકૃતિ અને રમૂજવૃત્તિ તથા મારી જીવનશૈલી.' વળી તેઓ કહેતા:'વીતેલી સદી એક યુગ સમી હતી, જેમાં યુગવર્તી બનાવોનો હું સાક્ષી; એક અભૂતપૂર્વ સત્તાપલટાનો હું સાક્ષી; એક અદના સૈનિક તરીકે આઝાદીની લડતોમાં ભાગ લઈ, દીર્ઘ જેલજીવન ભોગવવાના અનુભવ સાથે સ્વરાજનું સ્વપ્ન સાકાર થતું જોવાનો સાક્ષી. હું મારા જીવનને યુગપથિક ગણું છું અને મારી જીવનયાત્રા એ યુગપથિકની જીવનયાત્રા છે.' છેલ્લા દિવસોમાં વિનોદચંદ્રભાઈ ભજનની કૅસેટો સાંભળતા અને ભક્તિરસનો આનંદ માણતા. વીસમી સદીના યુગપથિક વિનોદચંદ્રભાઈ શાહે એકવીસમી સદીની શરૂઆતમાં તા. ૧૬મી માર્ચ ૨૦૦૧ની વહેલી પરોઢે ૮૯ વર્ષની વયે વીસમી સદીની અંતિમ વિદાય લીધી. ('યુગપથિકની જીવનયાત્રા'ને આધારે) ❐


વિષાણુઓ

ડૉ. જે.પી.ત્રિવેદી

[હમણાંથી વાઇરલ ઇન્ફેક્શન જેવો શબ્દ પ્રચલિત બન્યો છે. સાર્સ (SARS) ના રોગથી વિષાણુ-રોગનું નામ વધુ જાણીતું થયું છે. તાવ આવ્યા બાદ હોઠના ખૂણે થતી ફોલ્લીઓ જેને તળપદી ભાષામાં 'બરો મૂતરી ગયો' કહે છે તે પણ વાઇરસથી થાય છે. વિષાણુઓ વિષે આથી વૈજ્ઞાનિક સમજ જરૂરી બની છે.]

વિષાણુઓ (viruses) પોતાનાં પોષકદ્રવ્યો તથા ઊર્જા મેળવવા માટે અન્ય જીવ-રૂપો ઉપર સંપૂર્ણપણે આધાર રાખતા પરોપજીવીઓ છે. આ એવો જીવ-પ્રકાર છે જે પ્રાથમિક જનીનીય માહિતી ધરાવે છે, કોઈ વાર સંરક્ષી આવરણ ધરાવે છે છતાં ઊર્જા ઉત્પન્ન કરવા માટે કે બહુલક અણુઓનું ગુણન (સંવર્ધન) કરવા માટે તેની પોતાની મશીનરિ ધરાવતો નથી. આમ, પોતાની જનીનીય માહિતી ધરાવતા હોવા છતાં તેઓ જીવંત કોષો નથી. આ કારણે તેમને ઉપકોષિય જીવ-રૂપ પણ કહે છે. સંવર્ધન (ગુણન) માટે આ જનીન-જીવો અન્ય જીવોના કોષમાં પ્રવેશીને યજમાન (આશ્રયદાતા) કોષોની સગવડનો ઉપયોગ કરે છે. આ રીતે વિષાણુઓ સજીવ છે કે નિર્જીવ તેવા પ્રશ્નના ઉત્તરમાં એમ કહી શકાય કે તેઓ આ બંને વચ્ચેની સીમારેખા ઉપર રહેલા છે એટલે કે તેઓ નિલમ્બિત-પ્રાણસંચારણ (suspended animation) સ્થિતિમાં રહેલા કણો છે, જે સાચા જીવંત કોષોને પોતાની નજીક આવવાની રાહ જોઈ રહેલા છે કે જેથી તેમને ચેપ લગાડીને પોતાનું ગુણન કરી શકે. ઊર્જા તથા પોષકદ્રવ્યો માટે યજમાન કોષની આવશ્યક્તા હોવાને કારણે વિજ્ઞાનીઓ તેમને સજીવ ગણતા નથી. વિષાણુ શા માટે જીવંત-કોષ ન કહેવાય તે સમજવા માટે આપણે જીવંત-કોષની વ્યાખ્યા પણ સમજી લેવી જોઈએ. જીવંતકોષ (૧) ડી.એન.એ.ના સ્વરૂપમાં જનીનીય માહિતી ધરાવે છે, (૨) જનીનીય સંદેશવાહક તરીકે આર.એન.એ.નો ઉપયોગ કરે છે, (૩) તેનું પોતાનું પ્રોટીન બનાવવા સક્ષમ હોય છે, (૪) પોતાની ઊર્જા ઉત્પન્ન કરી શકે છે તથા (૫) પટલ અથવા આવરણથી વીંટળાયેલા હોય છે. આ રીતે સાચા અર્થમાં જીવંત કોષ બનવા માટે તેના જનીનો (DNA)માંથી પોતાના રાઈબોસોમને જનીનીય સંદેશા (m-RNA) મોકલીને ઉત્પન્ન કરાએલી ઊર્જા દ્વારા પોતાનાં પ્રોટીન્સ બનાવી શકે. વિષાણુને ઉપર દર્શાવેલ (૩) તથા (૪) લાગું પડતાં નથી. કેટલાક વિષાણુઓનું સાચું પટલ (membrane) હોય છે, પરંતુ ઘણા સાદા વિષાણુઓને માત્ર પ્રોટીનનું જ પટલ હોય છે. આ રીતે વિષાણુ એક પરિસ્થિતિમાં નિષ્ક્રિય વિષાણુ-કણ વિરીઓન સ્વરૂપે યજમાન-કોષની બહાર પણ ટકી શકે તથા બીજી પરિસ્થિતિમાં ક્રિયાશીલ અંતરાકોષીય સ્થિતિમાં હોઈ શકે. આ બે પ્રત્યાવર્તી સ્થિતિ વચ્ચે વિષાણુ રહે છે.

વિષાણુ અતિશય નાનાં (20-300nm; 1nm=10m) હોવાથી ઇલેક્ટ્રોન-માઇક્રોસ્કોપથી જ જોઈ શકાય છે. કેટલાક વિષાણુઓ જીવાણુઓને ચેપ લગાડીને રોગિષ્ઠ બનાવી શકે છે. જીવાણુને ચેપ લગાડતા કોઈ પણ વિષાણુને જીવાણુ-ભક્ષી અથવા ફાગ કહે છે. જીવાણુભક્ષીઓને તેમનાં સંજનીન ડીએનએ કે આરએનએનાં બનેલાં હોય છે. (૨૩ રંગસૂત્રોના એક સેટના કુલ જનીનોની સંખ્યાને સંજનીન Genome કહે છે. તેઓ 2.5 થી 150 kb (કિલો-બેઇઝ)નાં હોય છે. જનીનીય માહિતી ધરાવતા ન્યૂક્લિઇક એસિડ(DNA/RNA)ને કેટલીક વાર વિષાણુમય-સંજનીન (viral genome) કહે છે. નીચે એક લાક્ષણિક વિષાણુનું જીવનચક્ર દર્શાવ્યું છે.




વિષાણુઓના બંધારણમાં ઘણી વિભિન્નતા હોય છે. કેટલાકને ડીએનએ સંજનીન તથા કેટલાકને આરએનએ સંજનીન હોય છે. આ ઉપરાંત તેમનાં ન્યૂક્લિઇક ઍસિડ એક તંતુવાળા સર્પિલ (ss) અથવા દ્વિ-તંતુવાળા સર્પિલ સ્વરૂપમાં તેમજ આકારમાં રેખીય અથવા વર્તુળાકાર હોય છે. એના વિષાણુઓ પર જાણીતાં છે જે પ્રાણી-કોષો, વનસ્પતિકોષો અથવા જીવાણુ-કોષો ઉપર આક્રમણ કરી શકે છે. આમ, વિષાણુઓના આક્રમણથી કોઈ બચી શકતું નથી.


જીવાણુઓ પણ એકબીજાને મારી નાખી શકે છે. આ બે રીતે થાય છે. પ્રસંગોપાત્ત સામાન્ય કરતાં નાના કદના જીવાણુઓ મોટા કદના જીવાણુઓને ચેપ લગાડે છે જેથી જીવાણ્વિય જીવાણુ-

રોગ થાય. પરંતુ મોટા ભાગે જીવાણુઓ કોઈ રાસાયણિક યુદ્ધ દ્વારા જ આમ કરે છે. એક જ રહેઠાણમાં રહેલા કેટલાક જીવાણુઓ અન્ય જીવાણુઓને મારવા માટે કોઈ વિષાણુ (toxic) રસાયણ સ્રવે છે.

જીવાણ્વિય વિષાણુ માનવીને ચેપ લગાડતા નથી, માત્ર જીવાણુને જ ચેપ લગાડી શકે. સામાન્ય રીતે જીવાણુ કે વિષાણુ દ્વારા થતો કોઈ ચોક્કસ રોગ તેના નજીકના સંબંધિત જીવસમૂહોને જ ચેપ લગાડી શકે. વિષાણુઓનાં જુદા જુદા આકાર પ્રકારો દર્શાવ્યા છે. (જુઓ નીચે આકૃતિ)



વિષાણુકણમાંના વિષાણુ-જનીનો ધરાવતા ન્યૂક્લિઈક ઍસિડ(DNA/RNA) ને પૂરેપૂરી રીતે આવરી લેતા કવચને કૅપ્સિડ કહે છે. ઘણાખરા સાદા વિષાણુઓને માત્ર આ બે જ ઘટકો (કવચ તથા DNA/RNA) હોય છે. (જુઓ નીચે આકૃતિ)



માનવીય વિષાણુ રોગો(Human viral diseases): ગાલપચોળું, ઓરી, અછબડા વગેરે બાળપણના રોગો વિષાણુ દ્વારા થાય છે. સામાન્ય શરદી તથા ફ્લુ પણ વિષાણુ દ્વારા થાય છે. વિષાણુઓ દ્વારા થતા ખૂબ જોખમી રોગોમાં બાળલકવા, બળિયા, હડકવા, પરિસર્પ, યકૃતશોથ, પીતજ્વર, ઈબોલા(આફ્રિકામાં ૧૯૮૦માં પ્રથમ દેખાયો) તથા એઈડ્ઝને ગણાવી શકાય.

જે વિષાણુઓમાં ન્યૂક્લિઈક ઍસિડ સંજનીન ડીએનએ હોય તે મોટે ભાગે દ્વિરેખીય સર્પિલ સ્વરૂપ ધરાવે છે.

Simian Viruses 40 (sv 40) નાનો, ગોલાકાકૃતિ હોય છે, જે તેમનામાંના જે **DNA**ને યજમાન વાનરના રંગસૂત્રો દાખલ કરીને કૅન્સર નીપજાવે છે. (પરિસર્પ) ગોલકાકૃતિ, યજમાનકોષના કોષકેન્દ્રપટલમાંથી મેળવેલું વધારાનું આવરણ ધરાવે છે.

Pox Viruses ખૂબ સંકીર્ણ પ્રકારના પ્રાણી વિષાણુ છે, જે કદમાં મોટા હોઈ સંયુક્ત સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ શકાય છે. ગાયમાં થતો **Cowpox** રોગ માટે **vaccinia** નામે જાણીતો આ વિષાણુ જવાબદાર છે.

Picorna viruses નાનાં, ગોલકાકૃતિ, એક રેખીય સર્પિલ **RNA** વિષાણુ છે.તેઓ પોલિયો, સામાન્ય શરદી, હિપેટાઈટીસ **A** (કમળો) તથા જનાવરોમાં થતા પગ અને મોંના કેટલાક રોગો(દા.ત. **mad-cow-disease**) ઉત્પન્ન કરે છે. આ વિષાણુઓને ધન-રેખીય **(+ ve stranded) RNA** વિષાણુ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

ઈન્ફ્લુએન્ઝા વિષાણુ**(orthomyxo virus)**ને ફ્લુના વિષાણુને તથા ઈબોલા વિષાણુને ઋણરેખીય **(- ve stranded) RNA** વિષાણુ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

વિષાણુઓમાં રહેલાં જનીનોની સંખ્યા પણ જુદી જુદી હોય છે. સૌથી નાના વિષાણુઓમાં માત્ર ૩ જનીનો હોય છે. રાઉઝ સાર્કોમા નામક વિષાણુમાં **4(ss RNA)**; ટૉબેકો મોઝેઈક વિષાણુમાં **6(ss RNA)**;પોલિયો વિષાણુ **(ss RNA)** માં ૮ જનીનો, ઈન્ફ્લુએન્ઝા વિષાણુ **(ss RNA)**માં ૧૨; એડિનોવાયરસ (બાળકમાં શ્વસનતંત્રમાં ચેપ લગાડતા)માં ૩૦; **T4 Phage** માં ૧૫૦ તથા **vaccinia pox-virus** માં ૨૪૦ જનીનો હોય છે.

તો શું વિષાણુઓ કોઈ જ ઉપયોગિતા ધરાવતા નથી ?ના, સાવ એવું નથી. વિષાણુવિદ્**(virlogist)** વિષાણુઓના ચેપથી કેવી રીતે રક્ષણ મેળવવું તે શોધવા તેમનો અભ્યાસ કરે છે. વિષાણુવિદો જંતુઓના નિયમન, કોષ-સંશોધન(જીવાણુભક્ષીઓનાં) તેમજ પ્રતિકાર માટેની રસી તથા ઔષધોના વિકાસ માટે તેમનું સંશોધન જરૂરી ગણે છે; જનીનીય-ઇજનેરીમાં પુનર્યોજિત **DNA**ની ટેક્નિકનો ઉપયોગ કરીને નવાનવા પ્રકારની વિષાણુપ્રતિકારક

તા. ૯-૬-૨૦૦૩ થી તા. ૩૦-૬-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. એક કુમારચાહક (અમદાવાદ)	રૂ. ૩,૯૦૦
૨. શ્રી ઈશ્વરભાઈ સી. પટેલ (સુરત)	રૂ. ૧,૦૦૦
૩. શ્રી અનુભૂતિ ટ્રસ્ટ (ભાવનગર)	રૂ. ૫૦૦
	કુલ રૂ.૫,૪૦૦

રસીઓ તથા ઔષધો શોધવાનું કાર્ય કરે છે. કેટલાક ભક્ષીઓ (Phages) ક્લોનિંગ વેક્ટર તરીકે વપરાય છે.

નર્મ વિષાણુ દ્વારા લાગતા ચેપ સામે શરીર એક પ્રકારની પ્રતિરક્ષા પ્રણાલિ ઊભી કરે છે જે વધુ ઘાતક(જોખમી) સંબંધિત વિષાણુનો પ્રતિકાર કરે છે. સામાન્ય રીતે રોગીને વિષાણુનો ચેપ લાગ્યા પછી તેને સાજો કરવો અઘરું છે. આપણું શરીર આ ચેપ સામે કાં તો લડે અથવા તેને તાબે થાય. વિષાણુ દ્વારા થતા રોગો પ્રતિરક્ષીકરણ (રોગક્ષમીકરણ) દ્વારા અટકાવી શકાય. વિષાણુઓનો ચેપ લાગ્યા પહેલાં તમે રસી મુકાવી હોય તો તમે તેનાથી બચી શકો. આવી પરિસ્થિતિમાં રસી દ્વારા સચેત કરાએલી આપણી પ્રતિરક્ષા-પ્રણાલિ આક્રમક વિષાણુઓનો નાશ કરી નાખે છે.

પ્રતિ-વિષાણુઓ/વિપરીત-ક્રિયક વિષાણુ: આ એક તંતુમય સર્પિલ, બે કવચો ધરાવતો તથા RNA સંજનીનવાળો સમૂહ છે. તેઓમાંના મોટા ભાગના માત્ર ૩ જનીનો ધરાવે છે. તેઓ તેમનાં (ss) RNA ને પાછાં(ds, DNA)માં ફેરવી શકે છે તથા આ DNAને યજમાન-કોષના DNA દાખલ કરી એકરૂપ કરી દેતા હોવાથી તેમને સંપૂર્ણ રીતે દૂર કરવા અશક્ય બને છે. આ આખી પ્રક્રિયા પ્રતિ-પ્રત્યાંકન કહેવાય છે તથા તેના માટે પ્રતિ-ટ્રાંન્સક્રિપ્ટેઝ નામનો ઉત્સેચક જવાબદાર હોય છે. રાઉઝ સાર્કોમા સૌપ્રથમ અભ્યાસ કરાયેલ પ્રતિવિષાણુ છે જે મરઘીનાં બચ્ચાંઓમાં ટ્યૂમર(ગાંઠ,અર્બુદ) નીપજાવે છે. જો કે બધા જ પ્રતિ-વિષાણુઓ કેન્સર નીપજાવતા નથી. એઈડ્ઝ(AIDS: Acquired Immuno deficiency Syndrome) નો રોગ Human Immuno deficiency Virus HIV દ્વારા થાય છે, જે કેન્સર નીપજાવતો નથી પરંતુ પ્રતિરક્ષા પ્રણાલિને ગંભીર ક્ષતિ પહોંચાડે છે. પરિણામે અન્ય કારકો દ્વારા થયેલા કેન્સરની વૃદ્ધિ નિયંત્રણ બહારની થઈ જાય છે. HIV ના ચેપથી AIDS થશે જ એવું નથી હોતું. કેટલાંક લોકો HIV ચેપ સાથે પણ લાંબું જીવી શકે છે. મોટા ભાગના AIDS રોગીઓ તક મળવાથી લાગતા ચેપ દ્વારા (opportunistic infection) મૃત્યુ પામે છે. આ ચેપ માત્ર ક્ષતિયુક્ત પ્રતિરક્ષાપ્રણાલિવાળાં રોગીઓને જ લાગુ પડે છે તથા વિવિધ વિષાણુઓ, જીવાણુઓ, પ્રજીવો તેમજ ફૂગ દ્વારા થાય છે. સામાન્ય પરિસ્થિતિમાં આ નિરુપદ્રવી હોય છે, પરંતુ યજમાનની સુરક્ષા ખૂબ ઓછી થઈ જાય ત્યારે આક્રમણ કરવાની તક મેળવી લે છે. પ્રતિરક્ષા-પ્રણાલિવાળા રુધિરપરિવહન કરતા રક્ત કોષો T cells ને HIV ચેપ લગાડે છે તથા તેમનું વિભાજન થતું રોકી દે છે જેથી પ્રતિરક્ષા-પ્રણાલિને લાંબે ગાળે ગંભીર અસર પહોંચે છે.

એઈડ્ઝ માટે કોઈ રસી અથવા અન્ય સંપૂર્ણ ઈલાજ હજી શોધાયો નથી, પરંતુ દર્દીનો જીવનકાળ લંબાવી શકે તેવા ઈલાજો જાણીતાં છે. કેટલાંક દર્દીઓનો જીવનકાળ એઝીડોથાઈમીડીન (AZT અથવા Zidovudine) દ્વારા લંબાવી શકાયો છે, પરંતુ AZT અસ્થિમજ્જા કોષોના B- કોષો માટે વિષાણુ છે. HIV એ RNA પ્રકારનો વિષાણુ હોઈ તેના ઉત્પરિવર્તન દર વધુ હોય છે. AIDSના નિયમન માટેના અન્ય ઉપાયો જેવા કે પ્રોટીન-સંસાધન સંદમકો અથવા Antisense RNA(એવો RNA જે સંદેશવાહક m-RNAનો પરસ્પરપૂરક હોઈ તેની સાથે જોડાઈ જાય છે.) ઉપયોગી હોવા છતાં HIVના ઉત્પરિવર્તનો દ્વારા બનતાં પ્રતિવર્તી પરિવર્તો અટકાવી શકાતાં નથી.

હાલમાં SARS(Severe acute respiratory Syndrome)નામનો ઉગ્ર શ્વસન સંલક્ષણ રોગ ચીનમાંથી શરૂ થઈને હોંગકોંગ, સિંગાપોર, થાઈલૅન્ડ અને કૅનૅડામાં ફેલાયો છે જેને કારણે અસંખ્ય લોકોને તેની અસર થઈ છે તથા લગભગ ૪૯૦ જેટલાં મૃત્યુ થયાં છે. આ નૂતન વિષાણુના જનીનનું બંધારણ કૅલિફોર્નિયા વિશ્વવિદ્યાલયની તેમજ કૅનૅડાની રાષ્ટ્રિય સૂક્ષ્મજીવ વિદ્યાની પ્રયોગશાળાએ શોધી કાઢ્યું છે. સાર્સ એક પ્રકારનો મુકુટ-વિષાણુ (corona virus) છે, જેમાં 17.5 kb (કિલો-બેઈઝ) ન્યૂક્લિયોટાઈડની શૃંખલાઓ છે. શ્વસનક્રિયામાં વિક્ષેપ પાડતો આ ઘણો ચેપી રોગ છે જેના માટે વિશ્વ આરોગ્યસંસ્થા (WHO)એ માર્ગદર્શક સૂચનો કર્યાં છે. ❐

કાવ્યો

'કુમાર'ના અમૃતપર્વ પ્રસંગે 'કુમાર' ટ્રસ્ટ તરફથી તા. ૧-૧-૨૦૦૩ ને બુધવારના રોજ રાત્રે ૮ વાગ્યે અમદાવાદના શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉન હૉલમાં બૃહદ્ બુધ-કવિ સંમેલનનું આયોજન થયું હતું. આ સંમેલનમાં કાવ્યપઠન કરનારા ૨૧ કવિઓનાં જે કાવ્યો રજૂ થયાં હતાં તે કાવ્યો એક પુસ્તિકારૂપે પ્રકટ કર્યાં છે. ફૂલસ્કૅપ ૧/૧૬ સાઈઝની આ પુસ્તિકાનાં પૃષ્ઠ ૯૬ છે. તેની કિંમત રૂ. ૨૫ + રૂ. ૫ સાદા બુક પોસ્ટથી રવાનગી ખર્ચ મળીને રૂ. ૩૦ મનિઑર્ડરથી મોકલવા.

કુમાર ટ્રસ્ટ, બઉઆની પોળ સામે, ૧૪૫૪,
રાયપુર ચકલા
અમદાવાદ - ૩૮૦૦૦૧

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

આમ તો યુરોપ અને અમેરિકાનાં નામ ઘણી વાર સાથોસાથ યાદ આવે છે, બંને પશ્ચિમ વિશ્વના પ્રદેશો. આધુનિક્તા, આર્થિક વિકાસ, ઉદ્યોગીકીકરણ, ટેકનોલૉજી, પરિવહન (ટ્રાન્સપોર્ટ) અને સંચારસંવહન (કૉમ્યુનિકેશન્સ) જેવાં ધોરણે બંને પ્રદેશો એકમેકના જોડિયા લાગે. પરંતુ ૨૦૦૦ના વર્ષના જૂનમાં અમે પશ્ચિમ યુરોપનો પ્રવાસ કર્યો. ત્યારે સમજાયું કે લોકજીવન, વસવાટની ભાત, શહેર-ગામની ભૌતિક સંરચના, કુદરતી સૌન્દર્ય તથા પરિવહન અને સંસ્કૃતિના માનદંડો જેવી મહત્ત્વની બાબતોમાં પશ્ચિમ યુરોપ અમેરિકા કરતાં સારી રીતે જુદું પડે છે. સાઇટસીઈંગ માટે ટૂરિસ્ટ તરીકે ત્યાં જવા કરતાં 'ટ્રાવેલર' તરીકે અને યાત્રી-કલાભાવક કરતાં સમાજવિદ્યા સંસ્કૃતિ પર 'ફોક્સ' રાખીને મેં યુરોપને વધુ જોયું છે. અગાઉ ઈંગ્લન્ડમાં હું મારાં પત્ની સાથે મારા ઍકેડેમિક કાર્ય માટે છેલ્લાં ૩૨ વર્ષોમાં લંડનમાં ચાર વાર જવાનું થયું હતું, પણ આ લેખમાળામાં ઈંગ્લન્ડને છોડીને બેલ્જિયમ, જર્મની, સ્વિત્ઝર્લૅન્ડ, ઇટલી અને ફ્રાન્સની ઝાંખી કરી છે. આ બધા ય દેશો એમના ઈતિહાસને મુખ્યત્વે એમનાં શહેરોમાં કંડારીને, 'યુરોપીય' કહી શકાય તેવી આગવી સંસ્કૃતિને ગૌરવભેર ટકાવી રહ્યા છે, તો આ દરેક દેશ પણ એકમેકથી પોતાની આગવી ઓળખ પ્રવાસીઓને આપી રહ્યા છે.

બ્રુસેલ્સઃ યુરોસંઘનું નર્વસેન્ટરઃ

બેલ્જિયમ દરિયાની સપાટીથી નીચે આવેલા હોય એવા ડેન્માર્ક, નેધરલૅન્ડ્સ જેવા પ્રદેશમાં આવેલો દેશ છે, પણ અર્થ-રાજદ્વારી રાહે તે યુરોસંઘના મોટા દેશો સાથે વધારે સંકળાયેલો છે. અમે યુરોપની સૌથી ઝડપી ટ્રેન યુરોકાર દ્વારા લંડનથી બ્રુસેલ્સ પહોંચ્યા. યુરોકાર ઈંગ્લિશ ટનલમાંથી, દરિયામાં જળસપાટી નીચેથી જાય છે અને 'ચૅનલ' તરીકે પણ ઓળખાય છે. આવી યુરોકાર લંડન-ફ્રાન્સ વચ્ચે પણ સીધી જ દોડે છે. ૧૮મી સદી સુધી એકમેકના કટ્ટર રહેલા દેશો હવે નજીક આવી ગયા છે. તેમની વચ્ચે આર્થિક અને રાજકીય સહકાર અને સુગ્રથન સધાયું છે તેમાં આ દેશો વચ્ચે પ્રવાસીઓની અવરજવર, આ યુરોપીય દેશો વચ્ચે ટ્રેન, તાર, ટેલિફોન, ટપાલ અને ઇ-મેલનાં પ્રમાણમાં ગુણાત્મક વધારો થયો છે, તેનો ફાળો છે. આ દેશો વચ્ચે કાર, ટ્રેન, વિમાનોની રફતાર વિપુલ ટ્રાફિકનો ખયાલ આપે છે.

મહત્ત્વનું એ છે કે આ દેશોની બૅન્કોમાં ચેક મૂકવાના, તે ક્લીઅર કરવાના, એક દેશના કૉર્પોરેશનની ઑફિસ બીજા દેશોમાં પણ જોવા મળે- આ બધું પરિવહન-સંવહનની સાથે સાથે છેલ્લાં ૫૦ વર્ષથી ઉત્તરોત્તર ખૂબ વધી ગયું છે, તેનો સંખ્યાત્મક અને ગુણાત્મક અભ્યાસ પ્રોફેસર કાર્લ ડૉઈજે એમની 'ધ પોલિટિકલ ઈન્ટિગ્રેશન ઑફ ધી આટલાન્ટિક કૉમ્યુનિટી'માં આપ્યો છે. યુરોસંઘનું હેડક્વાર્ટર બનેલ બ્રુસેલ્સ સંઘર્ષને બદલે સહકારના માર્ગે શાંતિ, એકતા અને સુગ્રથન સિદ્ધ કરવાના ઈતિહાસનું ધબકતું પ્રતીક અને પાટનગર બન્યું છે.

ગ્રાન્ડ સ્કવૅર બ્રુસેલ્સનો 'શો પીસ' ગણાય છે એનો ગ્રાન્ડ સ્કવૅર નાના પથ્થરો જડેલા વિશાળ ખુલ્લા લંબચોરસ સ્થળની આજુબાજુ શાહી નિવાસસ્થાન, ટાઉનહૉલ તથા મૂલ્યવાન ચીજો અને જૂની કલાકૃતિઓની પ્રતિકૃતિઓની આકર્ષક દુકાનો આવેલી છે. તેની એક બાજુ સોનેરી 'ફસાડ' (સ્થાપત્યનો બાહ્યાકાર) મુલાકાતીઓને આકર્ષે છે, આ ચોકમાં લોકો વાજિંત્રો વગાડતા દેખાય છે. કોઈ નૃત્ય કરે, કોઈ ખેલ કરતું હોય. જાણે વૈભવશાળી અને સામાન્ય લોકોનું આનંદ માટેનું સમાન મિલનસ્થળ.

ઑગસ્ટ માસમાં આ વિશાળ, ફરસબંધી ચોકમાં નાગરિકો રંગીન ફૂલોથી મહારંગોળી પૂરે છે. ત્યારે આ રમ્ય સ્થળ વિશ્વના સૌથી મોટા અને નયનમનોહર પુષ્પસાથિયાનું ભવ્ય સ્થળ બની જાય છે. આવું ચિત્ર તો મારા પુત્ર ઉન્મેષે અગાઉના ઑગસ્ટ માસમાં અહીં પ્રવાસે આવ્યો, ત્યારે આવા વિશિષ્ટ સાથિયાનો જે ફોટોગ્રાફ લીધો હતો, તેથી પરિચિત હતો. પણ તેના પરિમાણનો ખયાલ તો પ્રત્યક્ષ આ સ્કવૅરમાં ફર્યા ત્યારે આવ્યો.

પશ્ચિમ યુરોપના સૌથી વધુ આકર્ષક ગણાતા ગ્રાન્ડ સ્કવૅરની બહાર એક નાના રસ્તા પર, ત્યાંથી થોડેક જ દૂર 'માનેકીન પીસ' નામની જગાએ પ્રવાસીઓ કૅમરાની ચાંપ દબાવતા, ટોળે વળેલા રહે છે.

નવા યુરોપનો સિનાર્યોઃ

બ્રુસેલ્સ યુરોસંઘનું વડું મથક છે. તેથી પશ્ચિમ યુરોપના દેશો વચ્ચે થતાં આર્થિક અને રાજદ્વારી આદાનપ્રદાન અને સત્તાવાર બેઠકો માટેની કચેરીઓથી આ નગર ધમધમતું રહે છે. અમે થોડાં પ્રવાસીઓ યુરોસંઘના વડા મથકના આલીશાન મકાનમાં સહેજ માટે ગયાં. તેની એક લૉબીમાં કોકાકોલાનું મશીન હતું. પાસે ઊંચે મૂકેલ ટીવીની બીબીસી ચૅનલ પર નવા અમેરિકન મિસાઈલ વિશે દશ્ય-હેવાલ અપાતો હતો. આ સ્થળે કેટલાંક લોકો પત્રકારો માટેના રૂમ પાસે ભેગાં થયાં હતાં. એમાં એક ભારતીય લાગ્યા. એકમેક વિશે અમારા મિડીઆ સાથે રહેલા સંબંધ બાબત ઔપચારિક પરિચય પછી મેં તેમને પૂછ્યું:'આ બધાં જ કેમ પોતપોતાની સેલ ફોન પર કે પેજર હાથમાં પકડી જાણે ઉતાવળે વાત કરી રહ્યાં લાગે

છે?' એમણે મને ફોડ પાડતાં કહ્યું : 'એક અંગ્રેજ પત્રકાર છે, તેઓ (અમેરિકન) ડૉલર સામે યુરો ચલણનો ભાવ (જૂન ૨૦૦૦ની વાત છે) નીચે ગયો છે. તેથી કેટલીક બ્રિટિશ પેદાશની ચીજો બાબતમાં અહીં બજારમાં શી અસર પડી છે, તે લંડનના એમના છાપાની ઑફિસમાં જણાવે છે.' પછી તેમણે ઉમેર્યું: 'પેલા તગડા ગુલાબી છે, તે રશિયન પત્રકાર છે. પ્રમુખ પુટિનની, જર્મની સાથે વ્યાપાર સંબંધો વધે તેવી નીતિની જાહેરાતની અપેક્ષાએ જર્મનીના બ્રુસેલ્સ-સ્થિત વ્યાપારી-રાજદ્વારી વર્તુળોમાં કેવા પ્રત્યાઘાત પડ્યા છે, તેનો હેવાલ મૉસ્કોના પોતાના છાપાને (સેલફોન પર) જણાવી રહ્યા છે.' (એક દશકા પહેલાં ઠંડા યુદ્ધના ઉભય દેશોની શત્રુવટનો આવું સાંભળનારને સ્વપ્નવત્ જ લાગે ને!).'કોકના એ મશીનની આસપાસ સેલ ફોન સાથે ફરે છે, તે મહિલા પત્રકાર છે અને સેન હોઝે કોલ કરી રહ્યાં લાગે છે.'

આમેય પશ્ચિમ યુરોપમાં પેજર વગેરે ફોન વાપરનારાની સંખ્યા અમેરિકા કરતાં વધુ હતી, અને વધતી જતી હતી. તેને પહોંચી વળવા માટે અહીંની કેટલીક કંપનીઓ કેવી 'સ્ટ્રેટેજી' અપનાવવા માગે છે, તે વિશે તેઓ માહિતી આપતા હતા. ઠંડા યુદ્ધના કાળ માટે રશિયાને આવો સદ્ભાવભર્યો આવકાર મળે જ નહીં. પણ હવે તેવા અકલ્પ્ય ચિત્રનું બ્રુસેલ્સનું આ યુરોસેન્ટર પ્રતિબિંબ પાડતું હતું. તો પશ્ચિમ યુરોપમાં વ્યાપારી અને સંચાર-સંવહન ક્ષેત્રમાં, અમેરિકાના સંદર્ભમાં જે નવાં સમીકરણો ઊભાં થઈ રહ્યાં હતાં, તેવું દક્ષિણ એશિયાના દેશો બાબતમાં ક્યારે વાસ્તવિક બનશે? નાનું બ્રુસેલ્સ જાણે મોટા દેશો બાબત 'નર્વ સેન્ટર' બન્યું છે!

આવા નાના ખૂણા પાસે આટલા બધા પ્રવાસીઓ શું જોવા મળતા હશે? અહીં એક બાળક સતત 'પી પી' કરતો ઊભો છે, તે બતાવતું કાંસાનું બાવલું છે. આવી અસાધારણ, પિશાબ સૂચવતી પાણીની ધાર કાઢતાં બાળકને શીદ આવું સ્મારકનું 'સ્ટેટસ' અપાયું હશે,



માનેકીન પીસ સ્ટેચ્યુ-લાક્ષણિક પોઝમાં બાળક (બ્રુસેલ્સ)

વારુ? આ પ્રશ્નનો ઉત્તર આપતી જાતજાતની લોકવાયકા છે. પડોશના શત્રુદેશની સેના બેલ્જિયમ પર ત્રાટકીને અહીં રાત્રે આરામ લેતી હતી ત્યારે આ બાળકે છૂપાઈને ત્યાં જઈને, આવા દારૂગોળા પર 'પી પી' કર્યા કરીને દારૂ હવાઈ જાય, તેવો નકામો બનાવી દીધો હતો. બીજી વાયકાનુસાર બેલ્જિયમ સૈનિકો લડાઈમાં હારીને પાછા ફરી રહ્યા હતા ત્યારે આ બાળક તેઓ જુએ તેમ માર્ગમાં પિશાબ કરતો ઊભો રહ્યો. સૈનિકોએ તેને ઠપકો આપ્યો કે 'આમ કરતાં તને શરમ નથી આવતી?' ત્યારે બાળકે સૈનિકોને વળતો ટોણો માર્યો કે 'તમે જે રીતે લડાઈમાં હારીને પાછા ફરી રહ્યા છો; તેની તમને શરમ નહીં લાગતી હોય તો મને આમ કરતાં શરમ શું કામ લાગવી જોઈએ?' સમજુ બાળકનો સંદેશો ગ્રહીને સૈનિકો પાછા લડવા ગયા, તે પ્રસંગનું આ સ્મારક છે. બીજી એક લોકવાયકા એવી છે કે તે બેલ્જિયમના રાજાનો આ કુંવર હતો. તે મુસાફરી કરતો હતો, ત્યારે માર્ગમાં પિશાબ કર્યા પછી, શાહીર સાલ ભેગો થયો ત્યારે તેને જીવલેણ અકસ્માત થયો. તેની યાદમાં રાજાએ પોતાના પુત્રને જે સ્થિતિમાં જોયો હતો, તે સ્થિતિને તેણે આમ કાંસામાં સ્થિતિબદ્ધ કરી હતી. આ બાવલાનું મહત્ત્વ એ છે કે બેલ્જિયમ જેવા આધુનિક દેશમાં પણ દંતકથાને આધારે આવું સ્મારક સચવાય છે અને રોજ સંખ્યાબંધ પ્રવાસીઓને તે દિલચસ્પ લાગે છે.

તો વિજ્ઞાનયુગનું પ્રતીકસ્મારક પણ આ શહેરમાં જોવા મળે છે. તે છે એટમીઅમ. અહીં ૧૯૫૮માં વિશ્વ વ્યાપાર મેળો યોજાયો ત્યારે અણુશક્તિની સંરચનાને એક મોટું, ઊંચું ચકાકાર સ્થાપત્ય ધરાવતું એટમીઅમ તેના નવ વિશાળ ગોળાઓની આકૃતિઓથી વિશિષ્ટ રચના બની રહે છે. મૉડર્ન આર્ટ અને વિજ્ઞાનના નિદર્શન (દરેક ગોળાકાર રૂમમાં વિજ્ઞાન વિષયક આકૃતિ-ઉપકરણોને આધારે સુરેખ સમજ અપાઈ છે) જોવા મળે છે. તેની બહાર વિશાળ હરિયાળા ફ્રન્ટ અને હોજફુવારા તેને ઉપવન્ય પરિવેશ અર્પે છે.

પણ વિશ્વમાં પોતાની પરંપરાગત રાજાશાહીને જાળવી રાખનાર જૂજ એવો આ લોકશાહી દેશ રાજ્યના વારસાગત વડાસ્થાનને ટકાવી રાખે છે. તો પણ તે કેવો લોકશાહી દિમાગ ધરાવે છે, તેનો ખયાલ ત્યાંની સુપ્રીમ કૉર્ટની ભવ્ય ઇમારત આપી દે છે. તાજેતરમાં જ્યારે આ ઇમારતનું રિનોવેશન થયું, ત્યારે આ કૉર્ટની ઇમારત પાટનગરમાં સૌથી ઊંચી બને, તે રીતે તેની બાંધણી કરી. રાજમહેલના, એટમીઅમ મલ્ટિનૅશનલ કૉર્પોરેશન કે પછી યુરોસંઘ નાના સ્કાઇસ્ક્રેપર્સની ઊંચાઈ તેની તોલે આવે તેવી તેને ઊંચી બનાવાઈ છે. અને આમ કરીને આ નાનકડા દેશે પ્રતીકાત્મકરૂપે એની મોટી લોકશાહી વિશેનો અણસાર આપી દીધો છે. અહીંનાં નાગરિકોને પૂછીએ તો આ માટે તેઓને મગરૂર છે, તે તરત ધ્યાનમાં આવે.

(ક્રમશઃ)

ફિલ્માકાશ-૩૦

દાદાસાહેબ ફાળકે, ૧૯૩૭ની સાલ અને એના પડઘા !

—રજનીકુમાર પંડ્યા—

હજુ તાજેતરમાં એટલે કે માર્ચ ૨૦૦૩માં અખબારોમાં સમાચારો ચમક્યા હતા કે ભારતીય ફિલ્મઉદ્યોગના પિતામહ સ્વ. દાદાસાહેબ ફાળકેનો પૌત્ર-પૌત્રીઓનો પરિવાર ભારે આર્થિક સંકટમાં છે અને તેમણે સરકાર પાસે પણ મદદની યાચના કરી છે. આ હકીકત આજે જેટલી સાચી અને કરુણાજનક છે તેટલી જ સાચી ૧૯૩૭માં પણ હતી.

૧૯૧૩માં ભારતીય ફિલ્મોદ્યોગનો પાયો નાખનાર દાદાસાહેબ ફાળકે ૧૮૭૦માં નાસિક પાસેના ત્ર્યંબકેશ્વર ગામે જન્મ્યા હતા. પોતે ફિલ્મનિર્માતા બનશે તેવી કોઈ પૂર્વકલ્પના એમના મનમાં પ્રચ્છન્ન-પણે પણ નહોતી. એ તો ચિત્રકળાના રસિયા હતા. ૧૮૮૫માં તેમણે મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં કલાનું શિક્ષણ લીધું અને પછી ગુજરાત સાથે નાતો જોડ્યો. વડોદરાના કલાભવનમાં ૧૮૯૦માં જોડાયા અને એ જ વર્ષે એમણે પોતાનો પહેલો સ્ટિલ કૅમરા ખરીદ્યો અને ફોટોગ્રાફર તરીકેનો વ્યવસાય શરૂ કરવા માટે ગોધરામાં દુકાન એટલે કે ફોટોસ્ટૂડિઓ નાખ્યો. પણ એમાં ભલીવાર ન વળતાં ૧૯૦૧માં તેમણે એક જર્મન જાદુગર પ્રો. કેલીસ પાસેથી જાદુકલાના પાઠ લીધા. પણ જાદુકલાનો ધંધો એ વખતે આપણા સમાજનાં મદારીનો ગણાતો હોઈને ૧૯૦૨માં વડોદરાના આર્કિઓલૉજી વિભાગમાં ફોટોગ્રાફર અને ડ્રાફ્ટ્સમૅનની નોકરી સ્વીકારી. આ નોકરી ત્રણ વરસમાં તો પૂરી થઈ. ફરી રોટલાનો સવાલ પેદા થયો. એટલે પછી કલાક્ષેત્રના આટલા અનુભવ પછી એમણે પેઇન્ટિંગ માટેની આર્ટ ઍકેડેમી સ્થાપી, અને તે લોનાવલામાં.

આ જ અરસામાં તેમણે સિનેમાસ્કોપ અંગે ક્યાંકથી કશું જાણ્યું. રસ પડ્યો એટલે તેને લગતું ઉપલબ્ધ સાહિત્ય વાંચી લીધું. પોતાની સ્ટિલ(સ્થિર) ફોટોગ્રાફી એમને નીરસ જણાવા માંડી, તેથી મિત્રો પાસેથી કરજ લઈને દાદાસાહેબ ૧૯૧૨ની પહેલી ફેબ્રુઆરીએ ઈંગ્લન્ડ ગયા. ત્યાં 'બાયોસ્કોપ' નામના ફિલ્મી મૅગઝીનના તંત્રી સાથે ભાઈબંધી કરી અને તેમના દ્વારા ચલચિત્ર સર્જક સેસિલ હેવર્થનો મેળાપ થયો અને તેના કારણે ચલચિત્ર-નિર્માણનાં કેટલાંક પાસાંનો પ્રત્યક્ષ અભ્યાસ કરવાની તેમને તક મળી. ત્યાંથી જ વિલિયમસન નામનો મુવી કૅમરા ખરીદી લીધો અને ભારત આવતાં પહેલાં 'ગ્રોથ ઑવ્ અ પ્લાન્ટ' નામનું લઘુચિત્ર બનાવ્યું, જેમાં વનસ્પતિના છોડના વિકાસના ક્રમિક તબક્કા ઝડપ્યા અને પછી તેનું સંકલન કરી નજર સામે જ છોડ ઊગતો હોય તેવો આભાસ ઊભો કરી બતાવ્યો. આ તેમનું ભારતબહારનું પ્રથમ ફિલ્મનિર્માણ ગણાય, પણ તે કથાચિત્ર નહોતું, ને વળી ટૂંકું હતું.

આ પછી પાછા આવીને દેશનું સર્વપ્રથમ કહી શકાય એવું ચલચિત્ર બનાવ્યું તે 'રાજા હરિશ્ચંદ્ર', જેમાં તારામતિનું પાત્ર ભજવવા કોઈ સ્ત્રી તૈયાર ન થતાં એક સામાન્ય હૉટલમાં કામ કરતા સાળુંકે નામના જુવાનને તૈયાર કર્યો. હરિશ્ચંદ્રની ભૂમિકા માટે ડી.ડી. દાબકે અને રાહુલની બાળભૂમિકા માટે પોતાના જ પુત્ર બાલચંદ્રને ગોઠવી દીધો. નિર્માણથી માંડીને પ્રચારક સુધીની તમામ જવાબદારી પોતે એકલે હાથે નિભાવી. વળી, આ શિલ્પના નિર્માણની પ્રક્રિયા બતાવતી એક ડોક્યુમેન્ટરી પણ બનાવી. ફિલ્મને ભારતના થીએટરમાં રજૂ કરતાં પહેલાં એક ખાસ ખાનગી શો નિમંત્રિ તો માટે પણ ગોઠવ્યો. ને પછી મુંબઈના કોરોનેશન થીએટરમાં ૧૯૧૩ની એકવીસમી એપ્રિલે એનો પ્રીમિઅર શો કરી જાહેરજનતા માટે ખુલ્લું મૂક્યું. ભારતની આ પ્રથમ ફિચર ફિલ્મ ત્રેવીસ દિવસ લગી ચાલી એ તો ભારે સફળતા ગણાઈ. અલબત્ત, એક વાત નોંધવી ઘટે કે પૅરિસમાં લુમિયર બંધુઓએ દુનિયામાં પહેલી વાર પરદા ઉપર ચલચિત્ર રજૂ કર્યું હતું તે મે ૧૮૯૬માં, તે પછી સાત જ મહિને તેની રજૂઆત ભારતમાં મુંબઈની વોટસન હૉટલમાં થઈ હતી પણ તે ફિલ્મ ન તો ભારતીય હતી કે ન તો સુગ્રથિત ફિચર ફિલ્મ. એટલે સ્વદેશી ફિલ્મ ઉદ્યોગની શરૂઆત તો એ પછી સત્તર વર્ષે આ દાદાસાહેબ ફાળકે (પૂરું નામ ધુંડીરાજ ગોવિંદ ફાળકે) દ્વારા જ થઈ. એ પછી તો એમણે અનેક ફિલ્મો (અલબત્ત મૂક ફિલ્મો) બનાવી અને પ્રતિષ્ઠા હાંસલ કરી. ભારતની પ્રથમ મહિલા અભિનેત્રી કમલાબાઈ ગોખલેને પોતાની ફિલ્મ 'મોહિની ભસ્માસુર'માં લઈ આવવાનું શ્રેય પણ તેમને જ જાય છે. આ કમલાબાઈ ગોખલે તે અત્યારના મશહૂર ચરિત્ર અભિનેતા વિક્રમ ગોખલેનાં નાની થાય.



દાદાસાહેબ ફાલકે - યુવાવસ્થામા

દાદાસાહેબ ફાળકેએ અનેક સુંદર મૂક ફિલ્મો બનાવી, જેમાં ફાલક ઍન્ડ કંપનીના નેજા હેઠળ ૧૯૧૮ સુધીમાં

પાંચ ફિલ્મો બનાવી. એમાં વળી રાજા હરિશ્ચંદ્રની સુધારેલી આવૃત્તિ પણ આવી ગઈ. ઉપરાંત 'મોહિની ભસ્માસુર', 'લંકાદહન','સત્યવાન- સાવિત્રી' વગેરે ચિત્રો હતાં. આ પછી ૧૯૧૮થી ૧૯૨૪ સુધીમાં હિન્દુસ્તાન ફિલ્મ કંપનીના નેજા હેઠળ 'કૃષ્ણજન્મ' થી માંડીને 'શિશુપાલવધ' સુધીની તેત્રીસ ફિલ્મો અને તે બધી જ પૌરાણિક. માત્ર એમાં એક અપવાદ તે 'કન્યાવિક્રય'(૧૯૨૩). ૧૯૨૪થી બોલપટના આગમન ૧૯૩૨ સુધીમાં દાદાસાહેબે હિંદુસ્તાન ફિલ્મ કંપનીના બૅનર હેઠળ એકસઠ મૂંગી ફિલ્મો બનાવી, અને તેમાં છેલ્લું તે 'સેતુબંધન' અને આ 'સેતુબંધન'ને બોલપટ તરીકે બનાવીને સવાક ચિત્રોના નિર્માણનો દાદાસાહેબે ૧૯૩૪માં પ્રારંભ કર્યો. પણ તેની કોઈ વિગતો મળતી નથી એટલી બધી હદે એ ભુલાઈ ગઈ છે. ફિલ્મ નિષ્ફળ ગઈ. પહેલી ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર' બનાવી ત્યારે જ દાદાસાહેબની ઉંમર તેંતાલીસ વર્ષની હતી. અને આ 'સેતુબંધન' બનાવી ત્યારે એકલી હિંદીમાં બનાવી અને ત્યારે તેમની ઉંમર હતી ચોસઠ વર્ષની. મૂક ફિલ્મોના નિષ્ણાત એવા દાદાસાહેબ ન્યૂથીએટર્સ કે પ્રભાત જેવી નવી 'સૉફિસ્ટીકેટેડ' નિર્માણસંસ્થા સામે ઝીંક ઝીલી ના શક્યા. થાકી ગયા. તબિયત પણ લથડી હતી. નાણાંની તંગી બહુ નડતી હતી. ત્રણેક વર્ષ હાથ જોડીને બેઠા રહ્યા પછી એમની જૂની આબરૂની મૂડી ઉપર કોલ્હાપુરના મહારાજે તેમને એક ફિલ્મના નિર્માણ સારું નિમંત્રણ આપ્યું. બજેટ પણ જંગી આપ્યું અને વિષય પણ તેમની ફાવટવાળો પૌરાણિક આપ્યો. 'ગંગાવતરણ' મરાઠી-હિંદી એમ બંનેમાં બનાવવાની છૂટ આપી. ભરપૂર ચમત્કારો અને ફૅન્ટસી ભરવાની પણ ના ન પાડી. વિશેષ અસરો માટે (સ્પેશ્યલ ઈફેક્ટસ્)નું કામ દાદાસાહેબના પુત્ર બાબરાય ફાળકેની મદદ લીધી, એટલું જ નહીં, 'અમૃતમંથન' (પ્રભાત)ના સફળ ગયેલા નવલકથાકાર નારાયણ હરિઆપ્ટેને રોક્યા. (જો કે તેમનું નામ શ્રેયનામાવલીમાં નહોતું, કારણ કે પ્રભાત સાથે તેઓ અનુબંધિત હતા). આ બધું છતાં જેમની ઉપર વય અને થાકનો કાટ લાગ્યો હતો તેવા દાદાસાહેબની આ ફિલ્મ બૉક્સ ઑફિસ ઉપર એવી ભયંકર રીતે નિષ્ફળ ગઈ કે દાદાસાહેબની કારકિર્દીનો તો અંત આવ્યો જ, પણ કોલ્હાપુરની મહારાજાની એ નવી નિર્માણસંસ્થા કોલ્હાપુર સિનેટોન કંપનીને પણ તાળાં દેવાઈ ગયા.

૧૯૩૭ની આ 'ગંગાવતરણ'ની કરપીણ કારુણી પછી દાદાસાહેબ દુ:ખી, નિર્ધન અવસ્થામાં સાત વર્ષ જીવ્યા. અંતે ૧૯૪૪ની ફેબ્રુઆરીની ૧૬મીએ ભારે આર્થિક કંગાલિયત વચ્ચે તેમણે દેહ છોડ્યો. ૧૯૭૦માં દાદાસાહેબની સ્મૃતિમાં ભારત-



ફાળકે દંપતી - વૃદ્ધાવસ્થામાં

સરકારે 'દાદાસાહેબ ફાળકે' ઍવૉર્ડની શરૂઆત કરી, જે ફિલ્મ જગતનું સર્વોચ્ચ સન્માન ગણાય છે. એમ તો તેમના માનમાં ૧૯૭૧ની ૩૦મી એપ્રિલે ભારત સરકારના ટપાલ ખાતાએ સ્પેશ્યલ ટપાલટિકિટ પણ બહાર પાડી હતી. પછી મોડે મોડે પણ નાસિકની મહાનગર-પાલિકાએ પોતાના આ સપૂતને યાદ કર્યો. 'દાદાસાહેબ સ્મારક ટ્રસ્ટ'ની સ્થાપના કરી અને નાસિક શહેરથી સાવ નજીક જ્યાં પ્રાચીન કાળના બુદ્ધવિહારના અવશેષો મળી આવ્યા છે ત્યાં આગળ ખુલ્લી લાંબીચોડી જમીનના પ્લૉટ ઉપર દાદાસાહેબના સ્મારકની રચના કરી છે.

૨૦૦૨ના મેમાં આ લેખકને નાસિકના ગુજરાતી-મરાઠી સાહિત્યકાર ડૉ. જયંત ગુજરાતી અને રેશનલિસ્ટ શ્રી ઈશાક રંગવાલાના સૌજન્યથી તે સ્મારકની મુલાકાત લેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. હજુ બહુ સુઘટ્ટ સ્વરૂપે સ્મારકની કોઈ છબી ઊપસતી નથી. પણ આરંભ તરીકે બેશક સરાહનીય છે. તેમના અંગેની માહિતી અને તેમની ફિલ્મોના એન્લાર્જ્ડ ફોટોગ્રાફ્સ ત્યાં મૂકવામાં આવ્યા છે- અલબત્ત, ત્યાં મુકાયેલી માહિતીઓમાં કેટલીક વિસંગતીઓ જોવા મળતી હતી. 'ગંગાવતરણ'ની રજૂઆતની સાલ એમાં ૧૯૩૫ની દર્શાવવામાં આવી છે; જ્યારે વાસ્તવમાં તે આપણે જે સાલની વાત કરીએ છીએ તે ૧૯૩૭ની છે. આ ઉપરાંત ફિલ્મોનાં નામ બાબત પણ જરા ગરબડ હતી.

પણ વિશેષ દુ:ખ તો દાદાસાહેબ જે મકાનમાં રહેતા હતા તે અસલ મકાન જોઈને થયું. સ્મારકમાં દીવાલ ઉપર તેની જે તસ્વીર મોટી કરીને બતાવવામાં આવી છે તે મકાનને અસલમાં જોવાનું મન થાય તે સ્વાભાવિક છે. પણ જોઈને અત્યંત નિરાશ થઈ જવાયું. ખૂબ ગીચ-ગંદી-ગલીકૂંચીઓ, ભુંડ, ડુક્કરો અને કૂતરાં-ગધેડાં વચ્ચેથી પસાર થઈને ગયા ત્યારે પણ એ બધું ભૂલીને મકાનને તસ્વીરમાં દર્શાવ્યા પ્રમાણેની સ્થિતિમાં જોવાની ઉમેદ હતી. જે ફળીભૂત ના થઈ. અસલ મકાનને અર્ધુંપર્ધું ધ્વસ્ત કરી

નાખવામાં આવ્યું છે અને ચોતરફ ગાયભેંસોની અસહ્ય બદબૂથી ભરેલી ગમાણો વચ્ચેથી, એમાં શી રીતે અને ક્યાંથી પ્રવેશી શકાય તે મૂંઝવે તેવું હતું. ચોતરફ ગંદાં પાણી અને કાદવથી કેડીઓ ઊભરાતી હતી. મૂળ મકાન તેની અસલ ઓળખ ગુમાવી ચૂક્યું છે. સ્મારક પાછળ જો કરોડોનો ખર્ચ થઈ શકતો હોત તો આ ઐતિહાસિક ઇમારત કે જેની છત નીચે ભારતીય ફિલ્મોદ્યોગનો બીજ નિક્ષેપ થયો હતો તે મકાનને હસ્તગત(ઍકવાયર્ડ) કરવાનું કેમ કોઈને સૂઝ્યું નહીં ?

ખેર, અહીં એ મુદ્દો અપ્રસ્તુત છે. તેથી ૧૯૩૭ની નોંધપાત્ર ફિલ્મોની ચર્ચા આગળ ચલાવીએ. પોતાની એ છેલ્લી ફિલ્મમાં પણ દાદાસાહેબ આપણી ફિલ્મોને એક સશક્ત અભિનેત્રીની ભેટ આપી ગયા અને તે હતી લિલા મિશ્રાની. શરૂઆતમાં જેઠાણી કે પાછળથી વઢકણી, જાલીમ સાસુ કે કાકી કે માતાનો અભિનય કરીને દાયકાઓ લગી ફિલ્મી પ્રેક્ષકોના ચિત્ત પર આગવી ઓળખ કરનારી આ અભિનેત્રી માત્ર સત્તર વર્ષની ઉંમરથી જ પડદા પર માતાની ભૂમિકા કરવા મજબૂર બની ગઈ હતી, કારણકે તે પોતે વહેલાં લગ્ન થવાના કારણે માત્ર ચૌદ વર્ષની કાચી વયે માતા બની ગઈ હતી. તેના વિષે એક રમૂજી વાત એ છે કે ૧૯૩૫ની ફિલ્મ 'ભિખારીન'માં તેને પહેલી વાર પ્રવેશ વેળા જ નાયિકાની ભૂમિકા આપવામાં આવી હતી પણ પહેલા જ શૂટિંગ વેળા તેણે માસ્ટર વિનાયકના બાહુપાશમાં રહીને સંવાદ બોલવાનો હતો: 'મૈં આપકે બીના જિંદા નહીં રહ શકતી' - પણ આ સંવાદ તે અનેક તૈયારીઓ છતાં ઉચ્ચારી શકી નહીં. અને નર્વસ થઈ ગઈ. તાવ ચડી ગયો. પછી એણે એનો ખુલાસો કર્યો: 'હું એક પરીણિત સ્ત્રી છું અને કોઈ પરપુરુષના આલિંગનમાં આવાં વાક્યો કેવી રીતે બોલી શકું ?' બસ, આ જ વાત પર તેને પડતી મુકાઈ અને તેની જગ્યાએ રતનબાઈને લેવામાં આવી. આ સાલ હતી ૧૯૩૫ની. આ ફિલ્મમાં પછી તેને સાદો રોલ પણ ના મળ્યો, પણ ૧૯૩૬માં તેને આ 'ગંગાવતરણ'નો રોલ ઑફર કરવામાં આવ્યો, જેમાં તેણે કોઈ પ્રણયદશ્યો આપવાનાં નહોતાં. આમ તેમની આ પ્રથમ ફિલ્મ એ દાદાસાહેબની જ દેણગી ગણાય, પણ તેને બનતાં વાર લાગી અને તે ૧૯૩૭માં રજૂઆત પામી, ત્યાં સુધીમાં તો એ જ કંપની કોલ્હાપુર સિનેટોનની બીજી ફિલ્મ'હોનહાર' ૧૯૩૬માં રજૂ થઈ ગઈ. એ રોલ તેમને ગજાનન જાગીરદારે ઑફર કર્યો હતો, જેમાં હિરો-હિરોઇન શાહુ મોડક અને રાજકુમારી હતાં.

સત્તરથી માંડીને સિત્તેર વર્ષની ઉંમર સુધી આવી વયસ્ક ભૂમિકાઓ નિભાવનારું લીલા મિશ્રાને મૉસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં 'નાની મા' ફિલ્મ(૧૯૮૦)ની મુખ્ય ભૂમિકા માટે 'ડિપ્લોમા ઍવૉર્ડ' પણ મેળવ્યો હતો. ત્યારે એ સરળહૃદયા સન્નારી બોલ્યાં હતાં: 'હું કાંઈ બહુ રાજી નથી થઈ, એના કરતાં મીઠાઈનો ડબલો આપ્યો હોત તો અડોશ-પડોશમાં વહેંચવા તો કામ આવત !' લાંબી કારકિર્દી દરમ્યાન લીલા મિશ્રાએ 'એક થી લડકી', 'નૌબહાર', 'આવારા', 'પ્યાસા', 'આખરી દાવ', 'બાવરે નયન', 'શિકસ્ત' જેવી અનેક નોંધપાત્ર ફિલ્મોમાં કામ કર્યું. નવી અભિનેત્રીઓ માટે તે જીવતી પાઠશાળા. ૧૯૮૦ની સાલમાં કાયમને માટે તે પોઢી ગયાં. (ક્રમશઃ)

લઘુકથા

દીવાલ

ભગવત સુથાર

મોટાભાઈના સૌથી મોટા દીકરાએ દોણી ઉપાડી. તે પાણીના રેલાની જેમ સ્મશાનને માર્ગે વળ્યો. નાને દીકરે અને નાનાભાઈએ નનામીને કાંધે લીધી. ઘરના મુખ્ય બારણેથી ઓસરી વટાવીને પસાર થતાં નાનાભાઈની નજર બે ભાઈઓના ઘર વચ્ચેની દીવાલ પર પડી. સહેજ શરમની મારી નજર નીચે ઝૂકી ગઈ.

ડાઘુઓ આગળ-પાછળ ચાલવા લાગ્યા. વચ્ચેને ચકલે નનામીને ઉતારીને દિશાઓ બદલી. ડાઘુઓ બદલાવા લાગ્યા.

સ્મશાનક્રિયા પતાવીને બધા પાછા આવ્યા. અન્ય ક્રિયાઓ પતી ગઈ. સગેવહાલેથી આવેલી ભોજનસામગ્રીને બધાં કુટુંબીજનો જમવા બેઠાં. ભાભીની આંખમાંથી ગંગાયમુના વહે છે. ચૂડીકર્મ કરીને ઓરડામાં ખૂણો પાળવા નતમસ્તકે બેઠાં હતાં. સૌએ દિલાસો આપ્યો. દીકરાઓ પણ સમજાવીને થાક્યા. ભાભી કેમે કર્યાં છાનાં રહેતાં નથી. અંતે દિયર પાસે આવ્યો. બે હાથ જોડીને બોલ્યો, 'ભાભી... ભાભી ! મોટાભાઈ તો ગયા. કોણ નથી જવાનું ! આપણેયે એક દા'ડો...'

'હા, બા ! આપણેયે તે એક દા'ડો... જવાનું જ છે ને... '

'એ જ હાચો મારગ છે... રાય ક રંક... સઉ સરખું... ' દિયર બોલ્યો.

'તમારા ભઈએ... આ તમે પેલી ચણી ત્યારથી હખે ખાધું નથી. અલ્યા.. કે' હગા ભઈનું જ મોં જોવાનું... પણ તમે તો... '

'ભાભી ! આ બે હાથ ને મોંથું તમારે પાયે મેલું છું. હું તો આ દીવાલ ચણવાનો નો'તો પણ ભઈનો ડોળો મારા ઘર પર બાજની જેમ ભમતો હતો. પણ હવે તમારો ત્રીજો દીકરો બનીને રહીશ. આ હું પાણી મેલું છું...' નાનો દિયર બોલતો બોલતો ઊઠ્યો, અને કોશ લઈને પેલી દીવાલ તોડવા લાગ્યો.

ભાભી તેના પતિની છબી જોતાં બોલી, 'ફટ, પાપિયા !'

લઘુકથા

એકમાત્ર કવિ

અમૃતલાલ વેગડ

એક રાજાના દરબારમાં અનેક કવિઓ હતા. ફુરસદે રાજા તેમની કવિતાઓ સાંભળતો.

એક વાર એણે એક એવું ગીત સાંભળ્યું, જેમાં એની ક્રૂરતા, લાલચ અને અન્યાયનું વર્ણન હતું. રાજા ગુસ્સાથી લાલપીળો થઈ ગયો. એણે હુકમ કર્યો કે આવું વિદ્રોહી ગીત લખનાર કવિને પકડીને એની સામે હાજર કરવામાં આવે.

કવિ ક્યાંય મળ્યો નહીં. એથી રાજાએ રાજ્યના બધા જ કવિઓને પકડી લાવવાનો હુકમ કર્યો. રાજાને સિપાઈઓએ રાજ્યના તમામ કવિઓને પકડીને હાજર કર્યા. બંદી કવિઓને રાજાએ કહ્યું, 'તમારામાંથી દરેક જણ મને પોતાનું ગીત સંભળાવે.'

બધા જ કવિઓએ વારાફરતી રાજાની સમજદારી, બુદ્ધિ, ઉદારતા, ખ્યાતિ અને બાહુબળનાં ગીત ગાયાં. રાજા એક પછી એક કવિને છોડતો ગયો. છેવટે ત્રણ કવિ રહ્યા. એમણે એક્કે ગીત ન ગાયું. એ ત્રણેને જેલની કોટડીમાં પૂરી દેવામાં આવ્યા.

ત્રણ મહિના બાદ રાજા ફરીથી આ કવિઓ પાસે ગયો. 'તમારામાંથી દરેક જણ મને પોતાનું ગીત સંભળાવે.'

એમાંથી એક તરત જ રાજાની ઉદારતા, દયા અને બાહુબળનું ગીત ગાવા લાગ્યો. એણે ગાયું કે ધરતી પર આવો પ્રતાપી રાજા ક્યારેય નહોતો થયો.

આ કવિને પણ છોડી મૂકવામાં આવ્યો. જે બે કંઈ ગાવા તૈયાર નહોતા એમને ધધકતા અગ્નિકુંડ પાસે લઈ જવામાં આવ્યા. રાજાએ કહ્યું, 'તમને આ કુંડમાં હોમી દેવામાં આવશે. છેલ્લી વાર કહું છું કે તમારું કોઈ ગીત સંભળાવો.'

એ બેમાંથી એક હિંમત હારી ગયો. એણે ગાયું કે ધરતી પર આવો મહાન રાજા ક્યારેય નહોતો થયો.

એને પણ છોડી દેવામાં આવ્યો.

બસ, એ જ એક જિદ્દી બાકી રહ્યો. રાજાએ હુકમ કર્યો, 'એને લોઢાના થાંભલા સાથે બાંધી દો. ચાબુકથી ફટકારો અને પછી અગ્નિકુંડમાં હોમી દો !'

થાંભલા સાથે બાંધેલ કવિ અચાનક ગાવા લાગ્યો - રાજાની ક્રૂરતા, અન્યાય અને લાલચવાળું એ જ ગીત, જેનાથી આ વાત શરૂ થઈ હતી!

'જલદીથી એને છોડી દો ! એને કુંડથી દૂર કરો !' રાજા બરાડ્યો: 'હું મારા રાજ્યના એકમાત્ર સાચા કવિને ગુમાવવા તૈયાર નથી !'

આવા રાજા બહુ નહીં હોય, પણ આવા કવિ પણ ભાગ્યે જ મળે !

લ ફોન્તેનની બોધકથા

અનુ. સાંકળચંદ પટેલ

ખેડૂત અને સાપ

મહાન કથાકાર ઈસપ કહે છે કે એક ખેડૂત હતો. તે ખેડૂત દયાળુ હતો, પરંતુ તે જેટલો દયાળુ હતો એટલો ચતુર નહોતો.

એક દિવસે શિયાળામાં તે ખેડૂત પોતાના ખેતરમાં ટહેલી રહ્યો હતો, ત્યારે તેણે બરફમાં પડેલો એક સાપ જોયો. ઠંડીને લીધે તે સાપ ઠૂંઠવાઈને મૃતપ્રાય થઈ ગયો હતો. તે બિલકુલ અચળ થઈને પડી રહ્યો હતો. હવે તે પંદર મિનિટથી વધારે જીવી શકશે નહિ, એવું લાગતું હતું.



ખેડૂતને દયા આવી ગઈ. તરત જ તે સાપને ઉપાડીને પોતાને ઘેર લઈ ગયો. તે આ પ્રશંસનીય કાર્ય કરી રહ્યો છે, તેનો શો લાભ થશે, એ વિશે તેણે જરા પણ વિચાર કર્યો ન હતો. ખેડૂત સાપને ચૂલાની નજીકમાં મૂકીને તેને ગરમી આપવા લાગ્યો. સાપ મરણઘાંટીમાંથી બચી ગયો.

ઠંડીથી ઠૂઠવાઈ ગયેલા જનાવરને સખત ગરમી પણ વધારે ગરમ લાગતી નથી. સચેત થઈને સાપે પોતાની ફેણ ઊંચી કરી અને પછી તે ફૂંફાડા મારવા લાગ્યો. ત્યાર બાદ તેણે પોતાના હિતેચ્છુ અને રક્ષક ખેડૂતને ડંખ મારવા માટે છલાંગ મારી.

એ જોઈને ખેડૂતે કહ્યું: ' અરે કૃતઘ્ની ! નિમકહરામ ! મેં પરિશ્રમ કર્યો તેનો તું આ રીતે બદલો વાળી રહ્યો છે ? ઊભો રહે, હું તને જીવતો નહિ જવા દઉં !'

એટલું બોલીને ખેડૂત તરત ફરસી લઈ આવ્યો અને બે પ્રહાર કરીને સાપના ત્રણ ટુકડા કરી દીધા. ધડ, માથું અને પૂંછડી તરફડવા લાગ્યાં.

સાપે પોતાના ત્રણ ટુકડાઓને જોડીને એક થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એમ થવું અસંભવ હતું.

દયાળુ બનવું સારું છે, પરંતુ કોના પ્રત્યે ? પ્રશ્ન આ છે. કૃતઘ્ન લોકોને તો બેસહારે મરવા દેવા જોઈએ. તેમના ઉપર તો કદી ભૂલથી પણ દયા કરવી ન જોઈએ.

સોફ્ટ કોર્નર

ધર્મેન્દ્રસિંહ રાઠોડ

'કમબખ્ત આ શિયાળાની સાંજ પણ વહેલી આથમી જાય છે. દૂર ટાવરની ઘડિયાળમાં હજુ સાતના ડંકા પણ વાગ્યા નથી ને... ખલનાયક જેવું કાળું ડિબાંગ અંધારું જમીન પર પથરાઈ ગયું.' સુનયના સ્વગત બોલી.

પચાસ-બાવન વર્ષ આસપાસની, એકવડિયો સુંદર બાંધો, લાંબા ભરાવદાર વાળ, આધેડ વયે પણ નાજુક ચહેરો ધરાવતી સુનયના નિરાશ થઈ બોલી:'ચાલ બેટા હવે જઈશું ?'

'મમ્મી, હજુ સાત પણ વાગ્યા નથી. થોડી વાર બેસીએ તો...?' વીસેક વર્ષની યુવાન દીકરી પાયલે માને કહ્યું.

સુનયના કશું બોલી નહિ. બેઠી રહી. બેસવાનું અને કોઈની રાહ જોવાનું તેને પણ ગમતું હતું. પરંતુ કોઈએ આવવાનો સમય લગભગ પૂરો થઈ ગયો હતો. શિયાળાની સાંજ ક્યારની ઢળી ગઈ હતી, અને આ અંધારું તેને ઘર તરફ જવાની દિશાનો જાણે સંકેત આપતું હતું.

કેટલા શનિવાર આવ્યા અને કેટલા ગયા ! આજકાલ કરતાં પંદર વર્ષ વીતી ગયાં. ભાગ્યે જ કોઈ શનિવાર એવો ગયો હશે જ્યારે આશુતોષ શનિવારે સાંજે હનુમાનજીના મંદિરે દર્શન કરવા આવ્યો ન હોય ! કુટુંબમાં એક માત્ર દીકરીને ઊછેરવાની જવાબ-દારી નિભાવતી સુનયના પણ શનિવારે અચૂક મંદિરે આવતી.

જાણીતું હનુમાનજીનું મંદિર શહેરની મધ્યમાં આવેલું હતું. મંદિરથી થોડે દૂર પ્રાથમિક શાળા હતી. શાળાના વિશાળ મેદાનનો લાભ મંદિરને મળ્યો હતો. દર શનિવારે સાંજે મંદિરમાં ભીડને કારણે શાળાનું આખું મેદાન ભરાઈ જતું.

મંદિરના વ્યવસ્થાપકોએ શાળાના મેદાનના એક ભાગમાં લોકો માટે બેસવાની વ્યવસ્થા પણ કરી હતી. આરામથી બેસી શકાય તેવા બાંકડાઓ મેદાનમાં રાખવામાં આવ્યા હતા. મેદાનમાં નીચે જમીન પર ઘાસ ઉગાડી 'લૉન' ઉપર આરામથી બેસી શકાતું હતું.

વર્ષોથી દર શનિવારે હનુમાનજીનાં દર્શન કરી લીધા પછી પશ્ચિમ દિશા તરફ ગોઠવેલા બાંકડાઓમાં જગ્યા મળે તો બાંકડા પર અને બાંકડા પર જગ્યા ન મળે તો નીચે 'લૉન' ઉપર અડધી-પોણી કલાક બેસતી. શનિવારે નિશાળના મેદાનમાં 'મિનિ મેળા' જેવું વાતાવરણ ઊભું થતું. ભીડની વચ્ચે પણ સુનયનાને શોધવી હોય તો એ પોતાની જગ્યા પર સહેલાઈથી જોવા મળતી. શનિવારે સાંજે એ થોડી વહેલી આવતી હોવાથી મોટે ભાગે તેને બાંકડા પર જગ્યા મળી રહેતી. બાંકડા પરથી મંદિરમાં આવતાંજતાં લોકો પર સહેલાઈથી નજર રાખી શકાતી. પરંતુ આજે હવે મંદિર તરફ નજર રાખીને બેસવાનો અર્થ રહ્યો ન હતો. આશુતોષને આવી જવાનો સમય ક્યારનો પસાર થઈ ગયો હતો. હવે છેક આવતા શનિવારે...! પોતાની યુવાન દીકરી પાયલનો હાથ પકડીને એ ઘર તરફ ચાલવા લાગી. પંદર વર્ષ... કોઈ નાનો ગાળો તો નથી ! દોઢ દાયકા દરમ્યાન આવા કમનસીબ શનિવાર ક્યારેક બંને પક્ષે આવતા.

પંદરેક વર્ષ પહેલાં એક ઢળતી સાંજે સુનયના છ વર્ષની પાયલને લઈને દર્શન કરવા આવી હતી. તે દિવસે મેદાનમાં ખાસ ભીડ ન હતી. હનુમાનજીનાં દર્શન કરી સુનયના બાંકડા ઉપર આવીને બેઠી હતી. ગુલાબી ફ્રૉક પહેરેલ કાચની પૂતળી જેવી દેખાતી પાયલ મેદાનમાં દોડી રહી હતી. અન્ય બાળકો સાથે મસ્તીએ ચડી દોડાદોડી કરતી પાયલને ઠેસ વાગી અને એ 'લૉન' પર પટકાઈ. સુનયના પાયલને ઊંચકે એ પહેલાં પીસતાળીસ-સુડતાળીસ વર્ષની ઉંમરના સીધા સાદા દેખાતા આશુતોષે પાયલને ઊંચકી લીધી હતી.

સુનયના દોડીને પાયલ સુધી પહોંચે એ પહેલાં આશુતોષે પાયલના હાથ-પગ અને ફ્રૉક પરની ધૂળ ખંખેરી તેને સ્વસ્થ કરી હતી.

'દોડાદોડી કરવાની ના પાડી હતી ને? કેવી રીતે પડી? વાગ્યું નથી ને?' સુનયનાએ દીકરીને એક સાથે સવાલો પૂછી નાખ્યા.

'નથિંગ' પાયલને સોંપતાં આશુતોષ બોલ્યો.

સુનયના દીકરીને તેડીને બાંકડા પર આવીને બેઠી. વહાલી દીકરીને ખોળામાં લઈ તેણે તેને કાંઈ વાગ્યું નથીને એ જોવા લાગી, પરંતુ કાંઈ ન હતું, હતી તો એ માત્ર માની ચિંતા હતી. દીકરીના માથા પર એ હાથ ફેરવી રહી.

'નથિંગ' થોડી વાર પહેલાં બોલાયેલા શબ્દોનું તેને સ્મરણ થયું. આધેડ વયનો સોહામણો આશુતોષ તેનાથી પંદરેક ફુટ દૂર નિશાળનાં પગથિયાં ઉપર બેસી સાંજનું છાપું વાંચી રહ્યો હતો. ઊજળો વાન, સફેદ ઝભ્ભો-લેંઘો અને નંબરવાળાં પાતળી ફ્રેમનાં ચશ્માંધારી આશુતોષ તરફ સુનયના જોઈ રહી. હૃદયમાં જાણે ઈશ્વરે ગોઠવેલ મોબાઈલની ઘંટડી રણકી કે પૂર્વજન્મના બાકી રહેલા હિસાબ-કિતાબોએ જોર પકડ્યું.... છાપામાં રહેલ આશુતોષની નજર પણ સુનયના તરફ સ્થિર થઈ. બંને એકબીજાં તરફ જોઈ રહ્યાં. પરંતુ બીજી જ ક્ષણે સુનયના પોતાની મૂળ સ્થિતિમાં પાછી ફરી. થોડી વાર દીકરી સાથે ધીમેધીમે વાતો કરી અને પછી ધીમાં પગલે મા-દીકરી ઘર તરફ ચાલવા લાગ્યાં.

કપાળમાં ચાંદલા વગરની , સફેદ સાડી પહેરેલ સુનયનાને આશુતોષ જતી જોઈ રહ્યો. આશુતોષ હનુમાનજીનો ભક્ત હતો.

સરકારી નોકરીમાં એ સારી પદવી પર હતો. ધાર્મિક વૃત્તિ ધરાવતો આશુતોષ દર શનિવારે સાંજે હનુમાનજીનાં દર્શન કરવા અચૂક આવતો. દર્શન કરી એકાદ કલાક નિશાળના પગથિયા ઉપર બેસીને સાંજનું છાપું વાંચતો.

એકલતાવાદી વ્યક્તિત્વ ધરાવતો આશુતોષ તેની ઑફિસમાં પણ કોઈ સાથે ખાસ ભળતો નહિ. અલબત્ત, ઑફિસમાં હોંશિયાર કર્મચારીઓમાં તેની ગણના થતી. ઑફિસમાં ક્યારેક કોઈ ટેક્નિકલ પ્રશ્ન ઊભો થયો હોય ત્યારે અધિકારીઓ પણ આશુતોષની સલાહ લેતાં. ઑફિસમાં ઘણાં કર્મચારીઓ તેની મૈત્રી ઝંખતાં. કૅન્ટિનમાં સાથે ચા-કૉફી પીવા માટે તેને આમંત્રણ આપતાં. સહકર્મચારીઓનું માન રાખવા એ ક્યારેક કૅન્ટિનમાં જતો. કર્મચારીઓમાં બહેનોની સંખ્યા પણ મોટી હતી. કેટલીક બહેનોની નજર કુંવારા આશુતોષં પર ઘણાં સમયથી મંડરાયેલી હતી, પરંતુ આશુતોષની નજર ક્યારેય ક્યાંય સ્થિર થઈ ન હતી.

શનિવારે સાંજે મંદિર પાસેના મેદાનમાં પણ રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી ખૂબસૂરત સ્ત્રીઓ જોવા મળતી, પરંતુ આશુતોષ એ તરફ ક્યારેય નજર પણ કરતો નહિ. એકલતાવાદી જીવન જીવતા આશુતોષની દુનિયા જાણે અલાયદી હતી. પરંતુ આજે... ! આજે આ શ્વેત સાડીધારી સીધી સાદી દેખાતી સુનયનાએ તેના અહમ્‌ને જાણે હચમચાવી નાખ્યો.

આધેડ વયની પૂર્વસંધ્યાએ પાંગરેલ આકર્ષણે ઉમ્રની ગરિમા જાળવી હતી. સમાજના રીતરિવાજોની પરવા કરી હતી. વિજાતીય આકર્ષણ એ કુદરતની દેન છે. પ્રકૃતિનું વરદાન છે. આંતરિક સૌંદર્યને સમજનારાં લોકોને વયની મર્યાદા નડતી નથી.

શરીરની વાસનાને ઉંમરની ચિંતા હોય છે. દિવસે દિવસે વીતી જતા સમયની ચિંતા હોય છે. નિર્મળ મન, પ્રેમ; લાગણી, આધ્યાત્મિક જીવન, સ્વાર્થરહિતના સંબંધો આ બધી વસ્તુ એક સાથે ભળે તો આધેડ વયે થયેલ વિજાતીય મૈત્રી વાસનાના કીડાને ફરકવા દેતી નથી. પછી ભલે એ મૈત્રી વિજાતીય આકર્ષણના પાયા પર રચાયેલી હોય. પ્રેમની સુગંધથી જીવનભર અલૌકિક આનંદ મેળવી શકાય છે.

અન્ય જીવો અને મનુષ્ય વચ્ચે સંસ્કારી સમાજે ઘડેલા કેટલાક વણલખ્યા નિયમો છે, જેને આપણે સંસ્કાર પણ કહીએ છીએ. સંસ્કારની દીવાલ ઓળંગનાર વ્યક્તિને આપણે પશુ સાથે સરખાવીએ છીએ.

સ્વાર્થરહિત નામમાત્રના પણ નહિ એવા સંબંધોમાં તાકાત હતી. એટલે તો આશુતોષ અને સુનયનાની શાળાના મેદાનમાં પહેલી નજરની મુલાકાત પછી આજકાલ કરતાં પંદર વર્ષ વીતી ગયાં અને આ પંદર વર્ષના ગાળા દરમ્યાન છ વર્ષની પાયલ યુવાન થઈ ગઈ હતી. મા જેવી જ સુંદર પાયલને જ્ઞાતિનો મુરતિયો મળતાં વાર લાગી ન હતી. એકાદ વર્ષ પહેલાં સુનયનાએ તેને પરણાવી ભારે હૃદયે અમેરિકા વળાવી હતી. આ દિવસો દરમ્યાન બે-ત્રણ અઠવાડિયાં સુનયના મંદિરે આવી શકી નહિ. લગ્ન આટોપાઈ ગયાં પછીના શનિવારે ઊંડી ઊતરી ગયેલ આંખો લઈ એકલી એ મંદિરે આવી હતી. દીકરી વળાવ્યાનો ચાડી ખાતો સુનયનાનો ચહેરો આશુતોષ સમજી ચૂક્યો હતો. સુનયનાની ઊંડી ઊતરી ગયેલ આંખોમાં દૃષ્ટિ કરી તેણે સુનયનાને અભિનંદન અને હમદર્દી પાઠવ્યાં હતાં ! આશુતોષનો સંદેશ સુનયના સુધી પહોંચી ગયો હતો. શુદ્ધ દૃષ્ટિમાં પ્રેમનું તેજ હોય છે.

પછીના શનિવારે સુનયના મંદિરના મેદાનમાં તેની એક સખી સાથે વાત કરી રહી હતી. 'પાયલને આટલે દૂર પરણાવવી ન હતી. અહીયાં મારું કોણ ? પરંતુ ઠેકાણું સારું હતું. હું ના કહી શકી નહીં. બધું અચાનક નક્કી થયું. કાંઈ વિચારવાનો કે કોઈને કહેવાનો સમય જ ન રહ્યો. મુરતિયો પણ સારો છે. ન્યૂ યૉર્કમાં સારું કમાય છે. તેમણે રાજકોટમાં ઘણી છોકરીઓ જોઈ હતી. પરંતુ આપણી પાયલ પર જ તેમનું મન સ્થિર થયું હતું. પાયલને જોયાં પછી, મળ્યાં પછી મુરતિયાએ બીજી છોકરીઓ જોવાની પણ ના પાડી દીધી હતી.'

'દેખાવડી અને સંસ્કારી તમારી પાયલ કોઈને પણ ગમી જાય તેવી છે. ચાલો, સારું થયું. યોગ્ય કન્યાને અમેરિકા મળ્યું. આપણા દેશની દરેક યુવતીને અમેરિકાનો મુરતિયો જોઈએ છે પરંતુ, દરેકના ભાગ્યમાં આ સુખ નથી હોતું.' સુનયનાની સખી પાયલનાં વખાણ કરતાં બોલી.

બે સખી વચ્ચેની વાતચીત આશુતોષ સાંભળી રહ્યો. આશુતોષ સુનયના વિશે અને સુનયના આશુતોષ વિશે- બંને એકબીજાં માટે જે કાંઈ જાણતાં હતાં તે છેલ્લાં પંદર વર્ષના શનિવારો દરમ્યાન આ રીતની આડકતરી વાતચીત બંને માટે આશીર્વાદ સમાન હતી. ક્યારેક આશુતોષના કોઈ સહકર્મચારી કે ઓળખીતા મળી જાય તો એ વાતચીત કરતો ત્યારે સુનયના એના વિશે જાણી શકતી.

બે હમદર્દ મિત્રો માટે આ પ્રકારની આડકતરી વાતચીતની પ્રથા દુનિયામાં કાંઈ નવી નથી. વિજાતીય દોસ્તી જોડવા માટે વર્ષોથી આ પદ્ધતિનો માત્ર કેટલાંક લોકો અમલ કરતાં આવ્યાં છે, પરંતુ માત્ર બે તાર જોડવા આ પદ્ધતિનો સહારો લેવાનો હોય છે. આ પદ્ધતિ માત્ર શરૂઆત કરવા માટે હોય છે. પંદર પંદર વર્ષ સુધી પદ્ધતિનો ઉપયોગ કરીને જીવતાં આશુતોષ અને સુનયનાને કોઈ મૂર્ખ કહે તો કહે... તેમને તેનો અફસોસ ન હતો. જે ભાગ્યમાં ન હતું તેની કોઈ ફરિયાદ પણ ન હતી. લગીરે અફસોસ ન હતો. અફસોસ હતો તો કોઈ શનિવારે આંખ ન

મળે તેનો. અફસોસ હતો તો એકબીજાંની ચિંતાનો.

એક વાર આશુતોષ ચાર-પાંચ શનિવાર પછી દેખાયો. સ્કૂટર લઈને આવતો આશુતોષ હવે ચાલીને આવતો હતો. દૂરની નજર તેની વધારે કમજોર બની હતી. શરીર ઘસાયું હતું. ચાલવા માટે હવે તે લાકડીનો સહારો લેતો.

'રોજ નજર સામે રહેતો ચહેરો અચાનક દેખાતો બંધ થઈ જાય તો ચિંતા ન થાય ? માણસ મોઢું બતાવવા તો આવે પછી ભલે ચાલ્યો જાય. સાવ મોંઢુ બતાવવા પણ ન આવે તો હજાર સાચા-ખોટા વિચાર ન આવે ?' છણકો કરવાની ઉંમર વટાવી ચૂકેલ અધિકારવિહોણા સંદર્ભનો આશરો લઈ સુનયના કોઈ બહેન સાથે વાત કરી રહી હતી. સુનયનાની ફરિયાદ અને તેના મુખ પર ફૂટેલ છણકાની આછી રેખા આશુતોષને સ્પર્શી ગઈ. એ સુનયના તરફ જોઈ રહ્યો. કાંઈ બોલ્યો નહિ. બોલવાનું તો હતું જ ક્યાં !

●

આજે ફરી શનિવાર હતો. આશુતોષ ક્યારનો આવીને પગથિયા ઉપર બેસી ગયો હતો. સૂર્ય પશ્ચિમ દિશામાં ડૂબવાની તૈયારીમાં હતો. પરંતુ તેનાં છેલ્લાં કિરણો હજુ જાણે જમીન ઉપર પથરાયેલાં પડ્યાં હતાં. આકાશમાં પક્ષીઓ હવે પોતાના માળાની આસપાસ જ ઊડી રહ્યાં હતાં.

બે હાથ પાછળ રાખી સુનયનાએ હનુમાનજીનાં દર્શન કર્યાં. આશુતોષને પગથિયા પાસે બેઠેલો જોઈ તેણે આનંદ અનુભવ્યો. દર્શન કરી એ પોતાના ક્રમ મુજબ બાંકડા ઉપર આવીને બેઠી. વાતચીત કરવા માટે તેણે 'લૉન' પર બેઠેલા ચહેરાઓ પર નજર કરી, પરંતુ કોઈ જાણીતી બહેનો તેને દેખાઈ નહિ.

ધીમેથી નજર ઉઠાવીને તેણે નિશાળના પગથિયા તરફ જોયું. આશુતોષ પગથિયા પર ન હતો. એ પછીનું દૃશ્ય જોઈને સુનયના આશ્ચર્ય અનુભવી રહી. આશુતોષ ધીમા છતાં મક્કમ પગલે તેની તરફ આવી રહ્યો હતો. સુનયના આભી બની જોઈ રહી. આશુતોષ તેની સામે આવીને ઊભો રહ્યો અને પછી હળવું સ્મિત રેલાવીને બોલ્યોઃ 'તમે રજા આપો તો બાંકડા ઉપર થોડી વાર બેસું ?'

'હા... હા... કેમ નહિ ?'

બાંકડા ઉપર ઘણી જગ્યા હતી છતાં સુનયના એક બાજુ ખસી તેને જગ્યા આપી.

'તમારી સાથે થોડી વાત કરવી હતી.' સુનયના કાંઈ બોલી નહિ. માત્ર તેના તરફ જોઈ રહી. થોડી વાર કોઈ કશું બોલ્યું નહિ.

'હા બોલો, ચૂપ કેમ થઈ ગયા ?' સ્મિત આપી સુનયનાએ કહ્યું.

'હું આશુતોષ... આશુતોષ ભટ્ટ. સરકારી નોકરીમાં હતો. છેલ્લાં ચારેક વર્ષથી રિટાયર્ડ થયો છું.'

'મને ક્યાં નથી ખબર !' સુનયનાએ ધીમેથી કહ્યું.

'હા... તમને એ વાતનો ખયાલ છે. સાથે બેસીને આપણે ક્યારેય વાતચીત કરી નથી છતાં એકબીજાં વિશે આપણે ઘણું જાણીએ છીએ. ખરું ને ?' આશુતોષે નમ્રતાથી કહ્યું.

સંધ્યા તેની પૂર્ણ કળાએ ખીલી હતી. મંદિરના મેદાનમાં ભીડ વધી રહી હતી. પરંતુ આ તરડાયેલા ચહેરાઓને તેની દરકાર ન હતી. નિશાળના પગથિયા અને બાંકડા વચ્ચેનું પંદર ફુટનું અંતર કાપતાં પંદર વર્ષ લાગ્યાં હતાં.

વાતનો દોર પોતાના હાથમાં લેતાં આશુતોષ બોલ્યોઃ

'હવે જે વાત હું કરવાનો છું એ તમે જાણતાં નથી, અને આ અગત્યની વાતની જાણ કરવા જ અત્યારે હું તમારી પાસે આવ્યો છું. આવતી કાલે સવારે સાતની ટ્રેનમાં હું હંમેશાં માટે હરદ્વાર જઈ રહ્યો છું.'

'કાલે સવારે જ...? અને હંમેશાં માટે...?' સુનયના પર જાણે વીજળી પડી.

'હા... જીવનના શેષ દિવસો હવે ગંગામૈયાની ગોદમાં પસાર કરવાનું નક્કી કર્યું છે. ચાલીસ વર્ષ પહેલાં મારી વિધવા માને લઈને હું આ શહેરમાં રોટલો રળવા આવ્યો હતો. અપંગ વિધવા માની સંભાળમાં લગ્નની ઉંમર ક્યારે વીતી ગઈ તેનો ખયાલ પણ ન રહ્યો. માને મારાં લગ્નની ચિંતા હંમેશાં રહી. પથારીવશ બીમાર માની સેવા પારકી સ્ત્રી આવીને કરશે કે નહિ કરે તેની દ્વિધામાં આજીવન હું કુંવારો રહ્યો. જનેતાની સેવા કરવામાં મને આનંદ મળતો. કુંવારા રહી જવાનો અફસોસ મને ક્યારેય થયો નથી.' સુનયના મટકું પણ માર્યા વગર આશુતોષને સાંભળી રહી હતી.

હજુ ગયા મહિને જ એંસી વર્ષની ઉંમરે માનું અવસાન થયું. તેમનાં અસ્થિ લઈને હું સવારે હરદ્વાર જઈ રહ્યો છું. અને પછી ત્યાં જ રહેવાનો નિર્ધાર કર્યો છે. હરદ્વાર-હૃષીકેશનાં મંદિરોમાં થાય તેટલી ભક્તિ અને સેવા કરીશ. કેટલાક સંકલ્પ, પૂજાપાઠ પૂર્ણ કરવા છે. સજોડે થતી કેટલીક ધાર્મિક ક્રિયાઓ તો નસીબમાં નથી છતાં બને તેટલું પુણ્યનું ભાથું ઋષિમુનિના પ્રદેશમાં જઈ બાંધવું છે.

હનુમાનજીના મંદિરમાં લોકો હજુ દર્શન કરી રહ્યાં હતાં. અલબત્ત, ભીડ થોડી ઘટી હતી. મેદાન બહાર મેઇન રોડ પર સ્ટ્રીટ લાઇટો થઈ ગઈ હતી. સુનયના લાચાર નજરે આશુતોષને સાંભળી રહી.

'હા.. એક વાત.' લાકડીનો ટેકો લઈ ઊભા થતાં આશુતોષ બોલ્યો.

'હવે મારે તમારી કોઈ વાત સાંભળવી નથી.' ગળગળા અવાજે એ બોલી. આંખોમાં ઊમટેલાં આંસુઓને તો તેણે રોકી રાખ્યાં હતાં પરંતુ અવાજ ઉપર એ કાબૂ રાખી શકી નહીં.

(અનુસંધાન પૃ. ૪૬૭ પર)

ભોપો કલાકાર

ભગીરથ બ્રહ્મભટ્ટ

નારદીપુર ગામના બસસ્ટૅન્ડની દીવાલો જોઈને તમને થાય કે આ દીવાલો ઉપર આટલું સરસ ચિત્ર કોણે દોર્યું હશે ? ચિત્ર તો દોર્યું હોય માત્ર કોલસાથી, પણ એમાં અદ્દભુત કામણ હોય ! અદ્દભુત રેખાઓનો સંયમ હોય ! નૅણ-નાક, ચહેરો એવો ઊઘડી આવ્યો હોય કે આપણને લાગે કે બેનમૂન જીવંત !!! ગામના જાહેર રસ્તાઓની ઘણી દીવાલો ઉપર આવાં ચિત્રો તમને જોવા મળે- એ ચિત્રોમાંથી કેટલાંક તો કોઈ એક છોકરીનાં જ હોય ! એક જ પ્રકારનો ચહેરો દેખાય, પતલી-ઊંચી, નૅણે-નાકે ઘાટીલી. કોલસાથી દોરી હોય તો પણ દૂધ જેવી રૂપાળી લાગે !! મને એમ હંમેશ થયા કરતું કે આ કઈ છોકરી હશે ? કોનું ચિત્ર કોણે દોર્યું હશે ? આટલી બધી ઘાટીલી-સુંદર યુવતી કોણ હશે અને ક્યો યુવાન એનું ચિત્ર જાહેરમાં દોરતો હશે ? શાં માટે દોરતો હશે ? એ મારા કુતૂહલનો વિષય.

એક વાર હું નારદીપુર ગયેલો. મેં ધરાઈ ધરાઈને દીવાલો પરનાં ચિત્રો જોયાં. ચિત્રોમાં કલર ન હોવા છતાં, રેખાની ભાષા અદ્દભુત હતી ! નિરાડંબર સ્વાભાવિક્તા !! હવાડા ઉપર, પાણીની ટાંકી ઉપર, બસ સ્ટૅન્ડની દીવાલ ઉપર, સરકારી દવાખાનાની ભીંતો ઉપર કેટકેટલી જગ્યાએ કોલસાની પીંછીથી ચિત્રો દોરેલાં કલાકારે? મેં ગામમાં પ્રવેશતાં એ ચિત્રો ધરાઈને જોયાં, પછી એક વિદ્યાર્થીને પૂછ્યું- 'આ ચિત્રો કોણ દોરે છે ?'

'એ તો પેલો ભોપો ગૉંડિયો !'

'હું તો નવાઈ પામ્યો 'ગૉંડો' ?' એમ મેં પૂછ્યું.

'હા.' પેલા વિદ્યાર્થીએ કહ્યું.

'મને કહો તમારે એને મળવું છે ? પણ એ અત્યારે ઘેર નહિ હોય. કહો, કેટલા વાગ્યા ?'

મેં કહ્યું : 'બાર'

'બસ, બાર વાગે અહીં તળાવની પાળ પર બેઠો હશે.' અમે થોડુંક ચાલ્યા.

તળાવની પાળ ઉપર આડો પાટ સૂતેલો... પેલા વિદ્યાર્થીએ દૂરથી મને કહ્યું :'એ રહ્યો.'

'હું નહિ આવું' એમ કહી એ ચાલ્યો ગયો.

હું હિંમત કરી એની પાસે ગયો. મેં એની પાસે જઈ પૂછ્યું : 'શું નામ તમારું?'

'ભોપો ગૉંડો, કોયલો, ડફોળ, નાગો, કલાકાર ! બોલો ચિયું નામ કઉં ?'

મેં કહ્યું - 'તમે સરસ ચિત્રો દોરો છો, હોં !'

'એ તો સાયેબ, અહીંથી રેલો આવે છે એટલે આંગળીઓથી ભીંતો પલાળું છું.'

'ના, ના, ખરી વાત છે, તમારામાં કોઈ મોટો કલાકાર બેઠો છે.'

એણે કહ્યું : 'માંય બેઠો છે એટલે બાર કોઈને દેખાતો નથી એનું શું ?' ને તે અસંબદ્ધ હસવા માંડ્યો.

કૂદ્યો, મારો હાથ પકડી ગોળ ગોળ ઘૂમ્યો. ખુશ થઈ ગયો મને કહે:' હું નૈ લૌ.'

અને એ તો પડ્યો તળાવમાં.... આનંદથી નહાવા લાગ્યો. કૂદવા લાગ્યો. બૂમાબૂમ કરતો, પાણી ઉડાડતો, નાચતો પગ પછાડતો એ તળાવમાં આમથી તેમ ડૂબકીઓ લગાવી રહ્યો. હું તો જોતો જ રહી ગયો !! એટલામાં એક ભાઈ આવ્યા. મેં તેમની પાસેથી આ પ્રમાણે વાતો જાણી. મને વાત કરનાર ભોપાના કાકા હતા.

ભોપો પટેલ, માબાપનું એકનું એક સંતાન. લાડમાં ઊછરેલા ભોપાને કોઈની નજર ન લાગી જાય એટલે એની મા એને વેગળો પણ ન રાખે. કોઈ ભોપાને ધ્યાનથી જુએ તો એની મા તેના માથેથી નજર ઉતારે જ. ક્યારેક ભોપો બીમાર પડે તો એની માનો જીવ ઊડી જાય!

એમ ભોપો સાતેક વર્ષનો થયો. એને ભણવા બેસાડ્યો ને એની મા એ જ વર્ષે ગુજરી ગઈ. ભોપો મા વગર મુરઝાયો... શરૂ શરૂમાં ઓછું બોલે, પછી...

શાળામાં ભોપો ભણવામાં ઢ. ઠાગાઠૈયા કરે. માસ્તર એકડો શીખવે તો એ મીંડું દોરે. માસ્તર 'ક' શીખવાડે તો 'ઢ' લખે. તોફાન કરે. દફતરમાં ચોપડીઓની અંદર રોટલીના ટુકડા રાખે. એક વાર માસ્તરે એની ગંદી ચોપડી જોઈ પૂછેલું : 'આ શાના ડાઘ છે ?'

'સાયેબ, રોટલાના.'

'ચોપડીમાં રોટલા રાખે છે સા... લા... ?'

'સાયેબ, મારી માએ કહ્યું'તું રખડવામાં રોટલા નથી, ચોપડીમાં છે.એટલે હું ચોપડીમાં પેલ્લેથી મેલું છું.'

સાહેબનો મિજાજ ગયો. ભોપાની ધોલાઈ કરી નાખી. બસ તે દિવસથી ભોપાની કમાન છટકી. તેણે પાટી-દફતરને ફગાવ્યાં. માથાના વાળ વીંખી નાખ્યા અને નિશાળને રામ રામ કરી દીધા. એના બાપાએ ઘણોય સમજાવ્યો. ઘણુંય કહ્યું - પણ ભોપો માન્યો નહિ. ભોપો નિશાળે જાય નહિ. ઘેર બેઠો બેઠો હાથમાં કોલસો, પાટી, પેન લઈ લીટા કર્યા કરે.... એક વાર તેના બાપાએ પણ તેને પેટ ભરીને માર્યો.

પછી ભોપો ઘરમાંય આવે ના આવે, ફર્યા કરે. રખડ્યા કરે. બાપા કંટાળ્યા. માની લીધું ''ગૉંડો થૈ જ્યો.' ભોપો પણ નવરા માણસો સાથે બેસે. બેઠાડું થતો ગયો. પહેરણની ચાળ મોંમાં ચાવી ચાવી ભીની કરી નાખે. પંદરેકનો થયો એટલે નિશાળેથી છૂટતી છોકરીઓને તાકી રહે. સ્કૂલને દરવાજે એ ઊભો જ હોય. છોકરા ચિઢવે : 'ભોપો કોયલો !'

ક્યારેક ચિઢાય, હાથમાં પથરો લઈ છોકરાંની પાછળ પણ પડે, પણ ઘા ન કરે. છોકરીઓની પાછળ ગાંડો. રિસેસમાં છોકરીઓ ચણા ખાતી હોય તો ત્યાં જઈ માગે-

'એય, મને ?' એમાંથી લીલી નામની છોકરી રોજ ચણા આપે. એ જોતો જોતો - ખાતો ખાતો ચાલ્યો જાય.એ રોજ લીલીને જોતો, લીલી પણ ભોપાને આપીને જ ખાય.

ભોપાની આવી ફરિયાદો એના બાપ પાસે જતી, પણ પછી તો બાપ પણ થાકી ગયેલો. એક વાર ભોપો લીલીને ઘેર ગયો. છોકરીની માએ પૂછ્યું:'કેમ આવ્યો છે ?'

'તમારી લીલી મને ભોપો કલાકાર કહે છે ?'

'તે એમાં શું ખોટું છે ?'

'બધા તો કોયલો કહે છે.'

'ભોપા, એ તો સારું કહેવાય.... બેસ, લે ખાઈ લે.' ભોપો ત્યાં બેઠો. લીલીના સામે જોઈને ખાવા માંડ્યો. લીલીએ પૂછ્યું:'અલ્યા તારી જોડે લગન કોણ કરશે ? આવો ને આવો ક્યાં સુધી રહીશ ?'

ભોપાએ કહ્યું: 'તું છે ને !'

અને લીલીની માએ ગાળો બોલી બોલીને ત્યાંથી ત્યારે ભગાડી મૂક્યો. માર્યો પણ ખરો.

પછી ભોપો ટાઢોબોળ થઈ ગયો. એ શિથિલ થઈ ગયો. ઘણા દિવસો સુધી શાળાના દરવાજે ફરક્યો જ નહિ. તેનું ગાંડપણ જ કંઈક એવા પ્રકારનું કે ક્યારે શું કરે તે કહેવાય નહિ. જ્યાં બેઠો હોય ત્યાં ચિત્રો દોરે. સૂનમૂન બેસી રહે. કોઈને ખબરેય ન પડે.

ભોપાને એક લંગડી છોકરી સાથે પરણાવવાની વાતો ચાલી ત્યારે પણ ભોપો એમ કહેતો:' મારી લીલી...'

પછી તો એ છોકરીએ સંબંધ તોડી નાખેલો... ભોપાને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો. ભોપાની પાસે છોકરાઓ કાગળ લઈને જાય ને કહે, 'લે તારી વહુનો ફોટો દોર....'

ભોપો ચિત્ર દોરતો.... એમાંથી લીલીની મુદ્રા ઊપસી આવતી...

એ ભોપાએ દાકતરને કહી દીધેલું : 'દિયોર તમે બધા ગૉંડા... હું તો ડાયો છું.'

હમણાં લીલીનાં લગન થયાં. ઢોલશરણાઈને સાંભળતો માંડવા પાસે એક બાજુ ખોડાઈને ઊભો રહ્યો. ફેરા ફરતી લીલીને એકીટશે જોઈ રહ્યો. હાથ જોડી રહ્યો.

લગ્ન પૂરાં થયાં. લીલીને વળાવવાની તૈયારી હતી. બધાં મળવા આવવા લાગ્યાં.... ભેગો ભોપોય બધાંની જાણબહાર.... 'ભોપા, હવે તો હું જાઉં છું...' 'ભોપા આવજે .' એટલું જ લીલી બોલી.

ભોપાએ કશુ કહ્યું નહિ.

'કાઢો કાઢો ગૉંડિયાને' એમ કહી ભોપાને મારતું મારતું લોક એને બહાર લઈ ગયું.

લીલીની જાને જેવી ગામમાંથી વિદાય લીધી ત્યાં ભોપો મંદિરને ઓટલે બેસી પડ્યો. ત્યારથી એ ચિત્રો દોરે છે - સુંદર યુવતીનાં...

•

મારે ઘરે જવાનું મોડું થતું હતું અને ભોપો તળાવમાંથી બહાર નીકળવાનું નામ લેતો નહોતો, એટલે એને કશું કહ્યા વિના હું તો બસમાં બેસી ત્યાંથી નીકળી ગયો, પણ રસ્તામાં મને પેલી પંક્તિઓ અનાયાસ યાદ આવી ગઈ. 'માંહ્ય પડ્યા તે મહાસુખ માણે દેખણહારા...' ❒

અનુસંધાન] સૉફ્ટ કૉર્નર [પૃ. ૪૬૫ થી

મંદિરમાં આરતી શરૂ થવાની તૈયારી થઈ રહી હતી.

'તમે મારી સાથે ન આવી શકો ?' આશુતોષે કાંપતા સ્વરે પૂછ્યું.

સુનયનાના પગ નીચેની જમીન જાણે ધ્રૂજી ઊઠી. 'આફ્ટર શૉક' દરમ્યાન જમીન ઘણી વાર ધ્રૂજી હતી. પરંતુ સુનયના માટે અત્યારની ધ્રુજારી ધરતીકંપના મુખ્ય આંચકાથી કાંઈ ઓછી ન હતી.

'દીકરી અમેરિકા સ્થિર થઈ છે. હવે કોઈ સાંસારિક જવાબદારી ન હોય તો મારી સાથે પ્રભુભક્તિમાં...'

મંદિરમાં આરતી શરૂ થઈગઈ હતી. દૂર સુધી સંભળાતો ઝાલરનો અવાજ ધાર્મિક વાતાવરણમાં તાજગી ભરતો હતો.

'હરદ્વાર જતી ટ્રેન સવારે સાત ને દશ મિનિટે ઊપડે છે.' આશુતોષે ટ્રેનના સમયને દોહરાવ્યો.

'આરતી શરૂ થઈ ગઈ છે.' આશુતોષની વાતને પડતી મૂકીને સુનયના બોલી અને ઉતાવળે પગલે એ મંદિર તરફ ચાલવા લાગી.

આરતી પૂરી થયા બાદ વિખેરાતી ભીડમાં આશુતોષ સુનયનાને શોધી રહ્યો. પરંતુ એ ત્યાં ન હતી.

•

રેલવે સ્ટેશનની મોટી ઘડિયાળમાં સાત થવા આવ્યા હતા. સૂર્યનાં સોનેરી કિરણો જમીન પર પથરાઈ રહ્યાં હતાં. રાતભર છવાયેલું અંધકારનું સામ્રાજ્ય ક્યારનું લુપ્ત થયું હતું. લાંબી અંધકારની રાતનો સામનો કરી થાકેલાં કેટલાંક પક્ષીઓ તો મોંસુજણું થતાં જ માળામાંથી ઊડી આકાશમાં ઊડવા લાગ્યાં હતાં. જમીન પર પ્રકાશ ફેલાતાં શહેરનું જીવન પણ ફરી ધબકતું

(અનુસંધાન પૃ. ૪૭૩ પર)

'ચાલો વાસણ વહેંચીએ'

કલ્પના દેસાઈ

'છગનકાકાને ત્યાંથી આ ડબ્બો મોકલાવ્યો છે.'

'ક્યા છગનકાકા ? ને અમારે ત્યાં કેમ ડબ્બો મોકલાવ્યો ?'

'પેલા સરદાર ચૉકમાં, હમણાં થોડા દિવસ પહેલાં ગુજરી ગયા ને ? તેમને ત્યાંથી મોકલ્યો છે.'

'પણ એ તો જીવતા હતા ત્યારે પણ મોકલી શકત ને ? અમારો ડબ્બો છે ? એમને ત્યાં રહી ગયેલો ? કંઈ કહેવડાવ્યું છે ?'

'ના, આ તો એમના દીકરાએ બાપુજીની યાદમાં, ગામમાં ને સગેવહાલે ડબ્બા વહેંચ્યા છે ને લિસ્ટમાં તમારું પણ નામ છે એટલે.'

મેં ઘણી જ નમ્રતાથી ડબ્બો લેવાની ના પાડી ને કહ્યું કે, 'મરનારની યાદ તરીકે વહેંચાતાં વાસણ અમે લેતાં નથી. માફ કરજો.'

પણ એમ 'માફ કરજો' કહેવાથી વાત પતે છે ? મગજમાં કેવા વિચારો ચાલુ થઈ જાય ? છગનકાકાને તો ત્રણ દીકરા છે ને ખાસ્સું કમાતા ! બધા ભેગા થઈને વહેંચે તો નાના-મોટા ડબ્બાનો આખો સેટ વહેંચી શકે. અથવા તો ડબ્બા જ શું કામ ? ડિનર સેટ કે પવાલી કે બેડાંનો સેટ પણ વહેંચે તો ચાલે. ડબ્બા વહેંચીને બેસી ગયા તે બારમા-તેરમાનું બૂફે કોણ જમાડશે ? છગનકાકા હોત તો વાત જુદી હતી. આખા ગામને જમાડ્યું હોત ! પણ આ છોકરાઓને તો બસ, ડબ્બા વહેંચીને છૂટી પડવું છે.

મને યાદ છે. નીરુકાકી ગુજરી ગયેલાં ત્યારે એમના દીકરાએ ડિશ વહેંચેલી. કહેવાય ડિશ પણ સાવ પતરા જેવી ! હાથમાં પકડો એટલે જ ગોબા પડવા માંડે. ચાનો કપ ઢાંકવા પણ કામ ન આવે એટલી મોટી ડિશ ! એનું જોઈને એની મોટી બહેને 'મા'ની યાદમાં ચમચી વહેંચેલી. મસાલાના ડબ્બામાં મૂકે તો ચપટી મરચું પણ ન માય એવડી મોટી ! ને નાની બહેને વટ મારવા ગ્લાસ વહેંચ્યા. નાનાં છોકરાંને ઘર-ઘર રમવામાં ચાલે એવા ગ્લાસને માથામાં મારવું ! પણ મોટે ઉપાડે વાસણ વહેંચવા નીકળે એટલે સંબંધની શરમમાં ના તો કહેવાય નહીં. એ... ય મારે ત્યાં તો આખ્ખો કબાટ ભરીને મરનારની યાદો પડી છે ! એમાંથી એકેય વાસણ કામ આવે એવું નથી. આખું તળિયું ભરાઈ જાય એટલાં નામો ચિતરાવી મારે એટલે કોઈને ગિફ્ટમાં પણ ન અપાય. બાકી આ જ સુધીમાં કેટલાય બર્થડે ગયા અને કેટલાંય લગ્નો ગયાં- સેટના સેટ આપી શકાત!

હવે જ્યારે મેં આવાં રમકડાં જેવાં કે પડપડિયા પતરા જેવાં વાસણો લેવાનું બંધ કર્યું ત્યારે લોકોએ મોટા ડબ્બા, થાળી, તાંબાના લોટા, તરભાણાં વહેંચવાનું ચાલું કર્યું ! પણ એવા રડ્યાખડ્યા, એકાદ બે વાસણને શું કરવું ? બધાં જ સંપીને વહેંચતા હોય તો લોકોને ત્યાં સેટ બની જાય કે ની ? 'ભઈ, તારે ત્યાં ડોસા ઉપર જાય ત્યારે આ સાઈઝની થાળી વહેંચજે. હું મારી માજી વખતે વાડકા-ચમચા ને ગ્લાસ વહેંચીશ એટલે એક સેટ થઈ જાય.' એમ બધાં સમજી વિચારીને નક્કી કરે તો લોકોનો વાસણ વહેંચવાનો અને લેવાનો પણ ઉમંગ બેવડાઈ જાય.

જો કે, આ કામ તો માણસ જીવતે જીવ પણ કરી શકે. પહેલેથી જ કહી જાય કે, 'હું તો કાયમ ગોબાવાળી થાળીમાં જ જમ્યો છું એટલે મારી પાછળ જરા સારી થાળી વહેંચજો.' અથવા તો 'આપણે ત્યાં પૂરી તળવા માટે મોટો ઝારો લાવતાં લાવતાં રહી જ ગયો છે તો હું જાઉં પછી ઝારો જ વહેંચજો.' 'મારું જીવન ધૂપસળી જેવું ગયું છે એટલે મારી યાદમાં મારી પાછળ ધૂપસળીનું સ્ટૅન્ડ વહેંચજો. લોકોને પ્રેરણા મળશે.' 'આપણે ત્યાં સારી સાણસીના અભાવે કાયમ ચા-દૂધ ઢોળાવાના, દાઝવાના પ્રસંગો બન્યા છે, રોજ, દિવસમાં પચાસ વખત સાણસી વાપરીને મને યાદ તો કરશે.' ને વાસણ વહેંચવાં જોઈએ એવું થોડું છે ? જીવનજરૂરિયાતની તો કેટલીય ચીજો છે, જે માણસને મળે તો એમ થાય કે,'ચાલો સારું થયું 'આ' આપ્યું તે. આપણે તો લાવું-લાવું કરતાં રહીં જ જતું હતું. ને મફતનું હોય એમાં પછી કંઈ ક્વૉલિટી-બૉલિટી જોવા ન બેસાય ! '

હું તો એટલે સુધી કહું કે, બેસણાને દિવસે જ આ 'વહેંચણા' પ્રોગ્રામ રાખી લેવાનો. સાડી કે શર્ટ-પેન્ટના પીસ પણ રાખી શકાય. અમુક નંબરના ચંપલ કે સ્લીપર પણ બધાં હોંશે હોંશે લઈ જશે. છત્રી, ટોપી, રેઈનકોટ, અમુક કિલો ખાંડ, ચોખા, ઘઉં કે ચા-કૉફીના પૅકેટ્સ, ટ્રેનની ટિકિટ, મેકઅપનો સામાન, દાઢીનો સામાન.... ઓહોહો ! બહું લાંબું લિસ્ટ થઈ જાય પણ વિવિધતા રહે તો લોકો સ્મશાને જવામાં કે બેસણામાં જવામાં જરાય વિલંબ પણ નહીં કરે ને પોતાની હાજરીની નોંધ લેવાઈ કે નહીં તેની કાળજી પણ રાખશે.

પછી તો, જેમના લોકો સાથે સંબંધ વધારે હોય તેઓ તો ઓછા પૈસે ઘર ચલાવી શકે એવા વિશાળ હૃદયના થઈ જશે. આજ સુધી તો એવું હતું કે, બધાંને ઘેર સરખાં જ વાસણ વહેંચાયાં હોય એટલે જોતાં જ બોલી પડાય, 'આ તો કાશીબાને ત્યાંની વાટકીને ? સાવ કેવી છે નહીં ?, પણ જ્યારે પસંદગીની સાડી કે શર્ટ લીધાં હોય ત્યારે કશે બહાર જતાં પહેલાં કંઈક આવી વાતચીત થશે, 'કબાટમાંથી મારે માટે પેલું રામુકાકાવાળું શર્ટ ને શામુકાકાવાળું પૅન્ટ આપજે. ને તું પણ ગજરાકાકીવાળી સાડી પહેરજે.' 'આજે મહેમાન આવવાના છે તે દિનુમામાવાળા

(અનુસંધાન પૃ. ૪૭૧ પર)

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૧૭મી માર્ચ ૧૯૪૪
મારી પ્રિય સખી,

બધું જ થાળે પડી ગયું છે. બેપનું ગળું જ પકડાયું હતું, ફ્લુ નહોતો થયો. અને શ્રી કુગ્લરને મેડિકલ સર્ટિફિકેટ મળી ગયું એથી એમને 'કામે' જવું પડ્યું નહિ. ગુપ્ત નિવાસના બધા જ રહેવાસીઓને હાશ થઈ ગયું. બધું કાંઈ ઠીક છે. એક હું ને માર્ગટ અમારાં મા-બાપથી કંટાળી ગયાં છીએ.

તું ગેરસમજ કરતી નહિ. મને પપ્પા પહેલાંની જેમ જ વહાલા છે અને માર્ગટને તો મમ્મી અને પપ્પા બંને વહાલાં છે. પણ અમારી આ ઉંમરે થોડાક નિર્ણયો અમારે પોતે લેવા હોય એમની હકૂમત સિવાય. હું જ્યારે પણ ઉપર જાઉં ત્યારે સવાલ પુછાયો જ હોય કે શા માટે જાઉં છું. જમવા બેસું તો જમવાના પદાર્થ પર મીઠું પણ એ લોકો છાંટી દે. રાતે સવા આઠ વાગે મમ્મી કહે, હવે રાતનાં કપડાં બદલવાનો વખત થઈ ગયો. કોઈ પણ ચોપડી વાંચવી હોય તો એમની મંજૂરી લેવી પડે. મારે સ્વીકારવું રહ્યું કે વાચનની બાબતમાં એ લોકો ખૂબ જ આગ્રહી નથી. અમને જે ગમે તે વાંચવા દે છે. પણ આખો દિવસ એમની ટીકાઓ સાંભળીને ને એમના પ્રશ્નોના જવાબ આપીને એટલે કે હું ને માર્ગટ કંટાળી ગયાં છીએ.

એમને તો હજી એક વાત ગમતી નથીઃ હવે અમને સવાર, બપોર, સાંજના ચુંબનો કરવાં પસંદ નથી. એમણે પાડેલાં હુલામણાં નામનો પણ કંટાળો આવે છે. અને પપ્પાની સંડાસની તથા વાછૂટ વિશેની વાતોની પણ હવે સૂગ ચડે છે. ટૂંકમાં કહું તો થોડો વખત માટે મને એમની કંપની વિના રહેવું ગમશે. અને આ વાત એ લોકો સમજતાં જ નથી. અલબત્ત, આ બધું મેં કે માર્ગટે કહ્યું નથી અને કહેવાથી કાંઈ ફાયદો પણ થવાનો નથી. કારણ કે એ લોકો અમને સમજી શકતાં નથી.

માર્ગટ કાલ રાતે કહેતી હતી કે, ખરું દુઃખ તો એ વાતનું છે કે તે બે હાથમાં માથું મૂકીને તમારાથી નિઃસાસોય મુકાય નહિ કારણ કે તો સવાલ આવે જ કેમ માથું દુઃખે છે, તબિયત સારી નથી.

અમને બંનેને અચાનક જ ભાન થયું છે કે એક વખત અમારું જે સુંદર, સરળ, સુસંવાદી કુટુંબ હતું એમાંનું હવે કાંઈ જ બચ્યું નથી! આ વાતનો અમને માનસિક આઘાત જ લાગ્યો. એનું મુખ્ય કારણ છે અહીંની અસામાન્ય પરિસ્થિતિ. સામાન્ય પરિસ્થિતિમાં અમે એમને બાળક લાગતાં હોઈશું પણ અહીંના માહોલમાં અમે ઘણાં જ પુખ્ત થઈ ગયાં છીએ. મારી ઉંમર છે ચૌદ વરસની પણ મને શું જોઈએ છે અને શું નહિ એનું મને જ્ઞાન છે. કોણ સાચું છે ને કોણ ખોટું છે એ હું કહી શકું છું. મારે મારા અભિપ્રાય છે, મારા વિચારો છે અને મારા નિયમો છે. હું એક બાળક મટી મોટી વ્યક્તિ બની ગઈ હોઉં એવું મને લાગે છે. મમ્મી કરતાં દલીલ કરવામાં અને ચર્ચા કરવામાં હું ઘણી હોંશિયાર છું. હું પરિસ્થિતિને તટસ્થ તરીકે જોઈ શકું છું, એમના કરતાં અતિશયોક્તિ કરવાની ટેવ મારામાં ઓછી છે. મમ્મી કરતાં ચોખ્ખાઈ પણ મારામાં વધારે છે.કોઈ પણ કામમાં મારો હાથ પણ વધુ સારો બેસી જાય છે. અને એટલે જ (તને કદાચ હસવું આવશે પણ) ઘણી બધી બાબતમાં હું મમ્મીથી ચડિયાતી છું એવું મને લાગે છે. કોઈ પણ વ્યક્તિ પર પ્રેમ કરવો હોય તો એ વ્યક્તિ માટે માન થવું જોઈએ, એને ચાહવી જોઈએ. પણ મમ્મી માટે મને એવું કાંઈ જ લાગતું નથી.

આ બધાનું પણ મને વિશેષ કાંઈ લાગ્યું ન હોત જો મને પીટર મળ્યો હોત. હું એને ચાહું છું, એ ખૂબ વ્યવસ્થિત ને કાર્યક્ષમ છે.

લિ. એન. મે. ફ્રેંક

શનિવાર, ૧૮મી માર્ચ ૧૯૪૪
પ્રિયતમ કિટી,

મારા વિશે અને મારી લાગણીઓ વિશે જેટલી વાતો મેં તને કરી છે એટલી મેં આ દુનિયાની બીજી કોઈ વ્યક્તિને કરી નથી. તો પછી મારે જાતીય સંબંધો વિશેની વાત શું કામ ન ઉમેરવી ?

જાતીય સંબંધોની બાબતમાં મા-બાપો અને સર્વસામાન્ય લોકોનું વર્તન વિશિષ્ટ પ્રકારનું રહ્યું છે. એમનાં દીકરા-દીકરી બાર વર્ષનાં થાય ત્યારે વ્યવસ્થિત સમજાવીને વાત કહેવાને બદલે આ વિષય નીકળે કે તરત એમને રૂમની બહાર કાઢી મૂકે. અને એમ પોતાની મેળે મેળે જ આ બાબતનું જ્ઞાન મેળવવાનો વારો આવે. પછી જ્યારે મા-બાપોને ખબર પડે કે ગમે તે રીતે એમનાં બાળકોએ આ જ્ઞાન મેળવ્યું છે એટલે એ લોકો માની લે કે બાળકો ખરેખર જાણતાં હોય એનાથી ઓછું જ જાણે છે અથવા તો વધારે પડતું જાણે છે. પણ એના કરતાં બાળકો જાતે જ એ જ્ઞાન પરેખર

એમની પાસેથી જાણીને એ અધૂરું જ્ઞાન પૂરું કેમ નહિ કરતાં હોય?

એ બધાંને એક જ વાતનો ડર છે કે છોકરાંઓ આ બધું જાણી લેશે તો લગ્નની પવિત્રતા એમને મન ઓછી થઈ જશે. આ જ એમની સામે મોટો અવરોધ છે. જે મારી દૃષ્ટિએ કાંઈ બહુ મોટી વાત નથી કારણ કે એ પવિત્રતાનો ખાસ કાંઈ અર્થ નથી. મારા હિસાબે, પુરુષો થોડા અનુભવ સાથે લગ્ન કરે તો એમાં કાંઈ જ ખોટું નથી. કારણ કે એને અને લગ્નને કાંઈ સંબંધ જ નથી બરાબર?

હું અગિયાર વર્ષની થઈ એટલે મને માસિક વિશે વાત કરી. પણ ત્યારેય મને ખયાલ નહોતો કે આ રક્તસ્ત્રાવ ક્યાંથી થાય છે અને શું કામ થાય છે. પછી મને બાર વર્ષ પૂરાં થયાં ત્યારે જૅકી જે મારા જેટલી અજ્ઞાન નહોતી એની પાસેથી થોડું વધારે શીખી. મારી પોતાની કલ્પના-શક્તિથી મેં અંદાજ બાંધ્યો કે સ્ત્રી અને પુરુષ સાથે મળીને શું કરતાં હશે. પહેલાં તો મને આ વાત ગાંડા જેવી જ લાગી. પણ પછી જ્યારે જૅકી પણ એની સાથે સંમત થઈ. ત્યારે મને અભિમાન થયું કે એ વાત હું મેળે મેળે જ સમજી ગઈ!

મને એ વાત પણ જૅકીએ જ કહી કે બાળક કાંઈ માના પેટમાંથી જન્મતું નથી. એણે કહ્યું કે,'એ તો જ્યાંથી કાચો માલ જાય ત્યાંથી તૈયાર માલ બહાર આવે!' મેં અને જૅકીએ જાતીય સંબંધોની એક ચોપડીમાંથી બીજી વાતો વિશે જાણકારી મેળવી. હવે મને એ પણ ખબર છે તમને બાળક ન જોઈતું હોય તો તમે એ રોકી પણ શકો છો. પણ એ કેવી રીતે થતું હશે એ એક રહસ્ય જ છે. અહીં આવ્યા પછી પપ્પાએ મને વેશ્યા વિશે વાત કરી. પણ છતાં હજી ઘણા બધા પ્રશ્નો છે જેના જવાબ મારી પાસે નથી.

જો માતા આ બધી વાત છોકરાંઓને ન કરે તો પછી છોકરાંઓ મેળે મેળે અહીંથી ત્યાંથી થોડું થોડું જાણી લેવાનાં, અને આ કાંઈ બરાબર તો ન જ કહેવાય.

આજે શનિવાર છે. તો પણ હું કંટાળી ગઈ નથી! કારણ કે આજે હું માળિયે પીટર સાથે હતી. ત્યાં હું આંખો મીંચીને સ્વપ્નો જોતી રહી, મજા આવી.

લિ. ઍન. મે. ફ્રેંક

રવિવાર, ૧૯મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

કાલના દિવસનું મારે મન ઘણું મહત્ત્વ છે. બપોરે જમ્યા પછી બધું રાબેતા મુજબ ચાલતું હતું. પાંચ વાગ્યે મેં બટાકા રાંધવા માટે ચડાવ્યા પછી મમ્મીએ મને એક સૉસેજ લઈને પીટરને આપવા કહ્યું. પહેલાં તો મારી ઇચ્છા નહોતી પણ પછી હું લઈ ગઈ. પણ પીટરે કાંઈ સૉસેજ ખાધું નહિ. મને લાગ્યું કે ગઈ કાલે અવિશ્વાસ પર જે દલીલો અમારી વચ્ચે થઈ હતી એને કારણે જ એ સૉસેજ ખાવાની ના પાડતો હતો. અચાનક આ વાતનો ભાર હું ખમી શકી નહિ અને મારી આંખો એકદમ ભરાઈ આવી. કાંઈ જ બોલ્યા વિના હું પાછી ફરી, મમ્મીને સૉસેજ આપીને સંડાસમાં જઈને હું ખૂબ રડી. પછી મેં આ બાબતનો ખુલાસો કરવાનું નક્કી કર્યું. રાતે જમતાં પહેલાં અમે ચારેય એક શબ્દકોયડો ઉકેલવા મદદ કરતાં હતાં એટલે મારાથી કાંઈ વાત થઈ શકી નહિ. પણ અમે જમવા બેસતાં હતાં ત્યારે ધીમે સાદે મેં એને પૂછ્યું, 'આજે તું શૉર્ટ હૅન્ડની પ્રૅક્ટિસ કરવાનો છે ?'

'ના' એણે જવાબ આપ્યો.

'પછી મારે તારી સાથે વાત કરવી છે.'

એણે હા પાડી.

વાસણ સાફ કર્યાં પછી હું એના રૂમ પર ગઈ અને પૂછ્યું,' કેમ આપણા ઝગડાને કારણે આજે સૉસેજ ખાવાની ના પાડી ? સદ્નસીબે એ કારણ નહોતું. એને લાગ્યું કે આમ જલદી જલદી સૉસેજ ખાઈ લેવાની અધીરાઈ બતાવવી સારું ન કહેવાય. નીચે ખૂબ ગરમી થતી હતી. મારો ચહેરો પણ લાલચોળ થઈ ગયો હતો. માર્ગટને પાણી આપવા નીચે ગયા પછી હું ફરી ઉપર જવા નીકળી ત્યારે ચહેરો જરા સારો દેખાય એટલા માટે જ વૅનડાનના રૂમની બારી પાસે તાજી હવા ખાવા ઊભી રહી. પછી પીટર પાસે ગઈ. બારીની ડાબી બાજુએ એ ઊભો હતો એટલે હું જમણી બાજુએ ઊભી. રાતના અંધૂક વખતે ખૂલી બારી પાસે દિવસના અજવાળા કરતાં વાતો કરવી સહેલી લાગતી હતી. પીટરને પણ એમ જ લાગતું હતું એમ મને લાગ્યું. ત્યાં અમે એટલી બધી વાતો કરી કે એ બધી જ અહીંયાં ઉતારવી શક્ય જ નથી. પણ એનાથી ખૂબ સારું લાગ્યું. અત્યાર સુધી આ ગુપ્ત નિવાસમાં ગાળેલી એ સૌથી સરસ રાત હતી. અમે જે કાંઈ વાતો કરી એ હું તને ટૂંકમાં જ કહીશ.

પહેલાં તો અમે મતભેદો અને ઝગડાઓ ઉપર વાતો કરી. હવે એ ઝગડાઓ તરફ અમારો દૃષ્ટિકોણ કેવો બદલાઈ ગયો છે એની પર પણ વાતો થઈ. પછી વિષય હતો કે અમે અમારાં મા-બાપથી કેવાં દૂર થતાં જઈએ છીએ. મેં પીટરને મમ્મી, પપ્પા, માર્ગટ અને મારા વિશે વાતો કરી. એમાં એક વખત એણે પૂછ્યું:' તમે રાતે સૂતાં પહેલાં એકબીજાંને ચુંબન કરો છો નહિ ?'

'એક વાર ? અને અનેક વાર. તમે લોકો એમ નથી કરતાં નહિ?'

'ના, મેં તો કોઈને ક્યારેય ચુંબન કર્યું નથી.'

'તારા જન્મદિવસે પણ નહિ ?'

'હા, અત્યારે કર્યું છે.'

પછી વાતોનો વિષય હતો કે અમારામાંથી કોઈને એનાં મા-બાપ પર વિશ્વાસ નથી. એનાં મા-બાપ તો એકબીજાં પર કેટલો પ્રેમ કરે છે. એનેય મન થાય છે કે એ એમને બધી વાતો કરે. પણ એને એમ કરવું નથી. હું રાતે રડીને મન મોકળું કરું છું અને એ ઉપર માળિયે જઈને ગુસ્સો ઉતારે છે. પછી હું ને માર્ગટ હવે

એકમેકને ઓળખવા માંડ્યાં છીએ પણ છતાં એકબીજાંને અંતરની વાત કરતાં નથી. અને એનું કારણ છે કે અમે હંમેશાં એકબીજાંની સાથે ને સાથે જ હોઈએ છીએ એની પર વાતો થઈ. અમે મનમાં આવે એ બધા જ વિષયો પર વાતો કરી. વિશ્વાસ ઉપર, લાગણીઓ ઉપર અને અમારી પોતાની. ને અરે કિટી, મેં એને ધાર્યો હતો એવો જ એ છે.

અમે ૧૯૪૨ની પણ વાતો કરી. ત્યારે અમે કેવાં જુદાં હતાં એની પર ચર્ચા કરી. એ વખતના અમારા વ્યક્તિત્વને હવે અમે ઓળખી પણ શકતાં નથી. શરૂઆતમાં તો અમને એકબીજાં સાથે જરાય ફાવતું નહિ. એને હું એક બકબક કરતી ગુંદર જ લાગતી હતી. અને મેં પણ ધારી લીધું હતું કે આ ભાઈમાં ખાસ કાંઈ માલ નથી. મને એ વાત ક્યારેય ન સમજાઈ કે આ છોકરો મારી પાછળ ઘેલો કેમ થતો નથી. પણ એ ઘેલો ન થયો એ સારું જ થયું. એણે પણ કબૂલ કર્યું કે ત્યારે એને વારે વારે પોતાના રૂમમાં ભાગી જવાની ટેવ હતી. મેં એને ત્યારે કહ્યું કે મારું બકબક કરવું અને એનું મૌન સેવવું એ તો એક જ સિક્કાની બે બાજુઓ હતી. શાંતિ તો મને પણ ગમતી હતી પણ ફક્ત જ મારી જ કહેવાય એવી મારી પાસે કોઈ જગ્યા નહોતી જ્યાં હું એકલી રહી શકું, સિવાય કે આ ડાયરી. હું જ્યાં હોઉં ત્યાંથી ડસેલથી માંડીને બધાં જ મને ભગાડી મૂકવા કાયમ તૈયાર રહેતાં. આખો વખત મમ્મી-પપ્પા સાથે બેસી રહેવું મને ગમતું નહિ. એણે આનંદ વ્યક્ત કર્યો કે મારાં મા-બાપને છોકરાં છે. મેંય કહ્યું કે એ અહીંયાં છે એ પણ એટલા જ આનંદની વાત છે. પછી મેં કહ્યું કે એનાં મા-બાપ ઝગડે ત્યારે એને કેવું લાગતું હશે. એ હું જાણું છું અને હું એને મદદ કરવા પણ તૈયાર છું.

'પણ તું તો મને હંમેશાં મદદ કરે જ છે.' એણે કહ્યું.

'એ કેવી રીતે ?' આશ્ચર્ય સાથે મેં પૂછ્યું.

'ખુશમિજાજ રહીને.'

આખી સાંજમાં એણે કરેલી આ સૌથી સુંદર વાત. એણે એમ પણ કહ્યું કે હું એના રૂમ પર જાઉં તો એનો એને પહેલાં હતો એવો વાંધો હવે નથી. ખરેખર તો એને એ ગમે છે. મેં એને એમ પણ કહ્યું કે મમ્મી-પપ્પા હુલામણાં નામ પાડે કે વારેવારે ચુંબન કરે એથી કાંઈ એકબીજાં પરનો વિશ્વાસ વધતો નથી. પછી તો અમે પોતાને ગમે તે પ્રમાણે કામ કરવા વિશે, ડાયરી વિશે, એકલતા વિશે, વ્યક્તિનું બાહ્ય રૂપ અને અંદરના રૂપ વચ્ચેના અંતર વિશે મેં ચડાવેલા મ્હોરા વિશે વગેરે વગેરે વિષયો પર વાતો કરી.

અનેરો અનુભવ હતો એ. હવે નક્કી મને એક મિત્ર તરીકે ચાહવા લાગ્યો હશે. અને અત્યાર માટે એ પૂરતું છે. હું એટલી તો ખુશ છું કે એ વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી. કિટી, મારું લખાણ હંમેશ જેવું નથી એ માટે મને માફ કર. મારા મનમાં જે કાંઈ આવ્યું એ બધું જ લખી નાખ્યું છે!

મને લાગે છે કે પીટર અને હું બંને એક મીઠું સ્વપ્નું સેવીએ છીએ. મને નીરખતી એ આંખો એનું એ હાસ્ય અને આંખોનો પલકારો જાણે મારા હૃદયમાં સોસરવો ઊતરી જાય છે. આશા કરું કે બધું આમ જ રહે. આનંદભર્યા અનેક અનેક કલાકો એની સાથે ગુજરે. તારી આભારી અને આનંદવિભોર

ઍન.

અનુસંધાન] ચાલો વાસણ વહેંચીએ [પૃ. ૪૬૮ થી

ગ્લાસમાં પાણી આપજે. ડિઝાઈન સરસ છે.' 'આજે તો સવિતાકાકીવાળા ઘઉં દળાવ્યા છે તેની રોટલી બનાવી છે કેવી છે ?'

પણ આ તો બધા તુક્કા છે. જ્યારે એકાદ જણને ગિફ્ટ આપવાની હોય ત્યારની મનોસ્થિતિ અને જથ્થાબંધ વસ્તુઓ વહેંચવાની હોય ત્યારની મનોસ્થિતિમાં આસમાન-જમીનનો ફેર આવી જાય. વહેંચવાનું છે ને ? જાઓ હોલસેલ માર્કેટમાં ને ઓછામાં ઓછી કિંમતની પણ ખરાબ ન દેખાય તેવી વસ્તુઓ લઈ આવો. આખરે તો જેવું આપશો તેવું જ મળવાનું છે !

માણસનું મગજ પણ કેવું કેવું વિચારી લે છે ? વિકલ્પો તો જોઈએ એટલા શોધી કાઢશે પણ એમ નહીં કે, નહીં એટલે નહીં ! મરનારની ફક્ત યાદ જ કાફી છે. તે પણ ઘરનાંને રાખવી હોય તો ! બાકી તો બહારનાંને ક્યાં કોઈને ફુરસદ છે કે બધાંને યાદ કરતાં ફરે! 'કંઈક તો લેવું જ પડશે.' - ના આગ્રહની જેમ 'કંઈક તો વહેંચવું જ પડશે.' નો દુરાગ્રહ ન રખાય ?

ઘણી વાર તો પર્સનો પૈસો પણ ન ખર્ચાયો હોય અને બીજાની ગાડીમાં જ ઘેર-ઘેર ભટકવાનું હોય તો પણ વાસણ વહેંચનાર લુખ્ખાઓ (કે લુખ્ખીઓ) વટ મારી જાય તે આપણા જેવાં ભીનાં હૃદયવાળાંથી સહન થાય ! શહેરના કરોડપતિને ત્યાંથી, બે છોકરીઓ આવાં જ વાસણ વહેંચવા નીકળેલી. 'મકનજી શેઠને ત્યાંથી એમનાં બાની યાદમાં આ ડબ્બો મોકલ્યો છે.' 'માફ કરના. આગે જાઓ' ને બદલે મેં કહ્યું , 'સૉરી, અમે આવાં વાસણ નથી લેતાં.' ખાસ્સા મોટા ને ભારી ડબ્બાને રિજેક્ટ કરનાર તરફ અકડીને જોઈ કહ્યું, 'તમને ખબર છે અમે કોને ત્યાંથી આવીએ છીએ?'

'જ્યારે ડબ્બો લેવો જ નથી તો પછી તમે રાજાને ત્યાંથી આવતાં હો તો પણ મને કોઈ ફરક નથી પડતો.'

એક ડબ્બો બચ્યો તેની ખુશી થવી જોઈએ, તેને બદલે ગુસ્સામાં પગ પછાડતી (વાસણ તો પછાડાય નહીં !) જતી રહી. મને મારા મન પર કાબૂ રહેવા બદલ ગર્વ થયો. (ગમે ત્યારે લલચાઈ જાત - ચંચળ હોય ને !) ❐

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

વહ તો ઝાંસીવાલી રાની થી

તા.૧૭-૬-૯૯. આજે ૧૭મી જૂન છે. ૧૭મી જૂન ૧૮૫૮ને રોજ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ આઝાદીનું યુદ્ધ લડતાં લડતાં શહીદ થઈ હતી. ૧૮૫૭-૫૮ના બળવાને આપણે આઝાદીની પહેલી લડાઈ ગણીએ છીએ. પણ તે તો દેખાવ પૂરતું જ લાગે છે. ઝાંસીની રાણી વિષે આપણને કેટલી ખબર છે ? અમે તો સુભદ્રાકુમારી ચૌહાણની કવિતા:' ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી' હિન્દીની પરીક્ષા આપતી વખતે વાંચી ત્યારે તેની ઓળખાણ થઈ. વચ્ચે સોહરાબ મોદીએ તેના ઉપર એક ફિલ્મ બનાવી હતી, તેમાં ઘોડેસવારી કરતી, હાથમાં તલવાર અને પીઠ પાછળ લૂગડાંમાં બાળક બાંધીને લડતી આ રાણી બતાવી હતી. પણ આ તો બધી આજથી ૫૦ વર્ષ પહેલાંની વાત. આજે તો ઝાંસીને એક રેલવે જંકશન તરીકે જ આપણે જાણીએ છીએ.

હમણાં જ એક અમેરિકન ઇતિહાસકાર જોયસ ચૅપ્રાનું એક પુસ્તક બહાર પડ્યું છે. તેમાં લક્ષ્મીબાઈ એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મી હતી એમ વાંચ્યું આપણને બ્રાહ્મણ, ક્ષત્રિયના નાતજાતના ભેદમાં રસ નથી પણ મુખ્ય વાત એ છે કે લક્ષ્મીબાઈએ તે જમાનામાં (આજથી ૧૪૧ વર્ષ પહેલાં) સ્ત્રીઓની એક આખી ઘુડસવાર રૅજિમેન્ટ ઊભી કરી હતી. તેની રૅજિમેન્ટમાં નાત કે ધર્મના ભેદ વગર બધી દેશદાઝથી ભરેલી સ્ત્રીઓ ભરતી થઈ અને આઝાદીની લડાઈ લડતાં કેટલીએ શહીદ થઈ. ગ્વાલિયરથી પૂર્વમાં જ્યાં અંગ્રેજ લશ્કર સામે લડતાં લડતાં લક્ષ્મીબાઈ અને તેની સ્ત્રી-રૅજિમેન્ટની વિરાંગનાઓ શહીદ થઈ તે જગ્યાએ આજે તેની પથ્થરની કોરેલી મૂર્તિ છે. પણ આસપાસનાં ગામલોકો સિવાય અન્યને તેની કશી માહિતી નથી. હા, આપણા રિવાજ મુજબ ગ્વાલિયર - ઝાંસી આસપાસના પ્રદેશમાં શાળા, કૉલેજ કે પોલીટેકનિકને તેના નામ સાથે જોડી દીધું એટલે પત્યું. સુભાષબાબુના નૅશનલ આર્મીમાં 'ઝાંસીની રાણી' રૅજિમેન્ટ હતી પણ આપણા લશ્કરમાં આજ સુધી આવી કોઈ રૅજિમેન્ટ નથી !

બાળ બચત બૅન્ક

તા.૧૬-૭-૯૯. ગાંધી આશ્રમમાં એક લીંબડાના ઝાડ નીચે દર શનિવારે નયનાબહેન પટેલ નામનાં એક બહેન બેસે છે. આ બહેન 'બાળ બચત બૅન્ક'નાં મૅનેજર કહો તો મૅનેજર, કૅશિયર કહો તો કૅશિયર કે પછી પટાવાળા કહો તો પટાવાળા. અને તેમની સામે બૅન્કમાં બચત જમા કરાવવા ૧૧ થી ૧૫,૧૬ વર્ષનાં મહેનત મજૂરી કરતાં બાળકોની લાઇન લાગે છે.

આ 'બાળ બચત બૅન્ક'નાં આવાં એક ગ્રાહક મનીષ બારોટની વાત કરીએ. મનીષ અત્યારે તો ૧૬ વર્ષનો છે. નાનપણથી જ માતાપિતા ગુમાવ્યાં પણ પોતાની કૌશલ બુદ્ધિથી જરૂરી નાણાં કમાઈ તેણે શાળાશિક્ષણ ચાલું રાખ્યું છે. તે જથ્થાબંધ માર્કેટમાંથી હાઇડ્રોક્લોરિક ઍસિડનો ડબ્બો ખરીદી લાવે. વપરાયેલા કાચના બાટલા લાવી, તેમાં ઍસિડ ભરી ઘેરઘેર ફરીને તે વેચે. ઍસિડ સાથે કામ કરવાથી તેના હાથની ચામડી તો બરછટ ચામડાં જેવી થઈ ગઈ છે અને એવા હાથમાં બાળ બચત બૅન્કની પાસબુક લઈને તે લાઇનમાં ઊભો છે. આ મનીષ કહે છે:'મને રોજના રૂ.૬૦/- જેટલું મળી રહે છે. પહેલાં તો હું આ બધા પૈસા ઉડાડી નાખતો. બચત શું તેની મને ગતાગમ જ નહોતી. પણ હરિજન સેવક સમાજે જ્યારે આ બચત બૅન્ક શરૂ કરી ત્યાર પછી મને બચતની ટેવ પડી અને આજે મારા બચત ખાતામાં રૂ.૪૫૫/- જમા છે.

આવાં જ એક બીજાં ગ્રાહક છે ૧૧ વર્ષની હેમાંગિની ગોહિલ. તેના બાપની પાન-બીડીની દુકાન છે. બાપ બહાર ગયો હોય ત્યારે હેમાંગિની દુકાને બેસે છે. તેની વાત તેના જ શબ્દોમાં- 'નિશાળેથી આવ્યા પછી રોજ બે અઢી કલાક હું દુકાને બેસું છું. મને પાન બનાવતાં આવડે છે અને તમાકુ-મસાલો ચોળીને પડીકું બનાવતાં પણ ફાવે છે. ઉપરાંત આશ્રમમાં બેસીને ગ્રીટિંગ કાર્ડ બનાવીને પણ થોડીક આવક મેળવું છું. ગયે મહિને મારા બાપ બીમાર પડ્યા ત્યારે દવાદારૂના ખર્ચ માટે મેં બચત બૅન્કના મારા ખાતામાંથી રૂ.૨૦૦/- ઉપાડ્યા હતા. ' અને આ બાળકો આવી વાત ગર્વભેર કહે છે.

અને છેલ્લા ૬ મહિનાથી શરૂ થયેલી આ બૅન્કે લગભગ રૂ.૧૦,૦૦૦/- બાળકોની બચત જમા કરી છે. અને તે રકમ સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયામાં ફિક્સ ડિપૉઝિટ તરીકે મૂકી છે. બાળકોને પ્રોત્સાહિત કરવા તેમણે એક નિયમ રાખ્યો છે. જે બાળકના ખાતામાંથી એક વર્ષ સુધી કોઈ ઉપાડ નહિ થાય તેમની થાપણ બેવડી કરી દેવાશે. બૅન્કને ૧૨ ડિસેમ્બર ૧૯૯૯ને દિવસે વર્ષ થશે.

ભક્તિની સાબિતી આપવાની ?

તા.૨૪-૭-૯૯. ૧૧મી જુલાઈએ રાજકારણને અસર કરતા બે જુદા જુદા સમાચાર જાણ્યા. (૧) ચૂંટણી પંચે લોકસભાની નવી ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું. (૨) વડાપ્રધાન વાજપેયીએ દિલીપકુમારને આશ્વાસન આપ્યું કે તમારે દેશભક્તિની સાબિતી આપવાની ન હોય. હવે આ સમાચારોનું જરા વિશ્લેષણ કરીએ.

સપ્ટેમ્બર, ઑક્ટોબરમાં પાર્લમેન્ટની ચૂંટણી જાહેર થઈ છે. છેલ્લાં ચાર વરસમાં આ ત્રીજી ચૂંટણી છે ! ઉપરાછાપરી આવી

પડેલી આ ચૂંટણીઓ એક તરફ આપણા રાજકીય નેતાઓની ટૂંકી દૃષ્ટિ અને વિરોધ પક્ષની છોકરમત ઝીલવાની પુખ્તતા કે પરિપક્વતા દાખવે છે, તે પણ હકીકત છે.

બીજી બાબત દિલીપકુમારની. દિલીપકુમારનો જન્મ પેશાવર નજીક થયો હતો. એથી કે બીજા ગમે તે કારણે પાકિસ્તાન સરકારે ૭૦ના દાયકામાં તેને પાકિસ્તાનનો સર્વોચ્ચ ખિતાબ 'નિશાને-પાકિસ્તાન' એનાયત કર્યો હતો. કારગીલ પ્રકરણ દરમિયાન ભા.જ.પ.નાં અંગો - અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને શિવસેનાએ ઝુંબેશ ચલાવી કે દિલીપકુમારે આ ખિતાબ પાછો વાળવો. આનો અર્થ તો એવો થયો કે (દિલીપકુમારનું મૂળ નામ તો યુસુફભાઈ છે.) ભારતમાં રહેતા દરેક મુસ્લિમે પોતાની દેશભક્તિ સાબિત કરવાની છે. એક તરફ ભાજપની સરકારને પાકિસ્તાન સરકાર સાથે રાજદ્વારી સંબંધો જાળવવાની જરૂરત જણાતી હોય ત્યારે બીજી તરફ ભાજપનાં જ અંગો એબીવીપી અને શિવસેના આવી સૂઝબૂઝ વગરની માગણી કરે. છતાં કહેવું પડે, સરકાર આ બાબતમાં મક્કમ રહી અને વડાપ્રધાન વાજપેયીએ દિલીપકુમારને આશ્વાસન આપ્યું કે તમારે દેશભક્તિની સાબિતી આપવાની ન હોય !

નિયમોની વિચિત્રતા

તા.૪-૮-૯૯. છાપાંમાં ભારતીય સેનાના હવાલદાર જોપેન્દરનાથ બ્રહ્માની વાત વાંચી. ૩૬ વર્ષનો આ સૈનિક ૧૭ વર્ષથી લશ્કરમાં કામ કરે છે. ૧૯૯૮માં તેનું બેરેલિયન શ્રીનગરમાં મૂકવામાં આવ્યું. મે-જૂન ૧૯૯૯માં જ્યારે કાશ્મીરના દ્રાસ અને કારગીલમાં યુદ્ધની સ્થિતિ થઈ ત્યારની એક ઘટના જોપેન્દરનાથના શબ્દોમાં જોઈએ.:

૧૯મી મે ને દિવસે મેજર યાદવ, એક જૂનિઅર ઑફિસર અને ત્રણ જવાન અમારી રોજની ચોકી-તકેદારી કરતા હતા ત્યારે અમે એક અજાણ્યા માણસને, ફેન્સી ગૉગલ્સ અને નવા નકોર બૂટ પહેરેલો જોયો. આ પ્રદેશમાં તો અમે ઘણા વખતથી તેનાત હતા અને અમે આ નવા આગંતુકને ક્યારેય જોયો ન હતો. મેજર યાદવે તેની પૂછપરછ શરૂ કરી. અમે એક કાપડીઆની દુકાન નજીક ઊભા હતા. બસ તે જ વખતે એક જબ્બરજસ્ત રીમોટ-કંટ્રોલ બૉંબ ધડાકો થયો. મેજર યાદવ સ્થળ પર જ મૃત્યુ પામ્યા. એના શરીરના બે ટુકડા થઈ ગયા. તેમાંનો એક ટુકડો તો બાજુના ઝાડ પરથી હાથ લાગ્યો.

મારો ડાબો પગ ઊડી ગયો(કપાઈ ગયો) મારું મોઢું બળી ગયું. ધડાકો એટલો જબ્બરદસ્ત હતો કે મારી આંખે દેખાતું અને કાને સંભળાતું બંધ થઈ ગયું. મને હેલિકૉપ્ટરમાં શ્રીનગર હૉસ્પિટલ લઈ ગયા, જ્યાં હું સાત દિવસ બેહોશ રહ્યો. ત્રણેક અઠવાડિયાં પછી મને દિલ્હી લઈ આવ્યા. પાંચ અઠવાડિયાં સુધી મારી બંને આંખે અન્ધારાં જ હતાં. પણ છેલ્લા સાત-આઠ દિવસથી મને ડાબી આંખે થોડું થોડું દેખાય છે. એ તો ત્યારે મેં બુલેટપ્રૂફ કોટ પહેર્યો હતો એટલે આજે હું જીવતો છું.'

એના ઘા બધા રુઝાઈ જશે. ત્યારે શારીરિક અપંગતાના આધારે તેને લશ્કરમાંથી પેન્શન સાથે રિટાયર કરશે. પણ વિધિની વક્રતા તો જુઓ. તેને જે પેન્શન મળશે તે, કારગીલમાં શહીદ થનારને જે આર્થિક લાભ મળે છે તેની સરખામણીમાં નગણ્ય હશે. ગોઠણમાંથી એક પગ વગરનો, એક આંખ ગુમાવી બેઠેલો, જરા પણ સાંભળી નહિ શકતો પણ જીવતો એટલે થોડું પેન્શન અને જો બુલેટપ્રૂફ કોટ ન પહેર્યો હોત અને મરી ગયો હોત તો ગામમાં જમીન અને લાખ રૂપિયા કુટુંબને મળત અને તેની પત્નીને પેન્શન મળત જે અત્યારે તેને મળનાર પેન્શન કરતાં વધારે હોત ! નિયમોની કેવી વિચિત્રતા ! અને આવા ઘાયલ સૈનિકને નોકરી પણ કોણ આપવાનું !! (ક્રમશઃ)

અનુસંધાન] સૉફ્ટ કૉર્નર [પૃ. ૪૬૭ થી

થયું હતું. રસ્તા પર થોડી વાર પહેલાં એકલદોકલ દેખાતાં વાહનોની સંખ્યામાં વધારો થયો હતો. બાળકો રંગબેરંગી ગણવેશ પહેરી શાળા તરફ ગતિ કરી રહ્યાં હતાં. લોકો પોતાની રોજી કમાવા ઘરની બહાર નીકળી રહ્યાં હતાં. દરેકને આજની ચિંતા હતી - ભવિષ્યની ચિંતા હતી.

સાત ને દશની ટ્રેન ઊપડવાની હવે માત્ર દશેક મિનિટની વાર હતી. આશુતોષ લાકડીના ટેકે સ્ટેશનના દરવાજા પાસે આવીને ક્યારનો ઊભો હતો. શહેરમાંથી મુસાફરોને લઈને આવતી રિક્ષામાં એ નજર કરી રહ્યો હતો.

તેણે ફરી સ્ટેશનની ઘડિયાળ તરફ જોયું. મિનિટકાંટા કરતાં સેકન્ડ કાંટાની ઝડપ સ્વાભાવિક વધારે હતી. આશુતોષે છાતી પર હાથ મૂક્યો. તેની છાતીના ધબકારાની ઝડપ વધી હતી.

નિરાશ ચહેરે ટિકિટબારી પરથી હરદ્વારની એક ટિકિટ લઈ ગાડીમાં બેસવા એ પ્લૅટફૉર્મ તરફ જઈ રહ્યો હતો. પ્લૅટફૉર્મ પર ગાડી ઊપડવાના ડંકા વાગી ગયા હતા. દૂર સિગ્નલ અપાઈ ચૂક્યું હતું. ગાડી વ્હિસલ મારી ઊપડે તેની ઘડીઓ ગણાઈ રહી હતી. પોતાનાં સ્વજનોને મૂકવા આવેલાં લોકો 'આવજો... તમે આવજો'ની આપ-લે કરી રહ્યાં હતાં.

ટિકિટ ગજવામાં મૂકી પ્લૅટફૉર્મ પર પગ મૂકતાં પહેલાં આશુતોષે ડોકું પાછળ ફેરવી ઊડતી નજર રિક્ષા સ્ટેન્ડ તરફ કરી. અચાનક... તેના પગ થંભી ગયા. ભગવા કલરની સાડી પહેરેલ એક દૂબળી પાતળી સ્ત્રી પોતાની બૅગ લઈ ઝડપભેર રિક્ષામાંથી ઊતરી રહી હતી.

લાકડીના ટેકે ચાલતા બુઢ્ઢાના પગમાં જાણે જોર આવી ગયું. ઝડપથી દોડીને એ હરદ્વારની બીજી ટિકિટ લઈ આવ્યો. ❐

ધ્યાનકથા

એક બીજું મરણ - સ્વવિસ્મરણ

બહાદુરભાઈ જ. વાંક

આ જે ગુરુ બજુવા પોતાનું એકાદ જરા ફાટી ગયેલું કપડું સાંધવા માટે સોયમાં દોરો પરોવવા મથામણ કરતા હતા. પણ તેમને આંખમાં ગજબની ઝાંખપ આવી ગયેલી હોઈ તેઓ સોયમાં દોરો પરોવી શક્યા નહીં. એટલે જરા દૂર બેઠેલા એક શિષ્યને સોયમાં દોરો પરોવી આપવા માટે અવાજ દીધો. પણ શિષ્યે કંઈ જ જવાબ આપ્યો નહીં. એટલે ગુરુએ ફરીને ઊંચો અવાજ કરીને શિષ્યને પોતાની પાસે બોલાવ્યો. પણ શિષ્યે તો કાનસારો જ આપ્યો નહીં.

એટલે ગુરુ તેની પાસે આવતા બોલ્યા:'મેં તને મારી પાસે આવવા બે વખત અવાજ દીધો, મારો અવાજ સાંભળેલો કે નહીં ?'

'ના' મેં આપનો અવાજ જ સાંભળ્યો નહીં. 'વિચારોમાં તું ડૂબી ગયો હોય તેમ મને લાગે છે.'

'હા.. હા... આજે હું એ મારા એક આત્મીય મિત્રના વિચારોમાં ખોવાઈ ગયો હતો. એટલે જ કદાચ હું આપનો અવાજ સાંભળી નહીં શક્યો હોઉં... ' ને શિષ્યે પૂછ્યું:' કહો, મારું આપને શું કામ પડ્યું છે.?'

'કામ તો ખાસ કંઈ નથી.' ને સોયદોરો શિષ્યના હાથમાં મૂકતાં ગુરુ બોલ્યા:'સોયમાં જરા આ દોરો પરોવી દે...'

શિષ્ય સોયમાં દોરો પરોવવા જતો હતો ત્યાં અચાનક સોય તેના બીજા હાથની આંગળીમાં જરી ખૂંચી ગઈ. તેનાથી એક હળવો સિસકારો નંખાઈ ગયો. આંગળી અને દોરો લોહીથી રંગાઈ ગયાં. ઝડપથી કપડાનો ટુકડો શોધીને તે આંગળી અને સોય ઉપરથી લોહી સાફ કરતાં બોલ્યો:'હું બરાબર ધ્યાન રાખીને સોયમાં દોરો પરોવતો હતો છતાં...'

ગુરુ બોલ્યા:'આમાં તારો કંઈ દોષ નથી. તારી આંગળીમાં સોય હમણાં તું તારા જે મિત્ર વિશે વિચારતો હતો ને તેણે ખૂંચાડી દીધેલી!'

'મને આપની આ વાત સમજાઈ નહીં. આપ શું કહેવા માગો છો ?'

'મેં એક વખત કેટલાક શિષ્યોની સાથે તને પણ બે-ચાર વાક્યોની નોંધ કરાવેલી- જ્યારે પણ આપણે બીજા વિશે વિચારીએ છીએ કે બીજાની યાદમાં ડૂબી જઈએ છીએ ત્યારે આપણે આપણી સ્વયંની જાતને ભૂલી જઈએ છીએ. ત્યારે આપણે ડમિ બનીને જીવવા માંડીએ છીએ, ને અકારણ દુ:ખ-પીડાનો ભોગ થઈ પડીએ છીએ.- મારાં આ વાક્યો તને યાદ છે ખરાં ?'

શિષ્ય બધી વાત સમજી ગયો. પોતાની નબળાઈનો એકરાર કરતાં બોલ્યો:' આપની વાત સાચી છે.' ને તે દોરો પરોવવા લાગ્યો.

ગુરુ બોલ્યા:'તું નહીં, પણ તારો મિત્ર જ સોયમાં દોરો પરોવી રહ્યો હોય એમ લાગે છે !'

'હું આપની સોયમાં દોરો પરોવું છું , છતાં આપ આમ કેમ કહો છો ?'

ગુરુએ તેને પૂછ્યું: ' લોહીવાળો દોરો સોયમાં પરોવી શકાય ખરો ?'

ક્ષમા માગતાં શિષ્ય બોલ્યો:'કોણ જાણે આજે મારું મગજ જ ઠેકાણે હોય તેમ મને લાગતું નથી.'

ને ગુરુ મર્મમાં બોલ્યા:'તારું નહીં પણ તારા મિત્રનું મગજ કહે!!'

બોધકથા

ગરીબ કોણ ?

મૂ.લે. સંત અમિતાભ — અનુ. રમેશ શાહ

એક યુવક ધનના નશામાં મદહોશ હતો. એક વાર એ બોધિસત્ત્વને મળ્યો. શિષ્ટાચાર કાંઈ કર્યો નહીં. કહેવા લાગ્યો:' તમે તો સાવ ગરીબ છો. તમારી પાસે મહેલ કે રાચ-રચીલું કે વાહન એવું કાંઈ જ નથી.'

હસીને બોધિસત્ત્વ બોલ્યા:'હું તને ગરીબ દેખાઉં છું, કાંઈ વાંધો નહીં, તું તો ગરીબ નથી ને ?'

યુવક સગર્વ બોલી ઊઠ્યો:'મારે શું હજુ પોતાનો પરિચય આપવો પડશે ? મારી પાસે મોટી મોટી દશ ફૅક્ટરીઓ છે. દર વર્ષે હું કરોડો રૂપિયા કમાઉં છું. મારી પાસે રૉલ્સરૉય ગાડીઓ છે. મોટો બંગલો છે. અનેક નોકર-ચાકર છે. જે જોઈએ એ બધું જ છે. આ બધું કહેવું મને ઉચિત લાગતું નથી, બાકી મારી સંપન્નતા અનેક ગણી છે.'

બોધિસત્ત્વ:'તારી પાસે બહુ બધુ છે હવે તને વધુ કાંઈ જરૂર નહીં હોય.'

યુવક:'શું જોઈએ એવો પ્રશ્ન ન કરો. જેટલું છે એથી હજાર ગણું ધન હું એકઠું કરવાનો છું. વિશ્વનો સૌથી મોટો ધનાઢ્ય બનીને રહીશ.'

બોધિસત્ત્વ:'તારી પાસે આટલું બધું છે છતાં તને હજુ પણ વધુ જોઈએ છે ! અને તને એમ લાગે છે કે મારી પાસે કાંઈ જ નથી. પણ યુવક ! મને તો કાંઈ જ જોઈતું જ નથી. હવે તું કહે આપણા બેમાંથી ગરીબ કોણ ?'

યુવક પોતાની ના-સમજ પર હસી પડ્યો; બોધિસત્ત્વના ચરણમાં વંદન કરીને વિદાય થયો.

અમીર એ કહેવાય જેને કાંઈ જ જોઈતું નથી. જેને હજુ વધુ કાંઈક જોઈએ એ ધનકુબેર પણ ગરીબ છે ! અમીર બનવું હોય તો મનને શાંત કરો. 'જોઈએ છે' ની પીડાથી મુક્ત બનો. □

પર્યાવરણ-૪

વૈશ્વિક મંથન અને સ્થાનિક પુનર્ઘટન

સોપાન-૪ : વ્યવસ્થાપન

પ્રો. આર.વાય.ગુપ્તે

નૈસર્ગિક પર્યાવરણ અને વન-પર્યાવરણ લગભગ એકસરખાં છે. પરંતુ માનવ પર્યાવરણ સહિતનું સામાન્ય પર્યાવરણ વધુ વિસ્તૃત અને જટિલ છે. તેનું વ્યવસ્થાપન-તંત્ર પણ વધુ અભ્યાસ માગી લે છે. પર્યાવરણનાં વિવિધ પાસાંઓ અંગેના વ્યવસ્થાપન તેમજ વન-વ્યવસ્થાપન (Forest Management) અંગેનાં માળખાં ઉપલબ્ધ છે, પરંતુ સમગ્ર પર્યાવરણને અનુલક્ષીને ઘનિષ્ઠ માળખું સહેલાઈથી મળી આવતું નથી. નિસર્ગના હિત(Ecology) અને માનવના હિત (Economics)ને એક તાંતણે બાંધતું વ્યવસ્થાપનનું માળખું સમય, સ્થળ અને રાજનીતિને અનુલક્ષીને તૈયાર કરવાનું રહે છે. સૃષ્ટિના તમામ જીવોને અનુલક્ષીને પર્યાવરણના અભ્યાસ માટેનું જે માળખું અત્રે સૂચવવામાં આવ્યું છે તેનું નામ છે:'Integrated Biological Management Programmes (IBMP)' એટલે કે 'ઘનિષ્ઠ જૈવ વ્યવસ્થાપન કાર્યક્રમ'. આ અભ્યાસક્રમ નથી, પરંતુ અભ્યાસક્રમની સંકલ્પના છે. 3-D શિક્ષણ પ્રથા હેઠળ આ કાર્યક્રમના સર્ટિફીકેટ કોર્સીસ, ડિપ્લોમા કોર્સીસ, અને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કોર્સીસ નક્કી કર્યા છે. નૈસર્ગિક પર્યાવરણને પુનઃર્જીવિત કરવા માટે આ અભ્યાસક્રમો ઉપયોગી નીવડે તેમ છે.

માનવ પર્યાવરણલક્ષી વ્યવસ્થાપન અભ્યાસક્રમો Environmental Scienceના ઉપક્રમે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ઘણી યુનિવર્સિટીઓમાં શિખવાડવામાં આવે છે. Civil Engineeringમાં Environment એક વિષય તરીકે શિખવાડવામાં આવે છે. શહેરને લગતી સમસ્યાઓ પ્રદૂષણ, કચરાનો નિકાલ અને શુદ્ધ પાણી પુરવઠો, જાહેર આરોગ્ય વગેરેના અભ્યાસને પ્રાથમિકતા આપવામાં આવે છે. વિજ્ઞાન અને આધુનિક તંત્રવિદ્યા(Science and Technology)ના આધારે અવનત પર્યાવરણ અને નૈસર્ગિક સંપત્તિના અભાવમાં વૈકલ્પિક શક્તિ-સ્રોત ઊભા કરવાના તે ઉપાયો સૂચવે છે. ઉદાહરણ તરીકે કાર્યશક્તિ(Energy),અણુશક્તિ અને છેલ્લે જીઓ-થર્મલ-ભૂઉષ્માશક્તિ- પાવર વગેરે સ્રોતને વાપરવાની ટેક્નોલૉજી હાંસલ કરી છે. વૈકલ્પિક કાર્યશક્તિના સ્રોત ઉપલબ્ધ થવા છતાં સૌરશક્તિને સકાર્બનિક પદાર્થોમાં(ઇંધન, ઘાસચારો, અનાજ, ફળફળાદિ વગેરે) રૂપાન્તર કરનાર મહાન શક્તિ(લીલી વનસ્પતિ)નો કોઈ વિકલ્પ જડ્યો નથી. તેથી કૃષિ અને વન-વિકાસના વ્યવસ્થાપનને પ્રાધાન્ય આપવું અનિવાર્ય છે.

વન-વ્યવસ્થાપનની સંકલ્પના:

ટકાઉ વનવ્યવસ્થાપનમાં (Sustainable forest management) ટકાઉ વિકાસ ઉપર વર્લ્ડકમિશન ઑન એન્વાયરોન્મેન્ટ ઍન્ડ ડેવલેપમેન્ટ(૧૯૮૭) ખાસ આગ્રહી છે. તેમની વ્યાખ્યા મુજબ 'જે વિકાસપ્રક્રિયા ભાવિ પેઢીની જરૂરિયાત અને ચાતુર્યની આડે આવ્યા સિવાય આજની જરૂરિયાતોની પૂર્તિ કરે તે ટકાઉ વિકાસ ગણાય. ટકાઉ વનવ્યવસ્થાપન માટે પણ આ બંધન લાગુ પડે છે. ઉષ્ણકટિબંધનાં સદા હરિત જંગલો મોટા પાયે કપાય છે. જે તે દેશને હાલમાં તેમાંથી ઘણો આર્થિક લાભ પણ થતો હશે, પરંતુ તેઓ તેમની ભાવિ પેઢીનો રોટલો છીનવી રહ્યા છે અને તેથી તેમનો અત્યારનો વિકાસ ટકાઉ વિકાસ ગણી શકાય નહીં. પર્યાવરણની આવી હાનિ અટકાવી શકાય.

ટકાઉ વનવ્યવસ્થાપન-પ્રક્રિયામાં નીચે આપેલી તાત્ત્વિક બાબતો મહત્ત્વની છે:

(૧) કાનૂની જોગવાઈ-ઉપભોક્તાના હક્કો, શરતી કરારો

(૨) ટકાઉ અને યથાયોગ્ય વન-પ્રદેશનું ઉત્પાદન, વ્યવસ્થાપનનું આયોજન ગેરકાયદેસર ચોરીનો અટકાવ, વ્યવસ્થાપન પ્રક્રિયાનું સર્વેક્ષણ

(૩) પર્યાવરણની જાળવણી - પર્યાવરણીય અસરોનો અંદાજ (ક્યાસ) - EIA, જૈવ વૈવિધ્યની જાળવણી, પરિસ્થિતિકીય ટકાઉ-પણું, રસાયણોનો ઉપયોગ, કચરાનો નિકાલ.

(૪) માનવકલ્યાણ-વિચારવિમર્ષ અને ભાગીદારી સામાજિક અસરોનો અંદાજ(SIA), સંસ્કૃતિ અને હક્કો કાર્યકર્તાઓ સાથેના સંબંધો, વિકાસનો વેગ.

(૫) વૃક્ષારોપણ-આયોજન, જાતિઓની પસંદગી, જમીન અને સ્થળનું વ્યવસ્થાપન, રોગ, ઉપદ્રવ નિયંત્રણ સંરક્ષણ અને પુનર્ઘટન-નૈસર્ગિક જંગલ આવરણ, વન્ય પ્રાણી સંરક્ષણ વગેરે. (ક્રમશઃ)

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧


મધ્યપ્રદેશ

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની લગભગ મધ્યમાં મધ્યપ્રદેશનું ઘણું મોટું રાજ્ય આવેલું છે. મધ્યપ્રદેશની પૂર્વે છત્તીસગઢ, પશ્ચિમે રાજસ્થાન અને ગુજરાત, ઉત્તરે ઉત્તરપ્રદેશ તથા તેની દક્ષિણે મહારાષ્ટ્ર આવેલાં છે. મધ્યપ્રદેશનો મોટોભાગ ડુંગરો, ખીણો અને જંગલોથી છવાયેલો છે. તેનો વિસ્તાર ૩,૦૮૦૦૦ ચોરસકિ.મી. અને વસતી ૬,૦૩,૮૫,૧૧૮, રાજ્યના વિભાજન પછીની છે. રાજ્યની મુખ્ય ભાષા હિંદી છે અને તેનું પાટનગર ભોપાલ છે.

રાજ્યનું વસ્તીવિતરણ અસમાન છે અને પ્રતિચોરસ કિલોમીટરે સરેરાશ વસતીગીચતાનું પ્રમાણ ૧૪૯ વ્યક્તિઓનું છે. રાજ્યની વધુ ભાગની વસતી ગ્રામીણ છે. રાજ્યના મધ્ય તથા પશ્ચિમ તરફના જબલપુર, છીંદવાડા તથા હોશંગાબાદ જિલ્લાઓમાં શહેરી વસાહતો આવેલી છે. આ રાજ્યમાં ભોપાલ, ઇન્દોર, ગ્વાલિયર, ઉજ્જૈન, જબલપુર, સાગર વગેરે મોટાં નગરો છે.


ઇતિહાસ: પ્રાચીન સમયમાં આ પ્રદેશમાં આદિમ જાતિના નિષાદ લોકો રહેતા હતા. ઈ.સ.પૂ.૧૦૦૦ના અરસામાં આર્યો વિંધ્યાચળ ઓળંગીને દક્ષિણ ભારતમાં ગયા. રામચંદ્રજીના વનવાસનો પ્રદેશ દંડકારણ્ય તથા અનેક ઋષિઓના આશ્રમો અહીં હતા. ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોકના સામ્રાજ્યમાં આ પ્રદેશનો સમાવેશ થતો હતો. બૌદ્ધ સમયના અવશેષો હાલમાં ભોપાલ નજીક સાંચીમાં આવેલા છે. સાંચીના સ્તૂપનું પ્રવેશદ્વાર તત્કાલીન શિલ્પ તથા સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. ગુપ્તકાળમાં ઉજ્જૈનનું મહત્ત્વ ઘણું હતું. ચન્દ્રગુપ્ત બીજો વિક્રમાદિત્ય નામથી પ્રસિદ્ધિ પામ્યો છે. આ પ્રદેશનો રાજા ભોજ સાહિત્ય તથા કળાનો આશ્રયદાતા હતો. ૧૩મી સદીના છેલ્લા વર્ષોમાં અલાઉદ્દીન ખલજીએ મધ્યપ્રદેશમાં સત્તા મેળવી. ત્યાર બાદ ત્યાં સ્થપાયેલા સ્વતંત્ર રાજ્યોમાં માંડુ(માંડવગઢ) સ્થાપત્યના વિકાસ માટે જાણીતું છે. મુઘલ કાળામાં મધ્યસ્થ સત્તા વિરુદ્ધ બળવા થયા હતા. મરાઠાકાળમાં ઇંદોરમાં હોલકર તથા ગ્વાલિયરમાં સિંધિયાનું શાસન હતું. ૧૯મી સદીમાં અંગ્રેજોએ પીંઢારાઓના ત્રાસમાંથી લોકોને મુક્ત કર્યા. ભારત સ્વતંત્ર થયા બાદ, ત્યાંના દેશી રાજ્યોનું વિલીનીકરણ કરવામાં આવ્યું. ૧૯૫૬માં રાજ્યપુનર્રચના થઈ ત્યારે વિદર્ભ મહારાષ્ટ્રમાં મેળવી દઈને બાકીના વિસ્તારોનું મધ્યપ્રદેશ રાજ્ય બન્યું. ૧



નવેમ્બર,૨૦૦૦ના રોજ તેનું વિભાજન કરીને પૂર્વના જિલ્લાઓનું છત્તીસગઢ રાજ્ય અલગ કરવામાં આવ્યું.

ખેતી: આ રાજ્યના અર્થતંત્રનો મૂળાધાર ખેતી ઉપર છે. રાજ્યની વસતીના ૭૪ ટકા લોકો ખેતી ઉપર નભે છે. રાજ્યના કુલ વિસ્તારનો ૪૯ ટકા હિસ્સો ખેતીલાયક છે. રાજ્યનો મુખ્યપાક ઘઉં, ચોખા, જુવાર, તેલીબિયાં, કઠોળ, સોયાબિન, ચણા, કપાસ તથા અળસી છે. રાજ્યમાં પ્રતિવર્ષ ઘઉં ૮.૩૭ મિલ્યિન મૅટ્રિક ટન, સોયાબિન ૪.૪૩ મિલ્યિન મૅટ્રિક ટન, ચોખા ૧.૬૮ મિ.મૅ.ટન અને કઠોળ ૩.૨૯ મિ.મૅ.ટન પાકે છે. રાજ્યમાં તેલીબિયાં ૫.૪૬ મિ.મૅ.ટન, કપાસ ૪.૬ લાખ ગાંસડી અને ગોળનું ઉત્પાદન ૨૦ લાખ ટન થાય છે. રાજ્યનાં જંગલોમાંથી સાગ, સાલ, વાંસ ઉપરાંત લાખ જેવા ઉપયોગી પદાર્થો પણ મળે છે. આ પ્રદેશમાં બીડી માટેનાં ટીમરુ પાનનો ઉદ્યોગ ઘણો મોટો છે.

ઉદ્યોગો: પેટ્રોકેમિકલ્સ, ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકૉમ્યુનિકેશન્સ તથા ઑટોમોબાઇલ્સ જેવા હાઈ-ટેક ઉદ્યોગો મધ્યપ્રદેશમાં વિકસ્યા છે. ઇન્દોર નજીક પિથમપુરમાં મોટી સંખ્યામાં ઑટોમોબાઇલ ઉદ્યોગો સ્થપાયા છે. જાહેરક્ષેત્રના કેટલાક જાણીતા ઉદ્યોગો ભોપાલમાં ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ, હોશંગાબાદમાં સીક્યોરિટી પેપર મિલ, દેવાસમાં બૅન્ક નોટ પ્રેસ, નેપાનગરમાં ન્યૂઝ પ્રિન્ટ ફૅક્ટરી અને નીમચમાં આલ્કેલૉઇડ ફૅક્ટરી આવેલાં છે. ગ્વાલિયર, ઉજ્જૈન પણ ઔદ્યોગિક કેન્દ્રો છે. આ ઉદ્યોગ કેન્દ્રોમાં ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન ૮૧.૮૩ મિલિયન મીટર કાપડ હાથશાળ દ્વારા તથા ૧૩૧.૫૯ મિલ્યિન મીટર કાપડ પાવરલૂમ દ્વારા ઉત્પન્ન કરવામાં આવ્યું હતું. ૧૯૯૮-૯૯માં સ્ટીલનું ઉત્પાદન ૩.૩૫ મિલ્યિન ટન, ઍલ્યુમિનિયમનું ઉત્પાદન ૯૧.૮ હજાર ટન, સિમેન્ટનું ઉત્પાદન ૧૧.૨૪ મિલ્યિન મૅટ્રિકટન તથા ન્યૂઝ પ્રિન્ટનું ઉત્પાદન ૫૮.૫



સાંચીનો સુપ્રસિદ્ધ સ્તૂપ (મધ્યપ્રદેશ)

હજાર ટન થયું હતું. પિથમપુરમાં એરકાર્ગો કૉમ્પલેક્સ, ઇન્ડો-જર્મન ટુલ રૂમ તથા ઇનલૅન્ડ કન્ટેઇનર ડેપોની સ્થાપના થઈ રહી છે.

ખનીજ: મધ્યપ્રદેશ ખનીજ સંપત્તિની બાબતમાં સમૃદ્ધ રાજ્ય છે. ત્યાં હજી પૂરેપૂરું સંશોધન કરવાનું બાકી છે. આ રાજ્યોમાં આશરે ૨૫ ખનીજોનું ઉત્પાદન કરવામાં આવે છે. અહીં કોલસાના અતિ વિશાળ પ્રમાણમાં જથ્થા આવેલા છે અને સિંગરૌલી તથા ઉમરિયામાંથી મોટા પ્રમાણમાં કોલસાનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત બૉક્સાઇટ, કાચું લોઢું, મૅંગેનીઝ, તાંબું, ડૉલોમાઇટ, ચૂનાના પથ્થર, ચિનાઈ માટી, અબરખ, ચિરોડી, અકીક, યુરેનિઅમ, ઍસ્બેસ્ટોસ, ગ્રેફાઇટ, વગેરેમાંથી જ હીરા મળી આવે છે.

પરિવહન: રેલમાર્ગો: ઉત્તર ભારત અને દક્ષિણ ભારતને જોડતા મુખ્ય રેલમાર્ગો મધ્યપ્રદેશમાં થઈને પસાર થાય છે. આ રાજ્યમાં ભોપાલ, બિના, ગ્વાલિયર, ઇન્દોર, ઇટારસી, જબલપુર, ઉજ્જૈન, રતલામ, ખંડવા, કટની વગેરે અગત્યનાં રેલવે જંકશનો છે.

સડક માર્ગો: રાજ્યના રસ્તાઓની કુલ લંબાઈ ૬૭,૬૦૦ કિ.મી. છે. તેમાં ૩૭૮૦ કિ.મી.ના રાષ્ટ્રિય ધોરી માર્ગો અને ૭૩૦૦ કિ.મી.ના રાજ્ય ધોરી માર્ગો છે. ભોપાલ, ગ્વાલિયર, ઇન્દોર, જબલપુર, ખજુરાહો વગેરે હવાઈમાર્ગોથી જોડાયેલાં છે.

જિલ્લા: મધ્યપ્રદેશમાં બરવાની, બાલાઘાટ ભોપાલ, દતિયા, દેવાસ, ધાર, ગ્વાલિયર, હોશંગાબાદ, ઇન્દોર, જબલપુર, મંદસોર, રતલામ, નીમચ, ઉજ્જૈન, વિદિશા સહિત ૪૫ જિલ્લા છે.

ઉત્સવો: મધ્યપ્રદેશમાં લોકો દ્વારા અનેક ઉત્સવો ઊજવવામાં આવે છે. આદિવાસીઓ ભાગોરિયાનો મહત્ત્વનો ઉત્સવ પારંપરિક ઉત્સાહ તથા આનંદથી ઊજવે છે. ખજુરાહો, ભોજપુર, ઉજ્જૈન અને પંચમઢીમાં શિવરાત્રિનો તહેવાર લોકો ધામધૂમથી ઊજવે છે. ચિત્રકૂટ, ઓરછા વગેરે સ્થળે રામનવમીના તહેવારનું વિશિષ્ટ મહત્ત્વ છે. ઉજ્જૈનનો કાલિદાસ સમારોહ, ખજુરાહોનો નૃત્ય મહોત્સવ, મૈહરનો ઉસ્તાદ અલાઉદ્દીનખાન સંગીત સમારોહ તથા ગ્વાલિયરનો તાનસેન સંગીત સમારોહ સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે અને વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે.

પ્રવાસન: આ રાજ્ય ગિરિમથકો, નદીઓ, સરોવરો, જળધોધો, જંગલો તથા ટેકરીઓ જેવાં પ્રાકૃતિક સૌન્દર્યનાં તથા ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોની વિપુલતા ધરાવે છે. આ સ્થળો દેશ તથા વિદેશોનાં લાખો પ્રવાસીઓને આકર્ષે છે. તેથી અહીં પ્રવાસન-ઉદ્યોગનો વિકાસ વેગવાન બન્યો છે.

મધ્યપ્રદેશમાં સૃષ્ટિ સૌન્દર્યનાં અનેક સ્થળો આવેલાં છે. અહીં સાતપુડા, વિંધ્ય અને મૈકલ પર્વતમાળાઓમાં આવેલાં ચિત્રકૂટ પ્રપાત, સોનપુડા અને કપિલધારા ધોધ તેમજ ચચાઈ પ્રપાત જાણીતા છે. નર્મદાનાં સ્વચ્છ નીરથી ગર્જના કરતો ભેડાઘાટ પાસેનો ધુંવાધાર, દૂધ જેવાં સફેદ, ચકચકિત આરસના ભવ્ય ખડકો વચ્ચે ઊંચાઈએથી પડતો જળધોધ અદ્ભુત નૈસર્ગિક દૃશ્ય સર્જે છે.

સાતપુડા પર્વતમાળામાં આવેલું પંચમઢી-સૌન્દર્યધામ તથા વિહારધામ છે. અહીં પ્રતિવર્ષ હજારો પ્રવાસીઓ આવે છે. અહીં સાગ, સાલ ઉપરાંત વનસ્પતિના વિપુલ વૈવિધ્યને કારણે તેને 'વનસ્પતિશાસ્ત્રીઓનું સ્વર્ગ' તરીકે ઓળખવામાં આવે છે. મધ્યપ્રદેશનું બાંધવગઢ રાષ્ટ્રિય ઉદ્યાન, તેના કિલ્લા, પ્રાગૈતિહાસિક ગુફાઓ તથા વન્ય પ્રાણીઓ વાસો અને કાન્હા રાષ્ટ્રિય ઉદ્યાન વાઘ તથા બારસિંગા રક્ષણ અને જતન વાસ્તે પ્રસિદ્ધ છે. આ સ્થળો જોવાલાયક છે.

ગ્વાલિયર, માંડુ, જબલપુર, રાયસેન, સાંચી, વિદિશા, ઉદયગિરિ, ઇન્દોર, ભોપાલ વગેરે સ્થળો તેના ભૂતકાળનાં ઐતિહાસિક સ્મારકો માટે જાણીતાં છે. ભોપાલ પાસે આવેલા સાંચીના વિશાળ બૌદ્ધ સ્તૂપનાં પ્રવેશદ્વાર તથા તોરણ શિલ્પ અને સ્થાપત્યકળાના ઉત્કૃષ્ટ નમૂના છે. એવી જ રીતે મહાકાલેશ્વરનું જ્યોતિર્લિંગ, ચિત્રકૂટ, અમરકંટક વગેરે પ્રખ્યાત યાત્રાનાં સ્થળો ભક્તજનોને આકર્ષે છે.

આ ઉપરાંત છત્તરપુર જિલ્લામાં આવેલાં ખજુરાહોનાં મંદિરો અદ્વિતીય છે. ખજુરાહો ચંદેલા શાસકોનું પાટનગર હતું. ૯મી થી ૧૨મી સદી દરમિયાન અહીં શિલ્પ તથા સ્થાપત્ય કલાના શ્રેષ્ઠ નમૂનારૂપ ૮૫ મંદિરો બાંધવામાં આવ્યાં હતાં. તેમાંથી હાલમાં ફક્ત ૨૨ મંદિરો મોજૂદ છે. તે ઉપરાંત ભોજપુર, ઓરછા તથા ઉદયપુરનાં મંદિરો પણ જોવાલાયક છે. વળી, મહુ પાસેની બાઘની ચિત્રાંકિત ગુફાઓ અને ઉદયગિરિની ગુફાઓ કોતરણીની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે. આ ઉપરાંત ધાર પાસે આવેલા માંડુ(માંડવગઢ)ના મહેલો પણ જોવાલાયક છે. સતના, સાંચી, વિદિશા, ગ્વાલિયર, ઇન્દોર, મન્દસોર, ઉજ્જૈન, રાજગઢ, ભોપાલ, જબલપુરના સંગ્રહાલયો પણ જોવાલાયક છે. ❐

સંસ્કૃતના 'શબ્દાર્થ કૌસ્તુભ'ના રચયિતા

શ્રીનિવાસ ગોપાલાચાર્ય

મૂળ લેખિકા : ડૉ. એસ.આર.લીલા

અનુવાદઃ પ્રા. મધુસૂદન એમ. વ્યાસ

[સંસ્કૃતપત્રિકા 'સંભાષણ સંદેશ'ના નવેમ્બર-૨૦૦૧ના અંકમાં 'અકિંચનઃ ચક્રવર્તી' શીર્ષક નીચે જે લેખ આવેલ તેનો ગુજરાતી અનુવાદ, કોશસાહિત્યના મહત્ત્વના કોશગ્રંથનો ગુજરાતી વાચકોનો પરિચય મળે એ હેતુથી અત્રે પ્રસ્તુત છે.]

જેમની યશરૂપી કાયા શેષ છે એવા વિરલ લોકોમાં છે, એવા શ્રીનિવાસ ગોપાલાચાર્ય હતા. 'ચક્રવર્તી' એવી ઉપાધિથી વિશિષ્ટ એવા આ મહાનુભાવ દરિદ્રતાના તાપથી નિત્યતપ્ત હતા. પરંતુ સરસ્વતીનાં ચરણોની સેવા નિરંતર કરી રહેલા હોવાથી તેઓ જ્ઞાનીઓમાં ચક્રવર્તી હતા જ, એમાં સંશય-શંકાને કોઈ સ્થાન નથી. તેમનું અવસાન થયું ત્યારે એમની ઉંમર પંચાણું વર્ષની હતી. મૈસુર પ્રાંતના વર્તમાન સમયના હેડતલ નામના ગામમાં એમનો જન્મ થયેલો. તેમજ ત્યાં જ એમણે પ્રાથમિક શિક્ષણ લીધેલું. મૈસુર મહાનગરના શ્રીમત્ મહારાજ સંસ્કૃત મહાપાઠશાળામાં તેમણે અધ્યયન કરેલું. ત્યાર પછી બૅંગલોર નગરમાં આવેલ શ્રી જયચામર રાજેન્દ્ર સંસ્કૃત પાઠશાળામાં સાહિત્યવિષયના અધ્યાપક તરીકે એમની નિયુક્તિ થયેલી.

વિદ્યા સમાપ્તિકાળે જેમ આચાર્ય અંતેવાસીઓને અંતિમ ઉપદેશ આપે છેઃ સત્ય બોલો, ધર્મનું આચરણ કરો, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવો જોઈએ, વગેરે વગેરે. એ ઉપદેશો પ્રમાણે જ આચાર્યજીએ જીવન વીતાવ્યું હતું. નિત્યપણે અનુષ્ઠાન પરાયણ, આચરણશીલ, સ્વાધ્યાયમાં આસક્ત ચિત્તવાળા, કાર્યશીલ અને કર્મઠ તેઓ હતા.


કોશવૃક્ષનો બીજનિક્ષેપ : જ્યારે ચક્રવર્તી આચાર્ય શ્રી-નિવાસજી બાવીસ વર્ષના યુવાન હતા ત્યારે ક્યારેક મદ્રાસ વિશ્વવિદ્યાલયમાં તેઓને જવાનું બન્યું હતું. ત્યાં તેમને મહાકાય ગ્રંથો જોવા મળ્યા. તે બધાં પુસ્તકોમાં શબ્દકોશને લગતા ગ્રંથો તેમણે સૂક્ષ્મદૃષ્ટિએ જોયા, જુદી જુદી ભાષાઓમાં રચાયેલા શબ્દકોશો અને અંગ્રેજીમાં રચાયેલા કોશગ્રંથો પણ તેમણે જોયેલા. પરંતુ કર્ણાટકની ભાષામાં રચાયેલો સંસ્કૃતકોશ તેમણે ન જોયો. શું કર્ણાટકનાં લોકોને કોશગ્રંથોનું પ્રયોજન જ નથી ? તેવો વિચાર તેમના મનમાં ઉત્પન્ન થયો. કર્ણાટકી ભાષા જો કે દ્રાવિડીઅન મૂળવાળી કહેવાતી હોવા છતાં તેમની પોષક માતૃભાષા તો સંસ્કૃત જ છે ને ? શબ્દકોશનું પ્રયોજન કોને ન હોય ?સૌને હોય જ. એવો ઉત્તર પણ મળ્યો. તેથી નવો કોશ રચવો જોઈએ. એવો તેમણે તત્ક્ષણ સંકલ્પ કર્યો. એ જ શુભ મુહૂર્ત હતું કે જેમાં 'શબ્દાર્થ કૌસ્તુભ' શીર્ષકના મહાકોશરૂપી વૃક્ષનો બીજ-નિક્ષેપ કરવામાં આવ્યો. શબ્દકોશની રચનાની દિશામાં આગળ વધવાનો અવિરત પ્રયત્ન ત્યારથી જ આરંભાયેલો.



શ્રીનિવાસ ગોપાલાચાર્ય

કાર્યારંભ : અધ્યયન, લેખન, પુસ્તક સંગ્રહ કરવો, પરિશીલન કરવું સંયોજન અને સંશોધન વગેરે કાર્યો શ્રી નિવાસાચાર્ય દ્વારા કરવામાં આવતાં ઘણાં પરિશ્રમને લીધે કોશના પ્રથમ સંપુટનું પ્રકાશન ઈ.સ. ૧૯૬૧ની સાલમાં થયેલું. સંકલ્પ કરેલા સમયથી શરૂ કરીને પ્રથમ પ્રકાશન થયાના કાળ સુધીમાં તેત્રીસ વર્ષ વ્યતીત થઈ ગયાં હતાં. શું એક સંપુટને પ્રકાશિત કરવા આટલાં વર્ષનો દીર્ઘકાળ અપેક્ષિત છે ? તેવો પ્રશ્ન વાચકોના મનમાં થાય તો એ સ્વાભાવિક છે. પરંતુ સંકલ્પોત્તર કાળનાં આટલાં વર્ષોની કષ્ટપરંપરા અવર્ણનીય હતી. સરસ્વતીના અનુગ્રહને પામનાર આ વિદ્વાન તરફ લક્ષ્મીનો ક્રૂર કટાક્ષ હતો. તેથી કુટુંબનું ભરણપોષણ કોશરચના માટેનો ગ્રંથસંગ્રહ એકઠો કરવા, ધનની સહાય માટે સરકારના સહવાસમાં આટલો લાંબો કાળ વીતી ગયો હતો. એ દરમ્યાન શબ્દકોશ માટેનો શબ્દસંગ્રહ પણ સાગરોલ્લંઘન તત્પર હનુમાનની જેમ ઘણો વધી ગયો હતો.

સરકારનો વ્યવહારઃ વિદ્યાલયનું કાર્ય, કોશકાર્ય, ધનસંગ્રહ માટે ભટકવું, મુદ્રણકાર્ય, હસ્તપ્રતનું સંશોધન વગેરે કાર્યો વધી ગયેલાં. જો કે કોશકાર્યને માટે પોતાની જાતને સંપૂર્ણપણે સમર્પિત કરીને કાર્ય કરવાની ઇચ્છા હોવાથી, 'વિદ્યાલયનાં કાર્યો માટે અવકાશ આપવા અનુગ્રહ કરશો.' એવું સરકારશ્રીને તેમણે લખી મોકલ્યું. અને એની મંજૂરી કરનાર પણ મળી ગયેલા. પરંતુ ચાલવાની ઇચ્છા વિના તો ગરુડ પણ ડગલું ભરી શકતું નથી. તેથી અવકાશ- મળ્યાનો સરકારનો આદેશ પણ બે વર્ષ પછી તેમને જોવા મળ્યો. એ



દરમિયાનમાં વેતન તો હતું જ નહિ. સરકારશ્રીના અધિકારીઓ વડે ઉઠાવવામાં આવેલા પ્રશ્નો, ઉપપ્રશ્નો, સંદેહો અને ટીકા-વાર્તિકોનાં સમાધાન સમજાવવા આઠ કિલોમીટર દૂર આવેલ સરકારી સ્થાન સુધી તો પગે ચાલીને જ તેઓ જતા હતા. એના માટેનું કારણ એવું હતું કે સમય મુજબ બસ આવતી ન હતી. સાઈકલ વગેરે વાહનની સુવિધા માટેનું ધન સુલભ નહોતું. તેમણે પોતાના અંગત વાહનની સુવિધા તો સ્વપ્નમાં પણ વિચારી નહોતી. કાચબાની જેમ ગતિ કરનારું સરકારી તંત્ર શું ત્વરિતતા લાવી શકે ? સરકારના મહારણ્યના હિંસક પશુઓરૂપી અધિકારીઓની સાથે નિરાકરણ કરતાં કરતાં બીજાં પાંચ વર્ષ નીકળી ગયાં હતાં. સરકારી કાર્યાલયનાં પ્રાયઃ બધાં પગથિયાં આ કોશકારના આવાગમનથી જ ઘસાઈ ગયાં હશે! અસ્તુ, આ રીતે દીર્ઘકાળ સુધીના યાતાયાત પછીનું ફળ શું મળ્યું ? એ જાણીને તો વાચકો કદાચ મૂર્છિત થઈ જશે. એક દિવસ સરકારના ખાતાએ પૂર્વે પંડિતજીને આપેલ કાર્યાવકાશની ઘોષણાનો આદેશ પણ પાછો ખેંચી લીધો હતો. અરણ્યરુદનની જેમ લાંબા સમય સુધી કરવામાં આવેલો કોશની રચના માટેનો પ્રયત્ન પણ જાણે કે નિષ્ફળ ગયો. આથી ખિન્ન થઈ ગયેલા આચાર્યનો ઉત્સાહ ઓછો થઈ ગયો હતો.

ઉત્તમ લોકોનો મહાયત્નઃ ખરેખર આરંભેલું કાર્ય ઉત્તમ લોકો છોડતા નથી. તેઓ અસહ્ય એવી વેદનાઓને કોઈ પણ રીતે દૂર કરીને કાર્યસિદ્ધિને લક્ષમાં લઈને ફરીથી પ્રયત્નશીલ બનતા હોય છે. એ દરમ્યાનમાં સૌભાગ્યથી સુપ્રસિદ્ધ ન્યાયવાદી એસ.કે.વેંકટરંગ આયંગાર નામના કોઈ સજ્જન વિદ્યાના પક્ષપાતી હતા. તેમણે તત્કાલીન પ્રદેશ કૉંગ્રેસના અધ્યક્ષ નિજલિંગપ્પા મહોદયનો પરિચય શ્રીનિવાસ ગોપાલા-ચાર્યને કરાવીને મહાન ઉપકાર કર્યો. સંસ્કૃત-સંસ્કૃતિના રક્ષણને માટે તત્પર એવા તે મહાનુભાવે કોશકાર પંડિતજીની આશા-જ્યોતિને પુનઃ પ્રજ્વલિત કરી થોડા સમય પછી જ કર્ણાટકના મુખ્યમંત્રી રૂપે નિજલિંગપ્પા નિયુક્ત થયા. તેમણે સરકારી વિભાગોમાં શ્રીનિવાસ ગોપાલાચાર્યને સંબંધિત બધા પત્રો મંગાવીને પરિશીલન કર્યું. ત્યાર પછી અર્થસચિવ દ્વારા, શિક્ષણવિભાગ દ્વારા, વિત્તવિભાગ દ્વારા, સાહિત્ય-સંસ્કૃતિની અભિવૃદ્ધિ માટે નિયુક્ત કરાયેલાં અધિકારીઓ દ્વારા આખાય પ્રકલ્પન વિશે વિચારણા કરીને 'શબ્દાર્થકૌસ્તુભ' નામે શબ્દકોશના ભાવિપ્રકાશન પ્રયોજનને ધ્યાનમાં રાખીને પંડિતજીનું જૂનું વેતન પણ સંપૂર્ણપણે આપી દેવાયું. તેમજ કાર્યને આગળ ધપાવવા વિનંતી કરી. જાણે કે આચાર્યશ્રીનું જીવન અને જીવનોદ્દેશ ધન્ય થઈ સાર્થક બન્યાં! ફળપ્રાપ્તિ થતાં શ્રમનો થાક ઊતરી જાય છે.

શબ્દકોશના દ્વિતીય સંપુટનું કાર્ય સારી રીતે ઉત્સાહપૂર્વક આરંભાયેલું. ઈ.સ. ૧૯૬૭ના વર્ષમાં બીજા સંપુટનો લોકાર્પણવિધિ કન્નડ સાહિત્ય પરિષદમાં યોજાયેલ ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નિજલિંગપ્પા ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકારના તત્કાલીન આહારમંત્રી અને રાજકીય મહાનુભાવ કે જેઓ ઉપરાષ્ટ્રપતિ પણ બન્યા હતા.તેવા શ્રી બી.ડી.જત્તી પણ તે સમારંભમાં ઉપસ્થિત હતા. ત્યાર પછીના સમયમાં સ્વયં મુખ્યમંત્રીએ રાજ્ય સરકારનું અનુદાન આપ્યા ઉપરાંત કેન્દ્રસરકારનું અનુદાન આ પ્રકલ્પને મળે એ માટે પ્રયાસો કરેલા. આ સંદર્ભમાં આચાર્ય શ્રીનિવાસ ગોપાલા-ચાર્યની જન્મસિદ્ધ દૈવશ્રદ્ધાનું માત્ર નવીનીકરણ જ નહિ પણ દ્રઢીકરણ પણ થયું.

શબ્દકોશના બીજા ભાગના પ્રકાશન પછીથી પંડિતજીની દિલ્લીયાત્રા આરંભાયેલી. કેન્દ્ર સરકારમાંથી 'શબ્દાર્થકૌસ્તુભ'ને અનુદાન મળે એ માટે દિલ્લી ગયેલા પંડિતજીને ક્યારેક અઠવાડિયા માટે તો ક્યારેક એક માસ માટે દિલ્લી રોકાવાનું બનતું. તેઓ સાત્ત્વિક મનોવૃત્તિના હતા તેથી ખાનપાનમાં પવિત્રતા જાળવતા હોઈ નિરાહાર રહેવાનું તેમને બનતું હોવાને લીધે અને કાર્ય-પરાયણતાને લીધે એમનું શરીર ક્ષીણ બન્યું હતું. ઘણી વાર તો તેઓ ભૂખ્યા રહીને પણ શબ્દકોશની રચનાનું કામ સતત કરતા રહેતા.

ઈ.સ.૧૯૯૩ની સાલમાં તેમને પત્નીનો વિયોગ થયો હતો. તેમનાં સહધર્મિણી સ્વ. રંગનાયકમ્મા પોતે જ તેમનાં સ્ફૂર્તિનાં હેતુરૂપ હતાં. તેઓ સ્વયં પણ સંસ્કૃતનાં વિદુષી હોઈ કોશરચનાના કાર્યમાં અનેકવિધ સહાય કરતાં હતાં. તેઓ હસ્ત-પ્રતના શુદ્ધીકરણમાં અને મુદ્રણદોષોને શોધી કાઢવાના ક્રમમાં નિપુણ હતાં. ઈ.સ. ૧૯૮૫ના વર્ષમાં તેમને વાયુરોગ થયો હોઈ કામકાજમાં અશક્ત થઈ ગયેલાં. ત્યારે પુત્રી ઉપરાંત પત્નીની સેવા-શુશ્રૂષાકાર્ય પણ પંડિતજી પોતે કરતા હતા. રોગીને સમયાંતરે દવા વગેરે આપવાનું કાર્ય કરવાનું હોઈ તે બધું પંડિતજી દ્વારા કરવામાં આવતું. આચાર્યના સ્વકાર્યનિષ્ઠા, દયાળુ હૃદય અને ગૃહસ્થધર્મનું પાલન વગેરે અનુસરણયોગ્ય ગુણોનો સમૂહ તેમનામાં હતો.

ખરેખર અનર્થરૂપી છિદ્રો ઘણાં હોય છે. સદ્ધર્મિણીના રોગને કારણે કોશલેખનથી માંડીને મુદ્રણદોષના શુદ્ધીકરણ સુધીનાં બધાં કાર્યો આચાર્ય શ્રીનિવાસજીએ જ કરવાનાં. સંતોષથી દૈનિક જીવનનાં બધાં કાર્યો કરીને પણ કોશકાર્ય કરતા. રાત્રે બાર વાગ્યા સુધી મુદ્રણશુદ્ધિનું કાર્ય કરતા હોય. ત્રણેક કલાક આરામ કરીને ફરીથી બ્રહ્મમહૂર્તમાં સવારે ત્રણ વાગ્યે વહેલા ઊઠીને આચાર્યશ્રી કાર્યપરાયણ બની જતા. એ દરમ્યાનમાં ક્યારેક પોતાના ઘરના નિર્માણ માટે ઈંટ વગેરે લાવવાનું કાર્ય

(અનુસંધાન પૃ. ૪૮૧ પર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

— ડૉ. મધુસૂદન પારેખ —

ચાર્લ્સ ડાર્વિન

મેથ્યૂ આર્નલ્ડ કવિતા અને સાહિત્યની વિચારણા કરતો કરતો ધર્મના પ્રશ્નોની છણાવટમાં પણ મહત્ત્વનો ભાગ ભજવવા લાગ્યો. એના અભિપ્રાયે તો વિજ્ઞાન, ધર્મ તેમજ અન્ય ક્ષેત્રોનું વિરામસ્થાન કવિતામાં જ હતું, અને એ જ રીતે જ ધર્મ વિશેની તેની વિચારણા હતી.



ઓગણીસમી સદીમાં ભૌતિકવાદે માઝા મૂકી હતી. એના કેટલાક મહાન પુરસ્કર્તાઓ હોવા છતાં એની સામે વિદ્રોહનો, કે સાવધાનીનો સૂર પ્રકટ કરનારા હતા. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ તરફ વળતા બૌદ્ધિકોમાં કંઈક વિષાદ પણ ઉદ્ભવવા માંડ્યો હતો. ધર્મ વિશે, ખાસ તો ધર્મગ્રંથ બાઈબલ વિશે પણ, નવેસરથી વિચારણા કરવાનું વલણ વધવા માંડ્યું હતું. ધર્મના- બાઈબલના સિદ્ધાંતો અથવા તેમાંની અનેક બાબતો વિશે સંશયવાદ પ્રકટવા માંડ્યો હતો. પ્રગતિવાદ સામે પ્રત્યાઘાત ઊઠવા માંડ્યા હતા. આર્નલ્ડે 'ડૉવર બીચ'માં ઉદ્ગાર કર્યો હતો કે 'he heard the ' melancholy, long with drawing roar of the sea of faith on Dover Beach'

આર્નલ્ડની જેમ એના બીજા કેટલાક સમકાલીનોએ પણ ખ્રિસ્તીધર્મનાં તત્ત્વો - ખાસ તો બાઈબલનાં અર્થઘટનો નવેસરથી કરવા માંડ્યાં હતાં. આ બધી ચર્ચાઓને કારણે ચુસ્ત બાઈબલવાદીઓમાં ખળભળાટ મચી ગયો હતો. એવામાં વળી ચાર્લ્સ હેનલનું (Charls Hennell) એક પુસ્તક 'ઈન્કવાઈયરિ કન્સર્નિંગ ધી ઑરિજીન ઑવ્ ક્રિશ્ચિયાનિટી' પ્રકાશિત થયું જેમાં ખ્રિસ્તીધર્મનાં બાઈબલનાં મૂળતત્ત્વો વિશે વિદ્વત્તાપૂર્ણ છણાવટ હતી. આ પુસ્તકનો ભારે પ્રભાવ મૅરિઅન ઈવાન્સ (Marian Evans) પર પડ્યો. એ મૅરિઅન ઈવાન્સ તે જ જ્યોર્જ એલિયટ (George Eliot). ચાર્લ્સ હેનલના પુસ્તકના પ્રભાવ કરતાંય સવિશેષ પ્રભાવ પાડનાર બીજું પુસ્તક ડી.એફ.સ્ટ્રોસ (D.F.Strauss)નું 'લાઈફ ઑવ્ જીસઝ' હતું. જ્યોર્જ એલિયટે તેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો (૧૮૪૪-૪૬) એ પુસ્તકમાં ચમત્કારવાદનાં પ્રતિકાર ઉપરાંત ધાર્મિક વિચારો અને વલણોનો સમભાવપૂર્વકનો માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણ રજૂ થયો હતો. બાઈબલની કથાઓના શબ્દોની પાછળનાં અધ્યાત્મ તત્ત્વો તેમાં રજૂ થયાં હતાં - બાઈબલના શાબ્દિક અર્થ નહિ પણ એમાં જે અંતર્ગત રહસ્યો હતાં, તેના પર તેમાં ઝોક હતો. બાઈબલના શાબ્દિક અર્થને 'literal truth'ને માનવાનો તેમાં ઈન્કાર હતો. આમ, બાઈબલ વિશે આધુનિક દૃષ્ટિબિંદુનો પાયો નંખાવા માંડ્યો. એ અરસામાં સર ચાર્લ્સ લાયેલ (Sir Charles Lyell) નાં ત્રણ મહત્ત્વનાં પુસ્તકો પ્રકાશિત થયાં: 'પ્રિન્સિપલ્સ ઑવ્ જિયોલોજી' (Principles of Geology- ૧૮૩૦-૩૩), 'એલિમેન્ટ્સ ઑવ જિયોલોજી' (Element of Geology- ૧૮૩૮) અને જિયોલોજિકલ ઍવિડન્સ ઑવ્ ધી એન્ટિક્વિટી ઑવ્ મેન' (Geological Evidence of the Antiquity of Men - ૧૮૬૩) આ પુસ્તકોએ તો વળી બાઈબલમાંની કેટલીક ચુસ્ત ગણાતી માન્યતાઓ સામે પડકાર ફેંક્યો અને બાઈબલચુસ્ત પ્રજાવર્ગમાં તે સખત ઊહાપોહ જગાવનારાં બની રહ્યાં. આ પુસ્તકોમાં ભૂસ્તરવિદ્યાભ્યાસના આધારે કુદરતની પ્રક્રિયાની સાતત્યની સમજ આપવામાં આવી હતી અને 'જેનિસિસ' (Genesis) માં પૃથ્વી વિશેની જ રૂઢ માન્યતાઓ હતી તેને પડકારવામાં આવી હતી. બાઈબલમાં પૃથ્વીની જે વયમર્યાદા દર્શાવાઈ હતી તેના કરતાં પૃથ્વી ઘણાં વર્ષો પૂર્વેથી હતી અને તેનો ક્રમિક વિકાસ થયો હતો. બાઈબલમાં મનુષ્યજાતિનો જે ક્રમિક વિકાસ દર્શાવાયો હતો તેના કરતાં ય માનવી ઘણાં વર્ષો પૂર્વે પૃથ્વી પર વસતો હતો.

આમ, બાઈબલમાંની રૂઢ માન્યતાઓ સામે પ્રત્યાઘાત પ્રકટવા માંડ્યા. સંશયવાદ અને વિષાદ કેટલાયનાં ચિત્તમાં વ્યાપી ગયો. આ બધાં પુસ્તકોના શિરમોર જેવું ચાર્લ્સ ડાર્વિનનું પુસ્તક 'ધી ઑરિજિન ઑવ્ સ્પીસીઝ' (The Origine of Species) ઈ.સ. ૧૮૫૯માં પ્રકટ થયું. તેમાં તેણે મનુષ્યજાતિનો માનવેતર પ્રાણીમાંથી કેવી રીતે વિકાસ થતો ગયો તે સિદ્ધાંત ઢગલાબંધ સાથે રજૂ કર્યો અને તેના બીજા પુસ્તક 'ધ ડિસેન્ટ ઑવ્ મૅન'માં મનુષ્યના ઉત્ક્રાન્તિવાદની ઘનિષ્ઠ વિચારણા રજૂ કરી જેનાથી રૂઢિચુસ્ત સમાજ લગભગ વિદ્રોહની સ્થિતિમાં આવી ગયો અને એ ઊહાપોહ વર્ષો સુધી ચાલતો રહ્યો.

ચાર્લ્સ ડાર્વિન (૧૮૦૯-૧૮૮૨): ચાર્લ્સ રૉબર્ટ ડાર્વિન ઈ.સ.૧૮૦૯માં જન્મ્યો હતો. એના દાદા વૈદરાજ અને કવિ હતા. વળી, ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતની સ્થાપનાના પાયામાં પણ તે હતા. ડાર્વિનને વિદ્યાર્થીઅવસ્થાથી જ સ્પેસિમેન્સ 'Specimens' એકઠા કરવાનો શોખ હતો. સોળ વર્ષની વયે તે ડૉક્ટરી વિદ્યાશાખામાં અભ્યાસ માટે એડિનબરઅ (Edinburgh) ગયો પણ ત્યાં તેને દરિયાઈ જીવન વિશે વધુ ઉત્કંઠા થઈ. વાઢકાપના પ્રયોગોમાં તેને

રસ પડ્યો નહિ. છેવટે તે કેમ્બ્રિજમાં વધુ અભ્યાસ માટે ગયો અને ત્યાં પરીક્ષા પસાર કરી. ડાર્વિને પ્રાકૃતિક ઇતિહાસને પસંદગી આપીને ડૉક્ટરી લાઈનને તિલાંજલી આપી દીધી અને ઈ.સ. ૧૮૫૧માં એક મનવારમાં તે પોતાને મનગમતા વિષયની વિશેષ શોધ માટે દક્ષિણ અમેરિકાની સફરે ઊપડ્યો. આ બાબતે તેણે નોંધ્યું છે કે 'This was the most important event in my life and has determined my whole career' ઈ.૧૮૩૯માં તેની ભત્રીજી મિસ એમા વેજવૂડ (Emma Wedgewood) સાથે તેણે લગ્ન કર્યાં. નાદુરસ્ત તબિયતમાં ડાર્વિન તેની પત્નીની મમતાભરી માવજતથી જ કાર્યપ્રવૃત્ત રહી શક્યો. પણ ઈ.૧૮૮૧માં તેના પર ભાઈના મૃત્યુના આઘાતનો હુમલો આવ્યો અને ઈ. ૧૮૮૨માં હૃદયરોગના હુમલાથી તે મૃત્યુ પામ્યો. પ્રાકૃતિક વિજ્ઞાનમાં તેને નાની વયથી જ જીવંત રસ હતો. ઈ.૧૮૪૦ પહેલાં તો તેણે પોતાનો ઉત્ક્રાન્તિવાદનો સિદ્ધાંત વિચારી દીધો હતો.અને તેની પાછળ જ તે વર્ષો સુધી લાગી રહ્યો તથા કેટલાય પ્રયોગો કરી કરીને તેણે એ સિદ્ધાંત રજૂ કર્યો. ઈ. ૧૮૫૯માં તેણે 'ધી ઑરિજિન ઑવ્ સ્પીસીઝ' પુસ્તક પ્રગટ કર્યું. એ પછી 'ધ વેરિએશન ઑવ્ પ્લાન્ટ્સ ઍન્ડ ઍનિમલ્સ અન્ડર ડુમેસ્ટિકેશન' ઈ.૧૮૬૮માં પ્રકાશિત થયું. એનું 'ધ ડિસેન્ટ ઑવ્ મૅન ઍન્ડ સિલેક્શન ઈન રિલેશન ટુ સેક્સ' ઈ.૧૮૭૧માં પ્રકાશિત થયું અને 'ધી એક્સપ્રેશન ઑવ્ ઈમોશન્સ' ૧૮૭૨માં પ્રકટ થયું. ડાર્વિનનાં પુસ્તકો આમ તો સાહિત્યની કક્ષામાં મૂકી શકાય નહિ; પણ તેનાં પુસ્તકોએ આખા સૈકાના વિચારો પર પ્રબળ પ્રભાવ પાડ્યો છે. તેણે વૈજ્ઞાનિકોના દૃષ્ટિકોણને સુધાર્યો અને ક્રમશઃ પ્રત્યેક વિચારકને એક નવી દૃષ્ટિ આપી તથા એના ક્રાંતિકારી વિચારોની ચેપી અસર કાલ્પનિક સૃષ્ટિ પર અને સૌંદર્યશાસ્ત્ર પર પણ પડી. એનાં પુસ્તકો વૈચારિક સાહિત્યના ઇતિહાસમાં પ્રથમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યાં છે. એ રીતે સાહિત્યનો ઇતિહાસકાર તેના કાર્યને ઉવેખી શકે નહિ.

ડાર્વિન વૈજ્ઞાનિક કક્ષાનો બુદ્ધિજીવી હતો. કોઈ પણ સત્યને કસોટીએ ચડ્યા વિના જંપ વળે નહિ એવો તેનો ચુસ્ત સ્વભાવ હતો. એને નક્કર સત્ય જ ખપતું હતું અને તે પણ અનુભવસિદ્ધ સત્ય. ડાર્વિન કોઈ કુશળ પ્રચારવાદી નહોતો, જો કે એ પોતાના વિષયના નિરૂપણમાં રસિકતા લાવી શકતો હતો. એનું પુસ્તક 'ધ વોવેજ ઑવ્ ધ બીયાગલ' (૧૮૩૯) એની સાહિત્યકાર તરીકેની શક્તિનો કંઈક અણસાર આપી શકે તેમ છે. એણે વનસ્પતિના અને પ્રાણીજીવનના નમૂના એકઠા કરવા માટે આ પ્રવાસ ખેડ્યો હતો. એ પોતાને તત્ત્વચિંતનશીલ પ્રકૃતિવાદી - Philosophic Naturalist - તરીકે ઓળખાવતો.. એણે જિંદગીનાં ઘણાં બધાં વર્ષો શાંતિથી અને વ્યવસ્થિત રીતે નમૂનાની સામગ્રી ભેગા કરવામાં અને તેનું અર્થઘટન કરવામાં જ આપ્યાં હતાં. અલબત્ત, એના ઉત્ક્રાન્તિવાદના સિદ્ધાંતે મધપૂડા પર પથ્થર મારવા જેવું કાર્ય કર્યું. એને ઘણાં ફિટકાર અને અપમાનો વેઠવાં પડ્યાં. તેમ છતાં ઓગણીસમી સદીના ઉત્તમ બુદ્ધિજીવીઓમાં અને ક્રાંતિકારી વિચારોની બાબતમાં તેનું સ્થાન આગલી હરોળનું છે.

ઇતિહાસકાર કઝામિયાએ નોંધ્યું છે તેમ 'Darvin's wonderful sense of objectivity, together with the virtue of his intellectual example, leave him the honour of having won over the minds of his epoch to the new idea. In so shining a manner was he worthy of being trusted that he made trust an obligations; and he made doubt a moral impossibility' એનું પુસ્તક 'ધી ઑરિજિન ઑવ્ સ્પીસીઝ' માનવજાત માટે એનો અતીત ખુલ્લો કરી આપે છે. સંભવતઃ તેનો ભવિષ્યકાળ પણ. ડાર્વિન ભલે વિવાદાસ્પદ અને ઊહાપોહનો ભોગ બન્યો પણ એના સિદ્ધાંતનો જોરદાર પુરસ્કર્તા ટૉમસ હેન્રી હક્સ્લેમાં (Thomas Henry Huxley)માં મળી રહ્યો. (ક્રમશઃ)

અનુસંધાન] શ્રીનિવાસ ગોપાલાચાર્ય [પૃ. ૪૭૯ થી

કરેલું. પરંતુ પછીથી નિર્ધનતાને લીધે એ છોડી દીધેલું. વીસ વર્ષ સુધી એ અર્ધનિર્મિત ઘરમાં જ એમનો નિવાસ હતો. પત્નીની અસ્વસ્થતાને લીધે સ્વયંપાકી બની ગયેલા. તેઓ દરરોજ માત્ર મગની રસોઈ જ બનાવીને જમતા!

છ ભાગમાં વહેંચાયેલો અને ચાલીસ હજાર શબ્દોથી યુક્ત આ મહાકોશ 'શબ્દાર્થકૌસ્તુભ' પંચાવન વર્ષના સમયગાળામાં એકલા હાથે તેમણે પૂર્ણ કરેલો. ઘણા પંડિતોની મંડળી દ્વારા પૂર્ણ કરવામાં આવે એવું આ મહાકાર્ય આ એકલવીર પંડિતજીએ પૂર્ણ કરીને પોતાની કર્તૃત્વશક્તિનું અનુપમ નિદર્શન કરેલું.

પૂર્ણ થયેલું પ્રસ્તુત કાર્ય જુદી જુદી વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા પ્રસંશા પામ્યું હતું. સંપત્તિ કે બીજા પ્રકારનો કોઈ સરકારી પુરસ્કાર કે પ્રશસ્તિ પ્રસ્તુત અકિંચન ચક્રવર્તી પંડિતજીને મળ્યો ન હતો. સુસંબદ્ધ કે અસંબદ્ધ કશુંક લેખનકાર્ય કરીને પ્રશસ્તિ-પ્રાપ્તિના એકમાત્ર ધ્યેય માટે તત્પર એવા પોતાને પંડિત માનતા લોકો આધુનિક ભારતીય વિદ્યાક્ષેત્રે વિહરે છે. મહાકવિ ભાસે કહેલું કે કાર્ય કરનારા લોકો આ દુનિયામાં સુલભ છે, પરંતુ તેના કદરદાન લોકો દુર્લભ હોય છે.

પૂર્વે, આ પંડિતજીએ માધ્યમિક શાળા માટેનું સંસ્કૃત-શિક્ષણનું 'નવીતસરણી' એવું પુસ્તક પણ લખેલું.

જગતનાં પાલનપોષણમાં તત્પર એવા ભગવાન મહા-વિષ્ણુના વક્ષઃસ્થળનાં કૌસ્તુભમણિ સમાન, કર્ણાટકના જ્ઞાનક્ષેત્રને 'શબ્દાર્થકૌસ્તુભ' અલંકૃત કરે છે. આ રીતે કોશચક્રવર્તી શ્રીનિવાસ ગોપાલાચાર્ય સ્વનિર્મિત કોશ વડે કરીને ચિરંજીવી બન્યા છે. ☐

યોગાસન વિષ્ણુ

ડૉ. પ્રિયબાળા શાહ

હિંદુ ધર્મમાં ત્રિમૂર્તિના એક દેવ તરીકે વિષ્ણુની ગણના થાય છે. બ્રહ્મા અને શિવ વિશ્વના સર્જક અને સંહારક દેવ ગણાય છે તેમ વિષ્ણુ પાલક દેવ ગણાય છે. વિષ્ણુ વેદના દેવ છે. તેથી તેમનો ઉલ્લેખ ચારે વેદમાં એટલે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં આવે છે. બાર આદિત્યોમાં વિષ્ણુનું સ્થાન સ્પષ્ટ છે તેથી તે સાતે લોકમાં ફરે છે. વિષ્ણુ પોતે જ સૂર્ય છે માટે રવિવાર અને બીજાં પ્રસંગોએ તેની પૂજા સૂર્યનારાયણ તરીકે થાય છે.

ધીરે ધીરે પુરાણકાળમાં વિષ્ણુને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે તે રીતે તે પાલક દેવ ગણાય છે. વિષ્ણુનાં મંદિરોમાં વિષ્ણુની મુખ્ય મૂર્તિ જુદી જુદી અવસ્થામાં નજરે પડે છે જેમ કે ઊભેલી, બેઠેલી અને સૂતેલી. આ ત્રણે પ્રકારની મૂર્તિઓનું યોગ, ભોગ, વીર અને આભિચારિક પ્રકારમાં વર્ગીકરણ થાય છે. આ પ્રકારની મૂર્તિઓને ભક્તો પોતાની વિવિધ ઇચ્છાઓ અને માગણીને નજરમાં રાખીને પૂજતા હોય છે. જેમ કે યોગી વિષ્ણુના યોગ સ્વરૂપની પૂજા કરે છે. શૂરાતન માટે વીર સ્વરૂપ અને રાજાઓ તેમજ બીજાઓ પોતાના દુશ્મનને જીતવા માગતા હોય તેઓ આભિચારિક સ્વરૂપની પૂજા કરે છે. દક્ષિણ ભારતનાં વિષ્ણુનાં કેટલાંક મંદિરો ત્રણ માળનાં હોય છે. જેમ કે કાંજીવરમ્‌નું વૈકુંઠ જેમ માળનું મંદિર, તેવી જ રીતે જુદાં જુદાં સ્થળોએ પણ ત્રણ માળનાં મંદિરો છે. આવાં ત્રણ માળનાં મંદિરના દરેક માળના મધ્ય ગર્ભગૃહમાં વિષ્ણુની ઊભેલી, બેઠેલી અને સૂતેલી મૂર્તિઓ અનુક્રમે હોય છે. જેમ કે ભોંયતળિયાની ભૂમિકામાં વિષ્ણુની ઊભેલી મૂર્તિ, વચલા માળમાં બેઠેલી અને ટોચના માળમાં સૂતેલી મૂર્તિ હોય છે.

આપણે અહીં વિષ્ણુની બેઠેલી મૂર્તિની વાત કરવાની છે. વિષ્ણુની બેઠેલી મૂર્તિ યોગાસનમાં હોય છે. તેને ચાર હાથ હોય છે ને તે ગૌર વર્ણની કરવામાં આવે છે. મસ્તક ઉપર જટામુકુટ ધારણ કરે છે. જે આસન ઉપર તે બિરાજે છે તે બ્રહ્માસન કે પદ્માસન તરીકે ઓળખાય છે. વિષ્ણુની મૂર્તિના આગળના બે હાથ યોગમુદ્રામાં હોય છે. તેથી મૂર્તિના હાથમાં શંખ અને ચક્ર હોતાં નથી. બનારસમાં આવી એક મૂર્તિ જોયાનું યાદ આવે છે. પદ્માસનમાં વિષ્ણુની મૂર્તિ યોગમુદ્રામાં જણાય છે. તેની આંખો અર્ધમુકુલિત હોય છે. ગળામાં હાર શોભે છે. સફેદ વસ્ત્રો ધારણ કરેલાં જણાય છે. આ મૂર્તિની ત્રણ બાજુએ શંખ, ચક્ર અને ગદા કરવામાં આવે છે. તે તો પદ્માસનમાં જ હોય છે. તેથી પદ્મની જરૂર રહેતી નથી. વાચસ્પત્યકોશમાં નોંધેલું યોગેશ્વર પ્રકારના વિષ્ણુનું સ્વરૂપ ધ્યાન ખેંચે છે. તેમાં વિષ્ણુ પદ્માસનમાં બિરાજેલા, અર્ધમુકુલિત મુદ્રામાં અને નાકની ટોચ ઉપર તેની દૃષ્ટિ



મથુરા મ્યૂઝિયમ યોગીશ્વર વિષ્ણુ

સ્થિર થયેલી હોય છે. તેના આગલા બે હાથ પગની પલાંઠી ઉપર યોગમુદ્રામાં હોય છે. બેઠેલી આકૃતિની બાજુમાં પદ્મ અને ગદા કોતરવામાં આવે છે. તેના ઊંચા બે હાથમાં સુદર્શન ચક્ર અને પાંચજન્ય શંખ હોય છે. આ પ્રકારની વિષ્ણુની મૂર્તિ જન્મમરણના બંધનમાંથી જીવોને મુક્ત કરવા માટેની છે. તેથી યોગીઓ તેની પૂજા કરે છે.

અહીં બતાવેલી મથુરા મ્યૂઝીઅમની યોગીશ્વર વિષ્ણુની પ્રતિમા છે તેને ચાર હાથ છે. બે હાથ પદ્માસન પર યોગમુદ્રામાં છે. પલાંઠીની નીચેના ભાગમાં શંખ છે અને બીજા બે હાથમાં ગદા અને ચક્ર છે. તેની ઉપરનાં ભાગમાં બ્રહ્મા અને શિવની મૂર્તિઓ છે. મુલતાની ટોપી જેવો મુકુટ ધારણ કરેલો છે. અંગ ઉપર વિવિધ દાગીના શોભે છે. પલાંઠી નીચે બંને બાજુએ સ્ત્રી અને પુરુષ સેવક જણાય છે.

વિષ્ણુની ધ્યાનસ્થ બેઠી પ્રતિમાઓ ખૂબ જ થોડી મળી આવી છે છતાં ગુજરાતમાં તેનો પ્રચાર હતો. ક.ભા.દવે 'ગુજરાતનું મૂર્તિવિધાન'(પૃ.૨૩૭)માં નોંધે છે કે અમદાવાદના આશા ભીલના ટેકરામાંથી તેનું ખોદકામ કરતાં કેટલીક પ્રતિમાઓ મળી આવી હતી. તેમાંથી યોગાસન ભગવાન વિષ્ણુની પદ્માસનવાળી બેઠેલી

પ્રતિમા મળી આવી છે. તેના ચાર હાથ પૈકી બેમાં ચક્ર તથા શંખ અને બીજા બે ખોળામાં યોગમુદ્રા વ્યક્ત કરતા બતાવેલા છે. પગ પાસે ગદા તથા કમળ, શરીર ઉપર આભૂષણો, માથે કિરીટ મુકુટ, ગળામાં હાર, કટિ ઉપર કટિસૂત્ર, કાને કુંડળ, બંને કોણી ઉપર વલયો, બે બાજુ પરિવાર વગેરે બતાવેલાં છે. મધ્યકાલીન મૂર્તિકલાનો આ અદ્વિતીય નમૂનો ગણાય છે. આ મૂર્તિનું કલાવિધાન સંપૂર્ણતઃ વિશ્વકર્મશાસ્ત્રને અનુરૂપ થયેલું છે. 'વિશ્વકર્મશાસ્ત્ર'માં માનસોલ્લાસ અને 'સિદ્ધાર્થસંહિતા'માં તેનાં વ્યવસ્થિત વિધાનો આપેલાં છે.

આબુની તળેટીમાં દેવાંગણથી ઓળખાતા સ્થાન પાસે પણ આવી જ યોગીશ્વરની મૂર્તિ છે. આ સ્થાન અનાદરાથી અઢી માઈલ દૂર કોડીધ્વજથી એક માઈલ જતાં સઘન વન અને વાંસની ઝાડીમાં એક નાળા પાસે આવેલું છે. આ મંદિરમાં કેટલીક છૂટી મૂર્તિઓ છે. તેમાં ભગવાન વિષ્ણુની યોગાસન પ્રતિમા પણ છે. આમાં ભગવાન વિષ્ણુ ધ્યાનસ્થ પદ્માસન વાળી બેઠેલા છે. તેમના ચાર હાથ પૈકી બે ખોળામાં યોગમુદ્રામાં તથા ઉપરના બે હાથમાં કમળ(? ચક્ર) અને શંખ ધારણ કરેલા જણાય છે. કેટલીક વખત આયુધો મૂકવામાં શિલ્પીઓ સ્વતંત્રતા ભોગવતા હોવાના કારણે ગ્રંથોક્ત આયુધોના ક્રમ પ્રમાણે આયુધો મુકાયાં જણાતાં નથી.

સૌરાષ્ટ્રમાં કડવારના વરાહમંદિરમાંથી પણ આવી પ્રતિમા મળી આવી છે. યોગાસન વિષ્ણુની પ્રતિમા વરાહમંદિરના મુખ્ય દ્વાર ઉપર મૂકેલી છે. તેમાં સૂર્ય, બ્રહ્મા વગેરે મૂર્તિઓના સમૂહમાં યોગાસન વિષ્ણુની પ્રતિમા છે. તેને ચાર હાથ છે. દરેકમાં માલા, ગદા, ચક્ર અને શંખ ધારણ કરેલાં છે. ભગવાન વિષ્ણુ પલાંઠી વાળીને બેઠેલા છે. વિષ્ણુની આસન સ્થાનક, વીર, શયનમૂર્તિઓ પૈકી આવી મૂર્તિઓને યોગાસન પ્રતિમા તરીકે આગમશાસ્ત્રો સંબોધે છે.

હવે આપણે બીજા જ પ્રકારની યોગાસન મૂર્તિમાં વિષ્ણુની બેઠેલી મૂર્તિ જોઈએ. તેને ચાર હાથ હોય છે તેમજ તેનો વર્ણ ગૌર કરવામાં આવે છે, મસ્તક ઉપર જટામુકુટ ધારણ કરે છે. જે આસન ઉપર તે બેસે છે તે બ્રહ્માસન કે પદ્માસનને નામે જાણીતું છે. વિષ્ણુના આગળના બે હાથ યોગમુદ્રામાં હોય છે. તેમાં સ્પષ્ટ જણાવેલું છે કે મૂર્તિના હાથમાં શંખ અને ચક્ર મૂકવાનાં નથી હોતાં. આ દેવનાં ઉપરનાં વસ્ત્રો સફેદ અને અંદરનાં વસ્ત્રો પીળાં હોય છે; ગળામાં હાર હોય છે. તેની દીવાલમાં શિવની બેઠેલી આકૃતિ કરવામાં આવે છે, તેની પાછળની દીવાલમાં એટલે કે પશ્ચિમની દીવાલમાં ચંદ્ર, સૂર્ય, સનક અને સનતકુમારની આકૃતિઓ હોય છે. કેન્દ્રસ્થ વિષ્ણુની બંને બાજુએ ભૃગુ અને માર્કણ્ડેય અથવા માર્કણ્ડેય અને ભૂમિદેવીની મૂર્તિઓ કરવામાં આવે છે. ઉત્તમ પ્રકારની મૂર્તિઓમાં ઉપર જણાવ્યા પ્રમાણેની તમામ આકૃતિઓ જરૂરી માનવામાં આવે છે. ચંદ્ર, સૂર્ય, સનક અને સનત્કુમારની મૂર્તિઓ આ સમૂહમાં ન હોય તો તે યોગાસન મૂર્તિ મધ્યમ પ્રકારની ગણાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે ભૃગુ અને માર્કણ્ડેયની મૂર્તિઓનો અભાવ હોય તો તે અધમ પ્રકારની મૂર્તિ ગણાય છે.

મૂર્તિવિજ્ઞાનના લેખક ગણેશ હરિ ખરેએ પોતાના મરાઠી ગ્રંથના પૃ. ૬૯ ઉપર મથુરા મ્યૂઝીઅમના યોગીશ્વર વિષ્ણુની પ્રતિમાનું વર્ણન આપેલું છે. આ ગ્રંથમાં વિશ્વકર્મશાસ્ત્ર (ચતુર્વર્ગ ચિંતામણિ ૨/૧૧૪) માંથી યોગીશ્વર વિષ્ણુનું વર્ણન આપેલું છે. કોનારકમાંથી વિષ્ણુની પ્રતિમાનું વર્ણન કરતાં શ્રી ખરે જણાવે છે કે યોગીશ્વર વિષ્ણુ બંને હાથે કોણીથી ખંડિત છે તેથી તેમના હાથમાં કયાં આયુધો હશે તેનો ખયાલ આવતો નથી. આ મૂર્તિ દ્વિભૂજાની હોવાને કારણે તે ધ્યાનમુદ્રામાં હોવાનું શક્ય છે. આ મૂર્તિને કરંડમુકુટ, ત્રણ સેરી હાર, લાંબો હાર, કમરનાં વસ્ત્ર પર મેખલા વગેરે જણાય છે. આ મૂર્તિ કોનારક પાસેથી મળેલી હોઈને તેની રચના તેરમી સદીની ગણાય છે.


આ રીતે શ્રી વિષ્ણુની યોગાસન મૂર્તિ કે યોગીશ્વર વિષ્ણુ કે યોગેશ્વર પ્રકારની વિષ્ણુની મૂર્તિનું વૈવિધ્ય શાસ્ત્રોક્ત ગ્રંથોને આધારે તેમજ પ્રાપ્ત થયેલી પ્રતિમાનું વર્ણન સ્પષ્ટ કરે છે કે ગુજરાતમાં યોગીશ્વર વિષ્ણુનો પ્રચાર હતો, તેમ માનવાને કારણ મળે છે. ☐

'કુમાર'નાં લવાજમ ભરવાનાં સ્થળ

(૧) મૅગેઝીન વર્લ્ડ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧
(૨) વિજય મૅગેઝીન વર્લ્ડ, ૬૨, કલ્યાણભુવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(૩) સૌરભ પુસ્તક ભંડાર, ૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(૪) એજ્યુકેશન એમ્પોરિયમ, ૩૬, ઉમિયાનગર, જળ ચોક, પાટણ - ૩૮૪ ૨૬૫
(૫) રવીન્દ્ર બુક હાઉસ, સંગીતા ફ્લૅટ્સ, ચંદ્રનગર સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા.
(૬) વિજય એસોસિએટ્સ, ૨૩૧, ડૉ. ડી.એન. રોડ, કૉમિસેરિએટ બિલ્ડિંગ, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧
(૭) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, પો.બૉ.નં.૧૦, વડોદરા-૩૯૦૦૦૧
(૮) ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., ૧-૨, સેન્ચુરી બજાર, પહેલા માળે, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
(૯) અક્ષરભારતી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ચેસ-કૉર્નર : કોયડો- ૨૯

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.

(White to play and mate in two)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh1, Qc8,Rg2,Rg2,Ba7,Ba8,Ne1,P-b3**

કાળાં : **Kc3,Qc6,Ba4,P-b4,d7**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail - **shaharpi@ hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ સપ્ટેમ્બર ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

•

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૨૬નો ઉકેલ :

(૧) **Key move Nc4** છે.

જો...... **B x B**	**(2) Nb2** (ડબલ ચેક) #
જો...... **B x c3**	**(2) Nb2** (ડબલ ચેક) #

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧)ઝેડ. એલ. ઝાલાવાડિયા,(૨)ડૉ.દિલીપ અહલપરા(અમદાવાદ),(૩) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ),(૪) અજિત યાજ્ઞિક (મુંબઈ)(૫) સમર્થ મોદી (વડોદરા),(૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) કિરણભાઈ શાહ (આણંદ) (૮) કલ્યાણભાઈ મુલિયા(સુરેન્દ્રનગર),(૯) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા)

-અર્પી શાહ

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સ્વર્ગસ્થ શ્રી યશવંતભાઈ શુક્લ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જ્યારે કુલપતિ હતા ત્યારે હું સેનેટ મેમ્બર અને બોર્ડ ઑફ એકાઉન્ટસ્ સભ્ય હતો.

'નિરીક્ષક'માં, સંદેશમાં, બુદ્ધિપ્રકાશમાં તેઓ નિયમિત લખતા. વિવેચક તરીકે તેઓ નિષ્પક્ષ બની વિવેચના લખતા, જેમને માટે તેઓને રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો. તેમનાં સંપાદનો, નિબંધસંગ્રહો દાદ માગી લે તેવા છે.

સ્વ. કનૈયાલાલ મુનશી પાસેથી ગુજરાતી સાહિત્ય પરિષદનું કાર્યાલય અમદાવાદ લાવ્યા ત્યારે તેમને મુનશી સામે ઘણો સંઘર્ષ કરવો પડેલો. ગુજરાત સાહિત્ય પરિષદમાં મુન્શીજીનું કાચું રાજ હતું. એ મહામાનવ પાસેથી પરિષદનો કાર્યભાર સંભાળ્યો ત્યારે મુનશીજીએ યશવંતભાઈને કહેલું:'ગુજરાતી સાહિત્યમાં મૂલ્યનિષ્ઠા સચવાય તે કાર્ય બહુ અઘરું છે. તમે તેને સાચવી શકો તો ભલે પરિષદ કાર્યાલય અમદાવાદ આવે.' પરિષદનું કાર્યાલય ત્યાર પછી એચ.કે.આર્ટસ્ કૉલેજમાં આવ્યું. પરિષદની ચૂંટણીઓ થયા પછી કારોબારી મધ્યસ્થ સમિતિ અને હોદ્દેદારોની ચૂંટણી નિવારાય તે માટે પ્રયત્નશીલ રહેતાં.'

'મારે તેમની સાથે વાતો થઈ. એક પ્રિન્સિપાલ, પ્રાધ્યાપક અને સંસ્કૃત તથા ઈતિહાસ તજજ્ઞ તરીકે થોકબંધ સાહિત્ય આપી શક્યા હોત, આપે તો સાંપ્રત સમસ્યા ઉપર લખવાનું રાખ્યું. આપ આ લાલચ કેમ રોકી શક્યા? ઘણુંએ યાદગાર વાચન આપ આપી શક્યા જ હોત.'

'પુષ્કરભાઈ, સાહિત્યનું એક વિશિષ્ટ મૂલ્ય હોય છે. તેને સંવારી શકાય તે માટે મેં આ લાલચ રોકી લીધી છે. મારા લેખો, કૉલમોમાં સાંપ્રત સમસ્યાઓ તરફ શિષ્ટ વાચકોનું ધ્યાન દોરવાનો મારો મકસદ રહ્યો છે. આપણું સાહિત્ય લોકોની સેવા કરી શકે તે માટે મેં આમ ચાહ્યું છે. જ્યાં પણ શિક્ષણ કે સાહિત્યમાં મૂલ્યો જળવાતાં નથી ત્યાં હું કોઈ સમાધાન કરતો નથી. એટલે જ. હવે આ કુલપતિપદ છોડી દેવાનો છું.'

એચ.કે.આર્ટસ્ કૉલેજના આચાર્ય તરીકે નિવૃત્ત થયા ત્યાર પછી કૉલેજના ટ્રસ્ટીઓએ યશવંતભાઈને છોડ્યા નહિ. તેઓ સંસ્થાના ટ્રસ્ટી બની જીવનના અંત સુધી સેવા કરતા રહ્યા. ઉમ્મર થઈ હોવા છતાં તે કોઈમ્બતોર સાહિત્ય પરિષદમાં હાજરી આપવા કરે અને 'કેશોદ'માં ઈતિહાસ પરિષદના અધિવેશનમાં હાજર ત્યારે ઘણી વાતો તેમની સાથે થતી હતી.:

'આપણું નામ ભવિષ્યની પેઢી યાદ રાખે તે મહત્ત્વનું નથી, આજની પેઢી માટે આપણે શું કરી શકીએ તે મહત્ત્વનું છે!'

નામ પ્રમાણે યશવંતભાઈ જીવનભર શુક્લ- ઉજ્જળા જ રહ્યા.

કંકાવટી

ડૉ. સુશીલાબહેન શેઠ

'આજની યુવતીઓ માટે બેકારી વધારે એવી યુનિવર્સિટીની ડિગ્રીઓ કરતાં જીવનનાં મૂલ્યોનું દર્શન આપે એવા ગણતરની જરૂર છે. બેકારી વધારતી ડિગ્રીઓ કરતાં કંઈક અંશે ઘર-બાળકોને ઉપયોગી થઈ શકે, જરૂર હોય ત્યાં આર્થિક ઉપાર્જન કરી શકે એવા ભણતરની જરૂર છે. તેનામાં સ્વ-રોજગારી માટેની સ્કીલની આવશ્યકતા છે.' બહેનો માટેનો આ સંદેશ છે. સમાજસેવિકા તથા બહેનોની સામાજિક સંસ્થા 'કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ' માટે પોતાનો અમૂલ્ય સમય આપી સમાજ માટે અનન્ય પ્રદાન આપનાર ભૂતપૂર્વ રાજ્યમંત્રી ડૉ. સુશીલાબહેન શેઠનો.



સ્પષ્ટવક્તા, દરેક કાર્યને અનન્ય ચોકસાઈપૂર્વક પાર પાડતાં ડૉ. સુશીલાબહેન શેઠનો જન્મ ૨૯મી માર્ચ ૧૯૨૮માં માતા કસુંબાબહેન તથા પિતા કેશવલાલભાઈ શેઠને ત્યાં થયો. તેઓ પાંચ બહેનો અને એક ભાઈ છે. સુશીલાબહેન બાળપણથી જ ભણવામાં હોંશિયાર હોઈ ૧૯૬૧માં U.S.A.માંથી તેમણે M.D. ની ડિગ્રી મેળવી. ત્યાર બાદ D.G.O. (Wein), L.M. (Dublin) L.M.P.P.A.S.F. (Ayurved Unani Tabibi in 1954) ડિગ્રીઓ મેળવી. ૧૯૭૨માં તેમણે ડૉક્ટર તરીકે સૌરાષ્ટ્ર યુનિ-વર્સિટીમાંથી M.B.B.S.ની ડિગ્રી મેળવી. તેમણે ડૉક્ટર તરીકે લગભગ ૩૦ વર્ષ સેવા આપી.

રાજકોટના ગુલાબચંદ તલકચંદ શેઠ કે જે સુશીલાબહેન શેઠના કાકા છે તેમના નામે બે શાળા-સંકુલ આજે પણ ચાલી રહ્યા છે. આ ઉપરાંત G.T.Medical ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા સુશીલાબહેન શેઠના પિતા કેશવલાલ તલકચંદ સ્મારકનિધિ ટ્રસ્ટ પણ ચાલી રહ્યાં છે. શ્રી કાન્તા સ્ત્રી વિકાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા પણ બહેનોની ઉન્નતિ માટે સેવા કાર્ય થઈ રહ્યું છે.

નાનપણથી જ સેવાની ભાવના લોહીમાં મળી. મોટાં બહેન હીરાબહેન કે જેઓ કાન્તા સ્ત્રી વિકાસ ગૃહનાં મંત્રી અને પછી પ્રમુખ હતાં તેમની પ્રશંસા કરતાં સુશીલાબહેન કહે છે કે આ ટ્રસ્ટ અને સેવા પાછળ મોટું યોગદાન હીરા-બહેનનું રહ્યું છે. તેઓ નિવૃત્ત થતાં આજે સુશીલાબહેન પ્રમુખ પદ સંભાળે છે.

ડૉક્ટર તરીકેની પ્રૅક્ટિસ કેમ છોડી ? તેના જવાબમાં તેઓ કહે છે કે, બંને કામ સમય માગી લે એવાં હોઈ બંને સારી રીતે પાર પાડી ન શકાય. હીરાબહેન નિવૃત્ત થતાં લગભગ ૧૯૭૪થી તેમનું કામ સુશીલાબહેને સંભાળી લીધું.

કાન્તા સ્ત્રી વિકાસ ગૃહનું નામ સૌરાષ્ટ્રભરમાં પ્રખ્યાત છે. સમાજની દુઃખી અને અનાથ બહેનોને ત્યાં આશરો મળે છે. એવી કેટલીય બહેનો છે જે માત્ર આર્થિક અગવડતાને લઈ શિક્ષણ પામી શકતી નથી. તેમને ટ્રસ્ટમાં વિનામૂલ્યે શિક્ષણ તથા રહેવા, જમવાની સગવડ અપાય છે. સામાજિક રીતે કુટુંબ તરફથી તરછોડાયેલી હોય, અન્યાયનો ભોગ બનેલી હોય તેને પણ આરક્ષણ આ ટ્રસ્ટ આપે છે. પોલીસ તેમજ મૅજિસ્ટ્રેટનાં હુકમથી ટ્રસ્ટમાં કોઈ બહેન દાખલ થઈ શકે છે. અથવા પોતાની કેફિયત ફૅમિલી કાઉન્સલિંગમાં મૂકી એમના દ્વારા યોગ્ય નિર્ણયથી પણ સ્ત્રી આ ટ્રસ્ટમાં આરક્ષણ મેળવી શકે છે.

૧૯૮૫-૧૯૯૦ના સમય દરમિયાન સુશીલાબહેન રાજકોટ શહેરનાં ધારાસભ્ય તરીકે રહી ચૂક્યાં છે. ધારાસભામાં તેઓ રાજ્યના શિક્ષણમંત્રી તરીકે પોતાની સેવા આપી ચૂક્યાં છે. શેઠ પરિવારની કેટલીય સામાજિક સંસ્થાઓ આજે ચાલી રહી છે. હૉસ્પિટલ હોય કે પુસ્તકાલય કે પછી વિદ્યાલય. આજની કારમી મોંઘવારીમાં મધ્યમવર્ગીય વ્યક્તિ ત્યાં સારવાર કે શિક્ષણ મેળવી શકે છે. લોકોના મૂક આશીર્વાદ લેતાં આ શેઠ પરિવારનાં સદસ્ય સુશીલાબહેન આજે આટલી ઉંમરે પણ સ્ફૂર્તિ અને ખંતથી પોતાનું કાર્ય કરે છે.

તેઓ દંભી લોકોનાં વિરોધી છે. જીવન તરફનો એમનો અભિગમ માત્ર પરોપકાર બનીને રહી ગયો હોય, એમ તેઓ આજીવન લોકસેવામાં જ સમર્પિત રહ્યાં છે. લગ્નજીવન તરફ તેઓ આગળ વધ્યાં નથી. બસ સેવાની જ ભાવના હતી. લગ્ન કર્યા પછી કુટુંબની જવાબદારીને કારણે કદાચ લોકસેવા તરફ અભિપ્રેત ન રહી શકાય એવા ભાવથી તેઓએ લગ્ન ન કરવાનું પસંદ કર્યું છે.

બહેનોનાં જીવનનાં ઉત્કર્ષ અને બહેનોનાં વિકાસ તરફ તેઓ સવિશેષ ધ્યાન આપી રહ્યાં છે. આજ પણ તેમનું તથા તેમના પરિવારનું નામ લોકજીભે આદરથી લેવાય છે.

('ફૂલછાબ'માંથી ટૂંકાવીને) *-ચેતના વ્યાસ*

લોકમિલાપ ટ્રસ્ટ તરફથી તાજેતરમાં *'અરધી સદીની વાચનયાત્રા'* પુસ્તક પ્રકટ થયું છે. સંપાદક મહેન્દ્ર મેઘાણીને પસંદ પડેલાં પાંચસો જેટલાં યાદગાર લખાણો છસ્સો પચીસ પાનાંના આ પુસ્તકમાં છે. તેની ૩ હજાર નકલો પંદર દિવસમાં જ ખલાસ થઈ જતાં બીજી આવૃત્તિ તૈયાર થઈ રહી છે. પાકા પૂંઠાના આ પુસ્તકની ચાલુ બજારભાવે કિંમત રૂ. ૩૦૦થી વધુ થાય છે તેને બદલે લોકમિલાપે પડતર કિંમતે રૂા. ૭૫માં તે સુલભ બનાવ્યું છે. રજિ. ટપાલના રૂ. ૨૫ ઉમેરીને રૂ. ૧૦૦ મ.ઑ. કે ડ્રાફ્ટથી લોક-મિલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧ને મોકલવાથી પુસ્તક ઘરેબેઠા મેળવી શકાશે.

અડ દડ કો

ભાંગની મજા

બે ભાઈ હતા.

એકનું નામ હતો, બીજાનું નામ નતો.

બંનેએ ખેતરમાં જવાના વારા કરેલા.

ખેતરમાં મકાઈનો પાક સરસ થયો હતો. ડોડાં બેઠાં હતાં અને ડોડામાં દાણા ભરાયા હતા.

હતો દિવસે ખેતર સંભાળે તો રાતે નતો સંભાળે અને રાતે હતો સંભાળે તો દિવસે નતો સંભાળે.

આમ એમના વારા બરાબર ચાલતા હતા.

પણ એક દિવસ એવું બન્યું કે બંને જણે ભાંગ પીધી. ભાંગ એવી ચીજ છે કે મીઠી મીઠી લાગે, પણ માથું ફેરવી નાખે. બંને જણને ભાંગ ચડી, બરાબર ચડી.

નતો કહે:' હતા, આજે તારો વારો છે, તું ખેતરે જા!'

હતો કહે:'ના , આજે તો તારો વારો છે, તું જા!'

આમ બંને એકબીજાને 'તું જા!' કરે, પણ બેમાંથી કોઈ ખેતરે જાય નહિ. ભાંગ ચડેલી કે મોઢે બોલે, પણ સમજે કરે કાંઈ નહિ.!

એ દિવસે કોઈ ખેતરમાં ગયું નહિ. રાતે પણ કોઈ ગયું નહિ. વાંદરાને મજા પડી ગઈ. સૂનું ખેતર, અને તે પાછું મકાઈડોડાનું! કેટલાં પુણ્ય કર્યાં હોય ત્યારે મળે! વાંદરાંનું આખું ટોળું ખેતરમાં ફરી વળ્યું- એક છોડ ઊભો રહ્યો નહિ, એક ડોડો સલામત રહ્યો નહિ.

બાકી હતું તે દિવસે ચકલાં વગેરે પંખીઓએ પૂરું કર્યું. અને રાતે શિયાળવાંએ!

સવારે ભાંગનો નશો ઊતર્યો, ત્યારે બેઉ ભાઈ 'રે! ખેતર ! હેં ! ખેતર !'કહેતા ખેતર ભણી દોડ્યા; અને ખેતર સાફ થઈ ગયેલું જોઈ માથે હાથ દઈ બેઠા !

આવી છે ભાંગની મજા !

*

હાથી અને ગધેડો

એક હતો હાથી.

એક દિવસ એ નદીએ નાહવા જતો હતો.

ત્યાં રસ્તામાં એક ગધેડો ઊભો હતો.

તે હાથીને જોઈને હસ્યો.

હાથીએ પૂછ્યું:'અલ્યા, કેમ હસે છે ?'

ગધેડાએ કહ્યું :'મને તારી દયા આવે છે ! પહાડ જેવું તારું શરીર છે અને પૂંછડી તો આવડી અમથી છે !'

હાથીએ કહ્યું: 'પૂંછડી પૂંછડી શું કરે છે? મારું માન કેટલું છે એ જોને ! મારી પીઠ પર તો રાજામહારાજાઓ સવારી કરે છે !'

ગધેડો કહે:'એમ તો મારા પર કુંભાર સવારી કરે છે. હું તારા કરતાં ચડિયાતું પ્રાણી છું. કેવી રીતે તે જાણવું છે ? તો સાંભળ. મારો કુંભાર તારા પર સવારી કરી શકશે, પણ તારો રાજામહારાજા મારા પર સવારી નહિ કરી શકે- એમનું એ ગજું નહિ !'

હાથીને ખોટું લાગ્યું.

તે કાંઈ બોલ્યો નહિ.

ગધેડાને શૂર ચડ્યું. તેણે કહ્યું: 'હાથીડા, તું સાવ નિરૂપયોગી જાનવર છે. તું નથી કુંભારના ખપનો, નથી ધોબીના ખપનો. નથી તું માટીખાણે માટી લેવા જતો, નથી ઈંટરોડાં ઊંચકતો, નથી માટલાં વહેતો, કે નથી લૂગડાં ધોવા લઈ જતો ! તારું જીવ્યું ધૂળ છે ! '

હાથીએ કહ્યું: 'હું માટીરોડાં નથી ઊંચકતો, પણ ધારું તો તને આખો ને આખો ઊંચકી લઉં. ! '

ગધેડાએ જોશમાં આવી બોલી નાખ્યું:'એમ તો હું ધારું તો તને આખો ને આખો ઊંચકી લઉં ! ચાલ બચ્ચા, આવી જા મારી પીઠ પર !'

હાથી વિચારમાં પડી ગયો.

ગધેડાએ કહ્યું:' હારી ગયો ને ! એમ વાત છે બંદાની ! મારા પર સવારી કરવી એ તારા જેવા રેંજીપેંજીનું કામ નહિ.'

હવે હાથીથી રહેવાયું નહિ.

'ઠીક, તો, ભલે, હું તારા પર સવાર થાઉં છું.' એમ કહી એણે ગધેડાની પીઠ પર સવાર થવાનું કર્યું ત્યાં તો ગધેડો હાથીના ભાર નીચે છૂંદાઈને રોટલો થઈ ગયો!'

- રમણલાલ સોની

મજાની વાર્તા

હર્ષદ મ. દવે

કહે મા મને એક વાર્તા મજાની,
ન તેમાં મળે એક રાજા રાણી !
ન તેમાં મળે વાત કો' અપ્સરાની,
ન તેમાં પરી હોય એ પાંખવાળી !

સુગંધી મળે જ્યાં મને આ ધરાની,
કથા હોય તેમાં તમારી અમારી !
વ્યથા હોય તેમાં તમારી અમારી !
શિખાડે મને હાસ્યની સાતતાળી !

ભુલાવે મને ભૂખ એવી કહેને !
ભલે હોય એ એક એવી સજાની !
પ્રકાશે સદા સત્યની ચાંદની જ્યાં !
મજા માણવા દે મને આ રજાની !

સદા હોય આશા તણી રોશની જ્યાં !
કહે મા નવી એક વાર્તા મજાની !

સાહિત્યસંપર્ક

'ઍલિસ ઈન વન્ડરલૅન્ડ'ના સર્જક
લુઈ કૅરલ

આજે તો આપણા સાહિત્યમાં બાળકો માટે વાચન ઉપલબ્ધ છેઃ એમાં વૈવિધ્ય પણ વસેલું છે. શ્રી વી. રામાનુજ, શ્રી હરીશ નાયક, શ્રીમતી એંજિનીયર, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી રમણલાલ સોની વગેરેએ આ વિભાગને સમૃદ્ધ કરવામાં સારો ફાળો આપ્યો છે. પણ શરૂઆત, વર્ષો પૂર્વે, આશરે ૧૯૩૦માં શ્રીમતી હંસાબેન મ્હેતાએ 'ગોળીબારની મુસાફરી' અને 'બાવબાવાંના પરાક્રમ' લખ્યાં. વર્ષો સુધી પછી, કાંઈ વધુ, વાર્તાભૂખ્યાં અને કલ્પનાશીલ, કુતૂહલથી ભરપૂર બાળકો માટે આવતું નહોતું. પણ આ ઊણપ શ્રી જીવરામ જોષીનાં બકોર પટેલ, શકરી પટલાણી, તભા ભટ્ટ, મીયા ફુસ્કી, પરદુઃખભંજન પશાકાકા, આદિ આ દિશામાં મૂલ્યવાન પાત્રો આવ્યાં. 'રામાયણ', 'મહાભારત' પણ બાળકોપયોગી રીતે, સચિત્ર પ્રસિદ્ધ થયાં, અને આમ આ વિભાગ સમૃદ્ધ અને સબળ થતો ગયો. 'શિશુ સદ્‌બોધ માળા' પણ ઉપયોગી નીવડી.

અંગ્રેજી સાહિત્યમાં પણ બાળકો માટે વાનગીઓ પીરસાઈ છે. આજે તો કૅનેથ ગ્રેહામ, રિચમલ ક્રૉમ્પટન, કિપલિંગ, સ્ટીવનસન, રોનલ્ડ ડાહલ અને અન્ય ઘણા બાળકને રસમય અને વૈવિધ્યપૂર્ણ વાચન આપતા રહ્યા છે. તેમાં કન્યા, કુમાર, જુદી વયનાં બાળકો... આમ પ્રત્યેકને અનુકૂળ એવું સાહિત્ય સર્જાય છે. - માતાપિતા, શિક્ષક, માનસશાસ્ત્રી, પુસ્તકવિક્રેતા ગ્રંથપાલ પણ પૂરો સાથ આ કાર્યમાં આપતા રહ્યા છે. પરંતુ પાશ્ચાત્ય અને આપણી સંસ્કૃતિમાં, વિચારસરણી, વાતાવરણમાં ફેર હોવાથી, જે બધું ત્યાં સ્વીકાર્ય લાગે છે, તેનો સ્વીકાર અત્રે ઈચ્છનીય નથી. હાલ, જી.કે.રોલિંગે 'હૅરિ પૉટર' શ્રેણી શરૂ કરીને રંકમાંથી કરોડપતિ બન્યાં છે. આ શ્રેણી ભલે આંગ્લમાનસ અને અનુભવ, જીવનને સ્પર્શતી હોય, પણ જે પ્રકારની હિંસા, ભૂત, ડાકણનો ઉલ્લેખ વગેરે આવે છે તે આપણને રુચતું નથી. છતાં જ્યારે એનું વાચન વિનાસંકોચે થતું જોવામાં આવે છે. 'જે પાશ્ચાત્ય તે સર્વે અનુકરણીય, પ્રશંસનીય' એ સિદ્ધાંતનું પાલન દષ્ટિએ ચઢે છે. ત્યારે, આ નવો ચીલો જરા ખટકે છે.

પણ લુઈ કૅરલ (૧૮૩૨-૧૮૯૮) આ કક્ષાના લેખક નહોતા. એમની 'એલીસ ઈન વન્ડરલૅન્ડ', 'થ્રૂ ધ લુકિંગ ગ્લાસ' જેવી વાર્તાઓની સર્વદેશીય અને સર્વકાલીન અપીલ સ્વાભાવિક છે. આજીવન અપરિણીત,ગણિતના લેખક અને શિક્ષક, (સાચું નામ ચાર્લ્સ લટવીજ ડોડસન) કેવી રીતે બાળમાનસને પૂર્ણતાથી સમજી શક્યા-આવી વાર્તાઓ કલ્પી શક્યા. એ આશ્ચર્યની વાત છે. એમ કહેવાય છે કે રાણી વિક્ટોરિયા એમની આ બે વાર્તાઓ વાંચી એટલાં પ્રભાવિત થયાં કે તેમની બીજી કૃતિઓ મંગાવી. પણ, મોટે ભાગે આ તો ગણિતના 'શુષ્ક' વિષયો પર હતી ને તેમને બહુ અફસોસ થયો.

બાળકને પોતે પરિચિત હોય, જેને માટે એને પ્રેમ હોય, જે એના જીવનનાં અંગ બન્યાં હોય, એ વિષે(કલ્પનાથી જરા પરિવર્તિત) પાત્રો વિષે વાંચવું, સાંભળવું, આનન્દદાયક હોય છે. વળી, તેમાં જરા અસામાન્ય તત્ત્વ ભળે તો તેને વધુ સ્પર્શે છે. એને માટે ભાષા, શબ્દ, વિચાર પણ, ઘણી સમજૂતી પછી સર્જાયાં હોય તો તે એને પ્રિય બને છે.'એલીસ'માં આ સર્વનો સમાવેશ થયો છે.

ઍલિસ નાની વયની બાળા છે, જે તેનાં મોટાં બહેન સાથે બાગમાં ફરવા આવી છે. વૃક્ષ નીચે અનુકૂળ વાતાવરણમાં તેને સ્વપ્ન આવે છે કે એક સફેદ સસલું ઉતાળવું, ઉતાળવું,'મને મોડું થશે' એમ બોલતું બોલતું જતું હોય છે. એને આ વિષે વધુ જાણવા અનુસરે છે અને આમ તે 'વન્ડર લૅન્ડ'માં પ્રવેશે છે. અહીં એને નવા નવા અનુભવો થાય છે ને તે દ્વારા કૅરલ હળવો કટાક્ષ પણ વેરે છે. તે જે પ્રદેશમાં આવી છે તેની રાણી તરંગી અને અવિચારી છે- તેના દરબારમાં રાજાને કંઈ સત્તા નથી; અને જે ગુન્હાઓ માટે કેદીઓ લવાય છે તેનો નિર્ણય, તેની જુબાની સાંભળ્યાં પહેલાં જ થાય છે, તેનો હુકમ જો ન પળાયો હોય તો 'તેનું માથું ઉડાવી દો' એવું વાક્ય તે સહસા ઉચ્ચારે છે. પણ, તેવું કાંઈ થતું નથી, કારણ તે બોલીને ભૂલી જાય છે ને બધાને મુક્ત કરવામાં આવે છે. આ રાજા, રાણી, પ્રજા, ટાગોરના 'નાશેર દેશ'ની જેમ, રમવાનાં પત્તાંની બનેલી છે. અને પવન આવતાં પડી જાય છે; નાશ પામે છે. એમાં મૅડહેટર 'ચેશાયર કૅર', 'સ્લીપિંગ ડોરમાઉસ' જેવાનો સમાવેશ થાય છે.મૅડ હેટર સદાએ ટીપાર્ટી ટેબલ પર, હાથમાં ચાનો પ્યાલો લઈ બેઠો હોય છે. ટેબલ મોટું છે, પુષ્કળ ખાલી ખુરશીઓ છે, પણ ઍલિસને કહેવામાં આવે છે - 'જગા નથી' એનું પૉકેટ વૉચ છે જે તે બંધ પડે અને ચ્હાના પ્યાલામાં બોળવામાં આવે છે તે સમય ન બતાવતાં કેવળ વાર જ દર્શાવે છે. એક ગોકળગાય(કૅટરપીલા) છે જે સદાએ હુક્કો જ પીતો હોય છે.તે ઍલિસને કહે છે કે એને ગણિત જરાય પ્રિય નથી. 'ગુણાકારથી ચીઢ ચઢે છે, ભાગાકાર પણ એટલા ખરાબ અને ત્રિરાશી-ઓ, તે તો મને ગાંડો જ બનાવે છે.' ચેશાયર કેર જ્યારે તેને મન થાય ત્યારે ઝાડ ઉપર કૃત્યમાન થાય અને પછી ધીમે ઝાંખી બની, અકૃત્ય થાય. એના મોઢા પર એક આખું મોઢું ઢાંકી દે એવું હાસ્ય ફરકતું રહે છે. રાણી બાગ તપાસવા આવે ત્યારે જો કોઈ

સફેદ ગુલાબ ઊગ્યું હોય તેને તે દેખે નહીં તે માટે તેને રંગવામાં આવે છે, કારણ નહિ તો તે માળીનું 'માથું ઉડાવી દો' એમ હુકમ કરે. આમ આ સ્વપ્ન, બિનજવાબદાર રીતે, લાંબા સમય સુધી ટકે છે ને પછી ઍલિસ જાગી ઊઠે છે.

આ વાર્તા એટલી લોકપ્રિય થઈ કે હજારો નકલો છાપવામાં આવી. કેટલીય ભાષામાં તેનાં રૂપાંતર થયાં. આનાં ચિત્રો દોરવા માટે 'પંચ'ના ચિત્રકાર જ્હોન રેનીઅલને વિનંતી થઈ. આ કહાણી (જે ૧૮૬૫માં પ્રસિદ્ધ થઈ)નું મૂળ રસમય છે. એક દિવસ લુઈ કૅરલ, તેના મિત્ર ડકવર્થ અને પાડોશનાં ત્રણ બાળકો ઍલિસ, બોરીના, એથિથ - સાથે એક બોટમાં સહેલ કરવા નીકળ્યાં. માર્ગમાં બાળકોએ કૅરલને વાર્તા કહેવા આગ્રહ કર્યો ને ત્યારે કૅરલે આ વાત ઉપજાવી કાઢીઃ બાળકોને એટલી બધી સ્પર્શી ગઈ ! કૅરલે વાર્તા કહેવાની રીત પણ અભિનયપૂર્ણ હતી કે એમણે 'હજી વધુ કહો. આ વાર્તાને ચિત્રો સાથે પુસ્તક રૂપે અમને વાંચવા આપો.' એમ કહેવા માંડ્યું ને કૅરલે ત્યારથી આ વાર્તાને વધારે વિસ્તારી, ચિત્રો દોરાવ્યાં અને પ્રસિદ્ધ કરી. પછી ૬ વર્ષ બાદ, ૧૮૭૧માં તેમણે 'થ્રૂ લુકિંગ ગ્લાસ' લખી જેમાં ઍલિસનું પાત્ર કાયર હતું પણ તેમાં હંપ્ટી ડંપ્ટી, ટ્વીંબલ, ડમ,ડી, આદિ પાત્રોનો સમાવેશ થયો. અત્રે ચેસનાં સફેદ ને કાળાં ચોરસોનો પ્રદેશ છે જેમાં નાઈટ (વીર-પરાક્રમ યોદ્ધો) લડવા નીકળે છે. તે એટલાં બધાં સાધનો રાખે છે કે તે લઈને તે ઘોડા પર બેસી શકતો નથી. આગળ વધી શકતો નથી. ડમ અને ડી એટલા સરખા દેખાય છે કે કોણ ડમ અને કોણ ડી તે ઓળખાતું નથી, તે સદાયે એક ઘુઘરા માટે લડતાં હોય છે. હંપ્ટી ડંપ્ટી તુમાખી છે. તે શબ્દોને જે અર્થ આપવો હોય તે આપે છે. આમ અહીં, પણ હળવી રીતે બાળક સમય પસાર કરી શકે, નિર્દોષ આનંદ મેળવી શકે તેવું લખાણ છે. આ પછી કૅરલે 'સીલ્વી અને બુનો, હંટિંગ ધ સ્નાર્ક જેવાં પુસ્તકો લખ્યાં, પણ તે 'ઍલિસ'ની કક્ષાને ન પહોંચી શક્યાં. એનો ફોટોગ્રાફીનો અત્યંત શૉખ હતો ને તેથી તે બાળકોનું નિરીક્ષણ કરી, વાર્તામાં તેમનાં લક્ષણોને આણી શકતા. તેમનું આશ્ચર્ય, હાસ્ય, કારુણ્ય, ક્રોધ, નમ્રતા- એવા ભાવોનો તેમણે અભ્યાસ કર્યો હતો. તેમના કુટુંબમાં જ ૧૧ બાળકો હતાં, એટલે તેમનો સાચો પરિચય સહેલાઈથી મેળવી શકતા. બાકીનાં એમનાં પુસ્તકો 'જ્યોમેટ્રિ' યુક્લીડ વિષે હતાં ને તેમણે એમને ગણિત નિષ્ણાતોમાં સ્થાન અપાવ્યું.

વ્યવસાયે તેઓ પાદરી હતા અને તેથી જ્યારે જેમને માટે તેમને પ્રેમ હતો તે સ્ત્રી વિધવા થયાં, ત્યારે તેમની સાથે લગ્ન ન કર્યાં. સ્વભાવે શરમાળ, ઓછાબોલા, નમ્ર હોવાથી પોતાનો સમય લેખનકાર્યમાં અને શિખવવામાં પસાર કરતા.

એમનું અવસાન ૪-૧-૧૮૯૮ના દિવસે ૫૬ વર્ષે થયું. પત્રવ્યવહાર અને દૈનિક ડાયરી લખવાની ટેવને લીધે આ સર્વનું પ્રકાશન મોટા પ્રમાણમાં અવસાન પછી કરવામાં આવ્યું.

બાલસાહિત્યમાં એમનું સ્થાન એક અગ્ર લેખકનું છે. પણ સ્વપ્ન, પ્રાણીઓ, જાણીતાં કાવ્યોનાં પ્રતિકાવ્ય રીતે કટાક્ષમય અર્પણ- અને તે પણ હળવી રીતે, ગમી જાય એવાં પાત્રો (મૅડહેટર, હંપ્ટી ડંપ્ટી, વ્હાટિ નાઈટ વ.)નું સર્જન- આવાં લક્ષણો, ચિત્રો ખાસ પાત્રને અનુલક્ષીને નિષ્ણાત પાસેથી લેવાનો આગ્રહ- આ એમના ગુણો માટે પણ એમનો ફાળો આટલાં વર્ષ- ૧૦૫ વર્ષ- બાદ પણ ભુલાતો નથી. એમની અંતિમ ક્રિયા એમની ઈચ્છાનુસાર સાદાઈથી અને પ્રસિદ્ધિ વિના કરવામાં આવી, છતાં આ નોંધ ત્યારનાં છાપાંઓએ (ખાસ 'ધ ટાઈમ્સે') લીધી અને તેમની ઘણી પ્રશંસા કરી. એમને ગયે ૧૦૫ વર્ષ થયાં છે, બાળકોને માટે પુસ્તકો લખાયાં છે, પણ 'ઍલિસ'ની તોલે આવે તેવું પુસ્તક મળે તે માટે હજી રાહ જોવી પડશે- ક્યાં સુધી ?

-મહેન્દ્ર ન. પંડ્યા

શ્રી નંદલાલ બી. દેવલુક સંપાદિત

બૃહદ્ ગુજરાત પ્રતિભાદર્શન

આ ગ્રંથમાં વિવિધ ક્ષેત્રોની પ્રતિભાઓનો વિગતે પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને તેથી આ ગ્રંથ મહાકોશ રૂપ બન્યો છે. ગ્રંથમાં પાંચ વિભાગો છે; વિભાગ ૧માં ગુર્જરી ઈતિહાસની તેજરેખા, વિભાગ ૨માં માંગલિક ધર્મદર્શન, વિભાગ ૩માં સાહિત્ય-કલા-વૈભવદર્શન, વિભાગ ૪ માં શિક્ષણ-સંસ્કાર અને સમાજના ઘડવૈયાઓ, વિભાગ ૫માં ગુણગર્વીલું મહાજન - એમ વિભાગ પ્રમાણે મહત્ પ્રતિભાઓનાં સવિગત વર્ણન અને પરિચય આપ્યો છે.આ મહા-ગ્રંથનું સંપાદન સિદ્ધહસ્ત સંપાદક શ્રી નંદલાલ બી. દેવલુકે કર્યું છે.આ ગ્રંથમાં તેમણે ચોકસાઈ અને ચીવટથી એકત્ર કરેલી સમગ્ર સામગ્રીની પ્રમાણભૂતતા તેઓએ પૂરી ચકાસેલી જણાઈ આવે છે. આ ગ્રંથ જોતાં સંપાદકશ્રી દેવલુકનાં અથાક મહેનત અને દરેક વિષયની તેમની જાણકારીનાં આપણને દર્શન થાય છે. દેવલુકે અન્ય ૨૦ જેટલા ગ્રંથોનું સફળ સંપાદન કરેલું છે.



આ દળદાર માહિતીપૂર્ણ ગ્રંથ ડબલ ડિમાઈ સાઈઝમાં, પૃષ્ઠ ૭૮૮, ઊંચી ગુણવત્તાવાળા કાગળ, પાકું પૂઠું- ઉત્કૃષ્ટ છપાઈથી સમૃદ્ધ છે, કિં. રૂ.૩૫૦. પ્રાપ્તિસ્થાનઃ શ્રી અરિહંત પ્રકાશન, 'પદ્માલય', ૨૨૩૭ બી-૧, હિલ ડ્રાઈવ, પોર્ટ કૉલોની પાછળ, વાઘાવાડી રોડ, સરકીટ હાઉસ પાસે, ભાવનગર -૩૬૪ ૦૦૨. *- કા.વ.રામી*

અવલોકન

ભૂપત વડોદરિયાની વાર્તાસૃષ્ટિ:

ચાળીસના દાયકાનું સમાજજીવન

અર્નેસ્ટ હેમિંગ્વેનું એક વિધાન છેઃ'વાર્તા એ છે કે જે જિવાતા જીવનની સચ્ચાઈને પણ પ્રસ્તુત કરે.' ભૂપત વડોદરિયા જાણીતા લેખક છે. ત્રીસેક નવલકથા આપનાર આ લેખકના પાંચ વાર્તાસંચયોમાંથી ચયન કરીને સંપાદકલેખે સર્જક-વિવેચક રાધેશ્યામ શર્માએ 'ભૂપત વડોદરિયાની ૨૭ ચૂંટેલી વાર્તાઓ' શીર્ષકનો આ સંપાદનસંચય આપ્યો છે. તમામ ૨૭ વાર્તામાંથી પસાર થતાં હેમિંગ્વે સાથે સંમત થવાનું બને. બધી વાર્તામાં સામાજિક સંબંધો અને રોજિંદી ઘટમાળ, ઘટના, કથાવસ્તુ લેખે ખપમાં લેવામાં આવી હોય એમ જણાયા વિના રહેતું નથી. અધિકાંશ વાર્તાના વાચન પરથી, એમાં ભળાતાં ઈંગિતો પરથી આ કથાઓ ચાળીસ-પચાસના દાયકાનું સમાજજીવન સતત-પ્રત્યેક વાર્તામાં ડોકાયા કરે છે. એ અર્થમાં આ સંચયની વાર્તાઓ'ઍન્ટિક' છે. અને ક્લાસિક વાર્તા માટે કહેવાયું છેઃ 'એ વાંચવા ન મળે તો કંઈ નહીં, એના વિશે સાંભળવાનું હોય !'

આ ચૂંટેલી વાર્તાનાં પાત્રોનાં નામ છેઃ રમેશ, કિશોર, નીના, વિનોદ-વિનુ, ચંદ્રિકા, નરેશ- એકાધિક વાર્તામાં આ પાત્રો સામાં મળે છે. સ્થાનકપુરની ભૂમિ પર બે વાર્તા છે.'જન્મદિનની એક ઈચ્છા' ધ્રાંગધ્રા ખાતે પાંગરતી એક સ્મરણકથા છે. જામનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, મુંબઈ પણ કથામાં ઝળકે છે. દરેક વાર્તામાં લેખકની કથનશૈલી ધ્યાનાર્હ છે. પતિ-પત્ની, મિત્ર-મિત્ર, પ્રિયજન-પ્રેયસી, સખી-સખી, મા-દીકરો ઈત્યાદિ સંબંધોના તાણાવાણા ગૂંથતી કથાઓ છે. અધિકાંશ કથાનાયક ૩૦થી ૪૦ વર્ષની વયનો છે. (લેખકે અહીં બે જગાએ 'વય'નો નાન્યતર (નપુંસક) ઉલ્લેખ કર્યો છે. જુઓઃ(૧) શશિકાન્તનું વય પચીસથી ઝાઝું નહોતું, (પૃ.૨૩) (૨) મનુભાઈનું વય પાંત્રીસેકનું હતું, (પૃ.૧૩૦) ૨૭ વાર્તાઓમાં ઘોડાગાડી (પૃ૩૭,૮૮) પણ છે, અને ક્યાંક ક્યાંક મોટરગાડી પણ આવી જાય છે. સંપાદકલેખે વાર્તાસંચયનું નામ અને પ્રકાશનવર્ષ દર્શાવવાની જરૂર હતી.

બધી જ વાર્તાઓનો સમય ચાળીસ-પચાસનાં દાયકાનો એ પરથી નક્કી કરી શકાય કે, અધિકાંશ, કથાનાયક મહિને દહાડે સો થી ત્રણસો-ચારસો કમાય છે. (પૃ.૧,૨૩,૨૯,૮૧) આર્થિક પાસાં ઉપરાંત કથાપોત પણ સમયગાળો નક્કી કરતો સૂર પુરાવે છે. પાત્રો ઈન્ટર આર્ટ્સ સુધી અભ્યાસ કરે છે. વસ્ત્રપરિધાન પણ સમયદર્શક છે. જુઓઃ (૧) ટૂંકું પોતિયું, પગમાં દેશી ચંપલ (પૃ.૧૩૦), (૨) ટૂંકું પોતિયું અને પગમાં ચંપલ (પૃ.૧૫૫) 'અજબ માનવી' વાર્તામાં કથાનાયકઃ 'પંદરમા વર્ષે પરણીને કલકત્તા ગયેલા. એમણે હિન્દુસ્તાનનાં બધાં શહેરો જોઈ નાખ્યાં પણ તકદીરના પાસા તો કરાચીમાં જ સવળા પડ્યા.' (પૃ.૧૩૦). 'રાણકનો પરચો' વાર્તા ટુકડા રિલ (ફિલ્મ) વડે મૂક ફિલ્મ દર્શાવતા સમયની છે. જેમાં પ્રોજેક્ટર અને પરદો લઈ ગામેગામ ઘૂમતા-શો યોજતા મૅનેજરની વાત છે. ગ્રામ-પરિવેશમાં એને થતા અનુભવો છે, જેમાં ગામના માથાભારે માણસને શોમાં મફત ન ઘૂસવા દેવાતા એ પરદાને આગ ચાંપે છે ને ગામ લોકો માને છે, ફિલ્મનું નામ 'સતી રાણક' સાર્થક થયું છે, ને સતી ચિતાએ ચઢ્યાં તેથી પરદો સળગ્યો છે! અહીં કથકે ચમત્કૃતિ આણવા પ્રયાસ કર્યા છે. એકાધિક વાર્તા સરેરાશ છાપ છોડી જાય છે. *- દિનેશ દેસાઈ*

[ભૂપત વડોદરિયાની ૨૭ ચૂંટેલી વાર્તાઓઃ સં. રાધેશ્યામ શર્મા, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ-અમદાવાદ, પ્ર.આ. નવેમ્બર-૨૦૦૧, પાંકું પૂંઠું, ક્રાઉન સાઈઝ,પૃ.૨૧૦, કિં. રૂ.૧૦૦/-]

<u>પ્રાપ્ત પ્રકાશનો</u>

ભાવનગર (શહેર અને તેનો નકશો) પ્રકાશકઃ લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો.૨૩, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧, સાઈઝ ૧૮x૨૮ ઈંચ, રૂ.૩૦. *આત્મબોધઃ ભાગ-૪* (શ્રી નિસર્ગ દત્ત મહારાજ અને સાધકોના સુખસંવાદ) અનુ. માવજી કે. સાવલા, પ્ર. અક્ષર-ભારતી,૫,રાજગુલાબ, વાણિયાવાડ, ભુજ-કચ્છ-૩૭૦૦૦૧, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૨૮૦, રૂ.૧૦૦. *પંકજની પાંદડી* (કાવ્યસંગ્રહ) લે. હરેશ ટાંક 'હની', પ્ર. પોતે,(૪, કૉલેજવાડી ૬, ત્રિલોક એપા., રાજકોટ - ૩૬૦ ૦૦૧.) ડિમાઈ સાઈઝ કાચું પૂંઠું, પૃ. ૬૮,રૂ.૪૫. *નાજુક ક્ષણો* (કાવ્યસંગ્રહ) લે. અમિત વ્યાસ, પ્ર. પોતે, ('સુરભિ',૬, લક્ષ્મીવાડી, કુમાર મંદિર પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૨.) ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૮૦, રૂ.૩૦. *હજી તારી રીતે* (કાવ્યસંગ્રહ) લે. નિરંજન દેસાઈ-'અમીયાન', પ્ર.ડૉ. હરેશ 'તથાગત', ૩૦૩, ગોકુલ કૉમ્પ્લેક્ષ, રાજકોટ જિલ્લા કૉર્ટની સામે,રાજકોટ-૩૬૦૦૦૧. ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૪૦, રૂ.૩૫. *સૂત્રત્રયી* (પુણ્ય-પાપ સૂત્ર-૪, કારક સૂત્ર-૫,દૃષ્ટિ સૂત્ર-૬), પદ્ય રૂપાંતર કર્તાઃ ધીરજલાલ ૫. દેસાઈ,

પ્ર.રમણીકલાલ લાલચંદ અજમેરા, રૂપાણી સર્કલ, એરીસ્ટો વીલે, ભાવનગર, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૧૬, મૂલ્યઃ સ્વાધ્યાય. *તલાશ ઉલ્લાસની* (કાવ્યસંગ્રહ) લે. નિરંજન મ. દેસાઈ, 'અમીયાન', પ્ર. પોતે, પોસ્ટઃ હનુમાન ભાગડા, વાયા વલસાડ-૩૯૬૦૩૦, ક્રાઉન સાઇઝ,કાચું પૂંઠું, પૃ. ૫૨, રૂ.૪૦. *જનતા જનાર્દન* (સામાજિક નવલકથા) લે. ગોવિન્દભાઈ, પ્ર. સુમન બુક સેન્ટર, ૮૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, આનંદભવન બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦૦૦૨. ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૨૦૦, રૂ.૧૨૫. *આપણે રસ્તે...* (કાવ્યસંગ્રહ) લે. મુનિ મહેતા, પ્ર. ઈલા મહેતા, ૨, આરતી સોસાયટી, આત્મ-જ્યોતિ આશ્રમરોડ, વડોદરા, ફુલસ્કેપ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૯૬, રૂ.૭૦. *'સંઘટના-સંચેતનાની'* (કાવ્યસંગ્રહ) સંકલનઃ'સહૃદય' જગદીશ એન. શેલત, પ્ર.ગં.સ્વ.શાન્તાબહેન ચીમનલાલ જોશી, ચીમનલાલ હ. ભગત, વ્યવસાયી બહેનો માટેનું છાત્રાલય, નવાવિકાસગૃહ માર્ગ, પાલડી, અમદાવાદ, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૪૧૬, રૂ.૧૬૫. *હપિયાદે હોંખલી* (ભીલ ભજન-વારતા) લે. ડૉ. ભગવાનદાસ પટેલ, પ્રકાશકઃ પોતે, ગાયત્રી મંદિર પાસે, ખેડબ્રહ્મા-૩૮૩૨૫૫, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૨૪, રૂ.૭૦. *बगडावत देवनारायण और 'गुजरांनो अरेलो ' का तुलनात्मक अध्ययन।* (હિન્દીમાં) લે. ડૉ. જિજ્ઞાસા પટેલ, પ્ર. પોતે, ગાયત્રી મંદિર પાસે, ખેડબ્રહ્મા-૩૮૩૨૫૫, ડિમાઇ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૬૮, રૂ.૪૦. *અક્ષત* (લઘુકથાસંગ્રહ) લે. દુર્ગેશ ઓઝા, પ્ર.પોતે,૧, જલારામ નગર, રાજીવનગર, નરસંગ ટેકરી, પોરબંદર-૩૬૦૫૭૭, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૯૬, રૂ.૫૦. *ઉર વીણાના સૂર* (કાવ્યસંગ્રહ) લે. ગણપત મુંગલપરા, પ્ર. પરિક્ષિત જી. મુંગલપરા, પો. તાલડા, તા. ખાંભા, જિ. અમરેલી, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૦૪, રૂ.૫૦. *અનેરો દેશ અમેરિકા* (અમેરિકાયાત્રા) લે. સોમાભાઈ પટેલ, પ્ર. પોતે, ૧, રચના સોસાયટી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૬૦, રૂ.૧૩૦. *રવીન્દ્રનાથ ટાગોર* (અગ્નિચક્ર ગ્રંથમાળા પુસ્તક દસમું) લે. માધવજી નરસી દેવળીઆ, કોવેન્ટ્રી - યુ.કે. પ્ર. વિશ્વભારતી પ્રકાશન, ૩, વિનોદ ખીમજી રોડ, ભારત કોલ કમ્પાઉન્ડ, બૈલ બજાર, જૂના કુર્લા, મુંબઈ- ૪૦૦ ૦૭૦ ફૂલસ્કેપ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૫૬, કિંમત જણાવી નથી. *દ્રુતવિલંબિત* (કાવ્યસંગ્રહ) લે. જયન્ત પાઠક, પ્ર. સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત-૩૯૫૦૦૩, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૯૬, રૂ.૩૦. *સુવિચાર વિલાસ* (સુવિચારસંગ્રહ) સંપાદકઃ ભાનુભાઈ પંડ્યા, પ્ર. પોતે, જે/૪, પી.એન્ડ.ટી. કૉલોની, પટેલ કૉલોની, શેરી નં.૬, જામનગર-૩૬૧૦૦૮, ક્રાઉન સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૪૮, રૂ.૧૫. *હીરલની વારતા* (બાળવાર્તા) લે. ભાનુભાઈ ન. પંડ્યા અને હીરલ ઉમેશભાઈ પંડ્યા, પ્ર. પરાગી કિલ્લોલભાઈ પંડ્યા, ૧૩૩૨/૧, સેક્ટર ૫-એ, ગાંધીનગર-૩૮૦૨૦૬, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૨૪, રૂ.૧૦. *કાવ્ય ઘટના* (કાવ્યવિવેચન) લે. હેમન્ત દેસાઈ, પ્ર. પોતે, 'તિતિક્ષા', ૯, મિહિર એપાર્ટમેન્ટ્સ, ચાઈલ્ડ કેર હૉસ્પિટલના ખાંચામાં, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ડિમાઈ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૯૬, રૂ.૧૧૦. *હિલ્લોળ વિભોર* (ગીતસંગ્રહ) લે. પ્રો. સુમન અજમેરી, પ્ર. કવિતા અજમેરી, સાગર પબ્લિકેશન્સ, સાગર બિલ્ડિંગ, સરિતા હૉટેલની બાજુમાં, જે.પી.ચોક પાસે, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૪૪, રૂ.૧૨૦. *અંતરનાં ઓજસ* (અછાંદસ કાવ્યો) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૪૪, રૂ.૧૨૦. *તરનુમ્મ* (ગઝલસંગ્રહ) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૪૪, રૂ.૧૨૦. *આપણો હરખ ઑર* (જીવનલક્ષી સમાજચિંતન અને આત્મચિંતનના નિબંધો) લે. હરેશ ખત્રી, પ્ર. પોતે, ૩૦૩, પદ્માવતી ડુપ્લેક્ષ, સુંદરવન સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭, ડિમાઈ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૧૬૦. *અધૂરાં અરમાન* (વાર્તાસંગ્રહ) લે. મૌલિક બોરીજા, પ્ર. પોતે, પાણીની ટાંકી રોડ, બોરીજ, ગાંધીનગર-૩૮૨૦૨૦, ક્રાઉન સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૯૬, રૂ.૨૦. *ઘટમાં ઝાલર બાજે* (ગીતસંગ્રહ) લે. ઊજમશી પરમાર, પ્ર. હર્ષદ ત્રિવેદી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ , અમદાવાદ-૩૮૦૦૦૯, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ.૧૦૪, રૂ.૫૦. *અસ્યાઃ સર્ગવિધૌ...* (વ્યાખ્યાનો) લે. સિતાંશુ યશશ્ચંદ્ર, પ્ર. સંવાદ પ્રકાશન, ૨૩૩, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭, ડિમાઈ સાઇઝ, પાકું પૂંઠું,

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



ઉતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં
તારા જ રૂપ રંગ વિશે વાત થઈ હશે.
- આદિલ મન્સૂરી



મારા
મૃત્યુના ટીપામાં તણાતી
ઈશ્વરની લાશને વગે કરવા
બાવીસ વર્ષથી હું કવિતા લખું છું. - લાભશંકર ઠાકર

પૃ.૧૫૨, રૂ.૧૦૦. *અવિનયમ્ અપનય* /(શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યજી વિરચિત ષટ્પદી પરનાં પ્રવચનો) લે. પ્રા. ડૉ. રક્ષાબહેન પ્ર. દવે. પ્ર. પોતે, જીવન કોટેજ,૪૩૯/એ, 'અજવાસ' પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર ૩૬૪૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૩૨, રૂ.૧૦૦. *વહાલું વાસીદું* (કાવ્યસંગ્રહ) લે. 'સહૃદય'- જગદીશ એન. શેલત, પ્ર. શ્રી સંધ્યા વીરેન્દ્ર દવે, 'સુલભ', એ-૩૦૩, રવીન્દ્રનગર પાસે, તીથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૨૬૪, રૂ.૧૩૦. *વાલજીભાઈની વાતો* (ટૂંકી વાર્તાઓ) લે. વાલજીભાઈ પટેલ, પ્ર. અક્ષર ભારતી, ૫, રાજગુલાબ, વાણિયાવાડ, ભૂજ (કચ્છ) ૩૭૦૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૩૨, રૂ.૩૫. *ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ* (હિન્દીમાં) લે. ભોલાભાઈ પટેલ, પ્ર. રંગદ્વાર પ્રકાશન, ૧૫, યુનિવર્સિટી પ્લાઝા, અમદાવાદ-૩૮૦૦૦૯. ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠું, પૃ.૨૭૨, રૂ.૧૫૦. *દિશા અને દૃષ્ટિ* (રેશનાલિસ્ટીક લઘુનિબંધ સંગ્રહ) લે. એન.વી. ચાવડા, પ્ર. જમનાદાસ કોટેચા માનસ પ્રદૂષણ નિવારણ કેન્દ્ર, જોરાવર નગર, ૩૬૩૦૨૦, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૧૨, રૂ.૫૦. *પુરુષાર્થીઓના પ્રેરણાપ્રસંગ* (પ્રેરણાપ્રસંગો) સં. ડૉ. મોતીભાઈ મ. પટેલ, પ્ર. અક્ષર-ભારતી, ૫, રાજગૂલાબ, વાણિયાવાડ, ભૂજ (કચ્છ) ૩૭૦ ૦૦૧, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૧૦, રૂ.૪૫. *અદાલતની અટારીએથી* (કોર્ટવિષયક લેખો) લે. સતીશ પંડ્યા, પ્ર. પોતે, એમ. જી.રોડ, પંજાબ નેશનલ બૅન્ક સામે, નવસારી-૩૯૬૪૪૫, ફૂલસ્કેપ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૪૦, રૂ.૬૦.

❀કલાવાર્તા❀

વિશ્વના મહાન ચિત્રકારો-૧૮

માને

૧૯મી સદીના યુરોપના કલા ક્ષેત્રે ભારે પરિવર્તન આવ્યું. ચિત્રની



ટેકનિક અને વિષય-વસ્તુ બદલાયાં. ચિત્ર-માંથી સિલ્કી ફિનિશ નીકળી ગયું. સ્ટૂડિઓમાં કામ કરતાં ચિત્રકારો હવે કુદરતમાં વિહરી પ્રત્યક્ષ અનુભવ લઈ ચીતરવા માંડ્યાં. આ સદીના ચિત્ર-કારોએ નવો 'વાદ' સર્જ્યો, જેને ઈમ્પ્રેશનિઝમ પ્રભાવવાદ - એવું નામ અપાયું. તેને છાયા-વાદ પણ કહે છે. માને આ પરિવર્તન-કાળનો અગ્રણી હતો. એડવર્ડ મૉને, સિસ્લી, પિસારો, શેરા, કોરો, દેગા, મેરી કેસેટ, મોરી સોત વગેરે કલાક્ષેત્રે નવી શોધમાં પડ્યાં હતાં.આ બધાં પ્રભાવવાદીઓ કાફે હાઉસમાં મળતાં, સેઝાં આ બધાની સાથે હતો અને પિસારોથી નજીક પરંતુ તે તેની આગવી શોધમાં હતો. તે ધનવાદી તરીકે જાણીતો થયો અને અદ્યતન કલાનો પિતા ગણાયો.

કલાકાર હવે વસ્તુને વિગતે આલેખવાને બદલે વસ્તુ પર પડતા પ્રકાશને ચીતરતો હતો. ચિત્રો ઊજમાળાં થયાં. માનેએ તેનાં ચિત્રોમાં પ્રકાશના રંગો વહેતા કર્યા. પશ્ચિમની કલા હવે ત્રિપરિમાણને બદલે દ્વિ-પરિમાણ તરફ વળી. માને તત્કાળ જીવનનો અગ્રીમ ચિત્રકાર હતો. તેણે ફોટોગ્રાફી શૈલીને વિસ્તારી. તેનાં ચિત્રોમાં પૅરિસની ફૅશન નિરૂપાઈ. તે જીવનના સામાન્ય પ્રસંગો ચીતરે છે; જેમ કે વાંસળી વગાડતો ભરવાડ. તેણે પોર્ટ્રેટ્સ કર્યા. ફૂલો ચીતર્યાં. કાવ્યમય જલરંગથી દરિયાઈ ચિત્ર કર્યાં. તેનું બ્રશિંગ ફ્રાન્સહાલની જેમ ધારદાર અને નિર્ભિક હતું. સ્ત્રીને જે તે સ્વરૂપે નિર્વસ્ત્ર અભ્યાસ-ચિત્રમાં ચીતરી દેવી તરીકે નહિ, ને તેનાં ચિત્રો ચર્ચિત રહ્યાં. તે અશ્લીલ ગણાયો. તેણે સ્ત્રીને દેવીના બીબામાં ન ઢાળી.

લંચ ઑન ધ ગ્રાસ, ઓલંપિયા, બ્લૉન્ડ વીથ ન્યુડ.બસ્ટ ત્યારે પ્રદર્શનમાંથી નકારાયાં કે ચર્ચિત થયાં. આ જે તે લુવ્ર-પૅરિસમાં છે. તેના ઓલંપિયા ચિત્રમાં બજારુ સ્ત્રી તેના ચાહકની રાહ જુએ છે. તેના પગમાં સેન્ડલ છે ને ગળે કાળી પટ્ટી છે. ટિસ્યાંનું વિનસ ઑફ ઉર્બિનો આવી જ રચનાવાળું છે. માનેએ આવાં ઘણાં ચિત્રો બીજા પરથી પ્રેરાઈને કર્યાં છે. પણ આ ચિત્રમાં તેણે રચના કૌશલ્ય બહુ ઊંચી કોટિએ મૂક્યું છે. ક્લોદ મોનેએ તે ચિત્રને માનેની પત્ની પાસેથી ખરીદી મ્યૂઝીઅમને ભેટ આપેલું. ત્યારનું ચર્ચિત ચિત્ર આજે લુવ્ર-પૅરિસમાં છે. માને કહેતો : **Paint what you see at first go. Everything ealse is padding.** પ્રથમ નજરે જે દેખાય, તે ચીતરો બાકી બધું વધારાનું, નકામું.


યુવાન લુત્રેકની જેમ માને પણ અભ્યાસ દરમિયાન અભ્યાસનોંધને બદલે હાંસિયામાં ચીતરામણ કરતો, તેને ભણવામાં રસ ઓછો. તેના પિતા ઑગસ્ટે કહેલું, 'ચિત્ર કરવાનો મુર્ખાઈભર્યો રસ્તો છોડી દો, કાયદા કે નૅવિમાં જોડાઈ જાવ.' તેણે નૅવિની પરીક્ષા આપી પણ સાવ નિષ્ફળ ગયો. બાદ ૧૬ વર્ષની ઉંમરે સાતેક મહિનાનો પ્રવાસ ખેડેલો. તેણે દરિયો માણ્યો ને પછી જલરંગમાં ચીતરાયો.

માનેનો જન્મ ૧૮૩૨માં સુખી ઘરમાં થયો.જાન્યુઆરી મહિનો હતો. પિતા સિવિલ સર્વન્ટ, મેજિસ્ટ્રેટ હતા. માતાનું નામ **Eugenie** હતું. ૧૦ વર્ષની ઉંમરે તેને રાઉલીન કૉલેજમાં મૂક્યો ને બેદરકાર વિદ્યાર્થી પુરવાર થયો. રાઉલીનમાં તેને ઍન્ટની નામનો દોસ્ત મળ્યો. તેના બીજા દોસ્તો તો રખડું હતા. આ બન્નેએ ચિત્રનો અભ્યાસ સાથે કરેલો.

તેનો અભ્યાસ બે જગાએ થયેલો. ટૉમસ કાઉન્ચરમાં છ વર્ષ કર્યાં. ત્યાં તે ઍકેડેમિક વાતાવરણમાં કામ કરતો. ન ગમતી સલાહથી ચાલતો, ત્યાંથી છૂટી સ્વીસ એકેડેમીમાં જોડાયો. ત્યાં માત્ર મોડેલ આપવામાં આવતું, સલાહ નહિ. સલાહ એકબીજા પાસેથી મળતી. તે હવે લુવ્રમાં જતો. સમય લઈ જુદી જુદી શૈલી-ઓનો અભ્યાસ કરતો. મહાન ચિત્રકારોની અનુકૃતિઓ લગનથી કરતો. પણ કમનસીબે



વારાંગના



દેવી



વાંસળીવાળો

એ જીવનભર કલાકાર કલા-વિવેચક અને સામાન્ય જનથી ઉવેખાયેલો રહ્યો. દેગા તેનો નજીકનો મિત્ર હતો. દેગાએ તેનું સુંદર ડ્રૉઇંગ કર્યું છે. ઍન્ટની પ્રોસ્તેએ તેનું લાકડી સાથે સ્ટાઈલીશ પોર્ટ્રેટ કર્યું છે.

માનેની ઊંચાઈ મધ્યમ કદની, સશક્ત બાંધો ને નજાકતવાળી ગતિશીલ ચાલ હતી. સીધું નાક મજાની દાઢી, વિશાળ ભાલપ્રદેશ, ને નાની પણ જીવંત આંખો. મોહક કહી શકાય તેવો ખરો. યુવા-કાળમાં તેની પીઆનો શિક્ષક, રૂપાળી ડચ સ્ત્રીના પ્રેમમાં પડેલો. લગ્ન પૂર્વે તેને સંતાન પણ થયેલું. તેનાં ઘણાં બધાં ચિત્રોની મોડલ વિક્ટોરિને મેઉરન્ટ હતી. ૧૮૬૨ના કાળમાં નવો સ્ટૂડિઓ લીધો ને તેના કામમાં ઘણી સ્થિરતા આવી.

૧૮૬૩ એ કલાનો પરિવર્તનકાળ હતો. આ સમયમાં લોકો સુધી પહોંચ-વાનું માધ્યમ માત્ર પ્રદર્શન હતું. તે સમયના પ્રદર્શનમાં માત્ર રૂઢિગત કૃતિઓ જ સ્વીકારાતી ને પરિણામે નૅપોલિયન ત્રીજા પર દબાણ લાવી 'એક્ઝિબિશન ઑફ રિજેક્ટેડ' કરેલું. આમાં સમાંતર પ્રદર્શન યોજાય છે અને નકારાયેલી, ખાસ કરીને ઈમ્પ્રેશનિસ્ટોની કૃતિઓ મૂકાય છે. જેમાં માનેનું લંચન ઑન ધ ગ્રાસ હતું. તે મુકાતાં ઘણાને આંચકો લાગ્યો. રાજાને પણ ઠીક ન લાગ્યું. આ કૃતિનું બીજું નામ હતું 'ઇન ધ વૂડ્ઝ', માને તેને બેથિંગ પાર્ટી કહેતા. આમાં શીર્ષક સાથે કોઈ સંબંધ નથી. મૂળમાં તે સવસ્ત્ર પુરુષોની હાજરીમાં એક નગ્ન સ્ત્રી બેઠી છે.



ઘાસના મેદાન પર મિજબાની

મોનેના ચિત્રમાં સ્પૅનિશ વિષય-વસ્તુ દેખાય છે. રિબ્રા, ગોયા, વેલેન્સ્કવીઝની શૈલી તેનામાં દેખાય છે. ૧૮૬૧ની સાલ તેને માટે મહત્ત્વની બની ગઈ. તેનું 'સ્પૅનિશ સિંગર' ચિત્ર સેલોનમાં મુકાયું ને ઇનામ પામ્યું. સેઝાંને એમિલ મોલા તેના પ્રશંસકો હતા. ૧૮૬૭માં Universal Exposition પ્રદર્શન ભરાય છે. તેમાં તે કશું નથી આપતો અને ૫૩ પેઇન્ટિંગ અને ત્રણ જલરંગી ચિત્રો એક તંબૂમાં આ પ્રદર્શન નજીક ગોઠવે છે. ૧૮૭૩માં તે 'ધ ગૂડ મગ બીઅર' ચીતરે છે. આ ચિત્ર સૌને ગમે તેવું હતું. હવે ઈમ્પ્રેશનિઝમથી સાવ નજીક હતો. કુદરતને હવે પ્રેરણાસ્રોત તરીકે આવકારે છે.

માનેએ ૧૮૭૪માં બોટમાં સ્ટૂડિઓ કરેલો. રેન્વા, માને, મોને બધા આર્જેન્ટ્યુઅલમાં સાથે રહેલાં. એકબીજાનાં પોર્ટ્રેટ્સ પણ કરેલાં. માનેએ ક્લૉદ મોને, મોને દંપતીનું સુંદર ચિત્ર કર્યું છે. વહાણની બેઠકની ધાર પર માનેએ લખ્યું છે. ચિત્રનું નામ છે બોટિંગ ઍટ આર્જેન્ટિયુઅલ.

'બાલ્કની' ચિત્રમાં દેખાતી બ્રેધે મોરિસોત છે. મોરિસોત બહેનો હતી. એડના ને બ્રેધે. બ્રેધે સફળ ચિત્રકાર હતી. તે માનેની પ્રેરણા હતી. માનેએ તેનાં ઘણાં પોર્ટ્રેટ કર્યાં છે. પણ તેની ચાહના માનેના ભાઈ સાથે હતી. બ્રેધે તેના



બર્થમોરિસોત (લિથોગ્રાફ)



'પ્રેમીઓ' ચિત્રમાંની નિર્વસ્ત્ર ગૌરાંગના

ભાઈને પરણી ગઈ. પછી સંબંધો સંકેલાઈ ગયા. એડના માનેને ચાહતી હતી પણ પરણી ન શકી, માને બીજાના પોર્ટ્રેટમાં અલગ રહે છે જ્યારે બ્રેધેમાં ધબકતો આત્મા પકડવા મથે છે. તે સમયનો ડુરાન્ડ રાઉલ જેની ગૅલેરી હતી તેણે માનેનાં ૨૮ પેઈન્ટિંગ ૫૩૦૦૦ ફ્રાંકમાં ખરીદ્યાં. અને ઑગસ્ટ માસ ૧૮૭૨માં તે પત્ની સાથે હૉલૅન્ડનો પ્રવાસ કરે છે.

૧૮૮૪ એન્ટોનિયન પ્રોસ્ટ સરકાર દ્વારા એક પ્રદર્શન કરાવે છે. જેમાં ૧૬૯ કામ વેચાઈ જાય છે. તેની રકમ ૧૧૬,૧૩૭ ફ્રાન્ક મળે છે, અને તે વેળા એડમંડ બઝ તેની પ્રથમ આત્મકથા બહાર પાડે છે. ૧૯૧૨માં 'ધ મ્યૂઝિક લેસન' ૧૨૦,૦૦૦ ફ્રાંકમાં વેચાય છે જે આ પબ્લિક સેલ હતું. આ વેચાણ તેના મૃત્યુ બાદ હતું.

તેનું છેલ્લું અને મોટું ચિત્ર દારૂનો બાર હતો. તે ૧૮૮૧માં થયું. ગણેલા રંગોમાં ભવ્ય સર્જન થયું. તેમાં કાચમાં પ્રતિબિંબ ચીતરાયું છે. તે ચિત્ર દ્વિપરિમાણ-વાળું છે. તેમાં ઈરમા બ્રુનરહેર સાથે દેખાય છે જેનું પેસ્ટલ પોર્ટ્રેઈટ માનેએ કરેલું. તે હવે અનુભૂતિ ચીતરે છે.

૧૮૮૦માં તેના પર રોગનો હુમલો થાય છે. તેને ગૅંગેરિન થતાં પગ કાપવો પડ્યો. તેને સિફિલિસ હતો. પાછલી ઉંમરમાં બ્રશ નહોતો વાપરી શકતો ત્યારે તે પેસ્ટલ વાપરતો. તે માધ્યમમાં ખૂબ કુશળ હતો. 'પોર્ટ્રેટ ઑફ બ્રુનર' પેસ્ટલમાં છે. હવે તે પુષ્પો અને પોર્ટ્રેટ્સ કરે છે. પોઝ આપવા આવેલી સુંદર સ્ત્રીઓને

ચીતરે છે. ૧૮૮૧માં કરેલ દારૂના બારનું છેલ્લું ચિત્ર છે. લગભગ જિંદગીના અંત સુધી ચીતરે છે. પરંતુ તે જીવ્યો ૫૧ વર્ષ. ૩૦ એપ્રિલ ૧૯૮૩માં તે ચિરવિદાય લે છે. વિપુલ સર્જનનો સર્જક ચાલ્યો ગયો ત્યારે દેગાએ કહેલું:'આપણે ધારતા હતા તે કરતાં તે ઘણો આગળ હતો.'

ટૉમસ કોર્ચરે કહેલું:'દુમીયરની જેમ તમે તમારા સમયમાં વધુ સ્થાન નહિ પામો.' - *નટુ પરીખ:હરિત પંડ્યા*

— કલાવૃત્ત —

બળવંતભાઈ વ્યાસની ચિત્રસૃષ્ટિ

૧૯૪૬માં અમરેલી મુકામે જન્મેલા શ્રી બળવંતભાઈ વ્યાસ સમગ્ર સૌરાષ્ટ્રમાં એક સંનિષ્ઠ, પ્રેરણાદાયી કલા-શિક્ષક તથા કલાકાર તરીકે આદર પામ્યા છે. તેમના મોટા ભાઈ કનૈયાલાલ વ્યાસે તેમની શરૂઆતની ચિત્રકલાની પ્રવૃત્તિમાં તેમને પ્રોત્સાહિત કર્યા. અમરેલીની સ્કૂલના અભ્યાસ દરમ્યાન તેમના ચિત્ર-શિક્ષક સ્વ. રમેશભાઈ અગ્રાવત પાસે તેઓ ચિત્રદીક્ષા પામ્યા. ચિત્રકાર પરમાર અને ગેડિયા પાસે પણ તેમણે ચિત્રકલા અંગેની તાલીમ લીધી. ૧૯૬૬-'૬૭ દરમ્યાન અમદાવાદની સી. એન. કલા-વિદ્યાલયમાં ડી.ટી.સી.ના વર્ગમાં ડ્રૉઈંગ શિક્ષક માટેની તાલીમ લીધી. અહીંના અભ્યાસ દરમ્યાન તેમના સુખ્યાત કલા-ગુરુ સ્વ. રસિકભાઈ પરીખ પાસે ચિત્રકલા અંગે ઘણું શીખ્યાં. સ્વ. શ્રી કનુભાઈ શાહે તેમને આર્થિક મદદ પ્રાપ્ત કરવામાં સહાય કરી. ૧૯૭૨માં માસ્ટર ઑવ ડ્રૉઈંગ ડી. એમ.ની પરીક્ષા પાસ કરી. ૧૯૭૪માં આર્ટ માસ્ટરની પરીક્ષા એ.એમ. પાસ કરી. ડી.ટી.સી. થયા પછી ઊનાની શાહ એચ. ડી. હાઈસ્કૂલમાં ૧૯૬૮થી ચિત્રશિક્ષક તરીકે સેવાઓ આપી રહ્યા છે. ઊનાના પછાત વિસ્તારમાં કલાના પ્રસારમાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. કલાજગતમાં તેમના વિદ્યાર્થીઓએ પ્રતિષ્ઠા મેળવી છે અને ઊનાનું નામ રોશન કર્યું છે. 'ફૂલછાબ' અખબારમાં પ્રતાપસિંહ જાડેજાએ તેમનો પરિચય 'એક એકલ-પંથી કલા-સાધક' તરીકે કરાવ્યો છે. પ્રકૃતિપ્રેમી બળવંતભાઈ સંગીત તથા સાહિત્યમાં ઊંડો રસ ધરાવે છે. તેમના ગુરુ શ્રી નટુભાઈ પરીખની સર્જન તથા કલાવિષયક પ્રવૃત્તિ-ઓમાં તેઓ સતત રસ ધરાવે છે. સતત પ્રવાસ કરતા રહી શ્રી બળવંતભાઈએ પ્રાકૃતિક રમ્ય સ્થળોનાં ત્વરિત આલેખનો તથા જળરંગી દૃશ્યો-ચિત્રોનું મોટી સંખ્યામાં સર્જન કર્યું છે. તેઓ જંગલોમાં તથા સમુદ્રકિનારે ખૂબ રખડ્યા છે. દીવના દરિયામાંનું પાણીકોઠાના કિલ્લાના સ્થાપત્યનું જળરંગી ચિત્રસર્જન હોય કે તુલસીશ્યામના ડુંગરોમાં વરસતી શ્રાવણી સાંજનું ચિત્ર હોય બળવંત-ભાઈ જોનારને અવશ્ય તેની લાગણી તથા વાતાવરણ અને સૌંદર્યની સાથે કલા-ત્મકતાનો અનુભવ કરાવે જ. ગિરનાં ગામડાં, નેસડાઓ, માલધારીઓની વસાહતો, મંદિરો, તળાવો, નદીઓ અને સોરઠનું ભાતીગળ જીવન તેમનાં ત્વરાલેખનો તથા જળરંગી ચિત્રોમાં રૂપાયિત થયાં છે.



બળવંત વ્યાસનું નદીકિનારાનું જળરંગી દૃશ્યચિત્ર

બળવંતભાઈનાં પેન ઍન્ડ ઈન્કમાં સર્જાયેલાં ત્વરાલેખનોમાં તેમનું ડ્રૉઈંગ પરનું પ્રભુત્વ દેખાય છે. રૈખિક સૌંદર્ય ઉપરાંત સ્થળનું વાતાવરણ સર્જવામાં આ ત્વરાલેખનો સફળ થયાં છે. તેમાં વિવિધ પ્રકારનું પોતસર્જન તેમજ વસ્તુઓનું વિગતપૂર્ણ આલેખન અને સંરચનાનાં દર્શન થાય છે. સમુદ્ર કિનારાનાં ત્વરા-લેખનોમાં આપણને તેમના પેન સ્ટ્રૉક્સ દ્વારા સર્જાયેલાં ઊછળતાં મોજાંઓનો ઘુઘવાટ સંભળાય છે તો કિનારે સ્થિત વૃક્ષોમાંથી સુસવાટો મારતા સમુદ્રીય પવનની પણ અનુભૂતિ થાય છે. 'કુમાર'માં તેમનાં દિવાળી કાર્ડનાં આલેખનો આ પૂર્વે પ્રકટ થયાં છે.

બળવંતભાઈનાં જળરંગી દૃશ્ય-ચિત્રોમાં નદીકિનારો, વૃક્ષો, ડુંગરો, સમુદ્ર તથા સમુદ્રકિનારો, મકાનોનો સમૂહ, જૂની શેરીઓ, નાની દેરી, હોડીઓ વગેરેનાં આલેખનમાં વાસ્તવિક્તા ઉપરાંત તેમની કલ્પનાના રંગો ભળ્યા છે. સુંદર સંરચનાઓ ઉપરાંત તેમની કલ્પનાના રંગો ભળ્યા છે. સુંદર સંરચનાઓ ઉપરાંત આ ચિત્રો સ્થળનાં સૌંદર્ય અને વાતાવરણનો અનુભવ કરાવે છે. રંગોના વિનિયોગમાં અપારદર્શિતા સવિશેષ છે. સ્થળના ઊંડાણનો અનુભવ થાય છે. - *બંસીલાલ દલાલ*

— કલાસ્મૃતિ —

શ્રી લક્ષ્મણ પાઈ

ચિત્રકલાની દુનિયામાં, આપણા દેશમાં છેલ્લાં ૭૦ વર્ષોમાં ઘણીબધી ચિત્રશૈલીઓ, વિષયવસ્તુમાં સર્જનો થતાં આવેલાં છે, જેમાં બૅંગાલ સ્કૂલ અને મુંબઈ સ્કૂલની શૈલીઓનો મહત્ત્વનો ફાળો છે. બૅંગાલ સ્કૂલમાં ભારતીય લઘુચિત્ર શૈલીઓ, કાલિઘાટ અને પાતા ચિત્રોની અસર તેમજ મુંબાઈ સ્કૂલમાં યુરોપીઅન પદ્ધતિનું ચિત્રશિક્ષણ હોવાથી પ્રકાશ-છાયા આધારિત વાસ્તવલક્ષી સર્જનો થયાં સન-૧૯૪૦-૪૫ના સમયમાં ઉપરોક્ત શૈલીઓ સાથે એક ત્રીજી શૈલીનું નિર્માણ



થયું. તેમાં અજંતા-ઈલોરા તથા દક્ષિણ ભારતનાં મંદિરોનાં ભીંતચિત્રો તેમજ શિલ્પોની અસર ભારોભાર જોવા મળે છે. આ ત્રીજી શૈલી, શૃંગારિક, સુશોભનાત્મક સર્જનોની શૈલી તરીકે જાણીતી થઈ. આ પદ્ધતિમાં આજના જાણીતા ઘણા કલાકારોએ સર્જનો કરેલાં છે જેમાં શ્રી જગન્નાથ અહિવાસી, શ્રી પૈડીરાજુ, આલમેલકર, પલસીકર, યામિની રાય, ગુજરાતના કુમાર મંગલસિંહજી અને શ્રી ખોડીદાસ પરમારે સુંદર સર્જનો કરેલાં છે.

આ શૃંગારિક શૈલીમાં વિશિષ્ટ પ્રકારનાં સર્જનો માટે શ્રી લક્ષ્મણ પાઈનું નામ દેશ-વિદેશમાં જાણીતું થએલ છે. શ્રી પાઈનો જન્મ સન-૧૯૨૬માં ગોવામાં થયો. ચિત્રકલાનો ડિપ્લોમા, સર જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ મુંબઈ સન.૧૯૪૩-૪૭. શ્રી પાઇના પિતા ગોવામાં સામાન્ય વ્યવસાય કરતા હતા. દીકરાને વધુ કલાભ્યાસ માટે પૅરિસ રવાના કરવા માટે પોતાની અનિચ્છાએ પણ, મુંબઈનું મકાન વેચવું પડેલું. પોતાના સાથી મિત્રો રઝા, સામંત વગેરે પૅરિસમાં વસેલા હતા. એટલે શ્રી પાઇને અનુકૂળતા થઈ રહી અને તેમણે પૅરિસમાં ૧૦ વર્ષ ગાળ્યાં. સન૧૯૫૪માં પૅરિસમાં ભરાયેલા મોટા ચિત્રપ્રદર્શનમાં ભાગ પણ લીધો. શ્રી પાઇને પ્રકાશછાયામાં સર્જનો કરતાં, રેખાંકનો, પ્રતીકો, ભારતીય તત્ત્વો દેખાય તેવાં સર્જનોમાં વધારે રસ પડતો હતો. એટલે તેમણે ભારતીય કથા-સાહિત્યનો અભ્યાસ કરીને ગીતગોવિંદ, બુદ્ધનું જીવન-કવન, કાલિદાસનું ઋતુસંહાર, મહાત્મા ગાંધી જેવા વિષયોમાં સર્જનો કરવા માંડ્યા. અને પ્રદર્શનો પણ યોજ્યાં. તેમનાં દરેક નાનાં-મોટાં સર્જનમાં ગોવા અને ભારતીય પાત્રોની ઝલક અને રંગો દેખાતા હતા જેના વડે તેઓ ભારતીય આધુનિક ચિત્રકારનું બિરુદ પામ્યા.

શ્રી લક્ષ્મણ પાઇએ પૅરિસમાં મહાન ચિત્રકાર મોરીસ ઉત્રીલોને યાદ રાખીને પૅરિસની શેરીઓનાં ચિત્રો દોર્યાં. પણ



પોતાની ભારતીય શૈલીમાં જેમાં રેખાઓનું પ્રાધાન્ય રહેતું અને સપાટ રંગો જોવા મળતા હતા. તેઓ ખૂબ જ કામ કરતા. રેખાંકન, વૉટર કલર, એચિંગ, ઑઈલ અને એક્રીન ચિત્રો, વૂડકટ-કારવિંગ વગેરેમાં કામ કરી શકતા. ભારત પરત આવ્યા બાદ; સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં પ્રાધ્યાપક તરીકે સન-૧૯૪૩-૪૭ દરમ્યાન સેવાઓ આપી. ત્યાર બાદ સન ૧૯૭૧-૮૬ સુધી ગોવાની આર્ટ કૉલેજના આચાર્યની જવાબદારી સંભાળી. આ દરમ્યાન તેમનો સંગીત ઉપરનો શોખ વિકાસ પામ્યો. અને તેમણે સંગીત શ્રેણીનાં ચિત્રસર્જનો શરૂ કર્યાં. તેમના કહેવા પ્રમાણે જે ભારતીય શાસ્ત્રીય સંગીત કે લોકસંગીત મનુષ્યોનાં હૃદય ઉપર સીધી અસર કરી શકતું હોય તે સંગીત શ્રેણીનાં ચિત્રોમાં એવી અસરો કેમ ના લાવી શકાય ? આમ તેમણે ઘણાં સર્જનો કર્યાં અને પ્રસિદ્ધિ પામ્યાં.

ભારત અને ફ્રાન્સનાં લોકોની વિચારસરણીનો પોતાનો અનુભવ જણાવતાં શ્રી પાઇ કહે છે કે,‘ ફ્રાન્સમાં ચિત્રકારો પ્રત્યે ખૂબ જ માન હોય છે. પોતાના મકાનની માલિક બાઈને તેઓ જ્યારે એક નાનકડું ચિત્ર આપતા તો તે બે-ત્રણ મહિનાનું ભાડું જતું કરતી. પોતાને એક ચિત્ર પ્રદર્શનમાં ચિત્રો જોતી વખતે એક મહિલા રડવા લાગી. પ્રશ્નના ઉત્તરમાં તે મહિલાએ જણાવ્યું કે ,‘હું દુઃખની લાગણીથી નથી રડતી પણ! આ બધાં સુંદર ચિત્રો જોઈને મને એટલી બધી આનંદની લાગણી થવા લાગી કે હું રડવાનું રોકી ના શકી. આટલાં બધાં સુંદર રંગોવાળા, લાગણી સભર ચિત્રો મેં પૅરિસમાં ક્યારેય જોયાં નથી.’ અહીં મહાન કલાકાર લીઓનાર્દો-દ-વિન્ચીનું એક પ્રસિદ્ધ વાક્ય નોંધવું યોગ્ય લેખાશેઃ‘ધ પોએટ ઈઝ ધ પેઈન્ટર ઑફ ધી ઈન્વિઝિબલ; ધી પેઈન્ટર ઈઝ ધી પોએટ ઑફ ધ વિઝિબલ.’

શ્રી લક્ષ્મણ પાઈએ પોતાની ૬૬ વર્ષની ઉંમર સુધીમાં કુલ ૮૬ સ્વતંત્ર ચિત્રપ્રદર્શનો યોજેલાં, જેમાં ૯ પૅરિસમાં, ૬૧ પ્રદર્શનો લંડન, મ્યુનિકસ સ્ટુટગાર્ટ, બ્રેમેન, ન્યૂ યૉર્ક, બૅંગકોક, કુઆલા-લુમ્પુર, સીંગાપોર, ન્યૂ દિલ્હી, મુંબઈ, કોલકત્તા અને પણજી ગોવામાં યોજેલ. તેમણે આંતરરાષ્ટ્રિય દ્વિવાર્ષિક સંયુક્ત પ્રદર્શનોમાં સાઓપાઓલો, બ્રાઝીલ અને ટોકિયોમાં ભાગ લીધો હતો. દેશની રાષ્ટ્રિય કલા અકાદમીના પ્રશંસનીય ઍવૉર્ડ ત્રણ વખત તેઓએ પ્રાપ્ત કરેલા છે. ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રીના ખિતાબથી નવાજવામાં આવ્યા છે. શ્રી પાઇની કૃતિઓ અમેરિકા, ફ્રાન્સ, ચેન્નાઈ, નાગપુર નૅશનલ ગૅલરી ઑફ મૉડર્ન આર્ટ,-ન્યૂ દિલ્હીના સંગ્રહાલયોમાં જોવા મળે છે. ઉપરાંત ભારત તેમજ વિદેશના કલારસિકોના સંગ્રહોમાં છે.

શ્રી લક્ષ્મણ પાઇ, છેલ્લાં કેટલાંય વર્ષોથી કલાજગતના પ્રદર્શનપટ ઉપર દેખાતા નથી. તેઓ આજે લગભગ ૮૭ વર્ષની ઉંમરે પહોંચ્યા હશે. તેમની કૃતિઓ આજકાલ અપ્રાપ્ય છે. મોટાં પ્રદર્શનો કે નિલામ પ્રદર્શનોમાં વેચાવા માટે પણ જોવા મળતી નથી. ઉપરાંત ચિત્રકલાના જગતમાં આજકાલ કલાપ્રવાહો બદલાયા. તેની અસરો પણ આવાં શૃંગારિક શૈલીનાં સર્જનો અને સર્જકો ઉપર થવા લાગી છે. જીવનમાં અઢળક માન - અકરામ મળ્યા પછી પણ શ્રી લક્ષ્મણ પાઇ કહે છે કે,‘હજુ મને મારા કામથી સંતોષ નથી, હું માનું છું કે જો કલાકારને પોતાનાં સર્જનોથી સંતોષ થઈ જાય તો તે કલાકારનું મૃત્યુ જ છે. મારે હજુ ઘણું સર્જન કરવાનું બાકી છે.’ આવા પરદેશની કાર્યશૈલીની અસરોમાં વર્ષો રહ્યા પછી પણ અણિશુદ્ધ ભારતીય ચિત્રકાર રહી શકેલા શ્રી લક્ષ્મણ પાઇને શત શત વંદન.’

- ગજેન્દ્ર શાહ

કન્યાકુમારી
દેશાટન-૫૩



ભારતના છેક દક્ષિણ છેડે કન્યાકુમારી આવેલું છે. અહીં ત્રણ પવિત્ર સમુદ્રોનો સંગમ થાય છે. પાર્વતીદેવીના તપના પ્રભાવથી અવતરિત દેવી કન્યાકુમારીના નામથી આ સ્થાન પ્રખ્યાત છે. કન્યાકુમારીનું આ સ્થાન સ્વામી વિવેકાનંદના જીવન સાથે સંબંધ ધરાવે છે. સ્વામી વિવેકાનંદ અહીંના એક મોટા પથ્થરના ખડક પર લગભગ તા.૨૫-૨૬- અને ૨૭ ડિસેમ્બર ૧૮૯૨ના રોજ ધ્યાનમગ્ન થયા હતા. તેઓ કહેતાઃ 'દેવી કન્યાકુમારીના મંદિરમાં બેસીને તથા ભારતભૂમિના દક્ષિણના અંતિમ શિલાખંડ પર બેસીને મેં એક અદ્દભુત યોજના પ્રાપ્ત કરી છે.' કન્યાકુમારીમાં સ્વામી વિવેકાનંદના સ્મરણાર્થે એક ઐતિહાસિક ધ્યાનકેન્દ્રનું નિર્માણ થયું છે, તેમાં ત્રીસ લાખથી વધુ લોકોએ પોતાનું યોગદાન સમર્પ્યું છે અને તે આજે એક રાષ્ટ્રિય સ્મારક ગણાય છે. અહીં પુરાણાં અને આજ સુધીનાં ભારતનાં સંસ્કૃતિક પુનરુત્થાનનાં ચિત્રોનું પ્રદર્શન-ચિત્રકળા મ્યૂઝીઅમ આવેલું છે, જેમાં સ્વામી વિવેકાનંદના સંદેશાઓનું વિશિષ્ટ પ્રદર્શન પણ છે. ઑગસ્ટથી ડિસેમ્બર સુધીનો સમય આરામ અને ફુરસદનો સમય પસાર કરવા માટે આ સ્થળ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

('યોગક્ષેત્ર'ને આધારે)




મેઘ બધી સદીઓના જાણે ઊતરી આવ્યા હેઠા,
વરસ દહાડે પીઠ ધરીને પર્વત ન્હાવા બેઠા.
વાદળીઓએ ભીના ગવનની ગડી ગડી ખંચેરી,
નેવે નેવે ખળખળ જળની ઝરમર સેર્યો પ્હેરી.

('ઘટમાં ઝાલર બાજે'માંથી) — ઊજમશી પરમાર

'રૂઠ કે તુમ તો ચલ દીયે'

૧૯૪૩માં બૉમ્બે ટોકીઝની ફિલ્મ 'કિસ્મત'માં એક ગીત હતું. 'દુનિયા કી યે કૈસી રીત બનાયી કે જો એક દિન હસાયે, એક દિન રુલાએ.' આજે જ્યારે દેશના મહાન સંગીતકાર અનિલ બિશ્વાસ આપણી વચ્ચે નથી ત્યારે એમનું સંગીતબદ્ધ કરેલું આ ગીત અનાયાસ યાદ આવી જાય છે. અનિલ બિશ્વાસે બરોબર એવા સમયે વિદાય લીધી કે જ્યારે ફિલ્મ સંગીતના નામે આજે ફિલ્મોમાં બેસૂરો ઘોંઘાટ સંભળાય છે. આમ તો અનિલ બિશ્વાસે ફિલ્મ સંગીતનો પ્રવાહ પલટાવાનો અણસાર મળતાં જ ૧૯૬૫માં મુંબઈની ફિલ્મી દુનિયા છોડી દીધી હતી.

અનિલદાનો જન્મ પૂર્વ બંગાળ (આજનું બાંગ્લાદેશ)માં બારિસાલ ખાતે ૭ જુલાઈ ૧૯૧૪ના રોજ થયો હતો. બાળપણમાં એમણે અનેક નાટકોમાં અભિનય કર્યો હતો. એ બાળપણમાં સારા તબલાવાદક પણ હતા. એ જમાનો ભરપૂર દેશભક્તિનો હતો. અનિલ બિશ્વાસ દેશભક્તિના રંગે રંગાઈને દેશપ્રેમની ચળવળમાં પણ જોડાયા હતા. ચારેક વાર એમને જેલયાત્રા પણ કરવી પડેલી. દરમ્યાન બાળપણથી એમનો સંગીતશૉખ એટલો પ્રબળ હતો કે કાજી નજરુલ ઈસ્લામની કેટલીક રચનાઓને એમણે સ્વરબદ્ધ કરી હતી. મેગાફોન રેકર્ડ કંપનીએ એમની એ રચનાઓને રેકર્ડ રૂપે બહાર પણ પાડી હતી. દરમ્યાન એમણે કલકત્તા થીએટર કંપનીનાં અનેક નાટકો માટે સંગીત આપ્યું એટલું જ નહીં, પણ એ નાટકોમાં અભિનય પણ કર્યો.



અનિલ બિશ્વાસ તસ્વીરઃ રજનીકુમાર પંડ્યા

૧૯૩૪માં એ મુંબઈ આવ્યા અને રામ દરિયાની ઈસ્ટર્ન આર્ટ સિન્ડીકેટ નામની સંસ્થામાં જોડાયા. ૧૯૩૫માં 'ધરમની દેવી' નામની ફિલ્મમાં અનિલ બિશ્વાસનું નામ પ્રથમ વાર સ્વતંત્ર સંગીતકાર તરીકે બહાર આવ્યું.

જો કે એમણે એ પહેલાં 'ભારત કી બેટી' નામની ફિલ્મમાં એક ગીતની ધૂન બનાવેલી, એમ એમણે પોતે નોંધ્યું છે. ૧૯૩૭માં સાગર

કંપનીની ફિલ્મ 'જાગીરદાર' દ્વારા સંગીતકાર તરીકે એમને લોકપ્રિયતા મળી. આ ફિલ્મનું નિર્દેશન મહેબૂબનું હતું. એ જ વરસે મહેબૂબના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ 'હમ તુમ ઔર વો'માં પણ એમણે સંગીત આપ્યું. ૧૯૩૯માં મહેબૂબના જ નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'એક હી રાસ્તા'માં પણ એમનું સંગીત હતું. મહેબૂબ સાગર છોડીને નૅશનલ સ્ટૂડિઓમાં આવ્યા ત્યારે એમણે 'ઔરત', 'બહેન' અને 'રોટી' એમ કુલ ત્રણ ફિલ્મો બનાવી. એમાં પણ અનિલ બિશ્વાસે સંગીતકારની ફરજ બજાવી. આ પછી તો મહેબૂબ અને અનિલ બિશ્વાસની જોડી જામી ગઈ. પણ નૅશનલ કંપની બંધ થઈ ગઈ. મહેબૂબ સાથે અનિલ બિશ્વાસ 'મહેરીશ' અને ચિમનકાંત ગાંધીની ટીમ હતી. આ ટીમના ચાર સભ્યોએ નક્કી કર્યું હતું કે ભવિષ્યમાં એ લોકો જ્યાં જશે ત્યાં સાથે જ જશે. એ દરમ્યાન અનિલદાને બૉમ્બે ટોકીઝમાંથી દેવિકારાણીની રૂપિયા ૨૫૦૦ની ઑફર આવી, આટલી મોટી રકમની ઑફર જોઈને અનિલ બિશ્વાસે વિચાર્યું કે એક વાર આ ઑફર સ્વીકારી લેવી. પછી મહેબૂબખાન અને બીજા મિત્રોને હું સમજાવી લઈશ. પણ એમની એ ધારણા ખોટી પડી. મહેબૂબને આ વાતની જાણ થઈ ત્યારે એ ભારે નિરાશ થયા. ત્યાંથી બંને વચ્ચેનો સંબંધ તૂટી ગયો. એ પછી તો મહેબૂબને સંગીતકાર તરીકે નૌશાદ મળી ગયા. 'અનમોલ ઘડી' અને 'અંદાજ' જેવી ફિલ્મોમાં નૌશાદે એવું યાદગાર સંગીત આપ્યું કે પછી મહેબૂબને બીજા કોઈ સંગીતકારની જરૂર પણ ન પડી.

અનિલ બિશ્વાસે ગીતકાર તરીકે સાહીર લુધિયાનવી, પ્રેમધવન ઉપરાંત જોશ મલિહાબાદી જેવા ખ્યાત નામ અને ઊંચા ગજાના કવિ પાસે પણ ગીતો લખાવ્યાં છે. 'દોરાહા' નું ગીત 'તેરા ખયાલ દિલસે ભૂલાયા નહીં અભી' આવું જ એક યાદગાર ગીત છે, માધુર્યથી છલકે છે અને દર્દથી તરબર છે. આ ગીત અનિલ બિશ્વાસના પ્રિય ગાયક તલત મહેમૂદે ગાયું છે. ગાયકની વાત નીકળી છે તો એ પણ જાણી લઈએ કે તલત અનિલદાના પ્રિય ગાયક હતા. એટલે સુધી કે દરેક જાહેર સમારંભમાં એ તલતની તસવીર છાતી સરસી ચાંપીને રાખતા આ દૃશ્ય રાજકોટમાં મેં નજરે જોયું છે. રાજકોટમાં એમના કાર્યક્રમનું સંચાલન કરવાનો લહાવો આ લખનારને મળ્યો હતો.

બીજી એક જાણવા જેવી વાત એ પણ છે કે એમણે સુરેન્દ્ર પાસે ૪૪ ગીતો ગવડાવ્યાં હતાં. પણ એમાંથી બહુ ઓછાં ગીતો લોકપ્રિય થયાં હતાં. બીજી બાજુ એમના પ્રિય ગાયક તલત પાસે એમણે માત્ર ૧૪ ગીતો ગવડાવ્યાં હતાં, જેમાંથી ૧૨ ગીતો ખૂબ લોકપ્રિય થયાં હતાં.

તલત મહેમૂદે કલકત્તામાં તપનકુમારને નામે અનેક ગીતો ગાયાં હતાં. પણ એમને લોકપ્રિયતા તો મળી ફિલ્મ 'આરઝુ'ના ગીતથી. આ ગીતના શબ્દો છે:'એ દિલ મુજે ઐસી જગહ લે ચલ' આ ગીત આજે પણ સાંભળનારને મંત્રમુગ્ધ કરી જાય છે. ફિલ્મ 'ઔરત'માં સુરેન્દ્રના કંઠે ગવાયેલ ગીત 'ઉઠ સજની' એ જમાનામાં ખૂબ જ લોકપ્રિય થયું હતું.

ગાયક મુકેશને પણ પ્રથમ વાર આગળ લાવનાર અનિલ બિશ્વાસ જ હતા. ફિલ્મ 'પહેલી નજર'માં મુકેશે ગાયેલું ગીત 'દિલ જલતા હૈ તો જલને દે' ને કેટલાંક લોકો મુકેશનું પહેલું ગીત માને છે. સાચી વાત એ છે કે પહેલાં બનેલી 'નિર્દોષ' નામની ફિલ્મમાં મુકેશે પહેલી વાર ગાયું હતું. પણ એ જમાનો કંપની યુગનો હતો. કેટલીક કંપનીઓ સાથે થયેલ કરારથી કલાકારો બંધાયેલા રહેતા. આ કારણસર 'દોષ' ફિલ્મમાં સંગીતકાર તરીકે પન્નાલાલ ઘોષનું નામ હતું.

અનિલબાબુ એક અત્યંત વિનમ્ર અને વિવેકી માણસ હતા. પણ પોતાની સિદ્ધિઓની બાબતમાં એટલા જ સજાગ પણ હતા. મારા ઇન્ટર્વ્યૂમાં એમણે એક વાર અત્યંત વિનમ્રતાથી દાવો કર્યો હતો કે 'મૈં એક પાયોનિઅર આદમી હૂં.'

આ દાવો અત્યંત સાચો પણ હતો. કલકત્તામાં જેમ આર.સી.બોરાલે પાર્શ્વ ગાયનની પદ્ધતિ દાખલ કરી એમ જ મુંબઈની ફિલ્મોમાં અનિલ બિશ્વાસે પાર્શ્વગાયન દાખલ કર્યું. ૧૯૩૭માં હિરેનબોઝે ફિલ્મ 'મહાગીત' બનાવી, જેમાં અનિલદાએ પ્રથમ વાર પાર્શ્વગાયનની પદ્ધતિ અપનાવેલી. એ જ રીતે ફિલ્મ સંગીતની ઓરકેસ્ટ્રાની પદ્ધતિ પણ એમણે દાખલ કરી હતી. એ જમાનામાં એમણે બારસા જિનદાઓની ટીમ ઊભી કરેલી એ જ રીતે શાસ્ત્રીય સંગીતનો સ્પર્શ ફિલ્મ સંગીતમાં લાવવાનું માન પણ એમને જ ફાળે જાય છે. એમણે પોતે જ બનાવેલી ફિલ્મ 'હમદર્દ'માં ચાર ઋતુઓનું વર્ણન એમણે જુદા જુદા રાગોમાં કર્યું હતું. આ ગીતમાં એમણે ખયાલ, ઠુમરી, ભજન ઉપરાંત રવીન્દ્રસંગીત વણી લીધું હતું.

સંગીતની દૃષ્ટિએ એમની યાદગાર ફિલ્મોમાં 'જલતી નિશાની', 'માન', 'કિસ્મત', 'લાડલી', 'બડીબહુ'નો સમાવેશ થતો હતો. 'માન'માં એમનું એક ગીત હતું. 'અલ્લાહ ભી હૈ મલ્લાહ ભી હૈ' જે એમણે મૂળ તો ફિલ્મ 'અનારકલી' માટે બનાવેલું. પણ એ ફિલ્મ પૂરી થઈ જ નહીં. પરિણામે એમણે

એ ગીત ફિલ્મ 'માન'માં મૂકવું પડ્યું. એમની બીજી નોંધપાત્ર ફિલ્મોમાં 'તરાના', 'નાઝ' અને 'અનોખા પ્યાર'નો પણ સમાવેશ થતો હતો. કેટલાંક સંગીતરસિકોને સંગીતની દૃષ્ટિએ 'તરાના' કે 'અનોખા પ્યાર'નું સંગીત ઉત્તમ લાગે પણ અનિલ બિશ્વાસને પોતાને ફિલ્મ 'ચાર દિલ ચાર રાહેં' અને ફિલ્મ 'રાહી'નું સંગીત પસંદ હતું. સલિલ ચૌધરી પણ ફિલ્મ 'રાહી'ના સંગીતને શ્રેષ્ઠ માનતા હતા.

૧૯૬૫ના અરસામાં ફિલ્મ સંગીતની આખી શૈલી બદલાઈ ગઈ. ધીમે ધીમે સંગીતમાં ઘોંઘાટે સ્થાન લઈ લીધું. ઓરકેસ્ટ્રા પણ ૧૨-૧૫ સાજિંદાઓની જગ્યાએ ૨૦૦ થી ૩૦૦નું થઈ ગયું. અનિલ બિશ્વાસને ગૂંગળામણના વાતાવરણમાં ગભરાટ થવા લાગ્યો. એમણે નાછૂટકે મુંબઈની ફિલ્મી દુનિયા છોડી દીધી. પણ એ દરમ્યાન ૮૯ ફિલ્મોમાં સંગીત આપીને એ અમર થઈ ગયા. સી. રામચંદ્ર ૪૨માં આવ્યા. નૌશાદ ૧૯૪૦માં આવ્યા. પણ એ પહેલાં છેક ૧૯૩૫થી અનિલ બિશ્વાસનું આગમન થઈ ચૂક્યું હતું. ૧૯૬૫માં બનેલી ફિલ્મ 'છોટી છોટી બાતેં' એમની છેલ્લી ફિલ્મ હતી. વચ્ચે એમણે કે. અબ્બાસની એક પણ ગીત વિનાની ફિલ્મ 'મુન્ના'માં પાર્શ્વ સંગીત આપ્યું હતું. બહુ ઓછા લોકોને ખબર છે કે ૧૯૪૭માં બનેલી ફિલ્મ 'બેગુનાહ'માં એમણે હરિભાઈને નામે સંગીત આપ્યું હતું.

દિલ્હી આવ્યા પછી અનિલબાબુએ આકાશવાણી માટે કેટલીક અત્યંત સુંદર સંગીતરચનાઓ તૈયાર કરી. છેલ્લે દૂરદર્શન ઉપર રજૂ થયેલી સીરિઅલ 'હમલોગ'માં એમનું જ સંગીત હતું. આકાશવાણીમાં કેટલાંક વર્ષો સુધી એમણે નૅશનલ ઓરકેસ્ટ્રાના ડાઈરેક્ટર તરીકે પણ કામ કર્યું. એમની સંગીત રચનાઓમાં સંગમ, વિદેશીણી, પ્રિયા, પ્રતીક્ષા, પ્રેયસી, સિંદૂર ખાસ ઉલ્લેખનીય છે.

આજે અનિલદા આપણી વચ્ચે સદેહે હયાત નથી. ૩૧મી મે ૨૦૦૩ના રોજ ૮૯ વર્ષની વયે એમનું ન્યૂ દિલ્હીમાં અવસાન થયું પણ એમની અસંખ્ય મધુર રચનાઓથી એ હંમેશ માટે અમર રહેશે.

અનિલદાને આ લેખક સાથે અંગત સંબંધો પણ હતા. નિયમિતપણે એ તહેવાર પ્રસંગે મને શુભેચ્છા પત્ર પણ લખતા, આજે એમનાં અસંખ્ય ગીતોની જેમ જ એમના એ પત્રો પણ મારા માટે સંભારણું બની ગયા છે. *- યાસીન દલાલ*

*

કૅન્સર-પૂર્વનિવારક હળદર

રંગ, સ્વાદ અને સુગંધને કારણે ખોરાકમાં હળદર (turmeric)નું મહત્ત્વનું સ્થાન છે. તે આહારનું પરિરક્ષણ (preservation) પણ કરે છે. આયુર્વેદમાં તેનો ઉપયોગ ઈજા કે ચેપ પછીના પીડાકારક સોજા (શોથ)ની સારવારમાં, વાત-બહિ:સર્ગક (carminative) તરીકે તથા ચેપ-વિરોધક ઔષધ તરીકે થાય છે. જઠર-આંતરડામાં વાયુપ્રકોપ થયો હોય ત્યારે વાયુને વાછૂટ કે ઓડકાર દ્વારા બહાર કાઢવાની ક્રિયાને વાત-બહિ:સર્ગ કહે છે.

હળદરના ઓળખાયેલા એક સક્રિય ઉપદ્રવ્યને કુર્કુમિન કહે છે. તેના મુખ્ય ગુણધર્મો છે પ્રતિશોથકારકતા (anti-inflammatory effect) અને પ્રતિ-ઑક્સિદાયિતા (antioxidant effect). પ્રતિશોથકારકતાને કારણે તે ઈજા કે ચેપથી થતો પીડાકારક સોજો ઘટાડે છે. અને પ્રતિ-ઑક્સિદાયિતાને કારણે તે કોષોમાં ઉત્પન્ન થતા હાનિકારક ઑક્સિજનના આયનોની અસર ઘટાડે છે. ઉંદર પરના પ્રયોગે દર્શાવ્યું છે કે તે જનીનવિકૃતિઓ (genetimutation) પણ ઘટાડે છે. અને આમ તે કૅન્સર થતું અટકાવતા રસાયણ તરીકે ઉપયોગી ગણાય છે. તેથી તેને પ્રતિ-જનીનવિકૃતક (anti-mutagenic) દ્રવ્ય કહે છે. હળદર ગ્લુટાથિઓન-એસ-ટ્રાન્સફરેઝ (GSTS) અને UDP ગ્લુકુરોનાયલ-ટ્રાન્સફરેઝ (UDPGT) નામનાં શરીરમાંનાં વિષદ્રવ્યોનો નાશ કરતા ઉત્સેચકોનું ઉત્તેજન કરે છે. આ ઉપરાંત હળદર/કુર્કુમિનની હાજરી કૅન્સર કરતાં દ્રવ્યો (દા.ત.) બેન્ઝો-એ-પાયરિન) કોષમાંના DNA સાથે જોડાતાં અટકે છે. આમ, હળદર ઝેરી રસાયણોનો નાશ કરીને (વિષહર, detoxfying agent) તથા તેમના DNA સાથેનાં સંસર્ગને ઘટાડીને કોષમાં કૅન્સરના ઉદ્ભવની સંભાવના ઘટાડે છે.

ભારતમાં મોંમાં કૅન્સર વધુ પ્રમાણમાં થાય છે. ઉંદરોને ખોરાકમાં હળદર આપીને કુર્કુમિનનો ગલોફામાં ચોપડ્યા પછી કૅન્સરકારક દ્રવ્ય (ડાઈમિથાઈલ બીનાન્થ્રેસિન)નો સંસર્ગ કરાવવામાં આવે તો મોંનું કૅન્સર થતું ઘટે છે એવું પ્રયોગો દ્વારા સાબિત થયું છે. જેઓમાં કૅન્સર થયેલું તે પણ ઓછી તીવ્રતાવાળું હતું. આમ શોધી કઢાયું છે કે હળદર કૅન્સરનો પ્રારંભ તથા પ્રવર્ધન બંને ઘટાડે છે. તેથી તેને કૅન્સરજનનની દૃષ્ટિએ પ્રતિ-પ્રારંભક (anti-initator) અને પ્રતિ-પ્રવર્ધક

(antipromoter) આહારી દ્રવ્ય ગણાય છે. વધુ પ્રયોગો દ્વારા દર્શાવ્યું છે કે હળદર આ બંને રીતે કાર્ય કરે છે. જ્યારે કુર્કુમિન ફક્ત પ્રતિ-પ્રવર્ધક દ્રવ્ય છે અને તે કૅન્સરની શરૂઆતને અટકાવતું નથી પણ તેનું પ્રવર્ધન અટકાવે છે.

શરીરમાં કોઈ પણ પદાર્થની ઝેરી અસર થાય તો તેને કારણે DNAને ઈજા થાય છે. તેનું સમારકામ થતું હોય છે. તેને DNA -પુનર્ઘટન (DNA-repair)કહે છે. કુર્કુમિન DNA નું પુનર્ઘટન વધારે છે. આમ, ઈજાગ્રસ્ત DNAથી ઉત્પન્ન થતી જનીનવિકૃતિઓ અને કૅન્સરનો ઉદ્ભવ તેના વડે ઘટે છે. ધૂમ્રપાન કરતી વ્યક્તિમાં જનીનવિકૃતિઓ ઉદ્ભવે છે. જેને કારણે કૅન્સર થાય છે. આવી જનીનવિકૃતિ કરતાં દ્રવ્યોને જનીનવિકૃતકો જોવા મળે છે, ધૂમ્રપાન કરતી વ્યક્તિના પેશાબમાં પણ જનીનવિકૃતકો જોવા મળે છે. તેમને હળદર આપવાથી તેમાં ઘટાડો થાય છે.આમ, એને જનીનવિકૃતિકારકો (mutagenicsubstances) કહે છે. ધ્રૂમપાન કરતી વ્યક્તિના પેશાબમાં પણ જોઈ શકાય છે કે હળદર જનીનવિકૃતકો ઘટાડે છે.

આંધ્રપ્રદેશમાં તાળવામાં ચાંદું ધરાવતા અને ધૂમ્રપાન કરવાનું છોડી દીધેલા દર્દીઓના ખોરાકમાં દરરોજ ૧ ગ્રામ જેટલી હળદર ૯ મહિના સુધી આપવામાં આવી ત્યારે તેઓના તાળવા પરના કૅન્સર-પૂર્વના તબક્કાનાં ચાંદાં (સફેદ તથા લાલ ચકતાં), ઘટેલાં જોવા મળ્યાં હતાં. તેવી રીતે તેમનાં તે ચાંદાંમાંના કોષોમાં જનીનવિકૃતિનાં સૂચક ચિહ્નો પણ ઘટેલાં જોવા મળેલાં હતાં.

આપણે આપણો ખોરાક શેકીને, બાફીને, ઉકાળીને કે તળીને બનાવીએ છીએ. આ સમયે હળદરના પ્રતિ-જનીનવિકૃતિકારક ગુણમાં થોડો ઘટાડો થયેલો જોવા મળે છે પણ તે સંપૂર્ણપણે જતો રહેતો નથી. તેથી રાંધેલા ખોરાકમાંની હળદર પણ કૅન્સર થતું રોકવામાં સક્રિય રહે છે એવું નોંધવામાં આવેલું છે.

ઉપર જણાવેલાં બધાં કારણોસર હળદરને કૅન્સર થતું અટકાવનાર આહારી દ્રવ્ય ગણવામાં આવે છે. દરરોજના ૦.૫થી ૧ ગ્રામ જેટલી હળદર લેવાય તો તેની કોઈ ઝેરી અસર નથી પરંતુ તે કૅન્સર થતું અટકાવવામાં ઘણું ઉપયોગી બની રહે તેમ છે. ('વિશ્વવિહાર'માંથી)

ગ્રાહકોને સૂચના

મનિઑર્ડરથી લવાજમ મોકલનાર ગ્રાહકોએ મનિઑર્ડર ફૉર્મની નીચેની સ્લિપમાં પોતાના ગ્રાહક અંગેની પૂરી વિગત, ગ્રાહક નંબર નામ, પૂરું સરનામું, રકમ વગેરે અચૂક લખવી.

'કુમાર'ને તેના અમૃતપર્વે સ્થાનસમર્પિત
Since 1929
સાત દાયકાની અનુભવી અને પ્રતિષ્ઠિત પેઢી
SKTC (TM)
फ़ाईवस्टार
सांकलचंद करसनदास ट्रेडिंग कं.
१४३७, नवा माधुपुरा, अमदावाद - 380 004
फोन : 079-213 5829
નાં શુદ્ધ અને વિશ્વાસપાત્ર ફરાળી ઉત્પાદનો જ વાપરો.
સ્વાદિષ્ટ વાનગીઓની ભેટ પુસ્તીકા મેળવવા માટે લખો

જન્મ્યાં સ્થાયી કો ન! સૌ મોડાં વે'લાં જાય;
દેવી લેવી તો ન શેં, સૌએ સ્મિતે વિદાય?

— સ્નેહ રશ્મિ

અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધના એક સૈનિકની વિધવાએ અબ્રાહમ લિંકનને ફરિયાદ કરી:'રાઇટ નામના પેન્શન-એજન્ટે મારા પતિના ચારસો ડૉલરમાંથી બસો ડૉલર જ મને આપ્યા છે અને બસો ડૉલર કમિશન તરીકે રાખ્યા છે. આ માટે આપ કંઈક કરો, હું આપની ફી જરૂર આપીશ.' લિંકન એ વિધવાનો કેસ કૉર્ટમાં જીત્યા અને પૂરી રકમ એને અપાવી અને કંઈ જ ફી લીધી નહીં, ઉપરાંત ઘર સુધી પહોંચવાની રેલવે-ટિકિટ પણ તેમણે કઢાવી આપી!

*

પંજાબના જંડિયાલા મંજકી શહેરના રાજવિન્દ્રસિંહે એક વાર કાનથી બુલેટ મોટરસાઇકલ ખેંચી હતી. એ પછી બે બુલેટ મોટરસાઇકલ એના પર બેઠેલા બે સવારો સહિત ખેંચી હતી. આજકાલ રાજવિન્દ્ર ગામડાંના મેળાઓમાં કાનની તાકાતથી જીપ, મોટર અને ટ્રૅક્ટર આસાનીથી ખેંચે છે.

*

ડૉક્ટર દર્દીને દવાઓ લખી આપે છે ત્યારે તે સૂચિમાં ઉપર **Rx** લખે છે. તેનો અર્થ થાય છે 'રેસિપે' એટલે કે 'યુ ટેક', તમે આ લેશો.

*

હિંગને પાણીમાં ઉકાળી કોગળા કરવાથી દાંતનો દુઃખાવો મટે છે.



મોજડી આકારમાં 'મોજડી' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

किं कवेस्तेन काव्येन किं काण्डेन धनुष्मतः।
परस्य हृदये लग्नं न घूर्णयति यच्छिरः।।
શું કરવી તે કવિતા કવિની -
શુ કરવું તે બાણ બાણધારકનું -
સામાનું જે હૃદય ભચ્ચ ભેદીને
નહીં દિયે શિર સદ્ય ધુણાવી?
(સુન્દરમ્)

ગણિતગમ્મત

(૧) કોઈ બે સંખ્યા લો. (૨) બંનેનો સરવાળો કરો. (૩) બંને સંખ્યાની બાદબાકી પણ કરો. (૪) બે અને ત્રણ નંબરમાંના જવાબોનો સરવાળો કરો. મૂળ બે સંખ્યામાંની મોટી સંખ્યા કરતાં આ સરવાળાની સંખ્યા બમણી છે? હવે બે અને ત્રણ નંબરમાંના જવાબોની બાદબાકી કરો. આ બાદબાકીની સંખ્યા મૂળ બે સંખ્યામાંની નાની સંખ્યા કરતાં બમણી છે?

આમ નાની-મોટી બંને સંખ્યાનો ન્યાય સરખો જ થશે ને બંને રાજી થશે!

નમૂનોઃ ૩૫૨૫ અને ૩૪૧૪

```
  ૩૫૨૫     ૩૫૨૫     ૬૯૩૯
+ ૩૪૧૪   - ૩૪૧૪   + ૦૧૧૧
  ૬૯૩૯     ૦૧૧૧     ૭૦૫૦ =
                    ૩૫૨૫ના બમણા

  ૬૯૩૯
- ૦૧૧૧
  ૬૮૨૮  = ૩૪૧૪ના બમણા
```

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

*

મરીનું ચૂર્ણ છાશમાં લેવાથી મરડો મટે છે.

*

આફ્રિકાનું સેક્રેટરી પક્ષી પોતે જ્યાં માળો બાંધે છે તેની આસપાસ લગભગ ૨ હજાર મીટર સુધી બીજા પક્ષીને માળો બાંધવા દેતું નથી!

*



આત્માનો અવાજ! (રેખાંકન : ઇન્દ્રદેવ)

'મારી વાત સાંભળો છો?'
'હાસ્તો! મેં કાનમાં પૂમડાં નથી નાખ્યાં'
'તો નાંખી લો. નહીં તો ઝઘડો થઈ જશે'

*

પૃથ્વીની સપાટીનો કુલ વિસ્તાર ૧૯,૬૯,૫૦,૦૦૦ ચોરસ માઈલનો છે. એમાં જમીનનો વિસ્તાર ૫૭,૪૦૦,૦૦૦ ચોરસ માઇલનો છે. જ્યારે જળનો કુલ વિસ્તાર ૧૩,૮૫,૫૦,૦૦૦ ચોરસ માઈલનો છે.

*

જંગલી કૂતરાઓ જંગલમાં સવારે અથવા સાંજે જ શિકાર કરે છે. બપોરે તેમને આરામની જરૂર રહે છે.

*

કલાકણિકાઃ આઇસિસ દેવીને ઇજિપ્તની શૈલીમાં ઢાળેલી છે. તેણે ગાયનાં શિંગડાં વચ્ચે સૂર્યબિંબ મસ્તક પર ધારણ કર્યું છે.

